નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ધાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(Gujarati Edition)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

SHRI BHAGAVATI SUTRA

PART : 9

શ્રી ભગવતી સૂત્ર : ભાગ– ૯

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज

विरचितया प्रमेयचन्द्रिकाख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्

॥ श्री-भगवतीसूत्रम् ॥

(नवमो भागः)

नियोजक :

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

राजकोटनिवासी-श्रेष्ठिश्री शामजीभाई-वेलजीभाई वीराणी
तथा कडवीबाई-वीराणी स्मारकट्रस्टप्रदत्त-द्रव्यसाहाय्येन

अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः
श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

प्रथमा-आवृत्तिः	वीर संवत्	विक्रम-संवत्	ईसवीसन्
प्रति १२००	२४९३	२०२३	१९६७

मूल्यम्-रू० २५-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈનશાસ્ત્રોદ્ધાર સમિતિ,
ઠે. ગરેડિયા કૂવા રોડ,
રાજકોટ, (સૌરાષ્ટ્ર).

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastroddhara Samiti,
Garedia Kuva Road, RAJKOT,
(Saurashtra), W. Ry, India

ये नाम केचिदिह नः प्रथयन्त्यवज्ञां,
जानन्ति ते किमपि तान् प्रति नैष यत्नः ।
उत्पत्स्यतेऽस्ति मम कोऽपि समानधर्मा,
कालोह्ययं निरवधिर्विपुला च पृथ्वी ॥ १ ॥

हरिगीतच्छन्दः

करते अवज्ञा जो हमारी यत्न ना उनके लिये ।
जो जानते हैं तत्त्व कुछ फिर यत्न ना उनके लिये ॥
जनमेगा मुझसा व्यक्ति कोई तत्त्व इससे पायगा ।
है काल निरवधि विपुलपृथ्वी ध्यान में यह लायगा ॥ १ ॥

મૂલ્યઃ ૩. ૨૫=૦૦

પ્રથમ આવૃત્તિ પ્રત ૧૨૦૦
વીર સંવત્ ૨૪૯૩
વિક્રમ સંવત્ ૨૦૨૩
ઇસવીસન ૧૯૬૭

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર (છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રુધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઈન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઈચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रात:काल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

विषयानुक्रमणिका

अनु.	विषय	पाना नं.
	पहला उद्देशा	
१	दशवें शतक के उद्देशाओं को संग्रह करनेवाली गाथा	१
२	दिशाओं के स्वरूप का निरूपण	१
३	औदारिक आदि शरीरों का निरूपण	१०
	दूसरा उद्देशा	
४	क्रिया विशेष का निरूपण	११
५	योनि के स्वरूप का निरूपण	१४
६	वेदना के स्वरूप का निरूपण	१७
७	प्रतिमा के स्वरूप का निरूपण	१९
८	आराधना के स्वरूप का निरूपण	२०
	तीसरा उद्देशा	
९	तीसरे उद्देशे का विषय विवरण	२२
१०	देव के स्वरूप का निरूपण	२३
११	विस्मयकारकत्व वस्त्वन्तर का निरूपण	२८
१२	भाषाविशेष का निरूपण	२९
	चौथे उद्देशा	
१३	चौथे उद्देशे का विषय विवरण	३२
१४	चमरेन्द्र के त्रायस्त्रिंशक देवों का निरूपण	३२
	पांचवा उद्देशा	
१५	पांचवे उद्देशेका विषय विवरण	४३
१६	चमरेन्द्रादिकों की अग्रमहिषी का निरूपण	४४

छठ्ठा उद्देशा

१७ देवावस्थान विशेष का निरूपण ६१

सांतवा उद्देशा

१८ अठ्ठाईस प्रकार के अंतरद्वीपों का निरूपण ६७

ग्यारहवें शतक के पहला उद्देशक

१९ ग्यारहवें शतक के उद्देशाओकी संग्रह गाथायें ६४
२० पहले उद्देशे के द्वारो का संग्रह करनेवाली तीन गाथायें ६५
२१ उत्पलों में जीवोत्पाद का निरूपण ६६

दूसरा उद्देशा

२२ शालूक जीवों का निरूपण ८५
२३ पाणाश संबंधी जीवोंका निरूपण ८७

चौथा उद्देशा

२४ कुम्भिक वनस्पति जीवोंका निरूपण ८९

पांचवां उद्देशा

२५ नालिक नामकी वनस्पतिमें रहे हुवे जीवों का निरूपण ९०

छठ्ठा उद्देशा

२६ पद्मों-कमलों में रहे हुअे जीवों का निरूपण ९१

सातवां उद्देशा

२७ वनस्पति विशेष-कर्णिका में रहे हुअे जीवों का निरूपण ९२

આઠવાં ઉદ્દેશા

૨૮ કમલ વિશેષ રૂપ નલિનમેં રહે હુએ જીવોં કા નિરૂપણા ૯૩

નવવાં ઉદ્દેશા

૨૯ નવવેં ઉદ્દેશે કા વિષયોં કા વિવરણા ૯૪
૩૦ શિવરાજર્ષિ કે ચરિત્ર કા નિરૂપણા ૯૫

દશવાં ઉદ્દેશા

૩૧ દશવેં ઉદ્દેશે કા વિષય કથન ૧૧૬
૩૨ લોક કે સ્વરૂપ કા નિરૂપણા ૧૧૬
૩૩ લોકાલોક કે સ્વરૂપ કા નિરૂપણા ૧૨૭
૩૪ જીવમદેશ વિશેષાધિક કા નિરૂપણા ૧૩૩

ગ્યારહવાં ઉદ્દેશા

૩૫ ગ્યારહવેં ઉદ્દેશે કા વિષય વિવરણા ૧૩૫
૩૬ કાલદ્રવ્ય કે સ્વરૂપ કા નિરૂપણા ૧૩૫
૩૭ મમાણકાલ કા નિરૂપણા ૧૩૮
૩૮ યથાયુર્નિવૃત્તિકાલ આદિ કા નિરૂપણા ૧૪૨
૩૯ સુદર્શન ચરિત્ર કા નિરૂપણા ૧૪૪

બારહવાં ઉદ્દેશા

૪૦ દેવોં કી કાલસ્થિતિ કા નિરૂપણા ૧૮૧
૪૧ ઋષિભદ્રપુત્ર કે કથન કી સત્યતા કા પ્રતિપાદન ૧૮૩
૪૨ ઋષિભદ્રપુત્ર કી સિદ્ધિ કા નિરૂપણા ૧૮૫
૪૩ પુદ્ગલપરિવ્રાજક કી સિદ્ધિ કા નિરૂપણા ૧૮૭

બારહવેં શતક કે પહલે ઉદ્દેશે કા પ્રારંભ

૪૪ બારહવેં શતક કે પહલે ઉદ્દેશે કા વિષય વિવરણા ૧૯૧
૪૫ બારહવેં શતક કે અર્થ કો સંગ્રહ કરનેવાલી ગાથા ૧૯૨
૪૬ શઙ્ખશ્રાવક ચરિત્ર કા વર્ણન ૧૯૨

दूसरे उद्देशे का प्रारंभ

४७ दूसरे उद्देशे के विषयों का संक्षिप्त विषय विवरण २०५
४८ उदायन राजा के चरित्र का वर्णन २०६
४९ जयंति श्रमणोपासिका और महावीर स्वामी के प्रश्नोत्तर २०८

तीसरा उद्देशा

५० रत्नप्रभा आदि पृथ्वीयों का निरूपण २१६

॥ समाप्त ॥

બા. બ્ર. શ્રી વિનોદમુનિનું સંક્ષિપ્ત જીવનચરિત્ર

આ પરમ વૈરાગી અને દયાના પુંજ જેવા આ પુરુષનો જન્મ વિક્રમ સંવત ૧૯૯૨ પોર્ટસુદાન (આફ્રિકા)માં કે જે જ્યાં વીરાણી કુટુંબનો વ્યાપાર આજ દિવસ સુધી ચાલુ છે, ત્યાં થયો હતો.

શ્રી વિનોદકુમારના પુણ્યવાન પિતાશ્રીનું નામ શેઠશ્રી દુર્લભજી શામજી વીરાણી અને મહાભાગ્યવંતા માતુશ્રીનું નામ બેન મણિબેન વીરાણી બન્નેનું અસલ વતન રાજકોટ (સૌરાષ્ટ્ર) છે. બેન મણિબેન ધાર્મિક ક્રિયામાં પહેલેથી જ રુચિવાળા હતા, પરંતુ શ્રી વિનોદકુમાર ગર્ભમાં આવ્યા પછી વધારે દૃઢધર્મી અને પ્રિયધર્મી બન્યા હતા.

પૂર્વભવના સંસ્કારથી શ્રી વિનોદકુમારનું લક્ષ ધાર્મિક અભ્યાસ અને ત્યાગ ભાવ તરફ વધારે હોવા છતાં તેઓશ્રીએ નોનમેટ્રીક સુધી અભ્યાસ કરી વ્યવહારિક કેળવણી લીધેલી અને વ્યાપારની પેઢીમાં કુશળતા બતાવેલી.

તેઓશ્રીએ યુનાઇટેડ કિંગડમ, ફ્રાન્સ, બેલ્જીયમ, હોલેન્ડ, જર્મની સ્વીઝર્લેન્ડ, તેમ જ ઇટાલી, ઈજીપ્ત વગેરે દેશોમાં પ્રવાસ કરેલ સાં. ૨૦૦૯ના વૈશાખ માસ, સને ૧૯૫૩માં લંડનમાં રાણા એલીઝાબેથના રાજ્યારોહણ પ્રસંગે તેઓશ્રી લંડન ગયા હતા. કાશ્મીરનો પ્રવાસ પણ તેમણે કરેલ, દેશ પરદેશ ફરવા છતાં પણ તેમણે કોઈ વખતે પણ કંદમૂળનો આહાર વાપરેલ નહીં.

ઉગતી આવતી યુવાનીમાં તેઓશ્રીએ દુનિયાના રમણીય સ્થળો જેવાં કે કાશ્મીર, ઈજીપ્ત અને યુરોપનાં સુંદર સ્થળોની મુલાકાત લીધી હોવા છતાંએ તેઓને રમણીય સ્થળો કે રમણીય યુવતીઓનું આકર્ષણ થયું નહીં. એ એના પૂર્વભવના ધાર્મિક સંસ્કારનો જ રંગ હતો અને એ રંગે જ તેમને તે બધું ન ગમ્યું અને તુરત પાછા ફર્યા અને સાધુ-સાધ્વીજીનાં દર્શન-કરવાને ઠેકઠેકાણે ગયા અને તેમના ઉપદેશનો લાભ લીધો અને વૈરાગ્યમાં જ મન લાગ્યું. હુંડાકાલ અપસર્પિણિના આ દુષમ નામના પાંચમાં આરાનું વિચિત્ર વાતાવરણ જોઇ તેમને કંઇક ક્ષોભ થતો કે તુરત જ તેનો ખુલાસો મેળવી લેતા અને ત્યાગ ભાવમાં સ્થિર રહેતા દેશ પરદેશમાં પણ સામાયિક, પ્રતિક્રમણ, ચોવિહાર આદિ પચ્ચક્ખાણ તેઓ ચૂકયા નહી ઊંચી કોટિની શૈયાનો ત્યાગ કરી તેઓ સૂવા માટે માત્ર એક શેતરંજી, એક ઓસીકું અને ઓઢવા એક ચાદર ફક્ત વાપરતા અને પલંગ ઉપર નહીં પણ ભૂમિ પર જ

શયન કરતા. અને પહેરવા માટે એક ખાદીનો લેધો અને ઝબ્બો વાપરતા, કોઈ વખતે કબજો પહેરતા બહુ ઠંડી હોય તો વખતે સાદો ગરમ કોટ પહેરી લેતા અને મુહપત્તિ, પાથરણું, રજોહરણ અને બે ચાર ધાર્મિક પુસ્તકની ઝોળી સાથે રાખતા સંડાસમાં નહીં પણ જંગલમાં એકાંત જગ્યામાં ઘણે ભાગે શરીરની અશુચિ દૂર કરવા જતા, હાલતાં ચાલતાં, સંડાસ અને પેશાબ સંબંધીમાં જીવદયાની બરાબર જતના કરતા.

દેશમાં કે પરદેશમાં જ્યારે તેમને કોઈની સાથે મળવાનું થતું ત્યારે તેમની સાથે અહિંસામય જૈનધર્મનું સ્વરૂપ પ્રકટ કર્યા વગર રહેતા નહીં.

દીક્ષાર્થીઓને દીક્ષા લેવાની પ્રેરણા કરતા અને એમ જ કહેતા કે જીંદગીનો કોઇ ભરોસો નથી " असंखयं जीवियं मा पमायए " આયુષ્ય તૂટતાં વાર લાગતી નથી, જીવન તૂટયું સંધાતું નથી માટે ધર્મકરણીમાં સમયમાત્રનો પ્રમાદ ન કરવો જોઈએ.

ગોંડલ સંપ્રદાયના ઘણાખરા પૂ. મુનિવરો અને પૂ. મહાસતીજીઓનો તથા બોટાદ સંપ્રદાયના પૂ. આચાર્યશ્રી માણેકચંદજીમ હારાજ અને દરિયાપુરી સંપ્રદાયના શાંત-શાસ્ત્રજ્ઞ પૂ મુનિશ્રી ભાયચંદજી મહારાજ શ્રમણ સંઘના મુખ્ય આચાર્યશ્રીજી આત્મારામજી મહારાજ તપોમય જ્ઞાનનિધિ શાસ્ત્રોદ્ધારક બા. બ્ર. પૂ. આચાર્ય મહારાજ શ્રી ઘાસીલાલજી મહારાજ વગેરે અનેક સાધુ-સાધ્વીના ઉપદેશનો તેમણે લાભ લીધેલ. મુંબઈમાં સં. ૨૦૧૧ સાલમાં શ્રી ધર્મસિંહજી મહારાજના સંપ્રદાયના પંડિતરત્ન શ્રી લાલચંદજી મહારાજનો પરિચય થયો. લાલચંદજી મહારાજ પોતે, સંસારપક્ષના ત્રણ પુત્રો અને બે પુત્રીઓ એમ કુલ ૬ બલકે આખા કુટુંબે સંયમ અંગીકાર કરેલ. તે જાણી તેમને અદ્‌ભૂત ત્યાગ ભાવના પ્રગટ થઇ કે જે કદી ક્ષય પામી નહીં.

આ પહેલાં તેઓ જ્યારે માતા-પિતા સાથે પૂજ્ય આચાર્ય શ્રી માણેકચંદજી મહારાજના દર્શને બોટાદ ગયેલા ત્યારે તેમના ઉપદેશની જે અસર થઈ તે મુખ્ય અસર પહેલી હતી અને બીજી અસર તે પૂજ્ય લાલચંદજી મહારાજના સહકુટુંબની દીક્ષા એ હતી. આ બેઉ પ્રસંગોએ પૂર્વભવની બાકી રહેલી આરાધનાને પૂરી કરવાના નિમિત્તરૂપ હોઈને વખતોવખત તેઓ માતા-પિતા પાસે દીક્ષાની આજ્ઞા માગતા હતા અને તેનો જવાબ તેમના પિતાશ્રી તરફથી એક જ હતો. ' જે હજુ વાર છે સમય પાકવા દીઓ જ્ઞાનાભ્યાસ વધારો.

સં. ૨૦૧૨ના અષાઢ સુધી ૧૫ થી શ્રી વિનોદકુમારે ગોંડલ સંપ્રદાયના શાસ્ત્રજ્ઞ પૂ. આચાર્યશ્રી પુરુષોત્તમજી મહારાજ સાહેબ પાસે વેરાવળ ચાતુર્માસ દરમ્યાન ખાસ નિયમિત રીતે દીક્ષાની તૈયારી કરવા માટે તેમની પાસે જ્ઞાનાભ્યાસ કર્યો. તેની સાથે પૂ. આચાર્ય શ્રી પુરુષોત્તમજી મહારાજના સંસાર પક્ષના કુટુંબી દીક્ષાના ભાવિક શ્રી જસરાજભાઈ પણ જ્ઞાનાભ્યાસ કરતા હતા. તેઓએ ત્યાં એવો નિર્ણય કરેલો કે આચાર્ય શ્રી પુરુષોતમ મહારાજ પાસે આપણે બન્નેએ દીક્ષા લેવી, પહેલાં વિનોદકુમારે અને પછી શ્રી જસરાજભાઈએ દીક્ષા લેવી, શ્રી જસરાજભાઈની દીક્ષાતિથિ પૂ શ્રી પુરુષોતમજી મહારાજ સાહેબે સં. ૨૦૧૩ના જેઠ સુદ ૫ ને સોમવારે માંગરોલ મુકામે નક્કી કરી શ્રી જસરાજભાઈ વિનોદકુમારને રાજકોટ મળ્યા શ્રી વિનોદકુમારે શ્રી જસરાજ ભાઈની યથાયોગ્ય સેવા બજાવી, માંગરોળ રવાના કર્યા અને પોતે નિશ્ચયપૂર્વક દીક્ષા માટે આજ્ઞા માગી પણ તેઓના પિતાશ્રીની એકને એક વાણી સાંભળીને તેમને મનમાં આઘાત થયો અને દીક્ષા માટેનો તેમણે બીજો રસ્તો શોધી કાઢયો.

પૂજ્યશ્રી લાલચંદજી મહારાજ અને તેમના શિષ્યોનો પરિચય મુંબઈમાં થયેલ હતો અને ત્યારબાદ કોઈ વખત પત્રવહેવાર પણ થતો હતો. છેલ્લા પત્રથી તેમણે જાણેલ હતું, જે પૂ શ્રી લાલચંદજી મહારાજ. ખીચન ગામે પૂ. આચાર્ય શ્રી સમર્થમલજી મહારાજ સાહેબ પાસે જ્ઞાનાભ્યાસ અર્થે ગયા છે પોતાને પિતાશ્રીને આજ્ઞા (દીક્ષા માટે) મળે તેમ નથી અને દીક્ષા તો લેવી જ છે આજ્ઞા વિના કોઈ સાધુ મુનિરાજ દીક્ષા આપે નહીં અને સ્વયમેવ દીક્ષા સૌરાષ્ટ્રમાં લઈને આચાર્ય શ્રી પુરુષોતમજી મહારાજ પાસે જવામાં ઘણાં વિઘ્નો થાશે, એમ ધારીને તેઓએ દૂર રાજસ્થાનમાં ચાલ્યા જવાનું નક્કી કર્યું.

તા. ૨૪-૫-૫૭ સં. ૨૦૧૩ના વૈશાખ વદ ૧૦ ને શુક્રવારના રોજ સાંજના માતુશ્રી સાથે છેલ્લું જમણ કર્યું. ભોજન કરી, માતુશ્રી સામાયિકમાં બેસી ગયા. તે વખતે કોઈને જાણ કર્યા વગર દીક્ષાના વિઘ્નોમાંથી બચવા માટે ઘર, કુટુંબ, સૌરાષ્ટ્ર ભૂમિ અને ગોંડલ સંપ્રદાયનો પણ ત્યાગ કરી તેઓ ખીચન તરફ રવાના થયા.

શ્રી વિનોદમુનિના નિવેદન પરથી માલૂમ પડયું કે તા. ૨૪-૫-૫૭ના રોજ રાત્રે આઠ વાગે ઘેરથી નીકળી, રાજકોટ જંકશને જોધપુરની ટિકિટ લીધી. તા. ૨૫-૫-૫૭ના સવારે આઠ વાગ્યે મહેસાણા પહોંચ્યા ત્યાં અઢી કલાક ગાડી પડી રહે છે, તે દરમ્યાન ગામમાં જઈને લોચ કરવા માટેના વાળ રાખીને બાકીના કઢાવી નાખ્યાં અને ગાડીમાં બેસી ગયા. મારવાડ જંકશન થઈને તા. ૨૬-૫-૫૭ની સવારે ૪॥ વાગ્યે ફલોદી

પહોંચ્યા ત્યાંથી પગે ચાલીને ખીચન ઉપાશ્રયમાં બિરાજતા મુનિવરોના દર્શન કર્યાં વંદણા નમસ્કાર કરી સુખશાતા પૂછી, બહાર નીકળ્યા અને પોતાના સામાયિકના કપડાં પહેર્યાં અને પછી પૂજ્ય શ્રી મુનિવરોની સન્મુખ સામાયિક કરવા બેઠા, તેમાં "जाव नियमं पज्जुवासामि दुविहं तिविहेणं" ના બદલે "जाव जीव पज्जुवासामि तिविहं तिविहेणं" બોલ્યા તે શ્રી લાલચંદજી મહારાજે સાંભળ્યું અને તેઓશ્રીએ પૂછયું કે વિનોદકુમાર! તમે આ શું કરો છો. તેનો જવાબ આપવાને બદલે "अप्पाणं वोसिरामि" બોલી પાઠ પૂરો કર્યો અને પછી વિનયપૂર્વક બે હાથ જોડીને બોલ્યા કે "સાહેબ! એ તો બની ચૂકયું અને મેં સ્વયમેવ દીક્ષા લઈ લીધી, તે બરોબર છે અને તેમાં કાંઇ ફેરફાર થઈ શકે તેમ નથી. આ સિવાય આપશ્રીની બીજી કોઇપણ પ્રકારની આજ્ઞા હોય તો ફરમાવો."

તે જ દિવસે બપોરના શાસ્ત્રજ્ઞ પૂ મુનિશ્રી સમર્થલાલજી મહારાજ સાહેબે શ્રી વિનોદકુમાર મુનિને પોતાની પાસે બોલાવ્યા અને સમજાવ્યા કે "તમે એક સારા ખાનદાન કુટુંબની વ્યક્તિ છો. તમારી આ દીક્ષા અંગીકાર કરવાની રીત બરાબર નથી કારણ કે તમારા માતા પિતાને આ હકીકતથી દુઃખ થાય અને તેથી મારી સંમતિ છે કે રત્નોહરણની દાંડી ઉપરથી કપડું કાઢી નાખો જેથી તમો શ્રાવક ગણાવ અને જરૂર પડે તો શ્રાવકોનો સાથ લઈ શકો, એમ ત્રણવાર પૂ. મહારાજશ્રીએ સમજાવેલા પરંતુ તેમણે ત્રણેય વખત એક જ ઉત્તર આપેલો કે "જે થયું, તે થયું હવે મારે આગળ શું કરવું તે ફરમાવો.

શ્રી વિનોદમુનિના શ્રી સમર્થમલજી જેવા મહામુનિના પ્રશ્નના જવાબ પછી ખીચનનો ચતુર્વિધ સંઘ વિચારમાં પડી ગયો અને મુનિશ્રીઓ પર સંસારીઓનો કોઇ પણ પ્રકારનો આ નિષ્કારણ હુમલો ન આવે તે માટે વિનોદમુનિને જણાવવામાં આવ્યું કે "અમારી સલામતી માટે તમારે જાહેર નિવેદન બહાર પાડવાની જરૂર છે" ત્યારે શ્રી વિનોદ મુનિએ પોતાના હસ્તાક્ષરે નિવેદન શ્રીસંઘ સમક્ષ પ્રગટ કર્યું, તેનો સાર નીચે મુજબ છે:–

મારા માતા–પિતા મોહને વશ થઈને દીક્ષાની આજ્ઞા આપે તેમ ન હતું અને "असंखयं जीवियं मा पमायए" ને આધારે એક ક્ષણ પણ દીક્ષાથી વંચિત રહી શકું તેમ નથી, એમ મને લાગ્યું. શ્રી લાલચંદજી મહારાજ સાહેબ–વગેરેએ મને મારી દીક્ષા માટે વિચારી પછી કરવાનું કહેલ પરંતુ મને

સમય માત્રનો પ્રમાદ કરવો ઠીક ન લાગ્યો, તેથી શ્રી અરિહંત ભગવંતો તથા શ્રી સિદ્ધ ભગવંતોની સાક્ષીએ મારા ગુરુ મહારાજ સમક્ષ પ્રવ્રજ્યાનો પાઠ ભણીને મારા આત્માના કલ્યાણ માટે દીક્ષા અંગીકાર કરી છે. સમાજને ખોટો ખ્યાલ ન આવે કે મારી દીક્ષા ક્ષણિક જુસ્સાથી અગર ગેરસમજથી થઈ છે તેથી તથા સમાજમાં જૈનશાસનની પ્રભાવના થાય તે હેતુથી મારે મારો વૃત્તાંત પ્રગટ કરવો ઉચિત છે.

ઉત્તરાધ્યયનજી સૂત્રના ૧૯ મા અધ્યયન પરથી મને લાગ્યું કે મનુષ્ય જીવનનું ખરૂં કર્ત્તવ્ય મોક્ષફળ આપનારી દીક્ષા જ છે.

છેવટ સુધી મેં મારા બાપુજી પાસે દીક્ષા માટે આજ્ઞા માગી અને તે વખતે પણ પહેલાંની જેમ વાત ઉડાવી દીધી અને અનંત ઉપકારી એવા મારા બાપુજી સમક્ષ હું તેમને કડક ભાષામાં પણ કહી શકતો ન હતો અને બીજી બાંજુથી મને થયું કે આયુષ્ય અશાશ્વત છે અને આવા ઉત્તમ કાર્ય માટે જરાપણ પ્રમાદ કરવો ઉચિત નથી. તેથી મેં વિચારીને આ પગલું ભર્યું છે અને મને પૂર્ણ વિશ્વાસ છે કે શ્રી વીરપ્રભુ મહાવીર સ્વામીનો સકળ સંઘ મારા આ કાર્યને અનુમોદશે જ " તથાસ્તુ ".

રાજકોટમાં શ્રી વિનોદકુમારના ગયા પછી પાછળથી ખબર પડી કે વિનોદકુમાર દેખાતા નથી એટલે તપાસ થવા માંડી ગામમાં કયાંય પત્તો ન લાગ્યો એટલે બહારગામ તારો કર્યા. કયાંયથી પણ સંતોષકારક સમાચાર સાંપડયા નહીં. અર્થાત્ પત્તો મળ્યો જ નહીં. આમ વિમાસણના પરિણામે તેમના પિતાશ્રીને બે મહિના પહેલાંની એક વાતની યાદ આવી તે એ હતી કે તે વખતે શ્રી વિનોદકુમારે આજ્ઞા માગેલી કે " બાપુજી ! આપની આજ્ઞા હોય તો આ ચાતુર્માસ બીચન (રાજસ્થાન) જાઉં કારણ કે બીચનમાં પૂ ગુરુમહારાજ શ્રી સમર્થમલજી મહારાજ કે જેઓ સિદ્ધાંત વિશારદ છે અને અનેકાંતવાદના પૂરા જાણકાર છે, તેઓ ત્યાં બિરાજમાન છે જેઓશ્રી પાસે શાસ્ત્રાભ્યાસ કરવા માટે પૂ શ્રી લાલચંદજી મહારાજ આદિ ઠાણા ૪ જવાના છે. તો મારી ઈચ્છા પણ ત્યાં તેમની પાસે જવાની છે.

આ વાતચીતનું સ્મરણ પિતાશ્રીને આવવા સાથે તેઓએ પં. પૂર્ણચંદ્રજી દકને પોતાની પાસે બોલાવ્યા અને વિનોદકુમાર માટેની પોતાની ચિંતા વ્યક્ત કરી. પંડિતનું આ વાતને સમર્થન મળ્યું. તેઓશ્રીએ જણાવ્યું કે થોડા સમય પૂર્વે વિનોદકુમારે મારી પાસે જાણવા માગ્યું હતું કે, બીચનમાં કેવા પ્રકારની

સગવડ છે? આમ મારી સાથે વાર્તાલાપ થયો હતો. બંનેના આ પ્રમાણે એકમત થતાં તેમના પિતાશ્રીએ ખીચન તાર કરવા સૂચના કરી તા. ૨૭-૫-૫૭ ના રોજ પૃથ્વીરાજજી માલુ ખીચન (રાજસ્થાન) ઉપર તાર કર્યો.

તા.૨૮-૫-૫૭ના રોજ જવાબ આવ્યો કે શ્રી વિનોદભાઇએ ખીચનમાં સ્વયમેવ દીક્ષા ગ્રહણ કરી છે. એટલે તેમના પિતાશ્રીએ રાવબહાદુરશ્રી એમ. પી. સાહેબ શ્રી કેશવલાલભાઈ પારેખ અને પંડિતજી પૂર્ણચંદ્રજી દક એમ ત્રણેયને શ્રી વિનોદકુમારને પાછા તેડી લાવવા માટે ખીચન મોકલ્યા તા. ૨૮-૫-૫૭ના રોજ રવાના થઈ તા. ૩૦-૫-૫૭ના રોજ સવારે ફલોદી સ્ટેશને પહોંચ્યા. બળદગાડીમાં તેઓ ખીચન ગયા કે જ્યાં સ્થવિર મુનિશ્રી શીરોમલજી મહારાજ પૂજ્ય પંડિતરત્ન શાસ્ત્ર વિશારદ શ્રી સમર્થમલજી મહારાજ આદિ ઠાણા ૮ તથા પૂજ્ય તપસ્વી મહારાજ શ્રી લાલચંદજી મહારાજ આદિ ઠા. ૪ બિરાજમાન હતા. કુલ્લે સાધુ-સાધ્વીની સંખ્યા અઠાવીસથી ત્રીસની હતી.

પૂછપરછના જવાબમાં શ્રી વિનોદમુનિએ કેશવલાલભાઈ પારેખને કહ્યું કે "મેં તો દીક્ષા અંગીકાર કરી લીધી છે તેમાં કાંઈ ફેરફાર થાય તેમ નથી. તમો અમારા વીરાણી કુટુંબના હિતૈષી છો. અને જો સાચા હિતૈષી હો તો મારા પૂ. બા અને બાપુજીને સમજાવીને મારી હવે પછીની મોટી દીક્ષાની આજ્ઞા અઠવાડિયાની અંદર અપાવી દો એટલું જ નહીં પણ "સવિ જીવ કરૂં શાસન રસી"ની ભાવનામાં અને આજ દિવસ સુધીના મારી ઉપરના ઉપકારના બદલામાં આગમને અનુલક્ષીને મારી ભાવના એ જ હોય કે, મારી દીક્ષા તેઓની દીક્ષાનું નિમિત્ત બને અને મારા માતા-પિતા સદ્ગતિને સાધે અર્થાત્ મારી સાથે દીક્ષા લીએ.

આવા દૃઢ જવાબના પરિણામે તે જ સમયે શ્રી વિનોદકુમારને પાછા લઇ જવાની ભાવનાને નિષ્ફળતા સાંપડી અને તા. ૩૧ ૫-૫૭ ની રાત્રીના રવાના થઈ તા. ૨-૬-૫૭ના સવારે મહા પરીષહરૂપ ક્ષેત્રનો અનુભવ કરી, શ્રી વિનોદકુમારના પિતાશ્રીને તમામ વાતથી વાકેફ કર્યા.

થોડા વખતમાં ફલોદીના શ્રી સંઘે પૂ શ્રી લાલચંદજી મહારાજને ફલોદીમાં ચોમાસુ કરવાની વિનંતી કરી તેનો અસ્વીકાર થવાથી સંઘ ગમગીન બન્યો એટલે નિર્ણય ફેરવ્યો અને અષાઢ શુદ ૧૩ ના રોજ ખીચનથી વિહાર કરી ફલોદી આવ્યા.

દીક્ષા પછી અઢી મહિનાને આંતરે ફલોદી ચોમાસા દરમ્યાન શ્રી વિનોદ મુનિને હાજતે જવાની સંજ્ઞા થઇ અને તે માટે જવા તૈયાર થયા એટલે તેમના ગુરુએ કહ્યું કે બહુ ગરમી છે, જરાવાર થોભી જાવ એટલે શ્રી વિનોદ-મુનિએ રજોહરણ વગેરેની પ્રતિલેખના કરી તે દરમ્યાન ન રોકી શકાય એવી હાજત લાગી તેથી ફરી આજ્ઞા માગતાં જણાવ્યું કે મને હાજત બહુ લાગી છે તેથી જાઉં છું, જલદી પાછો ફરીશ કાળની ગહન ગતિને દુઃખદ રચના રચવી હતી. આજે જ હાજતે એકલા જવાનો બનાવ બન્યો હતો, હંમેશાં તો બધા સાધુઓ સાથે મળીને દિશાએ જતા.

હાજતથી મોકળા થઇ પાછા ફરતા હતા, ત્યાં રેલ્વે લાઇન ઉપર બે ગાયો આવી રહી હતી બીજી બાજુથી ટ્રેઈન પણ આવી રહી હતી તેની વ્હિસલ વાગવા છતાં પણ ગાયો ખસતી ન હતી. શ્રી વિનોદમુનિનું હૃદય થરથરી ઉઠયું અને મહા અનુકંપાએ મુનિના હૃદયમાં સ્થાન લીધું. હાથમાં રજોહરણ સિવાય જાતના જોખમની પરવા કર્યા વગર ગાયોને બચાવવા ગયા. ગાયોને તો બચાવી જ લીધી પરંતુ આ ક્રિયામાં છકાય જીવની દયાના સાધનભૂત રજોહરણ કે જે વિનોદમુનિને આત્માથી વધારે પ્યારો હતો, તે રેલ્વે લાઈન ઉપર પડી ગયો. અને શ્રી વિનોદમુનિએ તે પાછો સંપાદન કરવામાં જડવાદને સિદ્ધ કરતાં રાક્ષસી એન્જિનને ઝપાટે આવ્યા અને પોતાનું બલિદાન આપ્યું. અરિહંત....અરિહંત ...એવા શબ્દો મુખમાંથી નીકળ્યા અને શરીર તૂટી પડયું. રક્ત પ્રવાહ છૂટી પડયો અને થોડા જ વખતમાં પ્રાણાંત થઈ ગયો, બધા લોકો કહેવા લાગ્યા કે ગૌરક્ષામાં મુનિશ્રીએ પ્રાણ આપ્યા અંતિમ સમયે મુનિશ્રીના ચહેરા પર ભવ્ય શાન્તિ જ દેખાતી હતી

હંમેશાં તેઓ જે તરફ હાજતે જતા હતા તે તરફ ફલોદીથી પોકરણ તરફ જવાની રેલ્વે લાઈન હતી. આ લાઇન ઉપર રેલ્વે સત્તાવાળાઓએ ફાટક મૂકેલ નથી ત્યાં રસ્તો પણ છે એટલે પશુઓની અવરજવર હોય છે. અને વખતો વખત ત્યાં ઢોરો રેલ્વેની હડફેટે ચડી જવાના પ્રસંગ બને છે.

ફલોદી સંઘે આ દુર્ઘટનાના ખબર રાજકોટ, ટેલીફોનથી આપ્યા. જે વખતે ટેલીફોન આવ્યો. તે વખતે વિનોદમુનિના પિતાશ્રી બહાર ગયા હતા. અને માતુશ્રી મણિબેન સામાયિક-પ્રતિક્રમણમાં બેઠાં હતાં, માત્ર એક નોકર જ ઘરમાં હતો કે જેણે ટેલિફોન ઉઠાવ્યો પણ તે કાંઇ ટેલીફોનમાં હકીકત સમજી શકયો નહીં અને સાચા સમાચાર મોડા મળ્યા. સ્પેશ્યલ ટ્રેનથી ફલોદી પહોંચે તે પહેલાં અગ્નિસંસ્કાર થઈ ગયો સૂચનાનો ટેલીફોન

અર્ધો કલાક મોડો પહોંચ્યો જો સંદેશો સમયસર પહોંચ્યો હોત તો માતા-પિતાને શ્રી વિનોદમુનિના શબરૂપે પણ ચહેરો જોવાનો અને અંતિમ દર્શનનો પ્રસંગ મળત. પરંતુ અંતરાય કર્મે તેમ બન્યું નહીં.

આથી પ્લેઇનનો પ્રોગ્રામ પડતો મૂકવામાં આવ્યો અને માતા-પિતા તા. ૧૪-૮-૫૭ના રોજ ટ્રેઈન મારફત ફલોદી પહોંચ્યાં, શ્રી દુર્લભજીભાઇ અને મણિબેને પૂજ્ય તપસ્વીશ્રી લાલચંદજી મહારાજ સાહેબના દર્શન કર્યાં.

આ પ્રસંગે શ્રી લાલચંદજી મહારાજ સાહેબે અવસરને પિછાણીને અને ધૈર્યનું એકાએક ઐકય કરીને. શ્રી વિનોદમુનિના માતા-પિતાના સાંત્વન અર્થે ઉપદેશ શરૂ કર્યો જેનો ટૂકમાં સાર આ પ્રમાણે છે—

"હવે તો રત્ન ચાલ્યું ગયું! સમાજનો આશાદીપક ઓલવાઈ ગયો! ઝટ ઊગીને આથમી ગયો! હવે એ દીપ ફરીથી આવી શકે તેમ નથી"

શ્રી વિનોદમુનિના સંસારપક્ષના માતુશ્રી મણિબેનને મુનિશ્રીએ કહ્યું કેઃ- બેન! ભાવિ પ્રબળ છે. આ બાબતમાં મહાપુરૂષોએ પણ હાથ ધોઈ નાખ્યા છે એમ સૌને મરણને શરણ થવું પડે છે, તો પછી આપણા જેવા પામર પ્રાણીનું શું ગજું છે? હવે તો શોક દૂર કરીને આપણે એમના મૃત્યુનો આદર્શ જોઇને માત્ર ધીરજ ધરવાની રહી.

પૂ. શ્રી સમર્થમલજી મહારાજ સાહેબનો અભિપ્રાયઃ-

પ્રાથમિક તેમ જ અલ્પકાળના પરિચયથી મને શ્રી વિનોદમુનિના વિષે અનુભવ થયો, કે તેમની ધર્મપ્રિયતા અને ધર્માભિલાષા 'अट्ठिमिंजा पेमाणुरागरत्ते' નો પરિચય કરાવતી હતી પ્રાપ્ત સંસારિક પ્રચૂર વૈભવ તરફ તેમની રુચિ દૃષ્ટિગોચર થતી ન હતી પરંતુ તેઓ વીતરાગવાણીના સંસર્ગથી વિષયવિમુખ ધર્મકાર્યમાં સદા તત્પર અને તલ્લીન દેખાતા હતા. ખાસ પરિચયના અભાવે વૈરાગ્ય પણ તેમની ધારાથી તેમની ધર્માનુરાગિતા તથા જીવનચર્યાથી કઠિન કાર્ય કરવામાં પણ ગભરાટના સ્થાને સુખાનુભવની વૃત્તિ લક્ષમાં આવતી હતી.

હવે

શ્રી વિનોદમુનિના જીવનના બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેનો ખુલાસો કરવામાં આવે છે.

પ્ર. ૧. તેમણે આજ્ઞા વગર સ્વયમેવ દીક્ષા કેમ લીધી?

ઉત્તરઃ-પાંચમાં આરાનાં ભદ્રા શેઠાણીના પુત્ર એવંતા (અતિમુક્ત) કુમારને તેમની માતુશ્રીએ દીક્ષાની આજ્ઞા આપવાની તદ્દન ના પાડી એટલે તેણે

સ્વયમેવ દીક્ષા લીધી. ત્યાર બાદ ભદ્રા શેઠાણીએ પોતાના કુમારને ગુરુને સોંપી દીધા. તેજ રાત્રે તેણે બારમી ભિક્ષુની પડિમા અંગીકાર કરી અને શિયાળણીના પરીષહથી કાળ કરી નલીનગુલ્મ વિમાનમાં ગયા તેવી જ રીતે શ્રી વિનોદકુમાર સ્વયં દીક્ષિત થયા

પ્ર. ૨. આવા વૈરાગી જીવને આવો ભયંકર પરીષહ કેમ આવે ?

ઉત્તરઃ–કેટલાક ચરમ શરીરી જીવને મારણાંતિક ઉપસર્ગ આવેલ છે. જુઓ ગજસુકુમાર મુનિ, મેતાર્ય મુનિ, કોશલ મુનિ, કારણ કે તેમની સત્તામાં હજારો ભવનાં કર્મ હોવા જોઈએ ત્યારે તેમને એકદમ મોક્ષ જવું હતું, તો મારણાંતિક ઉપસર્ગ આવ્યા વગર એટલાં બધાં કર્મ કેવી રીતે ખપે ? બા. બ્ર. શ્રી વિનોદમુનિને આવો પરીષહ આવ્યો, જે ઉપરથી એમ અનુમાન થાય છે કે તે એકાવતારી જીવ હોય.

શ્રી વિનોદમુનિનું વિસ્તૃત જીવનચરિત્ર જુદા પુસ્તકથી ગુજરાતી ભાષા તથા હિન્દી ભાષામાં છપાયેલ છે તેમાંથી સાર રૂપે અહીં સંક્ષેપ કરેલ છે.

॥ श्री-भगवतीसूत्रम् ॥

(नवमो भागः)

દશવેં શતક કે ઉદ્દેશાઓં કો સંગ્રહ કરનેવાલી ગાથા

દશમા શતકના પહેલા ઉદ્દેશાનો પ્રારંભ—

દિસિ૧ સંવુડ અણગારે૨ આયઢ્ઢી૩ સમહત્થિ૪ દેવિ૫ સભા ૬ ।
ઉત્તર અંતરદીવા ૨૮ દસમંસિ સયંમિ ચોત્તીસા ૩૪ ॥

દશમાં શતકમાં નીચે પ્રમાણે ૩૪ ઉદ્દેશા છે-(૧) દિશા, (૨) સંવૃત અણગાર, (૩) આત્મઋદ્ધિ, (૪) શ્યામહસ્તી, (૫) દેવી, (૬) સભા, અને (૭ થી ૩૪) ઉત્તર દિશાનાં ૨૮ અન્તર્દ્વીપો.

ટીકાર્થ—નવમા શતકમાં જીવાદિક પદાર્થોની પ્રરૂપણા કરવામાં આવી છે. હવે આ દશમા શતકમાં એજ જીવાદિક પદાર્થોનું પ્રકારાન્તર પ્રતિપાદન કરવાને નિમિત્તે ૩૪ ઉદ્દેશા આપવામાં આવ્યા છે. આ ઉદ્દેશાઓમાં કયા કયા વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે તે આ ગાથામાં પ્રકટ કરવામાં આવ્યું છે. પહેલા ઉદ્દેશામાં દિશાઓ વિષે પ્રતિપાદન કરવામાં આવ્યું છે. બીજા ઉદ્દેશામાં સંવૃત્ત અણગારનું કથન કરવામાં આવ્યું છે. " આત્મઋદ્ધિ વડે દેવ અથવા દેવી આવા-સાન્તરોને ઓળંગી શકે છે, " ઇત્યાદિ વિષયનું ત્રીજા ઉદ્દેશામાં પ્રતિપાદન કરાયું છે. મહાવીર સ્વામીના શ્યામહસ્તી નામના શિષ્યના પ્રશ્નોનું ચોથા ઉદ્દેશામાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે ચમરાદિ ઇન્દ્રની અગ્રમહિષી (પટ્ટરાણી) રૂપ દેવી વિષે પાંચમાં ઉદ્દેશામાં વર્ણન કરવામાં આવ્યું છે. છઠ્ઠા ઉદ્દેશામાં સુધર્મા સભાનું પ્રતિપાદન કરાયું છે ૭ થી ૩૪ સુધીના ૨૮ ઉદ્દેશાઓમાં ઉત્તર દિશાના ૨૮ અન્તર્દ્વીપોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ રીતે આ દશમા શતકમાં કુલ ૩૪ ઉદ્દેશાઓ છે.

દિશાઓં કે સ્વરૂપ કા નિરૂપણ

દશમા શતકના પહેલા ઉદ્દેશામાં પ્રતિપાદિત વિષયનું ટૂંક વિવરણ—

પૂર્વાદિ દિશાઓનું કથન-દિશાઓના ભેદોનું કથન-દિશાઓનાં ૧૦ નામોનું કથન-ઐંદ્રીદિશા (પૂર્વ દિશા) શું જીવ રૂપ છે ? " ઇત્યાદિ પ્રશ્નો એજ પ્રમાણે આગ્નેયી દિશા (અગ્નિકોણ), યામ્યા દિશા (દક્ષિણ દિશા), નૈઋત્ય, વારુણી દિશા (પશ્ચિમ દિશા) આદિ દિશાઓનું વર્ણન શરીરોના પ્રકારોનું તથા ઔદારિક શરીરોના પ્રકારોનું કથન.

દિશાઓ વિષેની વક્તવ્યતા—

" रायगिहे जाव एवं वयासी " ઇત્યાદિ—

ટીકાર્થ—દિશાવક્તવ્યતા દ્વારા સૂત્રકારે અહીં પ્રકારાન્તરે જીવાદિકોની પ્રરૂપણા કરી છે-" रायगिहे जाव एवं वयासी " રાજગૃહ નગરમાં યાવત્ આ પ્રમાણે પૂછયું-અહીં " यावत् " પદના પ્રયોગ દ્વારા નીચેનો સૂત્રપાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે-" नगरे स्वामी समवसृतः, स्वामिनं वन्दितुं नमस्यितुं पर्षत् निर्गच्छति, धर्मकथां श्रुत्वा प्रतिगता पर्षत्, ततः शुश्रूषमाणो नमस्यन् विनयेन प्राञ्जलिपुटः पर्युपासीनो गौतमो भगवन्तं " તેનો ભાવાર્થ આ પ્રમાણે છે-રાજગૃહ નગરમાં મહાવીર સ્વામી પધાર્યા તેમને વંદણા નમસ્કાર કરવાને પરિષદ (પ્રજાજન-લોકોનો સમૂહ) તેમની પાસે ગઈ. ધર્મકથા સાંભળીને પરિષદ વિખરાઈ ગઈ. ત્યાર બાદ બહુ જ વિનયપૂર્વક પ્રભુની પર્યુપાસના કરતાં કરતાં ગૌતમ સ્વામીએ તેમને આ પ્રમાણે પૂછયું-" किमियं भंते ! पाईणत्ति पवुच्चइ ? " હે ભગવન્ ! પ્રાચી (પૂર્વ) દિશાને જીવ રૂપ કહી છે, કે અજીવ રૂપ કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा ! " હે ગૌતમ ! " जीवा चेव अजीवा चेव " પૂર્વ દિશાને જીવ રૂપ પણ કહી છે અને અજીવરૂપ પણ કહી છે.

પૂર્વદિશાને જીવઅજીવરૂપ કહેવાનું કારણ એ છે કે તેમાં એકેંદ્રિયાદિક જીવ અને પુદ્ગલાસ્તિકાયાદિક અજીવ રહેલાં હોવાથી તેને જીવરૂપ પણ કહી છે અને અજીવરૂપ પણ કહી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" किमियं भंते ! पाईणत्ति पवुच्चइ ? " હે ભગવન્ ! પશ્ચિમ દિશા જીવ રૂપ છે, કે અજીવરૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एवं चेव, एवं दाहिणा, एवं उदीणा, एवं उड्ढा, एवं अहो वि " પ્રતીચી દિશા (પશ્ચિમ દિશા) પણ પૂર્વદિશાની જેમ જીવરૂપ પણ છે અને અજીવરૂપ પણ છે. કારણ કે ત્યાં એકેન્દ્રિય વગેરે જીવો અને પુદ્ગલાસ્તિકાય વગેરે અજીવ રહેલાં છે. એજ પ્રમાણે દક્ષિણદિશા, ઉત્તરદિશા, ઊર્ધ્વદિશા અને અધોદિશા પણ જીવરૂપ અને અજીવરૂપ છે એમ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" कइणं भंते ! दिसाओ पण्णत्ताओ ? "—

હે ભગવન્ ! દિશાઓ કેટલી કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा ! दस दिसाओ पण्णत्ताओ " હે ગૌતમ ! દિશાઓ દશ કહી છે. "तंजहा" તે આ પ્રમાણે છે-"पुरत्थिमा१, पुरत्थिमदाहिणा२, दाहिणा३, दाहिणपच्चत्थिमा४, पच्चत्थिम५, पच्चत्थिमुत्तरा६, उत्तरा, उत्तरपुरत्थिमा८, उड्ढा९, अहो१० " (૧) પૌરસ્ત્યા (પૂર્વદિશા), (૨) પૌરસ્ત્ય દક્ષિણા-પૂર્વ અને દક્ષિણની વચ્ચેની દિશા (અગ્નિકોણ) (૩) દક્ષિણ દિશા (૪) દક્ષિણ પશ્ચિમા-દક્ષિણ અને પશ્ચિમ દિશાની વચ્ચેની દિશા (નૈઋત્યકોણ), (૫) પશ્ચિમ દિશા (૬) પશ્ચિમોત્તર-પશ્ચિમ અને ઉત્તરની વચ્ચે આવેલી દિશા (વાયવ્યકોણ) (૭) ઉત્તર દિશા, (૮) ઉત્તરપૌરસ્ત્યા-ઉત્તર અને પૂર્વ દિશા (ઇશાનકોણ) (૯) ઉર્ધ્વદિશા અને (૧૦) અધોદિશા.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" एयासिणं भंते ! दसण्हं दिसाणं कइ णामधेज्जा पण्णत्ता ! " હે ભગવન્! આ દશે દિશાઓનાં બીજાં કયાં નામો કહ્યાં છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " दस नामधेज्जा पण्णत्ता " તે દશે દિશાઓનાં બીજાં નામ દસ કહ્યાં છે, " तंजहा " જે નીચે પ્રમાણે છે –" इंदा१, अग्गेयी२, जमा य३, नेरतीय४, वारुणी५ य वायव्वा६, सोम्मा७, ईसाणी य८, विमला य९, तमाए१० बोद्धव्वा "

(૧) જે દિશાનો સ્વામી ઇન્દ્ર છે ને દિશાને ઐન્દ્રિ (પૂર્વદિશા) કહે છે. (૨) જે દિશાનો સ્વામી અગ્નિદેવતા છે, તે દિશાને આગ્નેયી દિશા કહે છે. (૩) જે દિશાનો સ્વામી યમદેવતા છે તે દિશાને યામ્યા (દક્ષિણ દિશા) કહે છે. (૪) દિશાનો સ્વામી નૈર્ઋતી છે, તે દિશાને નૈર્ઋતી (નૈઋત્યકોણ) કહે છે. (૫) જે દિશાનો સ્વામી વરુણ છે, તે દિશાને વારુણી (પશ્ચિમ દિશા કહે છે. (૬) જે દિશાનો સ્વામી વાયુદેવતા છે, તે દિશાને વાયવ્ય (વાયવ્ય કોણ) કહે છે. (૭) જે દિશાનો સ્વામી સોમદેવતા છે, તે દિશાને સૌમ્યા (ઉત્તર દિશા) કહે છે. (૮) જે દિશાનો સ્વામી ઈશાનદેવતા છે, તે દિશાને ઐશાની (ઈશાન કોણ) કહે છે. (૯) વિમલ (નિર્મળ) હોવાથી ઉર્ધ્વ દિશાને વિમલા દિશા કહે છે. (૧૦) અધોદિશા રાત્રિના જેવાં અંધકારથી વ્યાપ્ત હોવાથી તેને તમાદિશા કહે છે.

ચારે દિશાઓનો આકાર શકટોદ્ધિ (ગાડાની ઉધ) જેવો છે અને ચારે વિદિશાઓનો (અગ્નિ આદિ ચાર વિદિશાઓનો) આકાર મુક્તાવલી જેવો છે. તથા ઊર્ધ્વ દિશા અને અધોદિશાનો આકાર રુચક (ગાયોના સ્તનના) જેવો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" इंदाणं भंते ! दिसा किं जीवा, जीवदेसा, जीव पएसा ? अजीवा, अजीवदेसा, अजीव पएसा ? "–

હે ભગવન્ ! ઐન્દ્રિ દિશા (પૂર્વ દિશા) શું જીવરૂપ છે? કે જીવદેશરૂપ છે ? કે જીવપ્રદેશરૂપ છે ? કે અજીવરૂપ છે ? કે અજીવદેશરૂપ છે ? કે અજીવ પ્રદેશ રૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " जीवा वि, जीवदेसा वि, जीवपएसा वि, तचेव जाव अजीवपएसा वि " પૂર્વદિશા જીવરૂપ પણ છે કારણ કે તે દિશામાં જીવોનું અસ્તિત્વ રહે છે એજ પ્રમાણે તે જીવદેશરૂપ પણ છે કારણ કે જીવદેશથી તે યુક્ત છે તે એજ પ્રમાણે તે જીવપ્રદેશરૂપ પણ છે કારણ કે તે જીવપ્રદેશથી યુક્ત છે એજ પ્રમાણે પુદ્ગલસ્તિકાય આદિ રૂપ જીવોથી યુક્ત હોવાને કારણે તે અજીવરૂપ પણ છે, તથા ધર્માસ્તિકાય વગેરેના

દેશથી યુકત હોવાથી તે અજીવદેશરૂપ પણ છે, તથા ધર્માસ્તિકાય વગેરેના પ્રદેશોથી યુકત હોવાને લીધે તે અજીવપ્રદેશરૂપ પણ છે. આ દિશામાં (પૂર્વ દિશામાં) જે જીવો રહે છે. "તે નિયમા એગિંદિયા, બેઇંદિયા જાવ પંચિંદિયા અણિંદિયા" તે નિયમથી જ એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય (કેવલી) હોય છે. "જે જીવદેસા તે નિયમા એગિંદિયદેસા" તથા ત્યાં જે જીવદેશો રહે છે તે નિયમથી જ એકેન્દ્રિયના, દ્વીન્દ્રિયના, ત્રીન્દ્રિયના, ચતુરિન્દ્રિયના, પંચેન્દ્રિયના અને અનિન્દ્રિયના (કેવલીના) જીવદેશો હોય છે. "જે જીવપએસા તે એગિંદિયપએસા બેઇંદિયપએસા, જાવ અણિંદિયપએસા" આ દિશામાં જે જીવપ્રદેશો રહે છે, તે નિયમથી એકેન્દ્રિય જીવોના પ્રદેશ, દ્વીન્દ્રિય જીવોના પ્રદેશ, ત્રીન્દ્રિય જીવોના પ્રદેશ અને અનિન્દ્રિય જીવોના (કેવલીના) પ્રદેશ હોય છે "જે અજીવા તે દુવિહા પણ્ણત્તા" આ પૂર્વ દિશામાં જે અજીવ રહે છે તે બે પ્રકારના કહ્યા છે, "તંજહા" જે પ્રકારો નીચે પ્રમાણે છે–"રૂવી અજીવા ય, અરૂવી અજીવા ય" (૧) રૂપી અજીવ અને (૨) અરૂપી અજીવ.

"જે રૂવી અજીવા, તે ચઉવ્વિહા પણ્ણત્તા-, તંજહા" આ પૂર્વ દિશામાં જે રૂપી અજીવો રહે છે તેના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે–"ખંધા૧, ખંધાદેસા૨, ખંધપએસા૩, પરમાણુપોગ્ગલા૪," (૧) સ્કન્ધ, (૨) સ્કન્ધદેશ, (૩) સ્કન્ધપ્રદેશ અને (૪) પરમાણુ પુદ્ગલ. "જે અરૂવી અજીવા તે સત્તવિહા પણ્ણત્તા" આ દિશામાં જે અરૂપી અજીવ રહે છે, તે સાત પ્રકારના કહ્યા છે, "તંજહા" જે સાત પ્રકારો નીચે પ્રમાણે છે–"ણો ધમ્મત્થિકાએ, ધમ્મત્થિકાસ્સ દેસે પએસા૨, ણો અધમ્મત્થિકાએ, અધમ્મત્થિકાયસ્સદેસે૩, અધમ્મત્થિકાયસ્સ પએસા૪, એવં ણો આગાસત્થિકાએ, આગાસત્થિકાયસ્સદેસે૫, આગાસત્થિકાયસ્સ પએસા૬, અદ્ધાસમએ," ધર્માસ્તિકાય હોતા નથી. પરંતુ ધર્માસ્તિકાયનો એકદેશ૧, ધર્માસ્તિકાયનો પ્રદેશ૨, અને અધર્માસ્તિકાય હોતા નથી. પરંતુ અધર્માસ્તિકાયનો એકદેશ૩ અને અધર્માસ્તિકાયનો પ્રદેશ૪, તથા આકાશાસ્તિકાય હોતા નથી. પરંતુ આકાશાસ્તિકાયનો એક દેશ૫, આકાશાસ્તિકાયનો પ્રદેશ૬, અને અદ્ધાસમય, કહેવાનું તાત્પર્ય એ છે કે–પૂર્વ દિશા છે, ત્યાં ધર્માસ્તિકાય નથી. કેમકે–ધર્માસ્તિકાય પદથી તો સંપૂર્ણ ધર્માસ્તિકાયનો બોધ થાય છે. અહિયાં નો શબ્દ નિષેધાર્થક છે, જેથી નોધર્માસ્તિકાય કહેવાથી અહિયાં પૂરા ધર્માસ્તિકાયનો નિષેધ સમજવો જોઇએ. કેમકે–ધર્માસ્તિકાય વિગેરેને કહેવાથી અજીવ અરૂપી ના દસભેદો થઈ જાય છે. જે ઉત્તરાધ્યયન સૂત્રના ૩૬ છત્રીસમા અધ્યયનમાં કહેલ છે. અહિયાં પૂરા ધર્માસ્તિકાયનો નિષેધ કહેલ છે. તેથી અહિયાં સાત

ભેદોનું નિરૂપણ કરેલ છે. આ રીતે અહિયાં ધર્માસ્તિકાય નથી. તો આ કથનનું તાત્પર્ય એજ છે કે–ધર્માસ્તિકાયનો એકદેશ છે, અને ધર્માસ્તિકાયનો પ્રદેશ છે, એવા બે ભેદો જ ગ્રહણ કરાયા છે. તેનું તાત્પર્ય એ છે કે–પૂર્વ દિશા અસંખ્યાત પ્રદેશવાળી છે. તેથી તે ધર્માસ્તિકાયના દેશ પ્રદેશ રૂપ છે.૨, એજ રીતે અહિયાં અધર્માસ્તિકાય નથી. પરંતુ અધર્માસ્તિકાયના એકદેશ રૂપ છે, અને અધર્માસ્તિકાયના પ્રદેશ રૂપ છે૪, અહિયાં આકાશાસ્તિકાય પણ હોતા નથી. પરંતુ આકાશાસ્તિકાયના તે એક ભાગ રૂપ છે. અને આકાશાસ્તિકાયના પ્રદેશ રૂપ છે. ૬ તથા અદ્ધા સમય નામ કાળનું છે, તે પૂર્વ દિશા અદ્ધા સમય રૂપ છે, કેમ કે લોકાકાશ રૂપ પૂર્વ દિશા પર એક એક પ્રદેશમાં એક એક કાળ દ્રવ્યનો પ્રદેશ રહેલ છે.૭. આજ રીતે સાત પ્રકારના અરૂપી અજીવોના આશ્રયરૂપ બનેલી તે પૂર્વ દિશા અજીવ રૂપ પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अग्गेईएणं भंते! दिसा किं जीवा, जीवदेसा, जीवपएसा, " હે ભગવન્ આગ્નેયીદિશા–અગ્નિખૂણો જીવરૂપ છે, કે જીવદેશરૂપ છે? અથવા જીવપ્રદેશરૂપ છે? અજીવરૂપ છે? અજીવદેશરૂપ છે? અથવા અજીવ પ્રદેશરૂપ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! હે ગૌતમ! " णोजीवा, जीवदेसा वि१ जीवपएसा वि २ अजीवा वि,३ अजीवदेसावि.४ अजीवपएसा वि.५ " અગ્નિદિશા (અગ્નિખૂણો) જીવરૂપ નથી આ પ્રમાણે કહેવાનું કારણ એ છે કે–અગ્નિદિશા વિદિશારૂપ છે. અને વિદિશા એક પ્રદેશની પહોળાઇવાળી હોય છે. તેમાં અસંખ્યાત પ્રદેશવાળાં જીવનો અવગાહ થઈ શકતો નથી, કારણ કે અસંખ્યાત પ્રદેશમાં અવગાહન કરવાને તેમા સ્વભાવ હોય છે. તે કારણે આગ્નેયી દિશાને (અગ્નિકોણને) જીવરૂપ કહેલ નથી. પરન્તુ તે દિશા જીવદેશરૂપ છે, કારણ કે જીવનો દેશ (અંશ) ત્યાં રહી શકે છે, એજ પ્રમાણે આગ્નેયી દિશા જીવપ્રદેશ રૂપ પણ છે, કારણ કે જીવના પ્રદેશો ત્યાં રહે છે. તથા તે દિશાઅ જીવરૂપ પણ છે અને અજીવપ્રદેશરૂપ પણ છે. આ સમસ્ત કથનનું સૂત્રકારે પોતે જ નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ કર્યું છે.—

" जे जीवदेसा ते नियमा एगिंदियदेसा " ત્યાં જે જીવદેશ રહેલાં છે, તે નિયમથી જ એકેન્દ્રિય જીવો સકલ લોકમાં વ્યાપેલા હોય છે, તેથી આગ્નેયી દિશામાં પણ તેમના અનેક દેશ મોજૂદ રહે છે. " अहवा एगिंदियदेसा य बेइंदिय देसेर " અથવા આગ્નેયી દિશા જીવદેશરૂપ એ રીતે પણ સંભવી શકે છે કે તેમાં એકેન્દ્રિય જીવોના અનેક દેશ રહે છે (કારણ કે એકેન્દ્રિય જીવો તો સકલલોક વ્યાપી છે) અને કોઇ એક દ્વીન્દ્રિય જીવનો એકદેશ રહે છે. એકેન્દ્રિય જીવો કરતાં દ્વીન્દ્રિય જીવો અલ્પ હોવાથી ત્યાં કોઇ એક દ્વીન્દ્રિય જીવના અસ્તિત્વની સંભાવના હોવાથી તે દ્વીન્દ્રિયનો એકદેશ ત્યાં રહે છે, એમ કહેવામાં આવ્યું છે, એકેન્દ્રિયોના અનેક દેશરૂપ અને દ્વીન્દ્રિયના એક દેશરૂપ હોવાથી તે દિશા જીવદેશરૂપ છે, આ પ્રકારના દ્વિકસંયોગથી આ પહેલો ભાંગો

(વિકલ્પ) બન્યો છે. "अहवा एगिंदियदेसा य बेइंदियस्स देसा२" બીજો દ્વિકસંયોગી ભાંગો આ પ્રમાણે બને છે–"આગ્નેયી દિશામાં એકેન્દ્રિય જીવોના પણ અનેક દેશ તથા દ્વીન્દ્રિય જીવના પણ અનેક દેશ રહે છે." પહેલા અને બીજા ભાંગામાં દ્વીન્દ્રિય જીવના 'દેશ' પદને અનુક્રમે એકવચનમાં અને બહુવચનમાં રાખીને ભિન્નતા પ્રકટ કરવામાં આવી છે. આ બીજો ભાંગો ત્યારે બને છે કે જ્યારે દ્વીન્દ્રિય જીવ પોતાના બે આદિ દેશોથી તે આગ્નેયી દિશાનો સ્પર્શ કરે છે. "अहवा एगिंदियदेसाय बेइंदियाण य देसा३" ત્રીજો ભાંગો–"અથવા આગ્નેયી દિશામાં એકેન્દ્રિય જીવોના અનેક દેશ અને દ્વીન્દ્રિય જીવોના પણ અનેક દેશ મોજૂદ રહે છે." આ ત્રીજા ભાંગામાં દ્વીન્દ્રિય પદને બહુવચનમાં વાપરીને આગલા બે ભાંગાઓ કરતાં તેમાં ભિન્નતા પ્રકટ કરવામાં આવી છે. એજ પ્રમાણે ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય જીવોની સાથે એકેન્દ્રિયોના સંયોગથી ત્રણ, ત્રણ ભાંગાઓ કહેવા જોઈએ. એજ વાત સૂત્રકારે નીચેના સૂત્રદ્વારા વ્યક્ત કરી છે "अहवा एगिंदियदेसा तेइंदियस्स देसे, एवं चेव तियभंगो भाणियव्वो-एवं जाव अणिंदियाण तियभंगो"

આ સૂત્રમાં જે ત્રણ ત્રણ ભાંગાઓ થવાની વાત કહેવામાં આવી છે, તે ત્રણ ત્રણ ભાંગાઓ આ પ્રમાણે સમજવા—

(૧) આગ્નેયી દિશામાં એકેન્દ્રિય જીવોના અનેક દેશ તથા તેઇન્દ્રિય જીવનો એકદેશ રહે છે. (૨) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો તથા તેઇન્દ્રિય જીવના અનેક દેશો રહે છે. (૩) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો અને તેઇન્દ્રિય જીવોના અનેક દેશો રહે છે. આ ત્રણ ભાંગાઓ એકેન્દ્રિયોનો અને તેઇન્દ્રિયના દ્વિકસંયોગથી બન્યા છે.

એકેન્દ્રિયોના ચૌઇન્દ્રિય સાથેના સંયોગથી નીચે પ્રમાણે ત્રણ ભાંગાઓ બને છે–(૧) આગ્નેયી દિશામાં એકેન્દ્રિય જીવોના અનેક દેશો તથા ચૌઇન્દ્રિય જીવનો એક દેશ રહે છે. (૨) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો તથા ચૌઇન્દ્રિયો જીવના અનેક દેશો રહે છે (૩) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો તથા ચૌઇન્દ્રિય જીવોના અનેક દેશો રહે છે.

હવે એકેન્દ્રિયોના એને પંચેન્દ્રિયના દ્વિકસંયોગથી બનતા ત્રણ ભાંગાઓ પ્રકટ કરવામાં આવે છે–(૧) આગ્નેયી દિશામાં જીવોના અનેક દેશો તથા પંચેન્દ્રિય જીવનો એકદેશ રહે છે. (૨) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો તથા જીવના અનેક દેશો રહે છે (૩) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો તથા પંચેન્દ્રિ જીવોના અનેક દેશો રહે છે. એજ પ્રમાણે આગ્નેયી દિશામાં (૧) એકેન્દ્રિય જીવોના અનેક દેશો અને અનિન્દ્રિય જીવનો એક દેશ રહે છે. (૨) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો અને અનિન્દ્રિય જીવના અનેક દેશો રહે છે. (૩) અથવા એકેન્દ્રિય જીવોના અનેક દેશો અને અનિન્દ્રિય જીવોના અનેક દેશો રહે છે.

"जे जीवपएसा ते नियमा एगिंदियपएसा" હવે સૂત્રકાર આગ્નેયી દિશામાં રહેલાં જીવપ્રદેશોની વાત કરે છે–આગ્નેયી દિશામાં જે જીવપ્રદેશો છે, તે નિયમથી જ એકેન્દ્રિય જીવોના પ્રદેશો છે. "अहवा एगिंदियपएसा य बेइंदियस्स पएसा"

(૧) અથવા આગ્નેયી દિશામાં એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને દ્વીન્દ્રિય જીવના પ્રદેશો રહે છે. " अहवा एगिंदियपएसा य बेइंदियाण य पएसा यर " (૨) અથવા ત્યાં એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને દ્વીન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે. " एवं आइल्लविरहिओ जाव अणिंदियाणं " " અથવાઅગ્નિદિશામાં એકેન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે અને દ્વીન્દ્રિય જીવનો એક પ્રદેશ હોય છે. " આ પ્રકારનો ભાંગો અહીં બનતો નથી. આગળ જીવદેશની અપેક્ષાએ આ પ્રકારનો પહેલો ભાંગો બતાવેલો છે. પણ જીવપ્રદેશની અપેક્ષાએ આ ભાંગા સિવાયના બે ભાંગા જ સંભવી શકે છે, એમ સમજવું.—

જીવપ્રદેશના ભાંગાઓમાં દ્વીન્દ્રિયાદિકોમાં પ્રદેશ પદને બહુવચનમાં જ લેવામાં આવ્યું છે, કારણ કે લોકવ્યાપક અવસ્થાવાળા અનિન્દ્રિય જીવ સિવાયના જીવો એક પ્રદેશમાં અસંખ્યાત હોય છે. જો કે લોકવ્યાપક અવસ્થાવાળા અનિન્દ્રિય જીવનો એક ક્ષેત્રપ્રદેશમાં એક જ પ્રદેશ હોય છે, તો પણ તે પ્રદેશ પદમાં બહુવચનાન્તતા જ રહે છે, કારણ કે અગ્નિ દિશામાં એવાં અસંખ્યાત પ્રદેશોનો અવગાઢ છે. તેથી બધાં દ્વિક સંયોગોમાં પ્રદેશોની અપેક્ષાએ પહેલા ભાંગા સિવાયના બે ભાંગાઓ જ બને છે, એમ સમજવું. આ વિષયને સરળતા પૂર્વક સમજાવવા માટે ટીકાકારે તે ભાંગાઓ અહીં પ્રકટ કર્યા છે.—

(૧) અગ્નિ દિશામાં એકેન્દ્રિય જીવોનો પ્રદેશ હોય છે અને તેઇન્દ્રિય જીવના પ્રદેશો હોય છે. (૨) અથવા એકેન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે અને તેઇન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે. એજ પ્રમાણે (૧) અગ્નિ દિશામાં એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને ચતુરિન્દ્રિય જીવના પ્રદેશો હોય છે (૨) અથવા એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને ચતુરિન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે. એજ પ્રમાણે તેમાં (૧) એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને પંચેન્દ્રિય જીવના પ્રદેશો હોય છે (૨) અથવા એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને પંચેન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે એજ પ્રમાણે તેમાં (૧) એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને અનિન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે. (૨) અથવા એકેન્દ્રિય જીવોના પ્રદેશો અને અનિન્દ્રિક જીવોના પ્રદેશો હોય છે. " जे अजीवा ते दुविहा पण्णत्ता–तंजहा–रूवि अजीवा य, अरूवि अजीवा य " અગ્નિ દિશામાં બે પ્રકારના અજીવો કહ્યા છે–(૧) રૂપી અજીવ અને (૨) અરૂપી અજીવ. " जे रूवि अजीवा ते चउव्विहा पण्णत्ता–तंजहा–खंधा, जाव परमाणुपोग्गला " રૂપી અજીવોના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યા છે–(૧) સ્કન્ધ, (૨) સ્કન્ધદેશ, (૩) સ્કન્ધપ્રદેશ અને (૪) પરમાણુ પુદ્ગલ. " जे अरूवी अजीवा ते सत्तविहा पण्णत्ता तंजहा " અગ્નિ દિશામાં નીચે પ્રમાણે સાત પ્રકારના અજીવો રહેલા છે–" णो धम्मत्थिकाए–धम्मत्थिकायस्स देसे, धम्मत्थिकायस्सपएसा, एवं अधम्मत्थिकायस्स वि जाव आगासत्थिकायस्सपएसा अद्धासमए " (૧) નો ધર્માસ્તિકાય–અખંડ ધર્માસ્તિકાય રૂપ તે અગ્નિ

દિશા નથી, પરન્તુ તે ધર્માસ્તિકાયના એકદેશ રૂપ છે. (૨) તે ધર્માસ્તિકાયના પ્રદેશો રૂપ છે, કારણ કે તે અસંખ્યાત પ્રદેશાત્મક છે. (૩) એજ પ્રમાણે તે અખંડ અધર્માસ્તિકાયરૂપ નથી, પરંતુ તે અધર્માસ્તિકાયના એકદેશરૂપ છે. (૪) તે અધર્માસ્તિકાયના પ્રદેશો રૂપ છે (૫) તે અગ્નિ દિશા અખંડ આકાશાસ્તિકાય રૂપ નથી, પરન્તુ આકાશાસ્તિકાયના એકદેશ રૂપ છે. (૬) તે આકાશાસ્તિકાયના પ્રદેશો રૂપ છે. (૭) તથા તે અગ્નિદિશા અદ્ધાસમય (કાળ) રૂપ પણ છે. આ રીતે અગ્નિદિશા સાત અરૂપી અજીવરૂપ છે.

"વિદિસાસુ નત્થિ જીવા, દેસે ભંગો ય હોઇ સવ્વત્થ"

અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય, અને ઈશાન રૂપ દિક્કોણોમાં–વિદિશાઓ–જીવો નથી, પણ ત્યાં જીવોના દેશો છે, તેથી જીવોના દેશવિષયક ભાંગા (વિકલ્પો) જ ત્યાં સંભવી શકે છે, એમ સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે આગ્નેયી, નૈઋત્ય, વાયવ્ય અને ઐશાની (ઈશાન), આ ચારે વિદિશાઓમાં જીવો નથી, પણ તેમના દેશ ત્યાં મોજૂદ છે. તે કારણે ત્યાં દેશની અપેક્ષાએ ભાંગા કહેવામાં આવ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન--"जमा णं भंते! दिसा किं जीवा० ?" હે ભગવન્! યામ્યા દિશા (દક્ષિણ દિશા) શું જીવ રૂપ છે? કે જીવદેશ રૂપ છે? કે જીવપ્રદેશ રૂપ છે? કે અજીવ રૂપ છે? કે અજીવદેશરૂપ છે? કે અજીવપ્રદેશરૂપ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર· "जहा इंदा तहेव निरवसेसा" હે ગૌતમ ઐન્દ્રી (પૂર્વ દિશા)ના જેવું જ કથન અહીં પણ સમજવું. એટલે કે પૂર્વ દિશાની જેમ દક્ષિણ દિશા જીવરૂપ પણ છે, જીવદેશ રૂપ પણ છે, જીવ પ્રદેશ રૂપ પણ છે, અજીવ રૂપ પણ છે, અજીવદેશ રૂપ પણ છે અને અજીવ પ્રદેશ રૂપ પણ છે. તથા એકેન્દ્રિયાદિક જીવો છે, તેમના દેશો છે અને તેમના પ્રદેશો છે, ઇત્યાદિ અદ્ધાસમય (કાળ) પર્યન્તનું સમસ્ત કથન અહીં પણ કરવું જોઇએ.

"नेरई य जहा अग्गेयी" નો જીવ આદિની અપેક્ષાએ જેવું કથન આગ્નેયી વિદિશા (અગ્નિખૂણા) વિષે કરવામાં આવ્યું છે એવું જ કથન નૈઋતી વિદિશા (નૈઋત્ય કોણ) વિષે પણ સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે નૈઋત્ય વિદિશા આગ્નેયી વિદિશાની જેમ જીવરૂપ નથી, પણ જીવદેશ રૂપ પણ છે અને જીવપ્રદેશ રૂપ પણ છે, અજીવરૂપ પણ છે, અજીવદેશરૂપ પણ છે. અને અજીવ પ્રદેશ રૂપ પણ છે. અહીં પૂર્વોક્ત એકેન્દ્રિયાદિક જીવોના દેશાદિકોના અસ્તિત્વને લગતું સમસ્ત કથન પણ ગ્રહણ કરવું જોઇએ.

"वारुणी जहा इंदा" વારુણી (પશ્ચિમ) દિશા પણ પૂર્વદિશાની જેમ જીવ રૂપ, જીવદેશ રૂપ, જીવ પ્રદેશ રૂપ, અજીવરૂપ, અજીવદેશ રૂપ અને અજીવ પ્રદેશ રૂપ છે. આ રીતે પાશ્ચિમ દિશામાં જીવ–અજીવ આદિ વિષેનું સમસ્ત કથન પૂર્વ દિશા પ્રમાણે જ સમજવું.

"वायव्वा जहा अग्गेयी" વાયવ્ય વિદિશાનું કથન આગ્નેયી વિદિશાના કથન પ્રમાણે જ સમજવું. "सोमा जहा इंदा" ઉત્તર દિશાનું કથન પૂર્વ દિશાના કથન પ્રમાણે સમજવું.

"ईसाणी जहा अग्गेयी" ઈશાન વિદિશાનું કથન આગ્નેયી વિદિશાના કથન પ્રમાણે સમજવું.

"विमलाए जीवा जहा अग्गेयीए" વિમલામાં (ઉર્ધ્વ દિશામાં) જીવ વિષેનું કથન અગ્નિદિશા પ્રમાણે સમજવું. અગ્નિ દિશામાં જેમ જીવોની અવગાહના થતી નથી, તેમ ઉર્ધ્વદિશામાં પણ જીવોની અવગાહના થતી નથી. તે કારણે અગ્નિ દિશાની જેમ ઉર્ધ્વ દિશામાં પણ જીવ નથી, પરન્તુ ત્યાં જીવદેશ અને જીવપ્રદેશો હોય છે. તે કારણે ઉર્ધ્વ દિશા જીવદેશ રૂપ પણ છે અને જીવ-જીવપ્રદેશ રૂપ પણ છે. "अजीवा जहा इंदाए" ઉર્ધ્વ દિશામાં અજીવ વિષેનુ સમસ્ત કથન પૂર્વ દિશા પ્રમાણે સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે જેમ પૂર્વદિશામાં રૂપી અજીવ અને અરૂપી અજીવ, આ બે પ્રકારના અજીવનું અસ્તિત્વ કહ્યું છે, તથા રૂપી અજીવને ખંધ (સ્કન્ધ) આદિના ભેદથી ચાર પ્રકારના અને અરૂપી અજીવને ધર્માસ્તિકાયાદિકના ભેદથી સાત પ્રકારના કહ્યા છે, એજ પ્રમાણે એ બધાંનું ઉર્ધ્વદિશામાં પણ અસ્તિત્વ છે, એમ સમજવું.

"एवं तमाए वि नवरं अरूवी छव्विहा, अद्धासमयो न भन्नइ" વિમલા (ઉર્ધ્વ દિશા)ના જેવું જ કથન અધોદિશા વિષે સમજવું.

શંકા–વિમલામાં (ઉર્ધ્વ દિશામાં) તો સિદ્ધ જીવો પણ હોય છે. તેથી ત્યાં તો તેમના દેશો અને પ્રદેશો સંભવી શકે છે. અધે દિશામાં તો સિદ્ધ જીવો રહેતા નથી છતાં અધોદિશામાં અનિન્દ્રિયોના સિદ્ધ જીવોના દેશ પ્રદેશાદિકોનું અસ્તિત્વ હોવાની વાત કેવી રીતે સંભવી શકે છે?

સમાધાન સમુદ્ઘાત રૂપ દંડાદિ અવસ્થાવાળા (સિદ્ધ) જીવને અનુલક્ષીને તેના દેશનું, દેશો અને પ્રદેશોનું અસ્તિત્વ ત્યાં સંભવી શકે છે. આ વાતને ધ્યાનમાં લઇને તેના દેશાદિકનું કથન સંભવી શકે છે.

ઉર્ધ્વદિશામાં અજીવ વિષયક જે કથન કરવામાં આવ્યું છે, તે કથન કરતાં અધોદિશાના અજીવ વિષયક કથનમાં નીચે પ્રમાણે વિશિષ્ટતા રહેલી છે. ઉર્ધ્વદિશામાં સાત પ્રકારના અજીવોનું કથન કરવામાં આવ્યું છે, પરન્તુ અધો દિશામાં છ પ્રકારના અજીવોનું જ કથન થવું જોઇએ, કારણ કે અધોદિશામાં અદ્ધાસમયરૂપ કાળ સિવાયના ૬ પ્રકારના અજીવોનું જ કથન કરવાનું કહ્યું છે. ત્યાં અદ્ધાસમયરૂપ કાળનું કથન કરવાનો નિષેધ શા માટે કર્યો છે, તે નીચે પ્રકટ કરવામાં આવ્યું છે—

અધોદિશામાં અદ્ધાસમય (કાળ)નો વ્યવહાર સંભવી શકતો નથી કારણ કે સમય વ્યવહારને માટે જરૂરી નિત્ય ગતિમાન સૂર્યાદિકોના પ્રકાશનો જ ત્યાં અભાવ હોય છે-તમામાં (અધોદિશામાં) સૂર્યાદિકોનો પ્રકાશ જ હોતો નથી. તે કારણે ત્યાં અદ્ધાસમય (કાળ)નું અસ્તિત્વ કહ્યું નથી.

શંકા-વિમલા (ઉર્ધ્વ) દિશામાં તો સૂર્યનો સદ્ભાવ હોતો જ નથી. તો પછી ત્યાં સમયનો વ્યવહાર કેવી રીતે થતો હશે?

સમાધાન; મન્દરાવયવભૂત (સુમેરુના અવયવરૂપ) સ્ફટિકકાંડમાં સૂર્યાદિકોની પ્રભાની સંક્રાન્તિ થાય છે. તેના દ્વારા ત્યાં સંચરિષ્ણુ (સંચરણ કરતા) સૂર્યાદિકોનો પ્રકાશ પહોંચી શકે છે. ॥ સૂ. ૧ ॥

औदारिक आदि शरीरों का निरूपण

औદારિક આદિ શરીરોની વક્તવ્યતા—

"कइ णं भंते! सरीरा पण्णत्ता" ઇત્યાદિ—

ટીકાર્થ--આ પહેલાં સૂત્રકારે જીવાદિરૂપ દિશાઓનું પ્રતિપાદન કર્યું છે. જીવો શરીરધારી પણ હોય છે. આ સંબંધને અનુલક્ષીને સૂત્રકારે આ સૂત્રમાં શરીરોની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે--"कइ णं भंते! सरीरा पण्णत्ता?" હે ભગવન્! શરીરો કેટલાં કહ્યાં છે?

મહાવીર પ્રભુનો ઉત્તર--"गोयमा! पंच सरीरा पण्णत्ता-तंजहा" હે ગૌતમ! નીચે પ્રમાણે પાંચ શરીરો કહ્યાં છે--"ओरालिए जाव कम्मए" (૧) ઔદારિક શરીર, (૨) વૈક્રિય શરીર, (૨) આહારક શરીર, (૪) તૈજસ શરીર અને (૫) કાર્મણ શરીર—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન--'ओरालिय सरीरेणं भंते! कइविहे पण्णत्ते?" હે ભગવન્! ઔદારિક શરીર કેટલાં પ્રકારના કહ્યાં છે?

મહાવીર પ્રભુનો ઉતર-"एवं ओगाहणसंठाणं निरवसेसं भाणियव्वं जाव अप्पाबहुगं ति" હે ગૌતમ! આ વિષયને અનુલક્ષીને જેવું કથન પ્રજ્ઞાપના સૂત્રના અવગાહના સંસ્થાન રૂપ ૨૧ માં પદમાં કરવામાં આવ્યું છે, એવું જ સમસ્ત કથન અહીં પણ સમજવું. તે કથન અલ્પ બહુત્વની વક્તવ્યતાના કથન પર્યન્ત અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. ત્યાં આ વિષયને અનુલક્ષીને આ પ્રમાણે કહ્યું છે-

"पंचविहे पण्णत्ते, तंजहा-एगिंदिय ओरालिय सरीरे जाव पंचिंदिय ओरालिय सरीरे" ઇત્યાદિ. ઔદારિક શરીરના નીચે પ્રમાણે પાંચ પ્રકાર કહ્યાં છે-(૧) એકેન્દ્રિય ઔદારિક શરીર (૨) દ્વીન્દ્રિય ઔદારિક શરીર, (૩) ત્રીન્દ્રિય ઔદારિક શરીર, (૪) ચતુરિન્દ્રિય ઔદારિક શરીર અને (૫) પંચેન્દ્રિય ઔદારિક શરીર, ઇત્યાદિ. તેને લગતી સંગ્રહગાથા આ પ્રમાણે છે—

"कइ संठाणपमाणं" ઇત્યાદિ—

તેનો ભાવાર્થ આ પ્રમાણે છે-શરીર કેટલાં હોય છે? તેના ઉત્તર રૂપ કહેવું જોઇએ કે "શરીર પાંચ હોય છે"

"ઔદારિક આદિ શરીરોના સંસ્થાન (આકાર) કેવાં હોય છે?"

ઔદારિક શરીરનું સંસ્થાન કોઇ નિશ્ચિત આકારવાળું હોતું નથી, પણ

તે શરીર વિવિધ સંસ્થાન (આકાર)વાળું હોય છે.

"તે શરીરીરોનું પ્રમાણ કેવું હોય છે?" ઔદારિક શરીરનું જઘન્ય (ઓછામાં ઓછું) પ્રમાણ આંગળના અસંખ્યાતમાં ભાગ જેટલું જ હોય છે, અને તેનું ઉત્કૃષ્ટ (અધિકમાં અધિક) પ્રમાણ એક હજાર યોજન કરતાં પણ થોડું અધિક છે.

"ઔદારિક આદિ શરીરોનું પુદ્ગલચયન કેટલી દિશાઓમાં થાય છે?" ઔદારિક શરીરના છ દિશાઓમાં વ્યાઘાતની અપેક્ષાએ તેનું પુદ્ગલચયન કયારેક ત્રણ દિશાઓમાં થાય છે, ઇત્યાદિ.

આ શરીરોના સંયોગથી વક્તવ્યતામાં એવું કહેવું જોઇએ કે જે જીવને ઔદારિક શરીર હોય છે, તે જીવને વૈક્રિય શરીર કયારેક હોય છે, ઇત્યાદિ.

દ્રવ્યતા અને પર્યાયાર્થતાની અપેક્ષાએ તેમના અલ્પબહુત્વ વિષે આ પ્રમાણે કહેવું જોઇએ-દ્રવ્યાર્થતાની અપેક્ષાએ આહારક શરીર સૌથી ઓછાં છે, ઇત્યાદિ.

તે શરીરોની અવગાહનાની અલ્પબહુતા વિષે આ પ્રમાણે કહેવું જોઇએ-ઔદારિક શરીરની જઘન્ય અવગાહના સૌથી અલ્પ છે, ઇત્યાદિ.

સૂત્રને અન્તે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત માનીને તેમાં પોતાની અપાર શ્રદ્ધા વ્યક્ત કરતા કહે છે કે-

"सेवं भंते! सेवं भंते! त्ति" "હે ભગવન્! આપે જે કહ્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું છે સર્વથા સત્ય જ છે" આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બેસી ગયા ।। સૂ. ૨ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રિયદર્શિની વ્યાખ્યાના દસમા શતનો પહેલો ઉદ્દેશક સમાપ્ત ।।૧૦-૧।।

ક્રિયા વિશેષ કા નિરૂપણ

દશમા શતકના બીજા ઉદ્દેશકનો પ્રારંભ—

દશમાં શતકના બીજા ઉદ્દેશામાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વર્ણન-કષાયભાવ યુક્ત સાધુને અર્યાપથિકી ક્રિયા થાય છે કે સાંપરાયિકી ક્રિયા થાય છે? અકષાય ભાવયુક્ત સાધુ દ્વારા ઐર્યાપથિકી ક્રિયા થાય છે? આ પ્રશ્નો. ઐર્યાપથિકી ક્રિયા અને સાંપરાયિકી ક્રિયાનું કારણ શું હોય છે? આ પ્રશ્ન-યોનિ. વેદના પ્રકાર, નૈરયિકોની વેદના, ભિક્ષુપ્રતિમા અને આરાધના, આ વિષયોનું કથન.

ક્રિયા વિશેષ વક્તવ્યતા—

रायगिहे जाव एवं वयासी" ઇત્યાદિ—

ટીકાર્થ–પહેલા ઉદ્દેશાને અન્તે ઔદારિક આદિ શરીરોનું કથન કરવામાં આવ્યું છે. શરીરધારીઓ ક્રિયા કરતા હોય છે. તે કારણે સૂત્રકારે આ બીજા ઉદ્દેશામાં ક્રિયાઓનું પ્રતિપાદન કરવાને નિમિત્તે ગૌતમ સ્વામી દ્વારા એ વિષયને અનુલક્ષીને પૂછાયેલા પ્રશ્નો અને મહાવીર પ્રભુ દ્વારા આપવામાં આવેલા ઉત્તરો પ્રકટ કર્યા છે—'रायगिहे जाव एवं वयासी" અહીં 'यावत्' પદથી જે સૂત્રપાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે તે નીચે મુજબ છે–રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા. તેમને વંદણા નમસ્કાર કરવાને નગરની પરિષદ નીકળી. વંદણા નમસ્કાર કરીને તથા ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ફરી ત્યારબાદ ધર્મતત્ત્વને જાણવાની અભિલાષાવાળા ગૌતમ સ્વામીએ વિનયપૂર્વક બે હાથ જોડીને પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો–"संवुडस्स णं भंते! अणगारस्स वीयीपथे ठिच्चा पुरओ रूवाइं निज्झायमाणस्स मग्गओ रूवाइं अवयक्खमाणस्स, पासओ रूवाइं अवलोएमाणस्स, उड्ढं, रूवाइं ओलोएमाणस्स, अहे रूवाइं आलोएमाणस्स तस्स णं भंते! किं ईरियावहिया किरिया कज्जइ, संपराइया किरिया कज्जइ?" આ સૂત્રમાં "वीचि" પદ સમ્પ્રયોગમાં આવ્યું આ સમ્પ્રયોગ જોનો થયો છે. આ રીતે કષાય અને જીવના સંબંધ રૂપે અહીં તેનો પ્રયોગ થયો છે. પ્રાણાતિપાત આદિ આસ્રવદ્વારના નિરોધરૂપ સંવરથી યુક્ત એવા અણગારને સંવૃત અણગાર કહે છે.

હવે અહીં ગૌતમ સ્વામીનો એવો પ્રશ્ન થાય છે કે કષાયયુક્ત મનુષ્યના માર્ગમાં ઊભા રહીને, અથવા યથાખ્યાત (સાધુને પાળવાયોગ્ય) સંયમથી પૃથક્ (અલગ) થઈને–કષાયના ઉદયને દૂર કર્યા વિના, અથવા સરાગ અવસ્થાથી યુક્ત થઈને આગળ રહેલાં રૂપોને દેખતો, પાછળ રહેલાં રૂપોને દેખતો, અથવા તેમને જોવાની ઇચ્છા રાખતો, પોતાની આજુબાજુમાં રહેલાં રૂપોને દેખતો, ઊંચે રહેલાં રૂપોને દેખતો અને નીચે રહેલાં રૂપોને દેખતો સંવૃત અણગાર (સંવર યુક્ત અણગાર) શું ઐર્યાપથિકી ક્રિયા કરતો હોય છે? કે સાંપરાયિકી ક્રિયા કરતો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा!" હે ગૌતમ! "संवुडस्स णं अणगारस्स वीयिपथे ठिच्चा जाव तस्स णं णो ईरियाबहिया किरिए कज्जइ, संपराइया किरिया कज्जइ" પ્રાણાતિપાત આદિ રૂપ આસ્રવ દ્વારોના નિરોધરૂપ સંવરથી યુક્ત એવો અણગાર કે જે વીચિપથમાં (કષાય ભાવમાં) રહીને પોતાની સામે રહેલાં રૂપોને નીરખે છે, પોતાની પાછળ રહેલાં રૂપોને નીરખે છે અથવા નીરખવા ઇચ્છે છે, આસપાસનાં રૂપોને નીરખે છે, ઉપર રહેલાં રૂપોને નીરખે છે, અને નીચે રહેલાં રૂપોને નીરખે છે, તે ઐર્યાપથિકી ક્રિયા કરતો નથી પણ સાંપરાયિકી ક્રિયા કરે છે, ઐર્યાપથિકી ક્રિયા તો યોગનિમિત્તક જ હોય છે પણ તેની આ ક્રિયા યોગનિમિત્તક હોતી નથી. કષાય યુક્ત હોવાથી તે સંવૃત અણગાર સાંપરાયિકી ક્રિયા જ કરતો હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ संवुडस्स जाव संपराइया किरिया कज्जइ " હે ભગવન્ આપ શા કારણે એવું કહો છો કે વીચિપથમાં (કષાયભાવમાં) રહીને–કષાયોથી યુક્ત રહીને આંગળના, પાછળનાં, આસપાસનાં, ઉપરનાં અને નીચેનાં રૂપોને નીરખતો સંવૃત અણગાર સાંપરાયિકી ક્રિયા કરે છે–ઐર્યાપથિકી ક્રિયા કરતો નથી.

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " जस्सणं कोहमाण-मायालोभा एवं जहा सत्तमसए पढमोद्देसए जाव से णं उस्सुत्तमेव रीयइ " જેના ક્રોધ, માન, માયા અને લોભ આ કષાયો–સાતમાં શતકના પહેલા ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે નષ્ટ થઈ ગયા હોય છે, અર્થાત્ ઉદયમાન હોય એવો અણગાર ઐર્યાપથિકી ક્રિયા કરે છે.

પરન્તુ જે અણગારના ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયો નષ્ટ થયા નથી, અર્થાત્ ઉદયમાં આવ્યા નથી. તે અણગાર સાંપરાયિકી ક્રિયા કરે છે. સૂત્રના આદેશ અનુસાર વર્તનાર ઐર્યાપથિકી ક્રિયા કરે છે, પણ આગમનું ઉલ્લંઘન કરીને વર્તનાર સાંપરાયિકી ક્રિયા કરે છે. તે કષાયયુક્ત અણગાર ઉત્સૂત્ર (આગમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને) જ પોતાની પ્રવૃત્તિ કરે છે. "से केणट्ठेणं जाव संपराइया किरिया कज्जइ" હે ગૌતમ ! તે કારણે મેં એવું કહ્યું છે કે વીચિ-પથમાં સ્થિત રહીને (કષાયભાવથી યુક્ત રહીને) સર્વ તરફથી રૂપોને દેખનાર સંવૃત અણગાર ઐર્યાપથિકી ક્રિયા કરતો નથી, પરન્તુ તે સાંપરાયિકી ક્રિયા જ કરે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" संवुडस्स णं भंते अणगारस्स अवीयिपथे ठिच्चा पुरओ रूवाइं निज्झायमाणस्स जाव तस्स णं भंते ! किं ईरियावहिया किरिया कज्जइ, पुच्छा " હે ભગવન્ ! જે સંવૃત અણગાર અવીચિપથમાં (અકષાય ભાવમાં) સ્થિત રહીને–અથવા યથાખ્યાત સંયમનું પાલન થાય એવી રીતે- અથવા જે રીતે વિકૃતિ ન થાય એવી રીતે--માર્ગમાં ઉભો રહીને પોતાની સામેનાં, પાછળનાં, આજુબાજુનાં, ઉપરમાં અને નીચેનાં રૂપોને દેખે છે, તે અણગાર શું ઐર્યાપથિકી ક્રિયા કરે છે, કે સાંપરાયિકી ક્રિયા કરે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ ! " संवुडस्स जाव तस्स णं ईरियावहिया किरिया कज्जइ, णो संपराइया किरिया कज्जइ " અવીચિપથમાં સ્થિત રહીને સામેનાં, પાછળનાં, આસપાસનાં ઉપરનાં અને નીચેના રૂપોને દેખતો એવો તે સંવૃત (આસ્રવોનો નિરોધ કરનાર) અણગાર કેવળ યોગનિમિત્તક કર્મબંધ ક્રિયારૂપ ઐર્યાપથિકી ક્રિયા કરે છે, કારણ કે તે કષાયરહિત હોય છે. તેના દ્વારા સાંપરાયિકી ક્રિયા થતી નથી, કારણ કે તે ક્રિયા કષાયયુક્ત વ્યક્તિ વડે જ કરાતી હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से केणट्ठेणं भंते! एवं वुच्चइ. " હે ભગવન્! એવું આપ શા કારણે કહો છો કે તે અણગાર ઐર્યાપથિકી ક્રિયા કરે છે, સાંપરાયિકી ક્રિયા કરતો નથી?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहा सत्तमे सए पढमोसद्देए जाव से णं अहासुत्तमेव रीयइ–से तेणट्ठेणं जाव णो संपराइया किरिया कज्जइ " હે ગૌતમ! સાતમા શતકના પહેલા ઉદ્દેશામાં કહ્યા અનુસાર જેના ક્રોધ, માન માયા અને લોભ વ્યુચ્છિન્ન (નષ્ટ) થઇ ગયા છે, તેના દ્વારા ઐર્યાપથિકી ક્રિયા થાય છે, પરન્તુ જેના ક્રોધ, માન, માયા અને લોભ ક્ષીણ થયા નથી, તે સાંપરાયિકી ક્રિયા કરે છે. તથા સૂત્રની આજ્ઞા પ્રમાણે પ્રવૃત્તિ કરનાર દ્વારા ઐર્યાપથિકી ક્રિયા થાય છે અને ઉત્સૂત્ર–આગમ વિરૂદ્ધની–પ્રવૃત્તિ કરનારના દ્વારા સાપરાયિકી ક્રિયા થાય છે. અવીચિપથમાં રહીને ઉપયુક્ત રૂપોને દેખનાર સાધુની પ્રવૃત્તિ આગમ-વિરૂદ્ધની હોતી નથી પણ આગામાનુકૂલ જ હોય છે. હે ગૌતમ! તે કારણે એવું કહ્યું છે કે અવીચિપથમાં રહીને આગળનાં પાછળનાં આસપાસનાં અને ઉપર તથા નીચેનાં રૂપોને દેખનાર તે સંવૃત અણગાર અકષાયભાવથી યુક્ત હોવાને લીધે ઐર્યાપથિકી ક્રિયા કરતો હોય છે–તેની તે ક્રિયા " योगप्रत्यया कर्मबंधक्रिया " હોય છે, તેના દ્વારા સાંપરાયિકી ક્રિયા થતી નથી. ॥ સૂ. ૧ ॥

યોનિકે સ્વરૂપકા નિરૂપણ

યોનિવક્તવ્યતા—

" कइविहाणं भंते! जोणी पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ–આગળના સૂત્રમાં ક્રિયાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ક્રિયા-વાળાને સામાન્યતઃ યોનિની પ્રાપ્તિ થાય છે. તેથી સૂત્રકારે અહીં યોનિની પ્રરૂપણા કરી છે આ વિષયને અનુલક્ષીને ગૌતમસ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન

પૂછે છે કે-"कइविहाणं भंते! जोणी पण्णत्ता?" હે ભગવન! જીવોના ઉત્પત્તિ સ્થાન રૂપ યોનિ કેટલા પ્રકારની કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"तिविहा जोणी पण्णत्ता-तंजहा" હે ગૌતમ! યોનિના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યાં છે-"सीया, उसिणा, सीओसिणा" (૧) શીતયોનિ, (૨) ઉષ્ણ યોનિ અને (૩) શીતોષ્ણ યોનિ "યુ" ધાતુ પરથી યોનિ શબ્દ બન્યો છે. અને તેનો 'મિશ્રણ કરવું' એવો અર્થ થાય છે. "युवन्ति यस्यां सा योनिः" આ વ્યુત્પત્તિ અનુસાર "તૈજસ અને કાર્મણ શરીરવાળા જીવો ઔદારિક આદિ શરીરને યોગ્ય સ્કન્ધસમુદાયથી જેમાં મિશ્રિત થાય છે, તેનું નામ યોનિ છે." તેના ઉપર મુજબ શીત આદિ ત્રણ ભેદ છે શીતા-શીતસ્પર્શવાળી, ઉષ્ણા-ઉષ્ણસ્પર્શવાળી, અને શીતોષ્ણ-શીતસ્પર્શ અને ઉષ્ણ સ્પર્શ, આ બન્ને સ્વભાવવાળી.

"एवं जोणीपयं निरवसेसं भाणियव्वं" આ રીતે અહીં પ્રજ્ઞાપના સૂત્રના નવમાં યોનિ પદનું સંપૂર્ણ કથન થવું જોઈએ. પ્રજ્ઞાપનાના નવમા સૂત્રમાં આ વિષયને અનુલક્ષીને આ પ્રમાણે કહ્યું છે-नेरइयाणं भंते! किं सीया जोणी, उसिणा जोणी, सीओसिणा जोणी?" "गोयमा! सीया वि जोणी, उसिणा वि जोणी, णो सिओसिणा जोणी" ઇત્યાદિ—

ગૌતમ અણગારનો પ્રશ્ન-હે ભગવન્! નારકોને શું શીતયોનિ હોય છે? કે ઉષ્ણયોનિ હોય છે? કે શીતોષ્ણયોનિ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-હે ગૌતમ! નારકોને શીતયોનિ પણ હોય છે, ઉષ્ણયોનિ પણ હોય છે અને નો શીતોષ્ણયોનિ હોય છે. આ કથનનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે-પહેલી ત્રણ પૃથ્વીઓમાં (રત્નપ્રભામાં, શર્કરાપ્રભામાં અને વાલુકાપ્રભામાં) તથા ચોથા પંકપ્રભાના કેટલાક નરકાવાસોમાં નૈરયિકોનાં જે ઉત્પત્તિ ક્ષેત્ર છે, તે શીતસ્પર્શ પરિણત હોય છે, તે કારણે નારકોને શીત યોનિ પણ હોય છે, એમ કહેવામાં આવ્યું છે. તથા બાકીની ધૂમપ્રભા, તમઃ પ્રભા અને તમસ્તમપ્રભામાં તથા પંકપ્રભાના કેટલાક નરકાવાસોમાં નૈરયિકોનું ઉત્પત્તિ ક્ષેત્ર છે, તે ઉષ્ણસ્પર્શ પરિણત હોય છે. તેથી તે નરકોના નારકોને ઉષ્ણયોનિ હોય છે, કારણ કે ત્યાં એવી જ પરિસ્થિતિ છે. શીતાદિ યોનિના પ્રકરણાર્થની આ સંગ્રહ ગાથા છે-"सीओसिण" ઇત્યાદિ.

સમસ્ત દેવોને ગર્ભજ જીવોને શીતોષ્ણયોનિ હોય છે તેજસ્કાયિકોને ઉષ્ણયોનિ હોય છે. નારકોને શીત અને ઉષ્ણયોનિ હોય છે. બાકીના જીવોમાં એટલે કે ચાર સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, અગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યમાં શીત, ઉષ્ણ અને શીતોષ્ણ, એ ત્રણ પ્રકારની યોનિ હોય છે.॥ સૂ૦ ૧ ॥

એજ પ્રમાણે-"कइविहाणं भंते! जोणी पण्णत्ता?" હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની કહી છે? "गोयमा! तिविहा जोणी पण्णत्ता-तंजहा-सचित्ता,

अचित्ता, मीसिया" હે ગૌતમ! યોનિના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યાં છે- (૧) સચિત્તયોનિ, (૨) અચિત્તયોનિ અને (૩) સચિત્તાચિત્ત યોનિ.

સચિત્ત આદિ યોનિના પ્રકરણાર્થની સંગ્રહગાથા આ પ્રમાણે છે "अचित्ता खलु" ઇત્યાદિ—

નારકોને અને દેવોને અચિત્તયોનિ હોય છે. ગર્ભ જ મનુષ્ય અને તિર્યંચોને મિશ્ર (સચિત્તાચિત્ત) યોનિ હોય છે. પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય અને અગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ તથા મનુષ્યને ત્રણે પ્રકારની સચિત્ત, અચિત્ત, અને મિશ્ર-યોનિ હોય છે. એકેન્દ્રિય સૂક્ષ્મ જીવનિકાયનો સંભવ હોવા છતાં પણ નૈરયિક અને દેવોના જ ઉત્પત્તિક્ષેત્ર છે, તે કોઇ પણ જીવ વડે પરિગૃહીત નથી, તે કારણે નારકો અને દેવોની યોનિને અચિત્ત કહી છે. પરન્તુ જે ગર્ભાવાસ યોનિ છે તે સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્ત હોય છે કારણ કે શુક્રશોણિત પુદ્ગલો અચિત્ત હોય છે અને ગર્ભાશય સચેતન હોય છે. બાકીના પૃથ્વીકાય આદિકોની તથા સંમૂર્ચ્છિમ મનુષ્યાદિકોની જીવથી પરિગૃહીત, અપરિગૃહીત તથા ઉભયરૂપ (તે બન્ને પ્રકારના) ઉત્પત્તિ ક્ષેત્રમાં ઉત્પત્તિ થાય છે. તે કારણે તેમની યોનિ ત્રણ પ્રકારની કહી છે.

હવે બીજી યોનિના પ્રકારો પ્રકટ કરવામાં આવે છે—

"कइ विहाणं भंते! जोणी पण्णत्ता?" હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा!" હે ગૌતમ! "तिविहा जोणी पण्णत्ता" યોનિ ત્રણ પ્રકારની કહી છે, "तंजहा" જે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે—"संवुडा जोणी, वियडा जोणी, संवुडवियडा जोणी" (૧) સંવૃતયોનિ, (૨) વિવૃતયોનિ, અને (૩) સંવૃતવિવૃતયોનિ. સવૃતાદિ યોનિ કોને હોય છે તે નીચેની સંગ્રહ ગાથામાં દર્શાવ્યું છે—"एगिंदियनेरइया" ઇત્યાદિ—

એકેન્દ્રિયને, નારકને અને દેવને સંવૃતયોનિ હોય છે. વિકલેન્દ્રિયોને- દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિયને-વિવૃતયોનિ હોય છે. ગર્ભ જ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને સંવૃતવિવૃતયોનિ હોય છે એકેન્દ્રિયોને જે સંવૃતયોનિ હોય છે તે તથાસ્વભાવ (એવો સ્વભાવ)ને લીધે હોય છે. નારકોને સંવૃતયોનિ હોવાનું કારણ એ છે કે તેમનાં સ્થાન સંવૃત ગવાક્ષ જેવાં હોય છે. તેમાં ઉત્પન્ન થયેલાં અને વૃદ્ધિ પામતાં શરીરવાળાં તે નારકો તે શીત નિષ્કુટોમાંથી (ઉત્પત્તિસ્થાનોમાંથી ઉષ્ણ નારકોમાં પડે છે, અને ઉષ્ણ નિષ્કુટોમાંથી શીત નારકોમાં પડે છે. દેવોને પણ એવી સાંવૃતયોનિ જ હોય છે, કારણ કે દેવશય્યાની ઉપર દ્રષ્યાન્તરિત આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ જ અવગાહનાવાળો દેવ ઉત્પન્ન થાય છે.

તથા "कइ विहाणं भंते! जोणी पण्णत्ता?" હે ભગવન્! યોનિ કેટલા પ્રકારની કહી છે?

"गोयमा!" હે ગૌતમ! "तिविहा जोणी पण्णत्ता-तंजहा-कुम्मुन्नया, संखा-

વત્તા, વંસીપત્તા" યોનિના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(૧) કૂર્મોન્નત, (૨) શંખાવર્ત અને (૩) વંશીપત્ર. આ વિષયનું પ્રતિપાદન કરતી સંગ્રહગાથા આ પ્રમાણે છે-"संखावत्ता जोणी" ઇત્યાદિ.

શંખાવર્તયોનિ ચક્રવર્તીનાં સ્ત્રી રત્નને હોય છે. તેને જે ગર્ભ ઉત્પન્ન થાય છે, તે નિયમથી જ નષ્ટ થઇ જાય છે. તેમાં ગર્ભ ટકી શકતો નથી.

કૂર્મોન્નત યોનિમાં તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ અને ભળભદ્ર પણ ઉત્પન્ન થાય છે. બાકીના સંસારી જીવ વંશપત્ર યોનિમાં ઉત્પન્ન થાય છે. ॥ સૂ૦ ૨ ॥

વેદના કે સ્વરૂપ કા નિરૂપણ

વેદના વક્તવ્યતા

"कइविहाणं भंते! वेयणा पण्णत्ता" ઇત્યાદિ—

ટીકાર્થ—આગળના સૂત્રમાં યોનિનું કથન કરવ માં આવ્યું છે. યોનિવાળા જીવો વેદનાનો અનુભવ કરે છે. તેથી સૂત્રકારે વેદનાની પ્રરૂપણા કરી છે—

ગૌતમ સ્વામી આ વિષયને અનુલક્ષીને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-"कइविहाणं भंते! वेयणा पण्णत्ता?" હે ભગવન્! વેદના કેટલા પ્રકારની કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा! वेयणा तिविहा पण्णत्ता" હે ગૌતમ! વેદના ત્રણ પ્રકારની કહી છે. "तंजहा" તે પ્રકારો આ પ્રમાણે છે-"सीआ, उसिणा, सीओसिणा" (૧) શીતવેદના, (૨) ઉષ્ણવેદના, અને (૩) શીતોષ્ણવેદના "एवं वेयणापयं निरवसेसं भाणियव्वं" આ રીતે પ્રજ્ઞાપના સૂત્રના રૂપમાં વેદના પદનું અહીં સંપૂર્ણ કથન થવું જોઇએ. પ્રજ્ઞાપના સૂત્રમાં આ વિષયને અનુલક્ષીને આ પ્રમાણે કહ્યું છે-"नेरइयाणं भंते! किं सियं वेयणं वेयंति, उसिणं वेयणं, वेयंति सीओसिणं वेयणं वेयंति?" હે ભગવન્! નારકો શીતવેદનાનો અનુભવ કહે છે? કે ઉષ્ણ વેદનાનો અનુભવ કહે છે? કે શીતોષ્ણ વેદનાનો અનુભવ કહે છે? "गोयमा! सीयंपि वेयणं वेयंति, एवं उसिणं पि णो सीओसीणं" હે ગૌતમ! નારકો શીત અને ઉષ્ણ વેદનાનું વેદન કહે છે શીતે ષ્ણ વેદનાનું વેદન કરતા નથી એજ પ્રમાણે અસુરકુમારથી લઇને વૈમાનિકો પર્યન્તના જીવો વિષે પણ સમજવું "एवं चउव्विहा वेयणा दव्वओ, खेत्तओ, कालओ, भावओ" વેદના ચાર પ્રકારની પણ હોય છે-દ્રવ્યની અપેક્ષાએ, ક્ષેત્રની અપેક્ષાએ, કાળની અપેક્ષાએ અને ભાવની અપેક્ષાએ, એ ચાર પ્રકાર કહ્યા છે. દ્રવ્યની અપેક્ષાએ જે વેદના થાય છે તે

પુદ્ગલ દ્રવ્યના સંબંધી વેદના હોય છે. નારકાદિ ક્ષેત્ર સંબંધી જે વેદના છે તેને ક્ષેત્રવેદના કહે છે. નારકાદિ કાળ સંબંધી જે વેદના થાય છે તેને કાળ વેદના કહે છે. ક્રોધ, શોક આદિ ભાવની અપેક્ષાએ જે વેદના થાય છે તેને ભાવવેદના કહે છે. સમસ્ત સંસારી જીવો આ ચારે પ્રકારની વેદનાનો અનુભવ કરતા રહે છે. " तिविहा वेयणा–सारीरा, माणसा, सारीरमाणसा " વેદનાના આ પ્રમાણે પણ ત્રણ પ્રકાર પડે છે-(૧) શારીરિક વેદના, (૨) માનસિક વેદના, અને (૩) શારીરિક માનસિક વેદના. એમાં જે સમનસ્ક–સંજ્ઞી-જીવો છે તેઓ ત્રણે પ્રકારની વેદના ભોગવ્યા કરે છે પરન્તુ અસંજ્ઞી જીવો ફક્ત શારીરિક વેદના જ ભોગવે છે.

तिविहा वेयणा–साया, असाया, सायासाया " તથા વેદનાના આ પ્રમાણે પણ ત્રણ પ્રકારો પડે છે–(૧) શાતાવેદના, (૨) અશાતાવેદના (૩) શાતાશાતા વેદના. સમસ્ત સંસારી જીવ આ ત્રિવિધ વેદનાને ભોગવ્યા કરે છે.

" तिविहा वेयणा–दुःक्खा, सुहा, अदुक्खमसुहा " વેદનના આ ત્રણ પ્રકારો પણ છે–(૧) દુઃખ, (૨) સુખ અને અદુઃખાસુખ. સમસ્ત સંસારી જીવ આ ત્રિવિધ વેદનાને ભોગવ્યા કરે છે.

સાતાસાત અને સુખદુઃખમાં આ પ્રમાણે ભેદ રહેલો છે–અનુક્રમે ઉદય પ્રાપ્ત વેદનીયકર્મપુદ્ગલોનો જે સાતાસાતરૂપ અનુભવ થાય છે તેને સાતાસાત વેદના કહે છે. તથા અન્યના દ્વારા ઉદીર્ણમાણ વેદનીયનો જે અનુભવ છે, તે અનુભવને સુખદુઃખરૂપે ઓળખવામાં આવે છે.

" एवं दुविहा वेयणा–अब्भुवगमिया, उवक्कमिया " તથા વેદનાના આ પ્રમાણે બે પ્રકાર પણ છે–(૧) આભ્યુપગામિકી, અને (૨) ઔપક્રમિકી.

જે વેદના–પોતાની જાતે જ ઉત્પન્ન કરીને વેદવામાં આવે છે, વેદનાને આભ્યુપગમિકી વેદના કહે છે. જેમ કે સાધુઓ કેશલુંચન, આતાપના આદિ દ્વારા વેદના ઉત્પન્ન કરીને તેને ભોગવતા હોય છે. ઉદીરણાકરણ દ્વારા ઉદયમાં લાવીને. જે કર્મોનું વેદન કરવામાં આવે છે, તે કર્મવેદનને ઔપક્રમિકી વેદના કહે છે. આ બન્ને પ્રકારની વેદનાનો પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો અનુભવ કરે છે. બાકીના જીવો ઔપક્રમિકી વેદનાનું વેદન કરે છે.

" दुविहा वेयणा-निदा य, अनिदा य " તથા નિદા અને અનિદાના ભેદથી પણ વેદનાના બે પ્રકાર પડે છે. ચિત્તવતી વેદનાને નિદા કહે છે અને અચિત્તવતી વેદનાને અનિદા કહે છે. સંજ્ઞી જીવો આ બન્ને પ્રકારની વેદના ભોગવે છે, પરન્તુ એસંજ્ઞી જીવો (મન વિનાના જીવો) અનાભોગ અનિદાવેદનાનું જ વેદન કરે છે. પ્રજ્ઞાપનામાં દ્વારગાથા આ પ્રમાણે છે–" सीया य, दव्वसारीर " ઇત્યાદિ.

વેદના વિષયક પ્રજ્ઞાપકા સૂત્રનો પાઠ કયાં સુધી ગ્રહણ કરવાનો છે, તે નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કર્યું છે–" जाव नेरइयाणं भंते ! किं दुक्खं वेयणं वेयंति, सुहं वेयणं वेयंति, अदुक्खमसुहं वेयणं वेयंति ? " હે ભગવન્! નારકો

દુઃખરૂપ વેદનાનો અનુભવ કરે છે? કે સુખરૂપ વેદનાનું વેદન કરે છે? કે સુખરહિત અને દુઃખરહિત વેદનાનું વેદન કહે છે? હે ગૌતમ! નારકો દુઃખરૂપ વેદનાનો પણ અનુભવ કરે છે, અને તીર્થંકરના જન્મ કાળે સુખરૂપ વેદનાનો પણ અનુભવ કરે છે, વળી તેઓ સુખરહિત અને દુઃખ રહિત વેદનાનો પણ અનુભવ કરે છે. એજ પ્રમાણે અસુરકુમારથી લઈને વૈમાનિક દેવો પર્યન્તના જીવોના વેદનવિષેનું કથન સમજવું. ।। સૂ. ૩ ।।

પ્રતિમા કે સ્વરૂપ કા નિરૂપણ

—પ્રતિમા વક્તવ્યતા—

"માસિયં णं भंते भिक्खुपडिमं पडिवन्नस्स" ઇત્યાદિ—

ટીકાર્થ–વેદનાની વક્તવ્યતાનું પ્રતિપાદન કરીને હવે સૂત્રકાર તે વેદનાના હેતુભૂત સાધુજનાભિગ્રહરૂપ પ્રતિમાની પ્રરૂપણા કરે છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે–"मासियं णं भंते! भिक्खुपडिमं पडिवन्नस्स अणगारस्स निच्चं वोसट्ठकाये चइत्ते देहे" હે ભગવન્! જે ભિક્ષુપ્રતિમાની અવધિ એક માસની છે, તે એક માસિક ભિક્ષુપ્રતિમા જે અણગારે અંગીકાર કરી છે–એટલે કે સાધુજનના અભિગ્રહરૂપ આ પ્રતિમા જે ભિક્ષુએ અંગીકાર કરી લીધી છે, અને શારીરિક સંસ્કાર આદિના પરિત્યાગ પૂર્વક જે દેહના મમત્વથી રહિત થઈ ગયેલ છે, તથા વધ બન્ધાદિના નહીં રોકવા દ્વારા જે શરીરની આસક્તિ રહિત થઇ ગયેલ છે, અથવા જેને ધર્મસાધન નિમિત્તે જ દેહમાં પ્રીતિ રહેલી છે એવા સાધુ દ્વારા શું એક માસિક ભિક્ષુપ્રતિમાની સમ્યક્ રીતે આરાધના થાય છે ખરી?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं मासिया भिक्खुपडिमा निरवसेसा भाणियव्वा जाव आराहिया भवइ" હે ગૌતમ! અહીં ભિક્ષુપ્રતિમા વિષેનું સમસ્ત કથન "તે સંપૂર્ણ રીતે આરાધિત થાય છે," આ સૂત્રપાઠ પર્યન્ત ગ્રહણ થવું જોઈએ. સ્નાન, વાળની સજાવટ, આદિ ક્રિયાઓને શારીરિક સંસ્કાર કહે છે. આ રીતે શરીર સંસ્કારના પરિત્યાગ પૂર્વક અને વધબન્ધાદિક ન રોકવાને કારણે દેહ પ્રત્યેની આસક્તિથી રહિત બની ગયા પછી "जे केइ परीसहोवसग्गा उप्पज्जंति–तंजहा–दिव्वा वा माणुसा वा तिरिक्खजोणिया वा ते उप्पन्ने सम्मं सहइ, खमइ, तितिक्खइ, अहियासेइ" ઇત્યાદિ.

તે અણગાર ઉપર જે કોઇ પરીષહો અને ઉપસર્ગો આવે છે–પછી ભલે તે દેવકૃત હોય, મનુષ્યકૃત હોય કે તિર્યંચકૃત હોય–તે બધાં પરીષહો અને ઉપસર્ગોને પોતાને સ્થાનેથી વિચલિત થયા વગર જે સહન કરે છે, તેમના

પ્રત્યે જેના મનમાં બિલકુલ ક્રોધ ઉત્પન્ન થતો નથી, જેના હૃદયમાં દીનતાનો ભાવ બિલકુલ પેદા થતો નથી, કર્મોની નિર્જરા કરવાના હેતુપૂર્વક જે તેમનો ઉલ્લાસપૂર્વક સામનો કરે છે તેવો તે અણગાર આ પ્રકારની તેની પ્રવૃત્તિ દ્વારા તે માસિક ભિક્ષુપ્રતિમાની સંપૂર્ણરૂપે આરાધના કરે છે. ॥ સૂ. ૪ ॥

આરાધના કે સ્વરૂપ કા નિરૂપણ

આરાધના વ્યક્તવ્યતા

"भिक्खू य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता" ઇત્યાદિ

ટીકાર્થ–આગલા સૂત્રને અન્તે એવો ઉલ્લેખ થયો છે કે "અમુક સંજોગોમાં જ ભિક્ષુપ્રતિમાં આરાધિત થાય છે." હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે આરાધના કેવી રીતે થાય છે. અને કેવી રીતે આરાધના થતી નથી —

"भिक्खू य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता, से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ, नत्थि तस्स आराहणा" કોઇ સાધુ દ્વારા કોઈ અકૃત્ય સ્થાનનું સેવન થઈ ગયું હોય અને ત્યાર બાદ તેના દ્વારા તે અકૃત્યસ્થાનની આલોચના થઈ ન હોય અને પ્રતિક્રમણ (પ્રાયશ્ચિત્ત) પણ થયું ન હોય, આ રીતે પાપસ્થાન સેવનની અને પ્રતિક્રમણ કર્યા વિના જો તેનું મૃત્યુ થઈ જાય, તો તે અનાલોચિત અને અપ્રતિક્રાન્ત સાધુ દ્વારા આરાધના થઈ છે એમ મનાતું નથી, પણ સંયમની વિરાધના થયેલી ગણાય છે. અહીં 'च' શબ્દ "यदि" (જો) ના અર્થમાં વપરાયો છે. આ શબ્દના પ્રયોગદ્વારા એવો અર્થ નીકળે છે કે ભિક્ષુ દ્વારા અકૃત્યસ્થાનનું સેવન થવાની વાત જ સામાન્ય રીતે તો અસંભવિત છે "से णं तस्स आलोइय–पडिक्कंते कालं करेइ अत्थि तस्स आराहणा" પરન્તુ અકૃત્ય સ્થાનનું સેવન કરનાર સાધુ દ્વારા જો તેની આલોચન તથા પ્રતિક્રમણ કરી લેવામાં આવે અને ત્યાર બાદ જો તેનું મરણ થઈ જાય તો તે સાધુને આરાધક કહેવાય છે. એટલે કે એવો સાધુ સંયમનો આરાધક જ કહી શકાય છે–વિરાધક ગણાતો નથી. હવે સૂત્રકાર પ્રકારાન્તર દ્વારા (અન્ય

પ્રકારે) આરાધના અને અનારાધનાનું પ્રતિપાદન કરે છે—

" भिक्खु य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता तस्स णं एवं भवइ पच्छा वि णं अहं चरमकालसमयंसि एयस्स ठाणस्स आलोएस्सामि, जाव पडिवज्जिस्सामि " કોઈ એક સાધુ દ્વારા અકૃત્યસ્થાનનું સેવન થઈ જાય છે ત્યાર બાદ તેના મનમાં એવો વિચાર આવે છે કે જ્યારે મારો મરણ કાળ નજીક આવશે, ત્યારે હું આ અકૃત્યસ્થાનની આલોચના, પ્રાયશ્ચિત્ત આદિ કરી લઈશ. ત્યાર બાદ " तस्स ठाणस्स-अणालोइयपडिक्कंते जाव नत्थि तस्स आराहणा " તે અકૃત્યસ્થાનની આલોચના આદિ કર્યા વિના તે સીધુ કાળનો અવસર આવતા કાળ કરી જાય છે તો એવી પરિસ્થિતિમાં તે અનાલોચિત અને અપ્રતિક્રાન્ત સાધુ દ્વારા આરાધના થઈ ગણાતી નથી. પરન્તુ જો તે तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा " સાધુ દ્વારા પોતાના અકૃત્યસેવનની અન્તકાળે આલોચના કરી લેવામાં આવે અને પ્રાયશ્ચિત્ત કરી લેવામાં આવે, તો તે આલોચિત અને પ્રતિક્રાન્ત સાધુ દ્વારા આરાધના થઈ ગણાય છે. હવે પ્રકારાન્તરથી સૂત્રકાર અનારાધના અને આરાધનાનું નિરૂપણ કરે છે—" भिक्खू य अन्नयरं अकिच्चट्ठाणं पडिसेवित्ता तस्स णं एवं भवइ जइ ताव समणोवासगा वि कालमासे कालं किच्चा अन्नयरेसु देवलोएसु देवत्ताए उववत्तारो भवंति, किमंग पुण अहं अन्नपन्निय देवत्तणं वि णो लभिस्सामि त्ति कट्टु " કોઈ એક સાધુ દ્વારા કયારેક કોઇક અકૃત્યસ્થાનનું સેવન થઈ જાય છે. ત્યારબાદ તેના મનમાં એવો વિચાર આવે છે કે જો શ્રમણોપાસક પણ કાળનો અવસર આવતાં કાળ કરીને કોઈ એક દેવલોકમાં દેવની પર્યાયે ઉત્પન્ન થઈ જાય છે, તો શું હું વ્યન્તરનિકાય વિશેષ અન્નપન્નિક દેવત્વને પણ શું પ્રાપ્ત નહીં કરું ? કહેવાનું તાત્પર્ય એ છે કે અવશ્ય એ પ્રકારની દેવ પર્યાય તો હું પ્રાપ્ત કરી શકીશ આ પ્રકારનો વિચાર કરીને " से णं तस्स ठाणस्स अणालोइयपडिक्कंते कालं करेइ, नत्थि तस्स आराहणा " જો તે પાપસ્થાનનું સેવન કરનારો સાધુ તે પાપસ્થાનની આલોચના આદિ કર્યા વિના મરણ પામે, તો તેના દ્વારા આરાધના થતી નથી. " से णं तस्स ठाणस्स आलोइयपडिक्कंते कालं करेइ, अत्थि तस्स आराहणा " પરન્તુ જો તે સાધુ પોતે સેવેલા પાપસ્થાનની આલોચના, પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત કર્યા બાદ મરણ પામે, તો તેને આરાધક જ કહેવાય છે. હવે મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને ગૌતમ સ્વામી કહે છે.-" सेवं भंते ! सेवं भंते ! त्ति " " હે ભગવન્ ! આપની

વાત સત્ય છે. હે ભગવન્! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે." આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બેસી ગયા. ।। સૂ ૫ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રિયદર્શિની વ્યાખ્યાના દસમા શતનો બીજો ઉદ્દેશક સમાપ્ત ।।૧૦-૨।।

तीसरे उद्देशे का विषय विवरण

दशमा शतकना त्रीजा उद्देशानो प्रारंभ

दशमा शतकना त्रीजा उद्देशामां प्रतिपादित विषयनुं संक्षिप्त विवरण नीचे प्रमाणे छे-राजगृह नगरमां गौतम स्वामी द्वारा महावीर प्रभुने पूछायेला प्रश्नो-शुं देव पोतानी शक्तिथी चार पांच देवावासोनुं उल्लंघन करीने जई शके छे खरो? अल्पऋद्धिवाळो देव महाऋद्धिवाळा देवनी वच्चे थईने जई शके छे खरो? समर्द्धिक (समान ऋद्धिवाळो) देव शुं समर्द्धिक देवनी वच्चे थईने जई शके खरो? जो जई शकतो होय तो शुं विमोहित करीने जई शके छे, के विमोहित कर्या विना जई शके छे? जो विमोहित करीने जई शकतो होय, तो शुं ते तेने पहेलेथी ज विमोहित करी नाखे छे, के वच्चे थईने नीकळ्या पछी विमोहित करी नाखे छे? महर्द्धिक देव शुं अल्प ऋद्धिवाळा देवनी वच्चे थईने नीकळी शके छे खरो? जो नीकळी शकतो होय तो शुं तेने विमोहित करीने नीकळे छे, के विमोहितकर्या विना नीकळे छे? जो विमोहित करीने नीकळतो होय, तो शुं ते तेने पहेलेथी ज विमोहित करी नाखे छे, के वच्चे थईने नीकळ्या पछी विमोहित करी नाखे छे? असुरकुमार विषे पण आ प्रकारना प्रश्नोत्तरोनुं कथन अल्पर्द्धिक देव महर्द्धिक देवीना वच्चेथी नीकळी शके छे खरो? समर्द्धिक देव समर्द्धिक देवीना वच्चेथी नीकळी शके छे खरो? अल्पर्द्धिक देवी शुं महर्द्धिक देवनी वच्चोवच्च थईने नीकळी शके छे खरी? अल्पर्द्धिक देवी शुं महर्द्धिक देवीनी वच्चोवच्च थईने नीकळी शके छे खरी? महर्द्धिक वैमानिक देवी शुं अल्पर्द्धिक वैमानिक देवनी वच्चे थईने नीकळी शके छे खरी? एज प्रमाणे समर्द्धिक देवीनो समर्द्धिक देवीनी साथे आलापक, महर्द्धिक वैमानिक देवीनो अल्पर्द्धिक वैमानिक देवीनी साथेनो आलापक, महर्द्धिक देवी विमोहित करीने नीकळे छे के विमोहित कर्या विना नीकळे छे? दोडता घोडाना 'खु खु' आ प्रकारना शब्दोच्चारणनी अपेक्षाए प्रश्नोत्तर-भाषाओना १२ प्रकार. आ बधा विषयोनुं आ उद्देशामां प्रतिपादन थयुं छे.

દેવ સ્વરૂપ વક્તવ્યતા

" रायगिहे जाव एवं वयासी " ઇત્યાદિ

ટીકાર્થ–બીજા ઉદ્દેશાને અન્તે દેવત્વનો ઉલ્લેખ થયો છે. તે સંબંધને અનુલક્ષીને આ ત્રીજા ઉદ્દેશામાં સૂત્રકારે એ દેવત્વની પ્રરૂપણા કરી છે–

" रायगिहे जाव एवं वयासी " અહીં " जाव (यावत्) " પદથી આ પ્રકારનો પાઠ ગ્રહણ કરાયો છે–રાજગૃહ નગરમાં મહાવીર સ્વામી પધાર્યા. તેમના ધર્મોપદેશ સાંભળવાને માટે નાગરિકોની પરિષદ નીકળી મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તથા તેમનો ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ફરી. ત્યાર બાદ પ્રશ્ન પૂછવાની ઇચ્છાવાળા ગૌતમ સ્વામીએ વિનયપૂર્વક બન્ને હાથ જોડીને પ્રભુને આ પ્રમાણે પૂછયું–" आइड्ढिएणं भंते देवे जाव चत्तारि पंच देवावासंतराइं वीइवएज्जा, तेण परं परिड्ढिए ? " હે ભગવન્! સામાન્ય દેવ આત્મઋદ્ધિ દ્વારા–પોતાની શક્તિથી શું એક, બે ત્રણ, ચાર અથવા દેવાવાસ વિશેષોનું ઉલ્લંઘન કરી શકે છે? શું તેના કરતાં પણ વધારે આગળ જવું હોય તો તે અન્યની શક્તિ દ્વારા જાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" आइड्ढिएणं तं चेव "(હા, ગૌતમ! સામાન્ય દેવ શરૂઆતના ચાર પાંચ દેવાવાસોને પોતાની શક્તિ વડે જ ઉલ્લંઘી જાય છે. પણ તેના કરતાં વધારે આગળ જવું હોય, તો તે બીજાની શક્તિની સહાયતાથી જાય છે. " एवं असुरकुमारे वि " સામાન્ય દેવની જેમ અસુરકુમાર પણ પોતાની શક્તિથી ચાર અથવા પાંચ અસુરકુમાર દેવાવાસો સુધી જઇ શકે છે, તેના કરતાં આગળ જવું હોય તો તે અન્યની શક્તિની સહાયતાથી જાય છે. એજ વાત " नवं असुरकुमारावासंतराइं, सेसं तं चेव " આ સૂત્રપાઠ દ્વારા વ્યક્ત થયેલ છે. એટલે કે સામાન્ય દેવના દેવાવાસોનું ઉલ્લંઘન કરવા વિષેના આલાપકમાં સામાન્ય રૂપે દેવાવાસોને ગ્રહણ કરવામાં આવેલ છે. પરંતુ અહિંયાં દેવાવાસોને બદલે અસુરકુમાર દેવાવાસોને ગ્રહણ કરવામાં આવેલ છે. બાકીના સમસ્ત કથન સામાન્ય દેવના કથન પ્રમાણે જ સમજવું. " एवं एए णं कमेणं जाव थणियकुमारे " એજ પ્રમાણે સુવર્ણકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર અગ્નિકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, વાયુકુમાર અને સ્તનિતકુમાર, એ બધાં ભવનપતિ દેવો પણ પોત પોતાના ચાર અથવા પાંચ સુધીના સુવર્ણકુમારાવાસ આદિ આવાસો સુધી તો પોત પોતાની શક્તિથી જઇ શકે છે. પરન્તુ તેના કરતાં આગળ જવું હોય તો અન્યની સહાયતાથી આગળ જાય છે.

" एवं वाणमंतरजोइसिय वेमाणिय जाव तेण परं परिड्ढिए " સામાન્ય દેવની જેમ વાનવ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિક દેવો પણ પોત પોતાની

શક્તિથી તો ચાર અથવા પાંચ વાનવ્યન્તરાદિ આવાસોનું ઉલ્લંઘન કરી શકે છે, પણ તેના કરતાં આગળ જવું હોય તો અન્યની સહાયતાથી જાય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अप्पड्ढिए णं भंते ! देवे महड्ढियस्स देवस्स मज्झं मज्झेणं वीइवइज्जा ?" હે ભગવન્! અલ્પ ઋદ્ધિવાળો દેવ શું અધિક ઋદ્ધિવાળા દેવની વચ્ચે થઈને નીકળી શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" णो इणट्ठे समट्ठे " હે ગૌતમ! એવી વાત સંભવી શકતી નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" समड्ढिए णं भंते! देवे समड्ढियस्स देवस्स मज्झं मज्झेणं वीइवज्जा ?" હે ભગવન્! બરાબરની ઋદ્ધિવાળો એક દેવ બરાબરની ઋદ્ધિવાળા બીજા દેવની વચ્ચે થઈને નીકળી શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" णो इणट्ठे समट्ठे " હે ગૌતમ! એવી વાત સંભવી શકતી નથી. પરન્તુ એ વાત ત્યારે જ સંભવી શકે છે. " पमत्तं पुण वीइवइज्जा " કે જ્યારે તે સમાન ઋદ્ધિવાળો પ્રમાદયુક્ત (અસાવધાન) હોય છે. તેની અસાવધાનતાનો લાભ લઈને સમાન ઋદ્ધિવાળો દેવ તેની વચ્ચે થઈને નીકળી જાય છે. ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से णं भंते ! विमोहित्ता पभू, अविमोहित्ता पभू ?" હે ભગવન્! તે સમાનઋદ્ધિવાળો દેવ બીજા સમાનઋદ્ધિવાળા દેવને (ધુમસના) અંધકાર દ્વારા તેને વિમોહિત કરીને તેની વચ્ચે થઈને ચાલ્યો જાય છે ? કે મહિકાદિના અંધકાર દ્વારા તેને વિમોહિત કર્યા વિના જ તેના દેખતાં જ તેની વચ્ચે થઈને ચાલ્યો જાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा !" હે ગૌતમ! " विमोहेत्ता पभू, णो अविमोहेत्ता पभू " એક સમર્દ્ધિક દેવ બીજા મહર્દ્ધિક દેવમાં મોહ ઉત્પન્ન કર્યા વિના તેની વચ્ચે થઈને જવાને સમર્થ હોતો નથી, પરંતુ તેને વિમોહિત કરીને જ તેની વચ્ચે થઈને નીકળવાને સમર્થ હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" से भंते ! किं पुव्विं विमोहित्ता पच्छा विइवएज्जा, पुव्विं वीइवएत्ता पच्छा विमोहेज्जा ?" હે ભગવન્! જો પહેલો સમર્દ્ધિક દેવ બીજા સમર્દ્ધિક દેવને વિમોહિત કરીને તેની વચ્ચેથી નીકળવાને સમર્થ બને છે, તો શું તે પહેલાં તેને વિમોહિત કરી નાખીને ત્યાર બાદ તેની વચ્ચે થઈને નીકળી જાય છે, કે પહેલાં તેની વચ્ચે થઈને નીકળી જાય છે અને ત્યાર બાદ તેને વિમોહિત કરે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ! " पुव्विं विमोहेत्ता पच्छा वीइवएज्जा, णो पुव्विं वीइवइत्ता पच्छा विमोहेज्जा " તે સમર્દ્ધિક દેવ બીજા સમર્દ્ધિક દેવને મોહિત કરીને એટલે કે ધુમસના અંધકાર દ્વારા પહેલાં તેને વિમોહિત કરે છે અને ત્યારબાદ તેની વચ્ચે થઈને નીકળી જાય છે. પહેલાં

નીકળી જાય અને ત્યાર બાદ તેને વિમોહિત કરે, એવું બનતું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે પહેલાં તેને વિમોહિત કરવામાં આવે છે અને ત્યાર બાદ જ તેની વચ્ચે થઇને નીકળી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"महड्ढिए णं भंते ! देवे अप्पड्ढियस्स देवस्स मज्झं मज्झेणं वीइवएज्जा" હે ભગવન્! અધિક ઋદ્ધિવાળો દેવ શું અલ્પ ઋદ્ધિવાળા દેવની વચ્ચે થઇને નીકળી શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, वीइवएज्जा" હા, ગૌતમ ! નીકળી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से णं भंते ! किं विमोहित्ता पभू, अविमोहेत्ता पभू ?" હે ભગવન્! શું તે મહર્દ્ધિક દેવ તે અલ્પર્દ્ધિક દેવને વિમોહિત કરીને (મહિકાદિનો અંધકાર કરીને તેના દ્વારા તેને વિમોહિત કરીને) તેની વચ્ચે થઈને નીકળી શકે છે, કે તેને વિમોહિત કર્યા વિના તેની વચ્ચે થઇને નીકળી શકે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! विमोहेत्ता वि पभू, अविमोहेत्ता वि पभू" હે ગૌતમ! તે મહા ઋદ્ધિવાળો દેવ તે અલ્પઋદ્ધવાળા દેવને વિમોહિત કરીને પણ તેની વચ્ચે થઇને નીકળી શકે છે અને તેને વિમોહિત કર્યા વિના પણ તેની વચ્ચે થઇને નીકળી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से णं भंते ! किं पुव्विं विमोहेत्ता पच्छा वीइवइज्जा, पुव्विं विइवइत्ता पच्छा विमोहेज्जा ?" હે ભગવન્ ? તે મહર્દ્ધિક દેવ શું તે અલ્પર્દ્ધિક દેવને પહેલાં વિમોહિત કરીને તેની વચ્ચે થઈને નીકળી જાય છે, કે પહેલાં તે તેની વચ્ચેથી નીકળી જાય છે અને ત્યાર બાદ તેને વિમોહિત કરી નાખે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–'गोयमा !" હે ગૌતમ! "पुव्विं वा, विमोहेत्ता, पच्छा वीइवएज्जा, पुव्विं वीइवएत्ता पच्छा विमोहेज्जा" તે વાત બન્ને રીતે શકય બને છે. તે મહર્દ્ધિક દેવ પહેલાં તેને વિમોહિત કરીને ત્યાર બાદ તેની વચ્ચે થઇને ચાલ્યો જાય છે, એવું પણ બની શકે છે. અને અને પહેલાં તેની વચ્ચે થઇને પસાર થઈ જાય છે અને ત્યાર બાદ તેને વિમોહિત કરે છે. એવું પણ સંભવી શકે છે. આ રીતે બન્ને વાત અહીં સંભવિત હોઈ શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अप्पड्ढिएणं भंते ! असुरकुमारे महिड्ढियस्स असुरकुमारस्स मज्झंमज्झेणं वीइएज्जा ?" હે ભગવન્! અલ્પઋદ્ધિવાળા કોઇ એક અસુરકુમાર દેવ શું અધિકઋદ્ધિવાળા અસુરકુમાર દેવની વચ્ચે થઈને નીકળી શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"णो इणट्ठे समट्ठे" હે ગૌતમ ! એ વાત સંભવી શકતી નથી. "एवं असुरकुमारे वि तिन्नि आलावगा भाणियव्वा जहा ओहिएणं देवेणं भणिया" જેવી રીતે સામાન્ય દેવની સાથે ત્રણ આલાપકો કહ્યા છે, એજ પ્રમાણે અસુરકુમારની સાથે પણ ત્રણ આલાપકો કહેવા જોઇએ— અલ્પર્દ્ધિક અને મહર્દ્ધિકનો પહેલો આલાપક તો ઉપર આપવામાં આવ્યો છે.

બન્ને સમાનઋદ્ધિવાળા અસુરકુમારનો બીજો આલાપક, અને મહર્દ્ધિક તથા અલ્પર્દ્ધિક અસુરકુમારનો ત્રીજો આલાપક સમજવો. આ રીતે અસુરકુમાર વિષયક ત્રણ આલાપકો સમજવા. " एवं जाव थणियकुमाराणं " એજ પ્રમાણે સુવર્ણકુમારથી લઇને સ્તનિતકુમાર પર્યન્તના પ્રત્યેક ભવનપતિ દેવના ત્રણત્રણ આલાપકો સમજવા. " वाणमंतरजोइसियवेमाणिएणं एवं चेव " એજ પ્રમાણે વાનવ્યન્તર, જ્યોતિષિક અને વૈમાનિક દેવોના પણ ત્રણત્રણ આલાપકો સમજવા.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—अप्पड्ढिए णं भंते ! देवे महड्ढियाए देवीए मज्झं मज्झेणं वीइवएज्जा ? " હે ભગવન્ ! અલ્પ ઋદ્ધિવાળો દેવ શું મહા ઋદ્ધિવાળા દેવીની વચ્ચે થઈને નીકળી શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"णो इणट्ठे समट्ठे" હે ગૌતમ ! એ વાત સંભવી શકતી નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" समड्ढिएणं भंते ! देवे समड्ढिएणं देवीए मज्झं मज्झेणं वीइवएज्जा ? " હે ભગવન્ ! અલ્પ ઋદ્ધિવાળો દેવ શું મહાઋદ્ધિવાળી દેવીની વચ્ચે થઈને નીકળી શકે છે ખરો ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एवं तहेव देवेण य देवीए य दंडओ भाणियव्वो जाव वेमाणियाए " હે ગૌતમ ! જેમ આગળ કહેવામાં આવ્યું છે કે સમર્દ્ધિક દેવ બીજા સમર્દ્ધિક દેવની વચ્ચે થઈને નીકળી શકતો નથી, અને જો નીકળે છે તો તેની અસાવધાનતાનો લાભ લઈને જ નીકળે છે, એજ પ્રમાણે સમર્દ્ધિક દેવ અને સમર્દ્ધિક દેવીનું કથન પણ સમજવું. એટલે કે સમર્દ્ધિક દેવ સમર્દ્ધિક દેવીની વચ્ચે થઈને નીકળી શકતો નથી, કદાચ સમર્દ્ધિક દેવીની અસાવધાનતામાં તે તેની વચ્ચે થઈને નીકળી જાય છે. આ પ્રમાણે અસુરકુમારથી લઇને વૈમાનિક પર્યન્તના દેવ દેવીની સાથે ત્રણ ત્રણ આલાપકો કહેવા જોઇએ. જેમ કે અલ્પર્દ્ધિક અસુરકુમારાદિ દેવ અને મહર્દ્ધિક અસુરકુમારી આદિનો પહેલો આલાપક, સમર્દ્ધિક અસુરકુમારાદિ દેવ અને સમર્દ્ધિક અસુરકુમારી આદિનો બીજો આલાપક, અને મહર્દ્ધિક અસુરકુમારાદિ દેવ અને અલ્પર્દ્ધિક અસુરકુમારી આદિનો ત્રીજો આલાપક બનશે. આ રીતે અસુરકુમાર આદિકોની સાથે અસુરકુમારી આદિકોના ત્રણત્રણ આલાપકો કહેવા જોઇએ. આ રીતે સામાન્ય દેવ સંબંધી પહેલું દંડક, દેવદેવી સંબંધી બીજું દંડક, વૈમાનિક પર્યન્તના દેવી અને દેવ સંબંધી ત્રીજું દંડક અને વૈમાનિક પર્યન્તની બધ્ધે દેવીઓ સંબંધી ચોથું દંડક બને છે. આ રીતે ચાર દંડક થાય છે. હવે તેમને વધારે સ્પષ્ટતાથી સમજાવવા માટે સૂત્રકાર પ્રશ્નોત્તર રૂપે પછીના દંડકોના આલાપકો પ્રકટ કરે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" अप्पड्ढिणं भंते ! देवी महिड्ढियस्स देवस्स मज्झंमज्झेणं एवं एसो वि तइओ दंडओ भाणियव्वो " હે ભગવન્ ! અલ્પર્દ્ધિક (અલ્પઋદ્ધિ સંપન્ન) દેવી શું મહર્દ્ધિક દેવની વચ્ચે થઈને નીકળી શકે છે ખરી ?

મહાવીર પ્રભુનો ઉત્તર-હે ગૌતમ ! એ વાત સંભવી શકતી નથી. આ રીતે આ ત્રીજું દંડક પણ કહેવું જોઇએ. સમર્દ્ધિક દેવી અને સમર્દ્ધિક દેવનો બીજો આલાપક અને મહર્દ્ધિક દેવી અને અલ્પર્દ્ધિક દેવનો ત્રીજો આલાપક સમજવો. સામાન્ય દેવના વિષે જેવાં પ્રશ્નોત્તર સૂત્રો આપ્યાં છે એવાં જ અહીં પણ સમજવા. " जाव महिड्ढिया वेमाणिणी अप्पड्ढियस्स मज्झंमज्झेणं वीइवएज्जा "

એજ પ્રમાણે અલ્પર્દ્ધિક અસુરકુમારી અને મહર્દ્ધિક અસુરકુમારનો, સમર્દ્ધિક અસુરકુમારી અને સમર્દ્ધિક અસુરકુમારનો, મહર્દ્ધિક અસુરકુમારી અને અલ્પ-ર્દ્ધિક અસુરકુમારનો, એમ ત્રણ આલાપકો બનશે. એજપ્રમાણે સ્તનિતકુમારી અને સ્તનિતકુમાર પર્યન્તના ભવનપતિઓના તથા વૈમાનિક પર્યન્તની દેવીઓ અને દેવોના ત્રણત્રણ આલાપક બને છે. છેલ્લો આલાપક—"શું મહર્દ્ધિક વૈમાનિક દેવો અલ્પર્દ્ધિક વૈમાનિક દેવની વચ્ચે થઈને નીકળી શકે છે?" ઉત્તર –"હા, ગૌતમ એવું બની શકે છે."

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अप्पड्ढियाणं भंते ! देवी महिड्ढियाए देवीए मज्झं-मज्झेणं वीइवएज्जा ! હે ભગવન્ ! અલ્પઋદ્ધિવાળી દેવી શું મહાઋદ્ધિવાળી દેવોની વચ્ચે થઈને નીકળી શકે છે? મહાવીર પ્રભુનો ઉત્તર–"णो इणट्ठे समट्ठे" હે ગૌતમ ! એવી વાત સંભવી શકતી નથી. "एवं समड्ढियाए देवीए तहेव" એજ પ્રમાણે સમર્દ્ધિક દેવી સમર્દ્ધિક દેવીની વચ્ચે થઈને નીકળી શકતી નથી-કદાચ તેની અસાવધાનતા હોય તો તે તેની વચ્ચેથી નીકળી શકે છે. "महि-ड्ढिया वि देवी अप्पड्ढियाए देवीए तहेव" પરન્તુ મહાઋદ્ધિવાળી દેવીની વચ્ચે થઈને અવશ્ય નીકળી શકે છે "एवं एक्केके तिन्नि तिन्नि आलावगा भाणियव्वा –जाव महिड्ढियाणं भंते ! वेमाणिणी अप्पड्ढियाए वेमाणिणीए मज्झंमज्झेणं वीइ-वएज्जा" આ રીતે અસુરકુમારીથી વૈમાનિક દેવી પર્યન્તની દેવીઓ વિષે ત્રણ ત્રણ આલાપકો સમજવા. જેમ કે પહેલો આલાપક અલ્પર્દ્ધિક અસુરકુમારી આદિ દેવી મહર્દ્ધિક અસુરકુમારી આદિ વિષે સમજવો. બીજો આલાપક બન્ને સમર્દ્ધિક અસુરકુમારી આદિ દેવીઓ વિષે અને ત્રીજો મહર્દ્ધિક અસુરકુમારી આદિ દેવી અને અલ્પર્દ્ધિક અસુરકુમારી આદિ દેવી વિષે સમજવો છેલ્લો વૈમાનિક દેવીઓ વિષેનો આલાપક આ પ્રમણે સમજવો–"શું મહર્દ્ધિક વૈમાનિક દેવી અલ્પર્દ્ધિક વૈમાનિક દેવીની વચ્ચે થઈને જઈ શકે છે ખરી?"

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, गोयमा ! वीइवएज्जा" હા, ગૌતમ ! મહર્દ્ધિક વૈમાનિક દેવો અલ્પર્દ્ધિક વૈમાનિક દેવોની વચ્ચે થઈને નીકળી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"सा भंते! किं विमोहित्ता पभू?" હે ભગવન્ ! અસુરકુમારથી લઈને વૈમાનિક પર્યન્તની મહર્દ્ધિક દેવી, શું અસુરકુમારથી લઈને વૈમાનિક પર્યન્તની દેવીને ધુમસના અંધકાર આદિ દ્વારા વિમોહિત કરીને તેના દેખતાં જ તેની વચ્ચે થઈને નીકળી જાય છે. કે વિમોહિત કર્યા વિના તેની વચ્ચેથી નીકળી જાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-" तहेव जाव पुव्विं वा वीइवएज्जा पच्छा विमोहित्ता" અહીં પણ પૂર્વોક્ત ઉત્તરો જ ગ્રહણ કરવા જોઈએ જેમ કે...' હે ગૌતમ! તે તેને વિમોહિત કરીને પણ તેની વચ્ચેથી નીકળી જાય છે, અને વિમોહિત કર્યા વિના પણ નીકળી જાય છે.

પ્રશ્ન-પહેલાં વિમોહિત કરે છે અને ત્યાર બાદ તેની વચ્ચેથી નીકળી જાય છે, કે પહેલાં તેની વચ્ચેથી નીકળી જાય છે અને ત્યાર બાદ વિમોહિત કરે છે?

ઉત્તર-હે ગૌતમ! પહેલાં વિમોહિત કરીને પણ નીકળી શકે છે અને પહેલાં તેની વચ્ચેથી નીકળી જઈને પછી પણ વિમોહિત કરે છે. આ રીતે બન્ને પ્રકારે નીકળી શકે છે. " एए चत्तारि दंडगा" આ રીતે અહીં ચાર દંડક છે.

પહેલું દંડક-મહર્દ્ધિક દેવી અલ્પર્દ્ધિક દેવીની વચ્ચેથી નીકળી શકે છે. બીજું દંડક-તે તેને મોહિત કરીને તેની વચ્ચેથી નીકળી જાય છે, કે વિમોહિત કર્યા વિના નીકળી જાય છે?" આ પ્રશ્ન અને વિમોહિત કરીને પણ તેની વચ્ચેથી નીકળી જાય છે, અને વિમોહિત કર્યા વિના પણ નીકળી જાય છે." આ ઉત્તરરૂપ બીજું દંડક સમજવું. ત્રીજું દંડક-" તે તેને પહેલાં વિમોહિત કરીને પછી તેની વચ્ચેથી નીકળી જાય છે, કે પહેલાં નીકળી જઈને પછી તેને વિમોહિત કરે છે. આના ઉત્તર રૂપ ત્રીજું દંડક આ પ્રમાણે છે—" તે પહેલાં તેને વિમોહિત કરે છે અને ત્યાર બાદ તેની વચ્ચેથી નીકળી જાય છે." અને ચોથું દંડક—" પહેલાં નીકળી જાય છે અને ત્યાર બાદ તેને વિમોહિત કરે છે. આ રીતના આલાપકો અસુરકુમાર આદિ ભવનપતિથી લઇને વાનવ્યન્તર, જ્યોતિષિક, અને વૈમાનિક બે દેવો, દેવ અને દેવી, દેવી અને દેવ તથા દેવી, દેવી, વિષે પણ સમજી લેવા ॥સૂ૦ ૧॥

" आसस्स णं भंते!" ઇત્યાદિ

વિસ્મયકારકત્વ વસ્ત્વન્તર કા નિરૂપણ

ટીકાર્થ—પૂર્વોક્ત દેવક્રિયા અતિશય વિસ્મયકારક છે. એ સંબંધને અનુલક્ષીને સૂત્રકારે એવી જ વિસ્મયકારક અન્ય વસ્તુની અહીં પ્રરૂપણા કરી છે. ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે...." आसस्स णं भंते! धावमाणस्स किं 'खु खु' त्ति करेइ?" હે ભગવન્! દોડતો ઘોડો ખુ ખુ એવો

એવો અવાજ શા કારણે કરે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–आसस्स णं धावमाणस्स हियયस्स य जगયस्स य अंतरा एत्थ णं कव्वडए णामं वाए संमुच्छइ" હે ગૌતમ! ઘોડો જ્યારે દોડતો હોય છે, ત્યારે તેના હૃદય અને યકૃતમાંથી (શરીરમાં પેટની જમણી બાજુએ આવેલું અંગ–કાળજું) કર્ણટક નામનો વાયુ નીકળે છે, "जे णं आसस्स धावमाणस्स 'खु खु' त्ति करेइ" તે કારણે દોડતો ઘોડો "ખુ ખુ" એવો શબ્દોચ્ચાર કરે છે. ॥ સૂ ૨ ॥

ભાષા વિશેષ કા નિરૂપણ

ભાષા વિશેષ વકતવ્યતા

"अह भंते ! आसइस्सामो, सइस्सामो, चिट्ठिस्सामो" ઇત્યાદિ

ટીકાર્થ—આગલા સૂત્રમાં સૂત્રકારે એ વાતની પ્રરૂપણા કરી કે દોડતો ઘોડો 'ખુ ખુ' એવો અવાજ કેમ કરે છે. આ "ખુ ખુ" શબ્દ ભાષારૂપ પણ હોઈ શકે છે. આ સંબંધને અનુલક્ષીને સૂત્રકારે અહીં ભાષાવિશેષોની પ્રરૂપણા કરી છે..આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે—"अह भंते! आसइस्सामो, सइस्सामो, चिट्ठिस्सामो, निसिइस्सामो, तुयट्टिस्सामो" અહીં "अह" પદ પ્રશ્નાર્થક છે. હે ભગવન્! અમે આશ્રય કરવાને યોગ્ય વસ્તુનો આશ્રય લઈશું, ઊભા થઈશું, બેસશું, પડ્યા રહીશું, આ પ્રકારની જે ભાષા છે, તે શું પ્રજ્ઞાપની (વાચ્યાર્થને કહેનારી) છે? આ પ્રકારનો સંબંધ આગળના સૂત્રપાઠ સાથે સમજવો, આ પ્રકારની ભાષાઓમાં પ્રજ્ઞાપનીત્વ વિષયક પ્રશ્ન પૂછીને હવે ગૌતમ સ્વામી બાર પ્રકારની ભાષાઓમાં પ્રજ્ઞાપનીત્વ છે કે નહીં તે આ બે ગાથાઓ દ્વારા પૂછે છે—(૧) આમંત્રણી ભાષા–"હે જિનદત્ત!" આવા સંબોધન પૂર્વક બોલાતી ભાષાને આમંત્રણી ભાષા કહે છે. તે વસ્તુની અવિધાયક અને અનિષેધક હોવાથી સત્ય, અસત્ય અને મિશ્ર આ ત્રણ પ્રકારની ભાષાઓથી રહિત હોય છે, તે કારણે તે અસત્યામૃષા રૂપ હોય છે. તેનું વર્ણન પ્રજ્ઞાપનાસૂત્રના ૧૧ માં પદમાં કરવામાં આવ્યું છે. (૨) આજ્ઞાપની ભાષા–"પુસ્તક લઈ આવો," આ રીતે કોઇ ક્રિયા કરવાને અન્યને પ્રવૃત્ત કરનારી ભાષાને આજ્ઞાપની ભાષા કહે છે. આ પ્રકારની ભાષા નિર્દિષ્ટ

કાર્યમાં પ્રવૃત્ત કરનારી હોવાથી અને અદુષ્ટ વિવક્ષાનો તેમાં સદ્ભાવ હોવાથી અસત્યામૃષારૂપ જ છે યાચની ભાષા–"ભિક્ષા દો" ઇત્યાદિ યાચના ભાવયુક્ત ભાષાને યાચની ભાષા કહે છે. (૪) પુચ્છણી ભાષા–પ્રચ્છની ભાષા—અવિજ્ઞાત અથવા સંદિગ્ધ અર્થ પૂછવા નિમિત્તે જે ભાષાનો ઉપયોગ થાય છે તે ભાષાને પુચ્છણીભાષા કહે છે. જેમકે "આ વાત કેવી રીતે બની શકે ?"

(૫) પણ્ણવણી–પ્રજ્ઞાપની ભાષા–શિષ્યોને ઉપદેશ દેવારૂપ ભાષા જેમ કે–"હિંસા કરનાર જીવ અનંત દુઃખને પાત્ર બને છે" અથવા "પ્રાણિવધનો પરિત્યાગ કરનાર જીવ ભવભવમાં દીર્ઘઆયુવાળો અને નીરોગી બને છે." "પાણિવહાઓ" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા આ વાત જ વ્યક્ત થઈ છે.

(૬) પચ્ચક્ખાણી–પ્રત્યાખ્યાની ભાષા–માગનારને તેમ કરતો અટકાવવા માટે જે પ્રતિષેધવચનોરૂપ ભાષાનો પ્રયોગ થાય છે, તેને પ્રત્યાખ્યાની ભાષા કહે છે. જેમકે મર્યાદાથી અધિક વસ્ત્ર, પાત્ર આદિ લેનાર શિષ્યને ગુરુ આ પ્રમાણે કહે છે–"સાધુઓએ અધિક વસ્ત્ર અને પાત્ર રાખવાં જોઇએ નહીં" "

(૭) ઇચ્છાનુલોમા–પ્રતિપાદન કરનારની ઇચ્છાને અનુકૂળ થઈ પડે એવી ભાષા જેમ કે શુભ કાર્ય કરવાને પ્રવૃત્ત થયેલ વ્યક્તિને આ પ્રમાણે કહેવું–"હા, એવું જ કરો, મને પણ તે બહુ ઇષ્ટ લાગે છે." કોઇ શુભ કાર્યની શરૂઆત કરતી વખતે કોઈ આપણને આ પ્રકારનો પ્રશ્ન પૂછે છે કે "સાધુની સેવા કરૂં ?" તો એવો જવાબ આપવો કે "હા, કરો, મને પણ તે કરવા યોગ્ય લાગે છે." કોઈ પૂછે કે દીક્ષા અંગીકાર કરૂં ?" તો કહેવું કે "હા, ભાઈ જરૂર દીક્ષા અંગીકાર કરો" આ પ્રકારની વક્તાને અનુકૂળ એવી જે ભાષા તેને ઇચ્છાનુલોમા ભાષા કહે છે. પહેલી ગાથા દ્વારા આ સાત પ્રકારની ભાષાઓ પ્રકટ કરવામાં આવી છે. બીજી ગાથા દ્વારા અનભિગૃહીત આદિ ભાષાઓને પ્રકટ કરવામાં આવેલ છે—

(૮) અનભિગૃહીત ભાષા–અર્થ ગ્રહણ કર્યા વિના બોલાતી ભાષા જેમકે "ડિત્થ ડવિત્થ" આદિ અર્થહીન બોલવું. અથવા જે ભાષામાં કોઈ ચોક્કસ અર્થનો બોધ ન થાય એવી ભાષાને અનભિગૃહીથી ભાષા કહે છે. જેમ કે અનેક કાર્ય કરવાના હોય ત્યારે કોઇ આપણને એવો પ્રશ્ન કરે કે "હું અત્યારે શું કરૂં ?" તેને જો એમ કહેવામાં આવે કે "તમને રુચે તેમ કરો," તો તે પ્રકારની ભાષાને અનભિગૃહીત ભાષા કહે છે.

(૯) અભિગૃહીત–ચોક્કસ અર્થ વ્યક્ત કરતી ભાષા જેમકે–'આ વસ્ત્ર, પાત્ર આદિ ધર્મના ઉપકરણ છે." અથવા "અત્યારે તમે આમ કરો, અત્યારે આમ કરવું જોઈએ નહીં" આ અભિગૃહીત ભાષાના નમુના છે.

(૧૦) સંશયકરણી–સંશય ઉત્પન્ન કરનારી ભાષા. અનેક અર્થોને કહેનારી હોવાથી સામા માણસના મનમા શંકા ઉત્પન્ન કરનારી ભાષા. જેમકે "સૈન્ધવ" શબ્દ પુરુષ, અશ્વ અને લવણ (મીઠું)નો વાચક છે. "હરિ" શબ્દ વિષ્ણુ, વાનર, સિંહ આદિ ૨૧ પ્રકારના અર્થ પ્રકટ કરે છે. આ પ્રકારના શબ્દોનો પ્રયોગ કરીને સામેની વ્યક્તિના દિલમાં સંશય ઉત્પન્ન થાય એવી જે ભાષા બોલવામાં આવે છે તે ભાષાને સંશયકરણી ભાષા કહે છે.

(૧૧) વ્યાકૃતા–લોક પ્રસિદ્ધ શબ્દાર્થવાળી ભાષા. જેમ કે "ઘડો, વસ્ત્ર" અથવા પ્રકટ અર્થવાળી ભાષા. જેમ કે "અહિંસા સર્વકલ્યાણકારી છે."

(૧૨) અવ્યાકૃતા–ગંભીર શબ્દાર્થવાળી ભાષા જેમ કે "संयतस्य मह त्वापं प्रतिक्रमणकर्मणा" અહીં જો એવો અર્થ કરવામાં આવે કે પ્રતિક્રમણ રૂપ કર્મ કરવાથી સંયતને ઘણું જ ભારે પાપ લાગે છે," તો તે વાત સિદ્ધાન્તની વિરૂદ્ધ લાગે છે. પણ અહીં "स्य" પદને બીજા પુરુષ એક વચનની ક્રિયાને રૂપે અને "संयत" પદને સંબોધન વિભક્તિમાં વાપરીને તેના ગૂઢ અર્થને આ પ્રમાણે પ્રકટ કરી શકાય—"હે સંયત! તું પ્રતિક્રમણ કર્મદ્વારા તારાં પાપ કર્મોનો નષ્ટ કરી નાખ." આ પ્રકારની ગૂઢ અર્થયુક્ત ભાષાને અવ્યાકૃતા કહે છે. તેનો અર્થ એકદમ નક્કી થતો નથી. અથવા અવ્યક્ત અક્ષરોવાળી જે ભાષા બોલાય છે, તે ભાષાને અવ્યાકૃતા ભાષા કહે છે. જેમ કે બાળકોની તોતડી બોલી.

આ પ્રમાણે બન્ને ગાથાઓના અર્થનું સ્પષ્ટીકરણ કરીને હવે સૂત્રકાર આ સૂત્રનો ઉપસંહાર કરતા કહે છે કે આ ભાષા પ્રજ્ઞાપની છે–જેમાં અર્થ પ્રકટ કરવામાં આવે એવી અર્થને સ્પષ્ટ કરનારી છે.

ત્યારે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે શું પૂર્વોક્ત ભાષા અસત્યા નથી? પ્રશ્નકર્તાના પ્રશ્ન પાછળનો ભાવ એવો છે કે "આશ્રય કરીશ" ઇત્યાદિ રૂપ જે ભાષા છે તે ભવિષ્યકાળને વિષય કરનારી છે–ભવિષ્ય કાળની અપેક્ષાએ તેમાં કંઈક કહેવામાં આવેલ છે. વચ્ચે વિઘ્ન આવી પડવાની શક્યતા હોવાથી તે વિસંવાદિની પણ હોઈ શકે છે. તથા તે ભાષાનો પ્રયોગ કરનાર પોતાને માટે જ્યારે બહુવચનનો પ્રયોગ કરે છે ત્યારે એકાર્થ વિષય વાળી હોવા છતાં તે બહુવચનાન્ત રૂપે બોલવામાં આવે છે, તે કારણે તે અયથાર્થ જ છે. તથા આમંત્રણી આદિ જે ભાષાઓ છે તે વિધિપ્રતિષેધથી રહિત હોવાથી સત્ય ભાષાની જેમ અર્થમાં નિયત નથી પણ અવ્યસ્થિત જ છે. આ પ્રકારની પરિસ્થિતિ હોવાથી તે ભાષા બોલવી જોઈએ, કે ન બોલવી જોઈએ–એવો ગૌતમ સ્વામીના પ્રશ્ન પાછળનો આશય છે.

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, गोयमा! आसइस्सामो तं चेव जाव न एसा भासा मोसा" હે ગૌતમ! હું આશ્રય કરીશ, સૂઈશ, ઊભો થઈશ, બેસીશ, પડ્યો રહીશ" ઇત્યાદિ રૂપ જે ભવિષ્યકાળ વિષયક ભાષા છે, તે પ્રજ્ઞાપનીભાષા છે. તે ભાષા અસત્ય નથી. તથા "आश्रयिष्यामः" ઇત્યાદિ ભાષા વર્તમાનના યોગની અપેક્ષાએ અનવધારણરૂપ છે, છતાં પણ "આશ્રય કરીશ" ઇત્યાદિરૂપ વિકલ્પ ગર્ભવાળી છે. તે કારણે તથા ગુરુ અથવા પોતે એક હોવા છતાં બહુ વચનનો પ્રયોગ યોગ્ય (અનુમત–સ્વીકાર્ય) માનેલ હોવાથી તે ભાષાને પ્રજ્ઞાપની –અર્થાખ્યાયિકા પોતાના વાચ્યાર્થને પ્રકટ કરનારી કહેલ છે. તથા આમંત્રિણી આદિ જે ભાષા છે તે જોકે વસ્તુનું વિધાન કરતી નથી અને તેનો પ્રતિષેધ પણ કરતી નથી, છતાં પણે તે નિરવદ્ય (નિર્દોષ) પુરુષાર્થ સાધક હોય છે. તેથી તે પણ પ્રજ્ઞાપિની જ છે.

સૂત્રને અન્તે ગૌતમસ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને તેમના પ્રત્યે પોતાની અપાર શ્રદ્ધા વ્યક્ત કરતાં કહે છે—

" सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આપની વાત સત્ય છે. હે ભગવન્ ! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે." આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને ગૌતમ સ્વામી પોતાને સ્થાને બેસી ગયા ।। સૂ. ૩ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રિયદર્શિની વ્યાખ્યાના દસમા શતકનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ।।૧૦–૩।।

ચૌથે ઉદ્દેશે કા વિષય વિવરણ

દશમા શતકના ચોથા ઉદ્દેશાનો પ્રારંભ

દશમાં શતકના ચોથા ઉદ્દેશામાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વિવરણ–વાણિજ્યગ્રામનું વર્ણન–દ્રુતિપલાશ નામના ચૈત્યનું વર્ણન–શ્યામહસ્તિ નામના અણગારના પ્રશ્નો–ચમરેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોની (૩૩ સહાયક દેવોની) વક્તવ્યતા–ત્રાયસ્ત્રિંશક દેવોનો સંબંધ–બલીન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોની વક્તવ્યતા–શકેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોની વકતવ્યતા–ઈશાનેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોની વક્તવ્યતા–સનત્કુમારના ત્રાયસ્ત્રિંશક દેવોની વકતવ્યતા.

ચમરેન્દ્ર કે ત્રાયસ્ત્રિંશક દેવો કા નિરૂપણ

દેવ વકતવ્યતા

" तेणं कालेणं तेणं समएणं " ઇત્યાદિ

ટીકાર્થ—ત્રીજા ઉદ્દેશામાં દેવ વકતવ્યતાનું પ્રતિપાદન કરાયું છે. એ સંબંધને અનુલક્ષીને સૂત્રકારે અહીં ત્રાયસ્ત્રિંશક દેવવિશેષોનું કથન કર્યું છે.—" तेणं कालेणं तेणं समएणं " તે કાળે અને તે સમયે " वाणियग्गामे नामं नयरे होत्था, वण्णओ " વાણિજ્યગ્રામ નામે નગર હતું. તેનું વર્ણન ચંપા નગરીના વર્ણન પ્રમાણે સમજવું.

"दूतिपलासए चेइए" તેમાં દ્રુતિપલાશ નામે ચૈત્ય હતું. તેનું વર્ણન પૂર્ણભદ્ર ચૈત્યના વર્ણન પ્રમાણે સમજવું. ' सामी समोसढे, जाव परिसा पडिगया " ત્યાં મહાવીર પ્રભુ પધાર્યા. તેમનો ધર્મોપદેશ શ્રવણ કરવાને પરિષદ નીકળી. વંદણા નમસ્કાર કરીને ધર્મોપદેશ શ્રવણ કરીને પરિષદ પાછી ફરી. तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी इंदभूई नामं अणगारे जाव उड्ढं जाणू जाव विहरइ " તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય ઇન્દ્રભૂતિ નામના અણગાર હતા. તેમનું સમસ્ત વર્ણન અહીં ગ્રહણ કરવું. " ઉર્ધ્વજાનુ હતા " આ સૂત્રાંશ પર્યન્તનું તેમના વિષેનું સમસ્ત કથન " जाव (यावत्) પદથી ગ્રહણ કરવાનું કહ્યું છે. એવા તે ઇન્દ્રભૂતિ અણગાર (ગૌતમ સ્વામી) સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

" तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी सामहत्थी नामं अणगारे पगइभद्दे, जहा रोहे जाव उड्ढं जाणू जाव विहरइ " તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના શિષ્ય સમુદાયમાં એક શ્યામ હસ્તી અણગાર નામે શિષ્ય પણ હતા. તેઓ ભદ્રિક પ્રકૃતિવાળા હતા છઠ્ઠા ઉદ્દેશામાં રોહક અણગારના ગુણોનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ તેમના ગુણોનું વર્ણન પણ સમજવું. તે વર્ણન અહીં " ઉભડકાસને (ઢીંચણ ઊંચા રાખીને) બેસીને પોતાના આત્માને સંયમ અને તપથી ભાવિત કરતા વિચરતા હતા " આ સૂત્રપાઠ પર્યન્ત ગ્રહણ કરવું. " तएणं से सामहत्थी अणगारे जाव उट्ठाए उट्ठेत्ता जेणेव भगवं गोयमे तेणेव उवागच्छइ " એક દિવસ તે શ્યામહસ્તી અણગાર પોતાને સ્થાનેથી પોતાની જાતે ઊભા થયા અને જ્યાં ભગવાન ગૌતમ બિરાજતા હતા, ત્યાં ગયા. " जायसड्ढे जाव " આ સૂત્રમાં વપરાયેલ જાતશ્રદ્ધ આદિ પદોનો અર્થ ઔપપાતિક સૂત્રના ઉત્તરાર્ધમાં ગૌતમ સ્વામીના પ્રકરણમાં આપવામાં આવેલ છે. તો જિજ્ઞાસુ વાચકોએ તે પદોના અર્થ ત્યાંથી જાણી લેવા.

" उवागच्छित्ता भगवं गोयमं तिक्खुत्तो जाव पज्जुवासमाणे एवं वयासी " તેમણે ત્યાં જઈને ત્રણ વાર પ્રદક્ષિણા પૂર્વક બન્ને હાથ જોડીને ઘણા વિનયપૂર્વક ગૌતમ સ્વામીને વંદણા નમસ્કાર કર્યા, અને વંદણા નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો—" अत्थि णं भंते ! चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो तायत्तीसगा देवा तायत्तीसं सहाया " હે ભગવન્ ! અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરને સહાયભૂત થનારા એવાં ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ખરાં ?

ગૌતમ સ્વામીનો ઉત્તર—" हंता अत्थि " હા, શ્યામહસ્તી ! અસુરેન્દ્ર ચમરના સહાયક ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ખરાં.

શ્યામહસ્તી અણગારનો પ્રશ્ન—" चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो तायत्तीसगा देवा तायत्तीसं सहाया " હે ભગવન્ ! અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરના સહાયક ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે, " से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? " એવું

આપ શા કારણે કહો છો ? કહેવાનું તાત્પર્ય એ છે કે ચમરેન્દ્રને સહાયભૂત થનારા ૩૩ ત્રાયસ્ત્રિંશકો છે, એવું શા કારણે કહો છો ?

ગૌતમ સ્વામીનો જવાબ–" एवं खलु सामहत्थी " હે શ્યામહસ્તી ? તમારા આ પ્રશ્નના ઉત્તર રૂપે હું તમને તેમની પૂર્વકથા કહું છું તે સાંભળો—" तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे कायंदी नामं नयरी होत्था, वण्णओ " તે કાળે અને તે સમયે જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રમાં કાકંદી નામની નગરી હતી. તેનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં વર્ણવેલી ચંપાનગરીના વર્ણન પ્રમાણે સમજવું. " तत्थ णं कायंदीए नयरीए तायत्तीसं सहाया गाहावई समणोवासगा परिवसंति " તે કાકંદી નગરીમાં ૩૩ શ્રમણોપાસક શ્રાવકો રહેતા હતા. તેમને એક બીજા પ્રત્યે એટલો બધો પ્રેમ હતો કે તેઓ હંમેશા એક બીજાના સુખમાં એક બીજાને મદદરૂપ થતા હતા. " अड्ढा जाव अपरिभूया " તેઓ સામાન્ય સ્થિતિના ન હતાં, પણ તેમની આર્થિક સ્થિતિ ઘણી સારી હતી–તેઓ ધનાઢ્ય હતા અને ઘણાં જ પ્રભાવશાળી હતા. તેમનો પરાભવ કરવાને કોઇ સમર્થ ન હતું. " जाव अपरिभूया " આ સૂત્રાંશમાં વપરાયેલા " जाव (यावत्) " પદથી " दीप्तथी લઈને बहुजन " પર્યન્તનો સૂત્રપાઠ ગ્રહણ કરવામાં આવેલ છે. દીપ્ત આદિ જે વિશેષણો તેમની સાથે વપરાયાં છે, તેનો અર્થ ઉપાસક દશાંગ સૂત્રના પહેલા અધ્યયમાં આનંદ શ્રાવક વિષયક ત્રીજા સૂત્ર પર અગારધર્મસંજીવની નામની મારા દ્વારા લખાયેલી ટીકામાંથી વાંચી લેવો. " अभिगयजीवाजीवा, उवलद्धपुण्णपावा जाव विहरंति " તે ૩૩ શ્રમણોપાસક ગૃહસ્થો જીવ અને અજીવના સ્વરૂપને જાણનારા હતા. વળી તેઓ પુણ્ય અને પાપના મર્મને પણ સમજતા હતા.

" तएणं ते तायत्तीसं सहाया गाहावई समणोवासगा पुव्विंउग्गा, उग्गविहारि, संविग्गा संविग्गविहारी, भवित्ता तओ पच्छा पासत्था, पासत्थविहारी " તે પરસ્પરને સહાય ભૂત થનારા ૩૩ શ્રમણોપાસક ગૃહસ્થો પહેલાં શ્રાવકધર્મનું કડક રીતે પાલન કરતા હતા અને શ્રાવક ધર્મની ઉત્કૃષ્ટ ક્રિયાઓ પાળવામાં જ પ્રયત્નશીલ રહેતા હતા તેઓ સંવિગ્ન –સંસાર ભીરૂ–મોક્ષાભિલાષી હતા, વૈરાગ્યદશામાં વિચરતા હતા. પણ કાળાન્તરે તેમના જીવનમાં પરિવર્તન થઈ ગયું અને તેઓ પાસત્થ (સમ્યગ્ જ્ઞાન આદિથી વિહીન) થઈ ગયા, પાર્શ્વસ્થવિહારી–અનુચિત અનુષ્ઠાનકારી–થઈ ગયા, " ओसन्ना–ओसन्नविहारी, कुसीला, कुसील–विहारी अहाछंदा अहाछंदविहारी, बहूइं वासाइं समणोवासगपरियागं पाउणंति " ધર્માનુષ્ઠાનથી થાકયા હોય એવા–શિથિલાચારી થઈ ગયા, આળસને લીધે શ્રાવકના અનુષ્ઠાનોનું પાલન નહીં કરીને અવસન્નવિહારી થઈ ગયા, જ્ઞાનાદિ આચારની વિરાધનાવાળા થઈ ગયા કુશીલ વિહારી થઇ ગયા એટલે કે જ્ઞાનાદિ આરાધના કરવાને બદલે વિરાધના કરનારા થઈ ગયા, શાસ્ત્રમર્યાદાનો ખ્યાલ રાખ્યા વિના પોતાની ઇચ્છા અનુસાર આચારવિચાર રાખનારા એટલે કે સ્વચ્છંદી બની ગયા આ રીતે તેમણે પોતાની જિંદગીના બાકીનાં વર્ષો વ્યતીત કર્યાં.

અનેક વર્ષ પર્યન્ત આ રીતે શ્રમણોપાસક પર્યાયનું વ્યતીત કરીને તેમણે "पाउणित्ता अद्धमासियाए संलेहणाए अत्ताणं झूसेंति, झूसित्ता तीसं भत्ताइं अणसणाए छेइंति" અન્તકાળે અર્ધામાસનો સંથારો કર્યો. સંથારો કરીને અનશન દ્વારા ૩૦ ભકતોનું છેદન કર્યું (૧૫ દિવસ પર્યન્ત આહારનો ત્યાગ કર્યો) "छेदेंत्ता तस्स ठाणस्स अणालोइयपडिक्कंता कालमासे कालं किच्चा चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो तायत्तीसगदेवत्ताए उववन्ना" પણ અન્તકાળે તેમણે તે પાપસ્થાનકની આલોચના કરી નહીં અને પ્રતિક્રમણ પણ કર્યું નહીં. આવી સ્થિતિમાં કાળનો અવસર આવતા કાળ પામીને તેઓ અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો રૂપે ઉત્પન્ન થયા છે.

ગૌતમસ્વામીની આ પ્રકારની વાત સાંભળીને શ્યામહસ્તી અણુગારે તેમને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો–"जप्पभिइं च णं भंते! कायंदगा तायत्तीसं सहाया गाहावइ समणोवासगा चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो देवत्ताए उववन्ना" હે ભગવન્! હે ઇન્દ્રભૂતિ અણગાર! જે દિવસથી કાકંદીનિવાસી તે પરસ્પરના સહાયક ૩૩ શ્રમણોપાસક શ્રાવકો અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના ત્રાયસ્ત્રિંશક દેવો રૂપે ઉત્પન્ન થયા છે. "तप्पभिइं च णं भंते! एवं वुच्चइ, चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो तायत्तीसगा देवा तायतीसं सहाया" ત્યારથી જ શું એવું કહેવાય છે કે અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના સહાયક ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે? કહેવાનું તાત્પર્ય એ છે કે તેઓ ત્યાં ત્રાયસ્ત્રિંશક દેવરૂપે ઉત્પન્ન થયા પહેલાં શું ચમરેન્દ્રના સહાયકારી ત્રાયસ્ત્રિંશક દેવોનું અસ્તિત્વ જ ન હતું?

"तएणं भगवं गोयमे सामहत्थिणा अणगारेणं एवं वुत्ते समाणे संकिए, कंखिए, वितिगिच्छए, उट्ठाए उट्ठेइ" શ્યામહસ્તી અણુગારનો આ પ્રકારનો પ્રશ્ન સાંભળીને ગૌતમ સ્વામી શંકાયુક્ત બની ગયા, કાંક્ષાયુક્ત બની ગયા અને વિચિકિત્સાયુક્ત બની ગયા. (આ પદોની જમાલી અણુગારના પ્રકરણમાં સ્પષ્ટતા કરાઇ ચુકી છે) પોતાની શંકાનું નિવારણ કરવા માટે મહાવીર પ્રભુ પાસે જવાનો વિચાર કરીને તેઓ પોતાની ઉત્થાન શક્તિથી ઊભા થયા. "उट्ठाए उट्ठत्ता सामहत्थिणा अणगारेणं सद्धिं जेणेव, समणे भगवं महावीरे तेणेव उवागच्छइ" ત્યાંથી ઉઠીને શ્યામહસ્તી અણુગારની સાથે તેઓ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજમાન હતા, ત્યાં ગયા "उवागच्छित्ता समं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी" ત્યાં જઈને તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા. વંદણા નમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે પ્રશ્ન કર્યો– "अत्थिणं भंते! चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो तायत्तीसगा देवा तायत्तीस सहाया?" હે ભગવન્! શું અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના સહાય-

કારી ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ખરાં ? મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, अत्थि " હા ગૌતમ ! અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના મંત્રીસમાન ૩૩ સહાયકારી દેવો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ० ? " હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના સહાયકારી ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ? શું આપ આ કારણે એવું કહો છો કે " एवं तं चेव सव्वं भाणियव्वं जाव तप्पभिइं च णं एवं वुच्चइ, चमरस्स असुरिंदस्स असुरकुमाररण्णो, तायत्तीसगा देवा तायत्तीसं सहाया ? " કાકંદી નગરી નિવાસી, પરસ્પરને સહાયભૂત થનારા ૩૩ શ્રમણોપાસક ગૃહસ્થો અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના ત્રાયસ્ત્રિંશક દેવોરૂપે ઉત્પન્ન થયા છે ? શું એ જ દિવસથી જ એવું કહેવાય છે કે અસુરેન્દ્ર ચમરના સહાયકારી ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ? શું તેઓ ત્યાં તે પર્યાયે ઉત્પન્ન થયા અગાઉ ચમરેન્દ્રની પાસે ત્રાયસ્ત્રિંશક દેવોનું અસ્તિત્વ જ ન હતું, એમ માની શકાય ખરું ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" णो इणट्ठे समट्ठे " હે ગૌતમ ! એવી વાત શક્ય નથી. એટલે કે તે ૩૩ શ્રમણોપાસકો ચમરેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવની પર્યાયે જ્યારથી ઉત્પન્ન થયા ત્યારથી જ ચમરેન્દ્ર પાસે ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવોનું અસ્તિત્વ છે, એવી કોઇ વાત નથી, કારણ કે " चमरस्स णं असुरिंदस्स असुरकुमाररण्णो तायत्तीसगाणं देवाणं सासए नामधेज्जे पण्णत्ते " અસુરેન્દ્ર, અસુરકુમારરાય ચમરના જે ત્રાયસ્ત્રિંશક દેવો છે, તેમનું નામ (અસ્તિત્વ) તો શાશ્વત કહ્યું છે. " जं न कयाइ नासी, न कयाइ न भवइ, ण कयाइ ण भविस्सइ जाव निच्चे अव्वोच्छित्तिनयट्ठाए, अन्ने चयंति, अन्ने उववज्जंति " તે કારણે એવી વાત સંભવિત નથી કે અસુરેન્દ્ર, ચમરના ત્રાયસ્ત્રિંશકોનું અસ્તિત્વ ભૂતકાળમાં ન હતું, કે વર્તમાનમાં તેમનું અસ્તિત્વ નથી, કે ભવિષ્યમાં તેમનું અસ્તિત્વ નહીં હોય. ખરી વાત તો એવી છે કે તેઓ ભૂતકાળમાં પણ હતા, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ હશે જ. કારણ કે તેમનું અસ્તિત્વ તો ધ્રુવ, શાશ્વત અને નિત્ય કહ્યું છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ તેમનો સર્વથા વિચ્છેદ થતો નથી. હા, એવું અવશ્ય બને છે કે અમુકનું ત્યાંથી ચ્યવન થતું રહે છે અને અમુક નવા ઉત્પન્ન થતાં રહે છે. અનાદિકાળથી ત્યાં એવો જ ક્રમ ચાલ્યા કરે છે કે એકની ઉત્પત્તિ થાય છે અને એકનું ચ્યવન થાય છે પરન્તુ સમસ્ત ત્રાયસ્ત્રિંશક દેવોનો સર્વથા અભાવ કદી શક્ય નથી તે કારણે ત્રાયસ્ત્રિંશક દેવોનું નામ તો ત્યાં કાયમ રહે છે જ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—अत्थिणं भंते ! बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो तायत्तीसगा देवा तायत्तीसं सहाया ? " હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર, વૈરોચનરાય બલિના સહાયકારી ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"हंता, अत्थि" હા, ગૌતમ ! એ વાત ખરી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"से केणट्ठेणं एवं वुच्चइ, बलिस्स वइरोयणिंदस्स जाव तायत्तीसगा देवा तायत्तीसं सहाया ?" હે ભગવન્ ! એવું આપ શા કારણે કહો છો કે વૈરોચનેન્દ્ર, વૈરોચનરાય બલીના મંત્રીસમાન સહાયકારી ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहेवासे, बिभेले णामं संनिवेसे होत्था, वण्णओ" હે ગૌતમ ! તમારા પ્રશ્નનો ખુલાસો આ પ્રમાણે છે–તે કાળે અને તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં બિભેલ નામનું એક સંન્નિવેશ હતું. તે સંન્નિવેશનું (કરબાનુ) વર્ણન ચંપાનગરીના વર્ણન પ્રમાણે સમજવું. "तत्थ णं बिभेले संनिवेसे जहा चमरस्सव जा उववन्ना" તે બિભેલ સન્નિવેશમાં પરસ્પરને સહાય ભૂત થનારા ૩૩ શ્રમણોપાસક શ્રાવકો રહેતા હતા. તેમનું વર્ણન કાકંદીનિવાસી ૩૩ શ્રમણોપાસકોના વર્ણન પ્રમાણે સમજવું. એટલે કે તેઓ ધનાઢ્ય દીપ્ત આદિ પ્રભાવશાળી પર્યન્તના વિશેષણોથી યુક્ત હતા. તેઓ જીવ અને અજીવના સ્વરૂપને જાણનારા હતા અને પુણ્ય અને પાપના મર્મને સમજતા હતા. પહેલાં તો તેઓ શ્રાવકધર્મનું ઉગ્રરૂપે પાલન કરતા હતા. અને ઉગ્રવિહારી, સંવિગ્ન તથા સંવિગ્નવિહારી હતા. પણ કાળાન્તરે તેઓ શ્રાવકધર્મના આરાધક મટીને વિરાધક બની ગયા. આ રીતે તેઓ પાર્શ્વસ્થ, પાર્શ્વસ્થવિહારી, અવસન્ન, અવસન્નવિહારી, કુશીલ, કુશીલવિહારી, સ્વચ્છંદ અને સ્વચ્છંદવિહારી બની ગયા. આ રીતે તેમણે અનેક વર્ષ પર્યન્ત શ્રમણોપાસક પર્યાયને વ્યતીત કરી. અન્ત સમયે તેમણે અર્ધા મહિનાનો સંથારો કર્યો. સંથારો કરીને અનશન દ્વારા ૩૦ ભક્તોનો (૧૫ દિવસનો અથવા ૩૦ ટંકના આહારનો) પરિત્યાગ કર્યો. પરન્તુ પોતાના દ્વારા સેવાયેલા પાપસ્થાનકોની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળનો અવસર આવતા તેઓ કાળધર્મ પામ્યા અને વૈરોચનેન્દ્ર, વૈરોચનરાય બલિના ત્રાયસ્ત્રિંશક દેવોરૂપે ઉત્પન્ન થયા.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"जप्पभिइं च णं भंते ! ते बिभेलगा तायत्तीसं सहाया गाहावई समणोवासगा बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो, तायत्तीसग देवत्ताए उववन्ना, तप्पभिइं च णं भंते ! एवं वुच्चइ, बलिस्स वइरोयणिंदस्स वइरोयणरण्णो तायत्तीसगा देवा तायत्तीसं सहाया" હે ભગવન્ ! જ્યારથી બિભેલ સંન્નિવેશાનવાસી તે ૩૩ શ્રમણોપાસક ગૃહસ્થો વૈરોચનેન્દ્ર, વૈરોચનરાય બલિના ત્રાયસ્ત્રિંશક દેવો રૂપે ઉત્પન્ન થયા છે, ત્યારથી જ શું એવું કહેવાય છે કે વૈરોચનેન્દ્ર, વૈરોચનરાય બલિના સહાયકારી ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે ? શું તેઓ તેના ત્રાયસ્ત્રિંશક દેવો રૂપે ઉત્પન્ન થયા તે પહેલાં વૈરોચનેન્દ્ર બલિના સહાયક દેવોનું અસ્તિત્વ જ ન હતું ?—

મહાવીર પ્રભુનો ઉત્તર—"से णं तं चेव जाव निच्चे अव्वोच्छित्तिणयट्ठाए अन्ने चयंति, अन्ने उववज्जंति" હે ગૌતમ ! એવું સંભવી શકતું નથી. કારણ કે

વૈરોચનેન્દ્ર બલિના સહાયકારી ત્રાયસ્ત્રિંશક દેવોનું અસ્તિત્વ કાયમી–શાશ્વત કહ્યું છે. ભૂતકાળમાં પણ તેમનું અસ્તિત્વ હતું, વર્તમાનમાં પણ તેમનું અસ્તિત્વ છે અને ભવિષ્યમાં પણ તેમનું અસ્તિત્વ રહેશે. તેમનું (અસ્તિત્વ) ધ્રુવ શાશ્વત અને નિત્ય કહ્યું છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ તેમનો સર્વથા વિચ્છેદ થતો નથી. તેમાંથી કોઈનું ચ્યવન થાય છે અને તેમાં કોઈની ઉત્પત્તિ પણ થતી રહે છે, છતાં પણ તેમનો સર્વથા અભાવ તો કદી થતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"अत्थिणं भंते! धरणस्स णागकुमारिंदस्स णागकुमाररण्णो तायत्तीसगा देवा तायत्तीसं सहाया?" હે ભગવન્! નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણના સહાયભૂત ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર—"हंता अत्थि" હા, ગૌતમ! ધરણેન્દ્રના સહાય ભૂત ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે ખરાં.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"से केणट्ठेणं" હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે નાગકુમારેન્દ્ર, નાગકુમારરાય ધરણેન્દ્રને સહાયભૂત થનારા ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा!" હે ગૌતમ! "धरणस्स णागकुमारिंदस्स णागकुमाररन्नो तायत्तीसगाणं देवाणं सासए नामधेज्जे पण्णत्ते" નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણ સહાયક જે ૩૩ત્રાયસ્ત્રિંશક દેવો છે, તેમનું નામ (અસ્તિત્વ) શાશ્વત કહ્યું છે. "जं न कयाइ नासी, जाव अन्ने चयंति, अन्ने उववज्जंति" તેમનું નામ (અસ્તિત્વ) ભૂતકાળમાં ન હતું, એમ કહી શકાય તેમ નથી. વર્તમાનમાં તેમનું અસ્તિત્વ નથી, એવી વાત પણ નથી, ભવિષ્યમાં તેમનું અસ્તિત્વ નહી હોય, એવું પણ માની શકાય તેમ નથી. તેમનું નામ પહેલાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. તેમનું નામ ધ્રુવ છે, શાશ્વત છે અને નિત્ય છે. અનાદિ પ્રવાહ રૂપે આમ ચાલ્યા કરે છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ ધરણના કેટલાક ત્રાયસ્ત્રિંશક દેવોનું ચ્યવન થતું રહે છે અને કેટલાક ત્રાયસ્ત્રિંશક દેવની પર્યાયે ઉત્પન્ન પણ થતા રહે છે. બધાનું એક સાથે ચ્યવન થઈ જાય એવું કદી બનતું નથી.

"एवं भूयाणंदस्स वि, एवं जाव महाघोसस्स वि" ચમરાદિકના ત્રાયસ્ત્રિંશક દેવોના કથન જેવું જ કથન ભૂતાનન્દ, વેણુદેવ, વેણુદાલિ, હરિ, હરિસ્સહ, અગ્નિશિખ, અગ્નિમાણવ, પૂર્ણ, વશિષ્ઠ, જલકાન્ત, જલપ્રભ, અમિતગતિ અમિતવાહન, વેલમ્બ, પ્રભંજન, ઘોષ અને મહાઘોષના ત્રાયસ્ત્રિંશક દેવોને વિષે પણ સમજવું તે દરેકના ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવોનું અસ્તિત્વ પણ શાશ્વત સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"अत्थिणं भंते सक्कस्स देविंदस्स देवरण्णो पुच्छा" હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ શક્રને સહાયભૂત થનારા તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે ખરાં? મહાવીર પ્રભુનો ઉત્તર—"हंता अत्थि" હા, ગૌતમ! દેવેન્દ્ર, દેવરાજ શક્રને સહાયભૂત થનારા ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"से केणट्ठेणं जाव तायत्तीसगा देवा" હે ભગવન્! એવું આપ શા કારણે કહો છો કે દેવેન્દ્ર, દેવરાજ શક્રના મંત્રીસ્થાનાપન્ન સહાયકર્તા ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—एवं खलु गोयमा तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे पालासए नामं संनिवेसे होत्था वण्णओ" હે ગૌતમ! આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભરતક્ષેત્રમાં પાલાશક નામે એક સંનિવેશ (કસ્બો) હતું. તેનું વર્ણન ચંપાનગરી પ્રમાણે સમજવું. "तत्थणं पालासए संन्निवेसे तायत्तीसं सहाया गाहावई, समणोवासया, जहा चमरस्स जाव विहरंति" તે પાલાશક સંનિવેશમાં પરસ્પરને સહાયભૂત થનારા ૩૩ શ્રમણોપાસક શ્રાવકો રહેતા હતા. ચમરના પ્રકરણમાં કાકંદીનિવાસી ૩૩ શ્રમણોપાસકોનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ આ ૩૩ શ્રાવકોનું પણ વર્ણન સમજવું એટલે કે તેઓ ધનાઢ્ય હતા, દીપ્ત હતા અને અતિશય પ્રભાવશાળી હતા. ઘણા લોકો મળીને પણ તેમનો પરાભવ કરવાને અસમર્થ હતા. તેઓ જીવ અને અજીવ તત્ત્વોના જ્ઞાતા હતા, પાપ અને પુણ્યના ફળને જાણનારા હતા. "तएणं तायत्तीसं सहाया गाहावई समणोवासगा पुव्विं पि, पच्छा वि, उग्गा, उग्गविहारी, संविग्गविहारी, बहूइं वासाइं समणोवासगपरियागं पाउणित्ता" તે પરસ્પરના સહાયક ૩૩ શ્રમણોપાસક શ્રાવકોએ જીવન પર્યન્ત ઉદાત્ત ભાવપૂર્વક શ્રાવકોના આચારોનું ઉત્કૃષ્ટરૂપે પાલન કર્યું. તેઓ સંવિગ્ન–સંસારભીરુ, સંસાર રૂપી કાનનમાં પરિભ્રમણ કરવાના ડરથી ભયભીત થયેલા હતા, તેથી તેઓ વૈરાગ્ય ભાવમાં વિચરનારા હતા. પૂર્વોક્ત કાકંદીનિવાસી શ્રવકોની જેમ પાછળથી તેઓ શિથિલાચારી બની ગયા ન હતા. ઘણાં વર્ષો સુધી તેમણે શ્રમણોપાસક પર્યાયનું યથાર્થ રીતે પાલન કર્યું. "मासियाए संलेहणाए अत्ताणं झूसेइ" ત્યાર બાદ પોતાનો અન્તકાળ નજીક આવેલો જાણીને તેમણે એક માસનો સંથારો ધારણ કર્યો "अत्ताणं झूसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेंति" આ એક માસના સંથારા દ્વારા તેમણે ૬૦ ભક્તોનું (૬૦ ટંકના ભોજનનું ૧ માસના આહારનું) અનશન દ્વારા છેદન કર્યું. "छेदेत्ता आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा जाव उववन्ना" ત્રીસ દિવસના અનશન કરીને તેમણે પોતાના દ્વારા સેવાયેલાં પાપસ્થાનકોની આલોચના કરી અને પ્રાયશ્ચિત કર્યું. આ રીતે આલોચના અને પ્રતિક્રમણપૂર્વક, કાળનો અવસર આવતા કાળ કરીને તેઓ દેવેન્દ્ર દેવરાજ શક્રના ત્રાયસ્ત્રિંશક દેવરૂપે ઉત્પન્ન થઈ ગયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"जप्पभिइं च णं भंते! पालासिगा तायत्तीसं सवाया गाहाईव समणोवासगा, सेसं जहा चमरस्स जाव उववज्जंति" હે ભગવન્!

જ્યારથી પાલાશ સંનિવેશનિવાસી, પરસ્પરને સહાયભૂત થનારા એવા તે ૩૩ શ્રમણોપાસક શ્રાવકો દેવેન્દ્ર, દેવરાજ શક્રના ત્રાયસ્ત્રિંશક દેવરૂપે ઉત્પન્ન થયા છે, ત્યારથી જ શું એવું કહેવામાં આવે છે કે દેવેન્દ્ર, દેવરાજ શક્રના મંત્રીસ્થાનીય ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–હે ગૌતમ! આ અર્થ સમર્થ નથી કારણ કે દેવેન્દ્ર, દેવરાજ શક્રના ત્રાયસ્ત્રિંશક દેવોનાં નામ શાશ્વત કહ્યાં છે. તેમનું નામ (અસ્તિત્વ) ભૂતકાળમાં પણ હતું, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. કોઇ પણ કાળ તેમના અસ્તિત્વથી રહિત હોતો નથી. તેમનું નામ તો ધ્રુવ, શાશ્વત અને નિત્ય કહ્યું છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ કેટલાક ત્રાયસ્ત્રિંશકોનું ચ્યવન અને કેટલાકની ઉત્પત્તિ થતી જ રહે છે. આ પ્રમાણે અનાદિ ક્રમ ચાલ્યા જ કરે છે, તે કારણે તેમનો સર્વથા વિચ્છેદ કદી થતો નથી. તેથી જ તેમનું નામ શાશ્વત કહેલ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"अत्थिणं भंते! ईसाणस्स, एवं जहा सक्कस्स नवरं चंपाए नयरीए जाव उववन्ना" હે ભગવન્! દેવેન્દ્ર દેવરાજ ઇશાનના ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર—હા, ગૌતમ! દેવેન્દ્ર, દેવરાજ ઇશાનના પણ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે. આ ત્રાયસ્ત્રિંશક દેવો વિષેનું સમસ્ત કથન દેવેન્દ્ર, દેવરાજ શક્રના ત્રાયસ્ત્રિંશકોના કથન પ્રમાણે સમજવું. અહીં દેવેન્દ્ર શક્રના ત્રાયસ્ત્રિંશકો કરતાં એટલી જ વિશેષતા છે કે દેવેન્દ્ર દેવરાજ ઇશાનના ત્રાયસ્ત્રિંશક દેવો તેમના પૂર્વભવમાં ચંપાનગરીમાં વસતા હતા. બાકીનું તેમની સમૃદ્ધિ આદિનું કથન પાલાશ સંનિવેશ નિવાસી ૩૩ શ્રાવકોના કથન પ્રમાણે સમજવું. "તેઓ ઇશાનેન્દ્રના ત્રાયસ્ત્રિંશક દેવોરૂપે ઉત્પન્ન થયા છે." આ સૂત્રપાઠ પર્યન્તનું સમસ્ત કથન ગ્રહણ કરવું. "અહીં "जाव (यावत्)" પદથી નીચેનો સૂત્રપાઠ ગ્રહણ કરાયો છે—"तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहेवासे चंपानामं नयरी होत्था वण्णओ" "તે કાળે અને તે સમયે જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચંપા નગરી હતી. તેનું વર્ણન ઔપપાતિક સૂત્રમાં કર્યા પ્રમાણે સમજવું." ઇત્યાદિ કથન. તે ચંપા નગરીમાં એક બીજાને સહાય કરનારા ૩૩ શ્રમણોપાસક ગૃહસ્થો રહેતા હતા. તેઓ ધનાઢ્ય અને દીપ્ત આદિ વિશેષણોથી યુક્ત હતા. તેઓ એવા પ્રભાવશાળી હતા કે અનેક માણસો ભેગા મળીને પણ તેમનો પરાભવ કરવાને અસમર્થ હતા. તેઓ જીવ અને અજીવ તત્ત્વના જાણકાર હતા, પાપ અને પુણ્યના સ્વરૂપને તેઓ સારી રીતે સમજતા હતા, તેઓ પહેલાં અને પછી પણ–જીવન પર્યન્ત–ઉગ્ર, ઉગ્રવિહારી, સંવિગ્ન અને સંવિગ્નવિહારી રહ્યા હતા. આ રીતે પોતાની શ્રમણોપાસક પર્યાયને અનેક વર્ષ વ્યતીત કરીને, અન્તકાળે તેમણે એક માસનો સંથારો ધારણ કર્યો. આ રીતે સંથારા વડે પોતાના આત્માને વાસિત કરીને અનશન દ્વારા તેમણે ૬૦ ભક્તોનું છેદન કરી નાખ્યું (૧ માસના ઉપવાસ દ્વારા ૬૦ ટંકના ભોજનનો ત્યાગ કર્યો.) પોતાનાં પાપસ્થાનકની આલોચના

અને પ્રતિક્રમણ દ્વારા સમાધિ પ્રાપ્ત કરીને, કાળનો અવસર આવતા કાળ કરીને તેઓ દેવેન્દ્ર દેવરાજ, ઈશાનના ત્રાયસ્ત્રિંશક દેવોરૂપે ઉત્પન્ન થયા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"जप्पभिइं च णं भंते! चंपिज्जा तायत्तीसं बहाया सेसं तं चेव, जाव अन्ने उववज्जंति" હે ભગવન્! જ્યારથી ચંપા નગરી નિવાસી તે ૩૩ શ્રમણોપાસક ગૃહસ્થો દેવેન્દ્ર, દેવરાજ ઈશાનના ત્રાયસ્ત્રિંશક દેવો રૂપે ઉત્પન્ન થયા છે ત્યારથી જ શું એમ કહેવાય છે કે દેવેન્દ્ર દેવરાજ ઈશાનને સહાયભૂત થનારા ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો છે! શું તે પહેલાં ઈશાનેન્દ્રના સહાયક ત્રાયસ્ત્રિંશક દેવોનું અસ્તિત્વ જ ન હતું?

મહાવીર પ્રભુનો ઉત્તર—હે ગૌતમ! એ વાત બરાબર નથી કારણ કે દેવેન્દ્ર દેવરાજ ઈશાનના ત્રાયસ્ત્રિંશક દેવોનાં નામ શાશ્વત કહ્યાં છે. એવું નથી કે પહેલાં ત્યાં તેમનું નામ (અસ્તિત્વ) ન હતું, કે વર્તમાનમાં નથી, કે ભવિષ્યમાં નહીં હોય. ઈશાનેન્દ્રની પાસે ભૂતકાળમાં પણ ત્રાયસ્ત્રિંશક દેવો હતા, વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ હશે. તેમનું નામ તો ત્યાં ત્રણે કાળમાં કાયમ રહે છે, કારણ કે તેમનું નામ તો ધ્રુવ, શાશ્વત અને નિત્ય કહ્યું છે. હા, એવું અવશ્ય બને છે કે કેટલાક ત્રાયસ્ત્રિંશક દેવો ત્યાંથી ચ્યવે છે અને કેટલાક ઉત્પન્ન પણ થતા રહે છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ –અનાદિ પ્રવાહની દૃષ્ટિએ તેમનો સૌનો સર્વથા અભાવ સંભવી શકતો નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"अत्थिणं भंते! सणंकुमारस्स देविंदस्स देवरण्णो पुच्छा" હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ સનત્કુમારના સહાયક એવા ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર—'हंता, अत्थि" હા, ગૌતમ! દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારને સહાયભૂત થનારા ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"से केणट्ठेणं भंते" ઈત્યાદિ હે ભગવન્! એવું આપ શા કારણે કહો છો કે દેવેન્દ્ર દેવરાય સનત્કુમારના સહાયભૂત ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"जहा धरणस्स तहेव एवं जाव पाणयस्स एवं अच्चुयस्स जाव अन्ने उववज्जंति" હે ગૌતમ! નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ, ધરણના ત્રાયસ્ત્રિંશક દેવોના જેવું જ કથન સનત્કુમારના ત્રાયસ્ત્રિંશક દેવો વિષે પણ સમજવું. એજ પ્રમાણે દેવેન્દ્ર, દેવરાજ મહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તકા, મહાશુક્ર, સહસ્રાર, પ્રાણત, અચ્યુત આ ઈન્દ્રોના સહાયભૂત પણ ૩૩-૩૩ ત્રાયસ્ત્રિંશકો હોય છે એમ સમજવું. એજ વાતને સૂત્રકારે નીચેની પ્રશ્નોત્તરો દ્વારા વ્યક્ત કરી છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ માહેન્દ્ર આદિ ઈન્દ્રોના સહાયભૂત ૩૩-૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો હોય છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર–હા, ગૌતમ! દેવેન્દ્ર, દેવરાજ માહેન્દ્રથી લઈને દેવેન્દ્ર દેવરાજ અચ્યુત પર્યન્તના દેવેન્દ્રોના સહાયભૂત ૩૩-૩૩ ત્રાયસ્ત્રિંશક

દેવા હોય છે માહેન્દ્રથી લઈને અચ્યુત પર્યન્તના દેવોનાં નામ શાશ્વત કહ્યાં છે. એવું નથી કે તેમનું નામ ભૂતકાળમાં ન હતું, વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં નહીં હોય. ખરી વાત તો એ છે કે તેમનું નામ પહેલાં પણ હતું વર્તમાનમાં પણ છે અને ભવિષ્યમાં પણ રહેશે. આ રીતે તેમનું નામ તો ત્રણે કાળમાં રહેનારુ છે. કારણ કે તે નામ તો ધ્રુવ, શાશ્વત અને નિત્ય છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ અનાદિ કાળથી ત્યાં એવો ક્રમ ચાલ્યા કરે છે. કે કેટલાક ત્રાયસ્ત્રિંશકો ત્યાંથી ચ્યવે છે અને કેટલાક ત્રાયસ્ત્રિંશકો ઉત્પન્ન થતા રહે છે, પરન્તુ કદી પણ તેમનો ત્યાં સર્વથા અભાવ સંભવી શકતો નથી.

સૂત્રનો ઉપસંહાર કરતા મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને ગૌતમ સ્વામી કહે છે કે "सेवं भंते! सेवं भंते! त्ति" હે ભગવન્! આપે જે કહ્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે." આ પ્રમાણે કહીને તેમને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બેસી ગયા ।। સૂ૦ ૧ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રિયદર્શિની વ્યાખ્યાના દસમા શતકનો ચોથો ઉદ્દેશક સમાપ્ત ।।૧૦-૪।।

卐

દશમા શતકના પાંચમા ઉદ્દેશાનો પ્રારંભ

આ દશમાં શતકના પાંચમા ઉદ્દેશામાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે–

રાજગૃહ નગરનું વર્ણન, ગુણશિલક ચૈત્યનું વર્ણન–ચમરેન્દ્રની પટ્ટરાણીઓનું વર્ણન, અને તેમના પરિવારનું વર્ણન. પ્રશ્ન–"ચમરેન્દ્ર પોતાની સભામાં અગ્રમહિષી આદિ દેવીઓ સાથે દિવ્ય ભોગો ભોગવી શકે છે ખરો?" ઉત્તર –"ના, તે તેમ કરવાને સમર્થ નથી." આ પ્રકારના ઉત્તર માટેના કારણનું પ્રતિપાદન. ચમરેન્દ્રના સોમ લોકપાલની અગ્રમહિષીઓનું કથન પ્રશ્ન–"સોમ લોકપાલ શું પોતાની સભામાં દેવીઓની સાથે ભોગો ભોગવવાને સમર્થ છે ખરો?" આ પ્રશ્નનો નકારમાં ઉત્તર અને તેના કારણનું કથન. ચમરેન્દ્રના યમ નામના લોકપાલની અગ્રમહિષીયોનું કથન. બલીન્દ્રની અગ્રમહિષીનું કથન પ્રશ્ન–"લોકપાલ સોમ અને લોકપાલ બલીન્દ્ર શું તેમની સભામાં દેવીઓની સાથે ભોગ ભોગવવાને સમર્થ છે ખરાં?" તેનો નકારમાં ઉત્તર. ધરણેન્દ્રની અગ્રમહિષીનું કથન. ધરણેન્દ્ર અને લોકપાલ કાલવાલની અગ્રમહિષીઓનું કથન, ભૂતાનન્દ ઇન્દ્ર અને નાગકુમારેન્દ્રની અગ્રમહિષીઓનું કથન, કાલેન્દ્રની અગ્રમહિષીઓનું કથન, સુરૂપેન્દ્રની અગ્રમહિષીઓનુ વર્ણન, પૂર્ણભદ્રની અગ્રમહિષીઓનું વર્ણન, રાક્ષસેન્દ્ર ભીમની અગ્રમહિષીઓનું કથન, કિન્નરેન્દ્ર, સત્પુરુષેન્દ્ર, અતિકાયેન્દ્ર, ગીતરતીન્દ્ર, વગેરે ઇન્દ્રોની અગ્રમહિષીઓનું કથન, સૂર્ય, ચન્દ્ર, અંગારગ્રહ (મંગળ) વિગેરે અને શક્રેન્દ્રની અગ્રમહિષીઓનું કથન. પ્રશ્ન–"દેવેન્દ્ર શક્ર શું પોતાની સુધર્મા સભામાં પોતાની દેવીઓ સાથે દિવ્ય ભોગોને ભોગવવાને સમર્થ છે ખરો?" ઉત્તર–"નથી હોતો," અને તેના કારણનું પ્રતિપાદન. શક્રના લોકપાલ સોમની અગ્રમહિષીઓનું કથન ઇશાનેન્દ્ર અને તેના લોકપાલ સોમ વિગેરેની અગ્રમહિષીઓનું કથન.

દેવી વક્તવ્યતા

"तेणं कालेणं तेणं समएणं" ઇત્યાદિ

ટીકાર્થ-ચોથા ઉદ્દેશામાં ગુરુ સ્થાનીય ત્રાયસ્ત્રિંશક દેવોની વાત કરવામાં આવી છે. હવે આ પંચમા ઉદ્દેશામાં દેવી વિષયક વક્તવ્યતાનું નિરૂપણ કરવામાં આવે છે–

"तेणं कालेणं तेणं समए णं रायगिहे नामं नयरे, गुणसिलए चेइए जाव परिसा पडिगया" તે કાળે અને તે સમયે રાજગૃહ નામે નગર હતું. તેમાં ગુણશિલક નામે ચૈત્ય (ઉદ્યાન) હતું. તેમાં શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ પધાર્યા. તેમને વંદણા નમસ્કાર કરવાને તથા તેમની દેશના સાંભળવાને રાજગૃહ નગરની જનતા–પરિષદ નીકળી પડી. પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેમનો ધર્મોપદેશ શ્રવણ કરીને પરિષદ પાછી ચાલી ગઈ.

"तेणं कालेणं तेणं समए णं भगवओ महावीरस्स बहवे अंतेवासी थेरा भगवंतो जाइसंपन्ना जहा अट्ठमसए सत्तमोद्देसए जाव विहरंति" તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીરના ઘણા જ અંતેવાસી (શિષ્ય) સ્થવિર ભગવાનો પણ તપ અને સંયમથી આત્માને ભાવિત કરતા ત્યાં વિચરતા હતા. તેઓ જાતિસંપન્ન આદિ ગુણોથી યુક્ત હતા. તેમના ગુણોનું વર્ણન આઠમાં શતકના સાતમાં ઉદ્દેશામાં આપ્યા મુજબ સમજવું. અહીં 'यावत्' પદથી નીચેનો સૂત્રપાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે–"जीवियासामरणभयविप्पमुक्का समणस्स भगवओ महावीरस्स अदूरसामंते उड्ढंजाणू अहोसिरा झाणकोट्ठोवगया संजमेणं तवसा अप्पाणं भावेमाणा विहरंति" તેઓ જીવનની ઇચ્છા અને મરણના ભયથી રહિત હતા. ભગવાન મહાવીરથી દૂર પણ નહીં અને નજીક પણ નહીં એવે ઉચિત સ્થાને, ઉભડક આસને મસ્તક નીચું રાખીને, ધ્યાનરૂપી કોઠામાં લીન થઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા." "तएणं ते थेरा भगवंतो जायसड्ढा जहा गोयमसामी जाव पज्जुवासमाणा एवं वयासी" ત્યાર બાદ શ્રદ્ધાયુક્ત તે સ્થવિર ભગવંતોએ સંદેહયુક્ત થવાથી ગૌતમ સ્વામીની જેમ "शुश्रूषमाणाः विनयेन नमस्यन्तः प्राञ्जलिपुटाः, पर्युपासिनाः" ભગવાનની સેવા કરતા થકા, બન્ને હાથ જોડીને વિનયપૂર્વક પ્રભુની પર્યુપાસના કરતાં કરતાં આ પ્રમાણે પૂછ્યું–"चमरस्स णं भंते! असुरिंदस्स असुरकुमाररन्नो कइ अग्गमहिसीओ पण्णत्ताओ" હે ભગવન્! અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરને કેટલી અગ્રમહિષીઓ(પટ્ટરાણીઓ) છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो! पंच अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરને પાંચ અગ્રમહિષીઓ છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે– 'काली, राती, रयणी, विज्जू, मेहा" (૧) કાલી,

(૨) રાત્રી, (૩) રજની, (૪) વિદ્યુત્, (૫) મેઘા. "तत्थणं एगमेगाए अट्ठट्ठ देवी सहस्सा परिवारो पण्णतो" તે પ્રત્યેક અગ્રમહિષીનો આઠ, આઠ હજાર દેવીઓનો પરિવાર છે.

સ્થવિર ભગવંતોનો પ્રશ્ન–"पभूणं भंते! ताओ एगमेगादेवी अन्नाइं अट्ठट्ठ देवी सहस्साइं परिवारं विउव्वित्तए?" હે ભગવન્! તે પાંચ અગ્રમહિષીઓ શું પોતાની વિકુર્વણાશક્તિથી ૮૦૦૦-૮૦૦૦ દેવીપરિવારની વિકુર્વણા કરવાને સમર્થ છે?–એટલે કે તેઓ શું વૈક્રિયશક્તિ દ્વારા આઠ આઠ હજાર દેવીઓનું નિર્માણ કરવાને શક્તિશાળી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवामेव सपुव्वावरेणं चत्तालीसं देवी सहस्सा से त तुडिए" હે સ્થવિરો! પ્રશ્નોક્ત રીત અનુસાર જ તમારા પ્રશ્નનો ઉત્તર સમજવો. એટલે કે તે પ્રત્યેક અગ્રમહિષી પોતાની વિકુર્વણા શક્તિદ્વારા આઠ આઠ હજાર અન્ય દેવીઓનું નિર્માણ કરવાને સમર્થ હોય છે. આ રીતે તે પાંચે અગ્રમહિષીઓનો દેવીપરિવાર ૪૦ હજારનો થાય છે. આ ૪૦ હજાર દેવીપરિવારને ત્રુટિક કહે છે. તેનું બીજું નામ "વૈક્રિયકૃત દેવી શરીરોનો સમૂહ" પણ છે.

સ્થવિરોનો પ્રશ્ન–"पभूणं भंते! चमरे असुरिंदे असुरकुमारराया चमरचंचाए रायहाणीए सभाए सोहम्माए चमरंसि सीहासणंसि तुडिएणं सद्धिं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्तए?" હે ભગવન્! શું અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર પોતાની ચમરચંચા રાજધાનીની સુધર્માસભામાં ચમર નામના સિંહાસન પર બેસીને ૪૦ હજાર વૈક્રિયશરીર ધારી દેવીઓના સમૂહ સાથે (ત્રુટિક સાથે) દિવ્ય ભોગો ભોગવી શકે છે ખરો?

મહાવીર પ્રભુનો ઉત્તર–"णो इणे समट्ठे" હે સ્થવિરો! એવું સંભવી શકાતું નથી. સ્થવિરોનો પ્રશ્ન–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ" ઇત્યાદિ. હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર પોતાની ચમરચંચા રાજધાનીની સુધર્માસભામાં ચમર નામના સિંહાસન પર વિરાજમાન થઈને પૂર્વોક્ત ત્રુટિક (૪૦ હજાર દેવીઓના સમૂહ સાથે દિવ્ય ભોગો ભોગવવાને સમર્થ નથી?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो!" હે આર્યો! "चमरस्स णं असुरिंदस्स असुरकुमाररन्नो चमरचचाए रायहाणीए, सभाए सुहम्माए, माणवए चेइयखंभे, वइरामएसु गोलवट्टसमुग्गएसु बहूओ जिणसकहाओ संनिक्खित्ताओ चिट्ठंति" અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરની ચમરચંચા રાજધાનીમાં આવેલી સુધર્માસભામાં

માણવક ચૈત્ય સ્તંભમાં વજ્ર નિર્મિત ગોળાકારની ડબ્બીઓમાં અનેક જિનેન્દ્ર અસ્થિઓ રાખેલાં છે. "जाओणं चमरस्स असुरिंदस्स असुरकुमाररन्नो अन्नेसिंच बहूणं असुरकुमाराणं देवाण य, देवीण य अच्चणिज्जाओ, वंदणिज्जाओ नमंसणिज्जाओ, पूयणिज्जाओ, सक्कारणिज्जाओ, सम्माणणिज्जाओ" જિનેન્દ્ર ભગવાનનાં તે અસ્થિઓને અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર તથા બીજાં અસુરકુમાર દેવો અને દેવીઓ અર્ચનીય, વન્દનીય, નમસ્કરણીય, પૂજનીય અને સન્માનનીય ગણે છે, તથા "कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासणिज्जाओ भवंति" તેઓ તેને કલ્યાણરૂપ અને મંગલરૂપ ચૈત્યના સમાન સેવનીય માને છે. "तेसिं पणिहाए नो पभू" તેથી તેમની સમીપમાં તે ચમરેન્દ્ર દેવીઓની સાથે ભોગવિલાસને ભોગવવાને સમર્થ હોતો નથી આ વિષયનો ઉપસંહાર કરતા મહાવીર પ્રભુ કહે છે કે "से तेणट्ठेणं अज्जो! एवं वुच्चइ, नो पभू चमरे असुरिंदे जाव राया चमरचंचाए जाव विहरित्तए" હે આર્યો! તે કારણે મેં એવું કહ્યું છે કે અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર પોતાની ચંમરચંચા રાજધાનીની સુધર્માસભામાં ચમર નામના સિંહાસન પર બેસીને ત્રુટિતની સાથે (૪૦ હજાર દેવીઓની સાથે) દિવ્ય ભોગ ભોગવી શકવાને સમર્થ હોતો નથી. પરન્તુ "पभूणं अज्जो! चमरे असुरिंदे असुरकुमारराया चमरचंचाए रायहाणीए सभाए सुहम्माए, चमरंसि सिंहासणंसि, चउसट्ठीए सामाणियसाहस्सीहिं तायत्तीसाए जाव" હે આર્યો! તે અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર તેની ચમરચંચા રાજધાનીની સુધર્માસભામાં ચમર નામના સિંહાસન પર બેસીને ૬૪ હજાર સામાનિક દેવોની સાથે, શુરુસ્થાનીય ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો સાથે, ચાર લોકપાલોની સાથે, પાંચ અગ્રમહિષીઓની સાથે, સાત અનીકોની સાથે, સાત અનીકાધિપતિઓ સાથે ૬૪ હજાર આત્મરક્ષક દેવોની સાથે, તથા "अन्नेहिं च बहूहिं असुरकुमारेहिं देवेहि य देवीहि य सद्धिं संपरिवुडे महया हय जाव भुंजमाणे विहरित्तए" અન્ય અનેક અસુરકુમાર દેવો અને દેવીઓની સાથે (એટલે કે તે બધાંના સંગથી યુક્ત થઈને) ભવ્ય અને અચ્છિન્ન (વચ્ચે ભંગ ન પડે એવાં–કથાઓના ક્રમથી યુક્ત એવાં) નાટકો, ગીતો, વાજિંત્રો (મેઘના જેવા નાદવાળાં મૃદંગો, વીણા, કરતાળ આદિ વિવિધ વાજિંત્રો) આદિના મધુર નાદો સાંભળી શકે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અસુરેન્દ્ર ચમર પોતાના ૬૪ હજાર સામાનિક દેવો આદિના સમૂહથી વીંટળાઈને મનોહર નાટકો દેખે છે, વિવિધ પ્રકારનાં વાદ્યસંગીતની સાથે મધુર ગીતો સાંભળે છે. તે દરેક વાદ્ય, વાદ્યવિદ્યામાં નિપુણ દેવો દ્વારા વગાડ-

વામાં આવે છે. આ રીતે તે નાટ્ય, સંગીત આદિરૂપ દિવ્ય ભોગો ભોગવવામાં પોતાનો સમય વ્યતીત કરે છે. એજ વાત સૂત્રકારે નીચેના સૂત્રમાં વ્યક્ત કરી છે–"केवलं परियारिड्ढीए, नो चेव णं मेहुणवत्तियं" આ કથનનો ભાવાર્થ આ પ્રમાણે છે–અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમર દેવીઓના મધુર ગીતોને શ્રવણ કરવા રૂપ અને દેવીઓનાં રૂપોને દેખવારૂપ પરિચાર દ્વારા અને સંપતિરૂપ ઋદ્ધિ દ્વારા અથવા પરિજન રૂપ પરિવાર દ્વારા કરતી પરિચારણરૂપ દિવ્ય ભોગોને ભોગવવાને જ સમર્થ હોય છે. પરન્તુ મૈથુન આદિ નિમિત્તક દિવ્ય ભોગોને ભોગવવાને તે સમર્થ હોતો નથી. ।। સૂ૦ ૧ ।।

દેવીવિશેષ વક્તવ્યતા

'चमरस्स णं भंते ! ઇત્યાદિ—

ટીકાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે ચમરેન્દ્ર આદિ ઇન્દ્રોના ચાર ચાર લોકપાલોની તથા બીજા ઇન્દ્રોની અગ્રમહિષીઓની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને સ્થવિર ભગવંતોએ મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો છે–"चमरस्स णं भंते ! असुरिंदस्स०" હે ભગવન્ ! અસુરકુમારોના ઇન્દ્ર, અસુરકુમારરાજ ચમરના જે ચાર લોકપાલ કહ્યાં છે, તેમાંના જે સોમ મહારાજ નામના લોકપાલ છે, તેમને કેટલી અગ્રમહિષીઓ (પટ્ટરાણીઓ) કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो ! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો ! સોમ લોકપાલને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ આ પ્રમાણે છે–"कणगा१, कणगलया२, चित्तगुत्ता३, वसुंधरा४" (૧) કનકા, (૨) કનકલતા, (૩) ચિત્રગુપ્તા, અને (૪) વસુંધરા. "तत्थणं एगमेगाए देवीए एगमेगंसि देवीसहस्सं परिवारो पण्णत्तो" તે ચાર અગ્રમહિષીઓમાંની પ્રત્યેક અગ્રમહિષીઓનો એક એક હજારનો દેવીપરિવાર કહ્યો છે.

સ્થવિરોનો પ્રશ્ન–"पभूणं ताओ एगमेगाए देवीए अन्नं एगमेगं देवीसहस्सं परिवारं विउव्वित्तए ?"

હે ભગવન્ ! શું તે ચાર દેવીઓમાંની પ્રત્યેક દેવી પોતાપોતાની વૈક્રિય-શક્તિથી એક એક હજાર દેવીઓની વિકુર્વણા કરી શકવાને સમર્થ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवामेव सपुव्वावरेणं चत्तारि देवीसहस्सा, से तं तुडिए" હે આર્યો ! તે પ્રત્યેક અગ્રમહિષી પોતપોતાની વિક્રિયા શક્તિથી એકએક હજાર દેવીયોના પરિવારનું નિર્માણ કરી શકે છે. આ રીતે તે ચારે અગ્રમહિષીઓનો દેવીપરિવાર એકંદરે ૪૦૦૦ દેવીઓનો થાય છે. આ ચાર હજાર દેવીઓના પરિવારને ત્રુટિક (વર્ગ) કહે છે.

સ્થવિરોનો પ્રશ્ન–" पभूणं भंते ! चमरस्स असुरिंदस्स असुरकुमाररन्नो सोमे महाराया सोमाए रायहाणीए सभाए सुहम्माए सोमंसि सीहासणंसि तुडिएणं अव सेसं जहा चमरस्स " હે ભગવન્! અસુરેન્દ્ર, અસુરકુમારરાજ ચમરનો લોકપાલ સોમ મહારાજ પોતાની સોમા નામની રાજધાનીની સુધર્માસભામાં સોમ નામના સિંહાસન પર વિરાજમાન થઈને, પોતાની ત્રુટિકની (વૈક્રિય શક્તિ દ્વારા રચિત દેવીસમૂહની) સાથે અને ચાર અગ્રમહિષીઓની સાથે ભોગો ભોગવવાને સમર્થ હોય છે ખરો? અહીં " अवसेसं जहा चमरस्स " આ સૂત્રપાઠ દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે ચમરના પ્રકરણમાં આ પ્રમાણે કહ્યું છે–" अन्यैश्च बहुभिः असुरकुमारैः देवैश्च देवीभिश्च संपरिवृत्तो महताऽऽहत नाट्यगीतवादिततन्त्री-तलतालत्रुटितघनमृदङ्गपटुप्रवादितरवेण भोगभोगान् भुंजानो विहर्तुम्" કહેવાનું તાત્પર્ય એ છે કે સોમ લોકપાલ બીજા અનેક અસુરકુમાર દેવો અને દેવીઓના સમૂહની સાથે તે સભામાં નાટકો દેખી શકે છે, દિવ્ય સંગીત તથા વિવિધ વાજિંત્રોનો નાદ સાંભળી શકે છે. આ રીતે તે શબ્દાદિ અવશ્ય ભોગવી શકે છે. પરન્તુ તે ત્યાં મૈથુન સેવનરૂપ ભોગભોગોને ભોગવી શકતો નથી.

" नवरं परियारो जहा सूरियाभस्स, सेसं तं चेव जाव णो चेव णं मेहुण-वत्तियं " ચમરની અપેક્ષાએ સોમ લોકપાલના કથનમાં જે વિશેષતા છે. તે આ પ્રમાણે છે-સોમલોકપાલના પરિવારનું વર્ણન સૂર્યાભદેવના પરિવારના વર્ણન પ્રમાણે સમજવું. બાકીનું સમસ્ત કથન ચમરના કથન અનુસાર જ ગ્રહણ કરવું. આ કથનનો સારાંશ ઉપર આપવામાં આવી ગયો છે.

સ્થવિરો પ્રશ્ન–" चमरस्स णं भंते ! जाव रन्नो जमस्स महारन्नो कइ अग्ग-महिसीओ ? " હે ભગવન્! ચમરના લોકપાલ યમ મહારાજને કેટલી અગ્રમ-હિષીઓ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव, नवरं जमाए रायहाणीए, सेसं जहा सोमस्स " હે આર્યો! સોમ લોકલોકપાલના કથન જેવું યમલોકપાલનું કથન સમજવું. એટલે કે યમ મહારાજને પણ ચાર અગ્રમહિષીઓ છે. તે પ્રત્યેકનો એક એક હજાર દેવીઓનો પરિવાર છે, ઇત્યાદિ કથન અહીં પણ ગ્રહણ કરવું. સોમ લોકપાલના કથન કરતાં યમ મહારાજના કથનમાં એટલી જ વિશેષતા છે કે યમ મહારાજની રાજધાનીનું નામ યમા છે તેમના સિંહાસનનું નામ યમ સિંહાસન છે. " एवं वरुणस्स वि, नवरं वरुणाए रायहाणीए " એજ પ્રકારનું કથન ત્રીજા લોકપાલ વરુણ વિષે પણ સમજવું. પરન્તુ તેની રાજધાનીનું નામ વરુણા સમજવું. વરુણને પણ ચાર અગ્રમહિષીઓ છે. તે પ્રત્યેકનો દેવીપરિવાર એક એક હજારનો હોવાથી કુલ ચાર હજારનો દેવીપરિવાર થાય છે. આ સમસ્ત પરિવાર વૈક્રિયશક્તિજન્ય હોય છે.

"एवं वेसमणस्स वि, नवरं वेसमणाए रायहाणीए, सेसं तं चेव, नो चेव णं मेहुणवत्तियं" ચોથા લોકપાલ વૈશ્રમણને પણ ચાર અગ્રમહિષીઓ છે. તે પ્રત્યેક અગ્રમહિષીનો દેવીપરિવાર એક એક હજાર દેવીઓનો કહ્યો છે. એટલે તે પ્રત્યેક દેવી પોતાની વૈક્રિયશક્તિથી ૧૦૦૦-૧૦૦૦ દેવીઓનું નિર્માણ કરી શકે છે, ઇત્યાદિ કથન સોમલોકપાલની અગ્રમહિષીઓના કથન પ્રમાણે સમજવું. સોમ લોકપાલના કથન કરતાં અહીં એટલી જ વિશેષતા છે કે વૈશ્રવણ લોકપાલની રાજધાનીનું નામ વૈશ્રવણા છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સોમલોકપાલની અપેક્ષાએ જેવા પ્રશ્નોત્તરો આગળ આપ્યા છે, એવાં પ્રશ્નોત્તરો અહીં પણ ગ્રહણ કરવા જેમ કે...

પ્રશ્ન-"શું વૈશ્રવણ લોકપાલ પોતાની વૈશ્રવણા રાજધાનીની સુધર્માસભામાં વૈશ્રવણ સિંહાસન પર વિરાજમાન થઈને, પોતના અનેક અસુરકુમાર દેવો અને દેવીઓના સમૂહથી વીંટળાઈને, ઉપર્યુક્ત ચાર હજાર દેવીઓના સમૂહ સાથે દિવ્ય ભોગો ભોગવી શકે છે ખરો ?

ઉત્તર-હે આર્યો ! વૈશ્રવણ લોકપાલ અન્ય દેવોની સાથે નાટ્ય, સંગીત આદિ દિવ્ય ભોગો ભોગવી શકે છે, પરન્તુ તે ત્યાં મૈથુન સેવન કરી શકતો નથી.

સ્થવિર ભગવંતોનો પ્રશ્ન-"बलिस्स णं भंते ! वइरोयणिंदस्स पुच्छा" હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર, વૈરોચનરાજ બલિને કેટલી અગ્રમહિષીઓ કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-"अज्जो ! पंच अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો ! બલીન્દ્રને પાંચ અગ્રમહિષીઓ (પટ્ટરાણીઓ) કહી છે. "तंजहा-सुंभा, निसुंभा, रंभा, निरंभा मदणा" તેમનાં નામ નીચે પ્રમાણે છે- (૧) શુમ્ભા, (૨) નિશુમ્ભા, (૩) રંભા, (૪) નિરંભા અને (૫) મદના (तत्थणं एगमेगाए देवीए अट्ठट्ठ सेसं जहा चमरस्स" તે પ્રત્યેક અગ્રમહિષીનો દેવીપરિવાર આઠ આઠ હજારનો છે. આ વિષયને લગતું બાકીનું સમસ્ત અગ્રમહિષીઓના પૂર્વોક્ત કથન પ્રમાણે સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે બલીન્દ્રની પ્રત્યેક અગ્રમહિષી આઠ આઠ હજાર દેવીઓની વિકુર્વણા કરી શકે છે. આ રીતે બલીન્દ્રનો કુલ દેવીપરિવાર ૪૦ હજારનો થાય છે. તે દેવીપરિવારને બલીન્દ્રનો ત્રુટિત કહે છે. "नवरं बलिचंचाए, रायहाणीए, परियारो जहा मोउद्देसए, सेसं तं चेव जाव मेहुणवत्तियं" ચમરના કથન કરતાં બલિના કથનમાં એટલી જ વિશેષતા છે કે ચમરની રાજધાની ચમરચંચા છે, પણ બલિની રાજધાની બલિચંચા છે. બલિના પરિવારનું કથન ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં કહ્યા અનુસાર સમજવું. આ ઉદ્દેશાને અહીં મોકોદ્દેશક કહેવામાં આવેલ છે. કારણ કે આ ઉદ્દેશામાં વર્ણિત વિષયનું પ્રતિપાદન મોકાનગરીમાં કરાયું હતું. બલીન્દ્ર પણ સુધર્માસભામાં મૈથુન સંબંધી ભોગો ભોગવી શકતો નથી, પરંતુ નાટ્ય, ગીત, વાદ્યસંગીત આદિ શબ્દાદિ ભોગો અવશ્ય ભોગવી શકે છે.

સ્થવિરોનો પ્રશ્ન-"बलिस्स णं भंते ! वइरोयणिंदस्स वइरोयणरण्णो सोमस्स महारण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ?" હે ભગવન્ ! વૈરોચનેન્દ્ર વૈરોચનરાય બલિના લોકપાલ સોમ મહારાજને કેટલી અગ્રમહિષીઓ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अज्जो चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ " હે આર્યો! બલિના લોકપાલ સોમ મહારાજને ચાર અગ્રમહિષીઓ કહી છે. " तंजहा–मीणगा, सुभद्दा, विजया, असणी " તેમનાં નામ નીચે પ્રમાણે છે– (૧) મેનકા, (૨) સુભદ્રા, (૩) વિજયા, અને (૪) અશનિ. " तत्थणं एगमेगाए देवीए सेसं जहा चमरसोमस्स, एवं जाव वेसमणस्स " તે પ્રત્યેકના દેવીપરિવારનું કથન ચમરના લોકપાલ સોમની અગ્રમહિષીઓના પરિવાર પ્રમાણે સમજવું એટલે કે એક એક હજાર દેવીઓનો તે પ્રત્યેક અગ્રમહિષીનો પરિવાર સમજવો. આ રીતે બલીન્દ્રના લોકપાલ સોમનો દેવીપરિવાર ચાર હજારનો થાય છે, એમ સમજવું. એજ બલીન્દ્રના લોકપાલ સોમનું ત્રુટિત (દેવી સમૂહ) સમજવું તેના ભોગ આદિ વિષયક કથન ચમરના લોકપાલ સોમના કથન અનુસાર સમજવું. બલિના બાકીના ત્રણ લોકપાલ–યમ, વરુણ અને વૈશ્રવણના વિષયમાં પણ સોમ લોકપાલના જેવું જ કથન સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન–" धरणस्स णं भंते ! नागकुमारिंदस्स नागकुमारण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ? " હે ભગવન્! નાગકુમારોના ઇન્દ્ર, નાગકુમારરાજ ધરણને કેટલી પટ્ટરાણીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अज्जो छ अग्गमहिसीओ पण्णत्ताओ " હે આર્યો! નાગકુમારેન્દ્ર ધરણને છ ધરણને છ પટ્ટરાણીઓ કહી છે. " 'जहा " તેમનાં નામ આ પ્રમાણે છે–" इला, सुका, सदागा, सोदामणी, इंदा, धणविज्जुया " (૧) ઇલા, (૨) શુકા, (૩) સદ્ગારા, (૪) સૌદામિની, (૫) ઇન્દ્રી અને (૬) ધનવિદ્યુત્કા. " तत्थणं एगमेगाए देवीए छ छ देवीसहस्साइं परिवारो पण्णत्तो " તે પ્રત્યેક પટ્ટરાણીનો દેવીપરિવાર ૬–૬ હજાર દેવીઓનો છે, " पभूणं ताओ एगमेगा देवी अन्नाइं छ छ देवीसहस्साइं परिवारं विउव्वित्तए " કારણ કે તે પ્રત્યેક પટ્ટરાણી પોતાની વૈક્રિયશક્તિથી બીજી છ છ હજાર દેવીઓનું નિર્માણ કરી શકવાને સમર્થ હોય છે. " एवामेव सपुव्वावरेणं छत्तीसं देवीसहस्साइं, से त्तं तुडिए " આ રીતે ધરણેન્દ્રનો કુલ દેવીપરિવાર ૩૬૦૦૦ નો થાય છે. આ છત્રીશ હજારના દેવીપરિવારને ત્રુટિક (વર્ગ) કહે છે,

સ્થવિરોનો પ્રશ્ન–" पभूणं भंते ! धरणे सेसं 'चेव, नवरं धरणाए रायहाणीए, धरणंसि सीहासणंसि, सओ परिवारो, सेसं तं चेव " હે ભગવન્! નાગકુમારેન્દ્ર, નાગકુમારરાજ ધરણ પોતાની ધરણા રાજધાનીની સુધર્માસભામાં ધરણ નામના સિંહાસન પર વિરાજમાન થઈને પોતાના ત્રુટિક સાથે (૩૬ હજાર દેવીઓના પરિવારની સાથે) દિવ્ય ભોગોને ભોગવવાને સમર્થ છે ખરા?

મહાવીર પ્રભુનો ઉત્તર–હે આર્યો! આ પ્રશ્નનો ઉત્તર ચમર અને બલિના પ્રકરણમાં જે પ્રમાણે આપવામાં આવ્યો છે, તે પ્રમાણે ધરણના વિષયમાં પણ સમજવો. તેમાં રાજધાનીના નામનો તથા સિંહાસનના નામનો જ તફાવત છે. ચમરની રાજધાની ચમરચંચા છે, બલિની રાજધાની બલિચંચા છે અને ધરણની રાજધાની ધરણા છે. ધરણના સિંહાસનનું નામ પણ ધરણ સિંહાસન છે. ધરણનો પરિવાર આ પ્રમાણે કહ્યો છે– " छहिं सामाणियसाहस्सीहिं तायत्तीसएहिं, चउहिं लोगपालेहिं, छहिं अग्गमहिसीहिं, सत्तहिं अणिएहिं, सत्तहिं अणियाहिवईहिं, चउवीसाए आयरक्खदेवसाहस्सीहिं,

अन्नेहिं य बहूहिं नागकुमारेहिं देवेहिं य, देवीहिं य सद्धिं संपरिवुडे " તેના છ હજાર સામાનિક દેવો છે, ૩૩ ગુરુસ્થાનીય ત્રાયસ્ત્રિંશક દેવો છે, ચાર લોકપાલો છે, છ પટ્ટરાણીઓ છે, સાત સેનાઓ છે, સાત સેનાઓના સાત સેનાપતિઓ છે, ૨૪ હજાર આત્મરક્ષક દેવો છે, અને બીજાં પણ અનેક નાગકુમાર દેવો અને દેવીઓ છે. આ બધાં દેવોના પરિવારથી તે સદા યુક્ત રહે છે. તે પોતાની સુધર્માસભામાં આ બધાં પરિવારથી યુક્ત થઇને શબ્દાદિક ભોગો ભોગવી શકે છે, પણ મૈથુનસેવન કરી શકતો નથી.

સ્થવિરોનો પ્રશ્ન–" धरणस्स णं नागकुमारिंदस्स कालवालस्स लोगपालस्स महारण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ ? " હે ભગવન્! નાગકુમારેન્દ્ર, નાગકુમાર. રાજ ધરણને જે ચાર લોકપાલો છે, તેમાંથી કાલવાલ નામના લોકપાલને કેટલી અગ્રમહિષીઓ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अज्जो ! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ " હે આર્યો ! ધરણના કાલવાલ નામના લોકપાલને ચાર અગ્રમહિષીઓ છે. "तंजहा" તેમનાં નામ આ પ્રમાણે છે–" असोगा, विमला, सुप्पभा, सुदंसणा " (૧) અશોકા, વિમલા, (૩) સુપ્રભા અને (૪) સુદર્શના. "तत्थणं एगमेगाए अवसेसं जहा चमरस्स लोगपालाणं, एवं सेसाणं तिण्ह वि" તે પ્રત્યેક અગ્રમહિષીનો દેવી પરિવાર ચમરના લોકપાલોની અગ્રમહિષીઓના દેવીપરિવાર જેટલો કહ્યો છે. એટલે કે ચમરના લોકપાલોની અગ્રમહિષીઓનો દેવીપરિવાર એક એક હજારનો કહ્યો છે, તેથી કાલવાલ લોકપાલની પ્રત્યેક અગ્રમહિષીનો ૧૦૦૦–૧૦૦૦ દેવીઓનો પરિવાર સમજવો–તે પ્રત્યેક અગ્રમહિષી પોતાની વિકુર્વણાશક્તિથી બીજી ૧૦૦૦–૧૦૦૦ દેવીઓનું નિર્માણ કરી શકે છે. આ રીતે ચારે અગ્રમહિષીઓ કુલ ૪૦૦૦ દેવીઓનું નિર્માણ કરી શકે છે. આ રીતે કાલવાલ લોકપાલનો દેવીપરિવાર ૪૦૦૦ દેવીઓનો સમજવો. એજ કાલવાલનું ત્રુટિક (દેવીસમૂહ) છે, ઇત્યાદિ સમસ્ત કથન અહીં ચમરના લોકપાલના કથન અનુસાર સમજવું. ધરણના બાકીના ત્રણ લોકપાલોનાં નામ આ પ્રમાણે છે–કોલવાલ, શૈલવાલ અને શંખવાલ. આ ત્રણે લોકપાલો વિષે પણ કાલવાલના જેવી વક્તવ્યતા સમજવી.

સ્થવિર ભગવંતોનો પ્રશ્ન–भूयाणंदस्स णं भंते ! पुच्छा " હે ભગવન્! ભૂતાનન્દને કેટલી અગ્રમહિષીઓ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अज्जो ! छ अग्गमहिसीओ पण्णत्ताओ " હે આર્યો ! ભૂતાનન્દને છ અગ્રમહિષીઓ છે. " तंजहा " તેમનાં નામ નીચે પ્રમાણે છે–"रूया, रूयंसा, सुरूया, रूयगावती, रूयकंता, रूयप्पभा" (૧) રૂપા, (૨) રૂપાંશા, (૩) સુરૂપા, (૪) રૂપકાવતી, (૫) રૂપકાન્તા અને (૬) રૂપપ્રભા. " तत्थणं एगमेगाए देवीए अवसेसं जहा धरणस्स " ભૂતાનન્દની પ્રત્યેક અગ્રમહિષીનો પરિવાર ધરણેન્દ્રની પ્રત્યેક અગ્રમહિષીના પરિવાર જેટલો સમજવો. આ રીતે ભૂતા-

નન્દની પ્રત્યેક અગ્રમહિષીનો દેવી પરિવાર ૬-૬ હજાર દેવીઓનો થાય છે. તેથી તેની છ અગ્રમહિષીઓનો ૩૬૦૦૦ દેવીઓનો કુલ પરિવાર થાય છે. આ રીતે ભૂતાનન્દનો દેવીપરિવાર ૩૬૦૦૦ દેવીઓના સમૂહ રૂપ હોય છે. ઇત્યાદિ સમસ્ત કથન ધરણેન્દ્રના પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ અહીં પણ સમજી લેવું.

સ્થવિરોનો પ્રશ્ન–" भूयाणंदस्स णं भंते ! नागवित्तस्स पुच्छा " હે ભગવન્! ભૂતાનંદના જે ચાર લોકપાલ છે, તેમાંથી નાગવિત્ત નામનો જે લોકપાલ છે. તેને કેટલી અગ્રમહિષીઓ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–चत्तारि अग्गमहिषीओ पण्णत्ताओ " હે આર્યો ! ભૂતાનન્દના લોકપાલ નાગવિત્તને ચાર અગ્રમહિષીઓ છે–" तंजहा " તેમનાં નામ આ પ્રમાણે છે–" सुनंदा, सुभद्दा, सुजाया, सुमणा " (૧) સુનંદા, (૨) સુભદ્રા, સુજાતા અને (૪) સુમના. " तत्थणं एगमेगाए देवीए अवसेसं जहा चमर-लोगपालाणं, एवं सेसाणं तिण्ह वि लोगपालाणं " તે પ્રત્યેક અગ્રમહિષીનો દેવી પરિવાર ચમરના લોકપાલોની અગ્રમહિષીઓના દેવી પરિવાર જેટલો કહ્યો છે. આ રીતે નાગવિત્ત લોકપાલની પ્રત્યેક પટ્ટરાણીનો ૧૦૦૦-૧૦૦૦ દેવીઓનો પરિવાર કહ્યો છે, કારણ કે તે પ્રત્યેક પટ્ટરાણી ૧૦૦૦-૧૦૦૦ દેવીઓનું પોતાની વૈક્રિયશક્તિથી નિર્માણ કરી શકે છે તેથી ચારે અગ્રમહિષીઓનો ૪૦૦૦ દેવી-ઓનો કુલ પરિવાર કહ્યો છે. આ રીતે નાગવિત્ત લોકપાલનો દેવીપરિવાર ૪૦૦૦નો છે. તે પરિવારને ત્રુટિક કહે છે. આ પ્રકારનું કથન નાગવિત્ત સિવાયના ત્રણ લોકપાલો વિષે પણ સમજવું. " जे दाहिणिल्लाणिंदा तेसिं जहा धरणिंदस्स लोगपालाणं पि तेसिं जहा धरणस्स लोगपालाणं " જે દક્ષિણના ઇન્દ્રો છે, તેમની વક્તવ્યતા ધરણેન્દ્રની વકતવ્યતા અનુસાર સમજવી. તથા દક્ષિણેન્દ્રોના લોકપાલોની વક્તવ્યતા ધરણના લોકપાલોની વકતવ્યતા પ્રમાણે જ સમજવી. " उत्तरिल्लाणं इंदाणं जहा भूयाणंदस्स, लोगपालाणं वि तेसिं जहा भूयाणंदस्स लोगपालाणं " ઉત્તર દિશાના ઇન્દ્રોની વક્તવ્યતા ભૂતાનન્દની વક્તવ્યતા પ્રમાણે સમજવી અને ઉત્તરેન્દ્રોના લોકપાલોની વકત-વ્યતા ભૂતાનન્દના લોકપાલોની વક્તવ્યતા જેવી સમજવી. " नवरं " પરન્તુ " इंदाणं सव्वेसिं रायहाणीओ, सीहासणाणी य सरिसणामगाणि " તેમની રાજધાનીઓ અને સિંહાસનોના નામમાં જ ફેર પડે છે. દરેક ઇન્દ્રની રાજ ધાની અને સિંહાસનનું નામ તેના નામ પ્રમાણે જ સમજવું. " परियारो जहा तइयसए पढमे उद्देसए " સમસ્ત ઇન્દ્રોના પરિવારનું કથન ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં આપવામાં આવેલ છે, તો તે પ્રકારનું કથન અહીં પણ ગ્રહણ

કરવું. "लोगपालाणं सव्वेसिं रायहाणीओ सीहासणाणि य सरिसनामगाणि, परियारो जहा चमरस्स लोगपालाणं" સમસ્ત લોકપાલોની રાજધાનીઓ અને સિંહાસનોનાં નામ, તે લોકપાલોના નામ પ્રમાણે જ સમજવા. તે લોકપાલોના પરિવારનું કથન ચમરના લોકપાલોના પરિવારના કથન પ્રમાણે સમજવું-

હવે સ્થવિર ભગવાનો મહાવીર પ્રભુને વ્યન્તરો વિષે પ્રશ્ન પૂછે છે–

"कालस्स णं भंते ! पिसायिंदस्स पिसायरन्नोकइ अग्गमहिसीओ पण्णत्ताओ ? હે ભગવન્ ! પિશાચોના ઇન્દ્ર, પિશાચરાજ કાળને કેટલી અગ્રમહિષીઓ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો ! પિશાચેન્દ્રને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ આ પ્રમાણે છે–"कमला, कमलप्पभा, उप्पला, सुदंसणा" (૧) કમલા, (૨) કમલપ્રભા, (૩) ઉત્પલા અને (૪) સુદર્શના. "तत्थणं एगमेगाए देवीए एगमेगं देवीसहस्सं, सेसं जहा चमरलोगपालाणं परियारो तहेव" આ ચાર અગ્રમહિષીઓમાંની પ્રત્યેક અગ્રમહિષીનો પરિવાર ૧૦૦૦–૧૦૦૦ દેવીઓનો છે. બાકીનું સમસ્ત કથન ચમરના લોકપાલોના કથન અનુસાર સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે તે પ્રત્યેકઅગ્રમહિષી પોતાની વિકુર્વણા શક્તિથી ૧૦૦૦–૧૦૦૦ દેવીઓની વિકુર્વણા કરી શકે . તેથી પિશાચેન્દ્ર કાળનો ૪૦૦૦ નો દેવીપરિવાર થાય છે, જેને કાળનું ત્રુટિક કહેવાય છે. આ રીતે "परिवारो तहेव" ચમરના લોકપાલોના પરિવાર જેવો તેનો પરિવાર કહેવામાં આવ્યો છે. ચમરના લોકપાલોની વક્તવ્યતા કરતાં પિશાચેન્દ્રની વક્તવ્યતામાં જે તફાવત છે, તે રાજધાની અને સિંહાસનના નામમાત્રનો જ છે. પિશેચેન્દ્રની રાજધાનીનું નામ કાલા છે અને તેના સિંહાસનનું નામ કાળ સિંહાસન છે. બાકીનું સમસ્ત કથન ચમરના લોકપાલોના કથનઅનુસાર સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન-"सुरूवस्स णं भंते ! भूइंदस्स भूयरण्णो पुच्छा" હે ભગવન્ ! ભૂતોના ઇન્દ્ર, ભૂતરાજ સુરૂપને કેટલી અગ્રમહિષીઓ કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो ! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો ! ભૂતેન્દ્ર, ભૂતરાજ, સુરૂપને ચાર પટ્ટરાણીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ આ પ્રમાણે છે-(૧) રૂપવતી, (૨) બહુરૂપા, (૩) સુરૂપા અને (૪) સુભગા. "तत्थणं एगमेगाए, सेसं जहा कालस्स एवं पडिरूवस्स वि" તે પ્રત્યેક અગ્રમહિષીનો દેવીપરિવાર ૧૦૦૦–૧૦૦૦ દેવીઓનો કહ્યો છે. બાકીનું કથન પિશાચેન્દ્ર કાળના કથન અનુસાર સમજવું. એટલે કે તે પ્રત્યેક અગ્રમહિષીમાં એવી શક્તિ છે કે તે પોતપોતાની વૈક્રિયશક્તિથી ૧૦૦૦–૧૦૦૦

દેવીઓનું નિર્માણ કરી શકે છે. આ રીતે તેનો દેવીપરિવાર ૪૦૦૦ દેવીઓનો થાય છે. આ દેવીપરિવારને જ તેનું ત્રુટિક કહેવામાં આવ્યું છે. બાકીનું સમસ્ત કથન કાળ ઇન્દ્રના કથન પ્રમાણે સમજવું. પ્રતિરૂપકની વક્તવ્યતા પણ પિશાચેન્દ્ર કાળની વક્તવ્યતા જેવી સમજવી એટલે કે તેને પણ ચાર અગ્રમહિષીઓ છે. તેની દરેક અગ્રમહિષીનો ૧૦૦૦-૧૦૦૦ દેવીઓનો પરિવાર છે. તેથી તેનો પરિવાર ૪૦૦૦ દેવીઓનો છે.

સ્થવિરોનો પ્રશ્ન-" पुण्णभद्दस्स णं भंते ! जक्खिंदस्स पुच्छा " હે ભગવન્! યક્ષોના ઇન્દ્ર પૂર્ણભદ્રને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-" अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ " હે આર્યો! યક્ષેન્દ્ર પૂર્ણભદ્રને ચાર અગ્રમહિષીઓ કહી છે. " 'जहा " તેમનાં નામ આ પ્રમાણે છે-" पुण्णा, बहुपत्तिया, उत्तमा, तारया " (૧) પૂર્ણા, (૨) બહુપુત્રિકા, (૩) ઉત્તમા અને (૪) તારકા. " तत्थणं एगमेगाए सेसं जहा कालस्स " તે પ્રત્યેક અગ્રમહિષીનો દેવીપરિવાર પિશાચેન્દ્ર કાળની અગ્રમહિષીઓની જેમ એક એક હજારનો કહ્યો છે તેને અનુલક્ષીને બાકીનું સમસ્ત કથન પિશાચેન્દ્ર કાળના કથન પ્રમાણે સમજવું. જેમકે..." તે ચાર અગ્રમહિષીમાંની પ્રત્યેક અગ્રમહિષી એક એક હજાર દેવીની વિકુર્વણા કરી શકવાને સમર્થ હોય છે. તેથી ચારે અગ્રમહિષીઓ કુલ ૪૦૦૦ દેવીઓની વિકુર્વણા કરી શકે છે. આ રીતે પૂર્ણભદ્રનો દેવીપરિવાર ૪૦૦૦ દેવીઓનો છે. એ દેવી સમૂહને જ તેનું ત્રુટિક કહે છે." ત્યાર પછીનું સમસ્ત કથન પિશાચેન્દ્ર કાળના કથન અનુસાર સમજવું. " एवं माणिभद्दस्स वि " પૂર્ણભદ્રના જેવું જ મણિભદ્રનું કથન પણ સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન-भीमस्स णं भंते ! रक्खसिंदस्स पुच्छा " હે ભગવન્! રાક્ષસેન્દ્ર ભીમને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-" अज्जो चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ " હે આર્યો! રાક્ષસેન્દ્ર ભીમને ચાર અગ્રમહિષીઓ કહી છે. " तंजहा " તેમનાં નામો આ પ્રમાણે છે-" पउमा, पउमावई, कणगा, रयणप्पभा (૧) પદ્મા, (૨) પદ્માવતી, (૩) કનકા અને (૪) રત્નપ્રભા. " तत्थणं एगमेगाए सेसं जहा कालस्स " તે પ્રત્યેક અગ્રમહિષીનો એક એક હજાર દેવીઓનો પરિવાર છે, કારણ કે તે પ્રત્યેક અગ્રમહિષી પોતાની વૈક્રિયશક્તિથી એક એક હજાર દેવીઓનું નિર્માણ કરવાને સમર્થ હોય છે. આ રીતે રાક્ષસેન્દ્ર ભીમનો ૪૦૦૦ દેવીઓનો પરિવાર થાય છે. આ દેવીપરિવારને તેનું ત્રુટિક કહે છે. ત્યાર પછીનું સમસ્ત કથન પિશાચેન્દ્ર કાળના કથન પ્રમાણે સમજવું.

"एवं महाभीमस्स वि" મહાભીમને પણ ચાર અગ્રમહિષીઓ છે. તેમનો પણ ૧૦૦૦-૧૦૦૦ દેવીઓનો પરિવાર છે, ઇત્યાદિ સમસ્ત કથન પિશાચેન્દ્ર કાળના કથન પ્રમાણે સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન-"किन्नरस्स णं भंते! पुच्छा" હે ભગવન્! કિન્નરોના ઇન્દ્રને કેટલી અગ્રમહિષીઓ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"अज्जो चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! કિન્નરોના ઇન્દ્રને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે-"वडेंसा, केतुमई, रइसेणा, रइप्पिया" (૧) વતંસા, (૨) કેતુમતી, (૩) રતિસેના અને (૪) રતિપ્રિયા. "तत्थणं सेसं तंचेव" તે ચારમાંની પ્રત્યેક અગ્રમહિષીનો એક એક હજારનો દેવી પરિવાર છે. તે પ્રત્યેક દેવી પોતાની વિકુર્વણાશક્તિથી એક એક હજાર દેવીઓનું નિર્માણ કરી શકે છે. આ રીતે કિન્નરેન્દ્રનો દેવીપરિવાર ૪૦૦૦ દેવીઓનો થાય છે તે ૪૦૦૦ ના દેવીપરિવારને કિન્નરેન્દ્રનું ત્રુટિક કહે છે. બાકીનું સમસ્ત કથન આગળના કથન પ્રમાણે સમજવું.

"एवं किंपुरिसस्स वि" એજ પ્રમાણે કિંપુરુષને પણ ચાર અગ્રમહિષીઓ કહી છે. તેમને વિષે પણ આગળ મુજબ વકતવ્યતા સમજવી.

સ્થવિરોનો પ્રશ્ન-"सप्पुरिसस्स णं पुच्छा" હે ભગવન્! સત્પુરુષને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! સત્પુરુષને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે-"रोहिणी, नवमिया, हिरी, पुप्फवई" (૧) રોહિણી, (૨) નવમિકા, (૩) હી અને (૪) પુષ્પવતી. "तत्थणं एगमेगाए० सेसं तंचेव" તે પ્રત્યેક અગ્રમહિષીનો એક એક હજાર દેવીઓનો પરિવાર છે, તે પ્રત્યેક દેવી પોત પોતાની વિકુર્વણા શક્તિ વડે બીજા એકએક હજાર દેવીઓના પરિવારની વિકુર્વણા કરી શકે છે. બાકીનું સમસ્ત કથન પિશાચેન્દ્ર કાળના કથન અનુસાર સમજવું.

"एवं महापुरिसस्स वि" એજ પ્રકારનું કથન મહાપુરુષને વિષે પણ સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન-"अतिकायस्स णं भंते! पुच्छा" હે ભગવન્! મહોરગેન્દ્ર અતિકાયને કેટલી અગ્રમહિષીઓ કહી છે? મહાવીર પ્રભુનો ઉત્તર-"अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! મહોરગેન્દ્ર અતિકાયને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે-"भुयंगा, भुयंगवइ, महाकच्छा, फुडा" (૧) ભુજંગા, (૩) ભુજંગવતી, (૩) મહાકચ્છા અને (૪) સ્ફુટા. "तत्थणं एगमेगाए० सेसं तंचेव" તે પ્રત્યેક અગ્રમહિષીનો એક એક હજાર દેવીઓનો પરિવાર છે. તે પ્રત્યેક દેવી પોતાની વિકુર્વણા શક્તિ વડે બીજા એક એક હજાર દેવીઓના પરિવારનું નિર્માણ કરી શકે છે. બાકીનું સમસ્ત કથન પિશાચેન્દ્ર કાળના કથન પ્રમાણે સમજવું.

"एवं महाकायस्स वि" એજ પ્રમાણે મહાકાયને પણ ચાર અગ્રમહિષીઓ છે. તેને અનુલક્ષીને બાકીનું સમસ્ત કથન આગળના કથન અનુસાર સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન–"गीयरइस्स णं. भंते! पुच्छा" હેભગવન્! ગીતરતિને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! ગીતરતિને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે–"सुघोसा, विमला, सुस्सरा, सरस्सई" (૧) સુઘોષા, (૨) વિમલા, (૩) સુસ્વરા અને (૪) સરસ્વતી. "तत्थणं एगमेगाए देवीए, सेसं तंचेव" તે પ્રત્યેક અગ્રમહિષીનો એક એક હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે. બાકીનું સમસ્ત કથન પહેલા કહ્યા પ્રમાણેનું સમજવું "एवं गीयजसस्स वि" એજ પ્રકારનું કથન ગીતયશના પરિવાર આદિના વિષયમાં પણ સમજવું. એટલે કે તેને પણ ચાર અગ્રમહિષીઓ છે, ઇત્યાદિ કથન પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર સમજવું. એજ વાત સૂત્રકારે "सव्वेसिं एएसिं जहा कालस्स" આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. આ કથનનું તાત્પર્ય એ છે કે કિંપુરુષથી લઈને ગીતયશ પર્યન્તના ઇન્દ્રોની વક્તવ્યતા કાલેન્દ્રની વક્તવ્યતા અનુસાર સમજવી. "नवरं सरिसनामियाओ रायहाणीओ, सीहासणाणि य, सेसं तंचेव" તે બધાં ઇન્દ્રોનાં નામ પ્રમાણે જ તેમની રાજધાનીઓ અને તેમનાં સિંહાસનોનાં નામ સમજવા. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન પ્રમાણે સમજવું. હવે સ્થવિરો જ્યોતિષ્કેન્દ્રો વિષે નીચે પ્રમાણે પ્રશ્નો પૂછે છે–

"चंदस्स णं भंते! जोइसिंदस्स जोइसरण्णो पुच्छा" હે ભગવન્! જ્યોતિષિક દેવોના ઇન્દ્ર, જ્યોતિષ્કરાજ ચંદ્રને કેટલી અગ્રમહિષીઓ છે? મહાવીર પ્રભુનો ઉત્તર– "अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! જ્યોતિષ્કેન્દ્ર ચન્દ્રને ચાર અગ્રમહિષીઓ કહી છે. 'तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે–"चंदप्पभा, दोसिणाभा, अच्चिमाली, पभंकरा" (૧) ચન્દ્રપ્રભા, (૨) જ્યોત્સ્નાભા, (૩) અર્ચિર્માલી અને (૪) પ્રભંકરા. "एवं जहा जीवभिगमे जोइसियउद्देसए तहेव" જીવાભિગમ સૂત્રના જ્યોતિષિક ઉદ્દેશામાં કહ્યા પ્રમાણેનું કથન અહીં ગ્રહણ કરવું જોઈએ ત્યાં આ વિષયને અનુલક્ષીને આ પ્રમાણે કહ્યું છે– "तत्थणं एगमेगाए देवीए चत्तारि चत्तारि देवीसाहस्सीओ परिवारो पण्णत्तो, पहूणं ताओ एगमेगा देवी अन्नाइं चत्तारि चत्तारि देवीसहस्साइं परिवारं विउव्वित्तए. एवामेव सपुव्वावरेणं सोलस देवी साहस्सीओ पण्णत्ताओ" તે પ્રત્યેક અગ્રમહિષીનો ચાર ચાર હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે. વળી તે પ્રત્યેક અગ્રમહિષી પોતપોતાની વિકુર્વણા શક્તિવડે ૪૦૦૦–૪૦૦૦ અન્ય

દેવીઓનું નિર્માણ કરવાને પણ સમર્થ હોય છે. આ રીતે ચન્દ્રનો કુલ ૧૬૦૦૦ દેવીઓનો પરિવાર થાય છે.

"सूरस्स वि सूरप्पभा, आयवाभा, अच्चिमाली, पभंकरा" સૂર્યને પણ આ ચાર અગ્રમહિષીઓ છે.-(૧) સૂર્યપ્રભા, (૨) આતપાભા, (૩) અર્ચિર્માલી અને (૪) પ્રભંકરા. "सेसं तं चेव, जाव णो चेव णं मेहुणवत्तियं" બાકીનું સમસ્ત કથન ચન્દ્રના કથન પ્રમાણે સમજવું. જેમ કે-સૂર્યની પ્રત્યેક અગ્રમહિષીનો ચાર ચાર હજાર દેવીઓનો પરિવાર છે. વળી તે પ્રત્યેક અગ્રમહિષી પોતાની વિકુર્વણા શક્તિ વડે બીજા ચાર ચાર હજાર દેવીઓના પરિવારનું નિર્માણ કરી શકે છે. આ રીતે સૂર્યનો ૧૬૦૦૦ દેવીઓનો પરિવાર થાય છે. તે પરિવારને સૂર્યનું ત્રુટિક કહે છે. "તે પોતાની સભામાં મૈથુન સંબંધી ભોગો ભોગવી શકવાને સમર્થ નથી," આ કથન પર્યન્તનું સમસ્ત કથન ચમરેન્દ્રના પૂર્વોક્ત કથન અનુસાર સમજવું.

હવે સ્થવિર ભગવંતો મંગળગ્રહ વિષે નીચેનો પ્રશ્ન પૂછે છે- "इंगालस्स णं भंते! महग्गहस्स कइ अग्गमहिसीओ पण्णत्ताओ?" હે ભગવન્! અંગાર (મંગળ) નામનો જે મહાગ્રહ છે, તેને કેટલી પટ્ટરાણીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર- "अज्जो चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! મહાગ્રહ મંગળને ચાર પટ્ટદેવિયો કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે-"विजया, वेजयंती, जयंती, अपराजिया" (૧) વિજયા, (૨) વૈજયન્તી, (૩) જયન્તી અને (૪) અપરાજિતા. "तत्थणं एगमेगाए देवीए, सेसं तंचेव जहा चंदस्स" તે પ્રત્યેક દેવીનો ચાર ચાર હજાર દેવીઓનો પરિવાર છે, અને તે પ્રત્યેક દેવી પોતપોતાની વૈક્રિય શક્તિવડે બીજા ચાર ચાર હજાર દેવીઓના પરિવારની વિકુર્વણા કરી શકે છે. આ રીતે મહાગ્રહ મંગળનો દેવીપરિવાર ૧૬૦૦૦નો થાય છે. તે પરિવારને તેનું ત્રુટિક કહે છે. તેના વિષે બાકીનું સમસ્ત કથન ચન્દ્રના કથન પ્રમાણે સમજવું. "नवरं इंगालवडेंसए विमाणे इंगालगंसि सीहासणंसि, सेसं तंचेव" પરન્તુ ચન્દ્રના કથન કરતાં મંગળમાં આટલી જ વિશેષતા છે-મહાગ્રહ મંગળના વિમાનનું નામ અંગારાવતંસક છે, અને સિંહાસનનું નામ અંગારક છે. બાકીનું સમસ્ત કથન ચન્દ્રના કથન મુજબ સમજવાનું છે.

"एवं जाव वियालगस्स वि, एवं अट्ठासीतीए वि महग्गहाणं भाणियव्वं जाव भावकेउस्स" એજ પ્રકારનું વિકાલ મહાગ્રહનું પણ કથન સમજવું. એટલે કે વિકાલ મહાગ્રહને પણ ચાર પટ્ટદેવિયો છે. તે દરેક પટ્ટદેવિયોનો ચાર ચાર હજાર દેવીઓનો પરિવાર છે, અને તે પ્રત્યેક પટ્ટરાણી બીજી ચાર ચાર હજાર દેવીઓનું પોતાની વૈક્રિય શક્તિવડે નિર્માણ કરી શકે છે. વિકાલ મહાગ્રહ વિષેનું બાકીનું સમસ્ત કથન ચન્દ્રના કથન પ્રમાણે સમજવું.

"जाव भावकेउस्स" આ સૂત્રાંશ દ્વારા સૂત્રકારે એ વાત પ્રકટ કરી છે કે ઝાકીના અંગારક, વિકાલક, લોહિતાક્ષ, શનૈશ્ચર, આધુનિક, પ્રાધુનિક, કણ, કણુક, કણકણુક, કણવિતાનક આદિ ભાવકેતુ પર્યન્તના ૮૮ ગ્રહોની વક્તવ્યતા પણ આ પ્રમાણે જ સમજવી આ બધાં ગ્રહોને પણ ચાર, ચાર અગ્રમહિષીઓ છે, ઇત્યાદિ સમસ્ત કથન ચન્દ્રના કથન પ્રમાણે સમજવું. આ બધાં ગ્રહોની વિશેષ વક્તવ્યતા સૂર્યપ્રજ્ઞપ્તિમાં આપવામાં આવેલ છે. "नवरं वडेंसगा सीहासणाणि य सरिसनामगाणि, सेसं तंचेव" ચન્દ્રના કથન કરતાં આ ગ્રહોના કથનમાં એટલી જ વિશેષતા કહી છે કે આ દરેક ગ્રહના નામ પ્રમાણે જ તેમના વિમાનાવતંસકોના અને સિંહાસનોનાં નામ સમજવા જોઇએ.

સ્થવિરોનો પ્રશ્ન–"सक्कस्स णं भंते! देविंदस्स देवरण्णो पुच्छा" હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ શક્રને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो! अट्ठ अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! દેવેન્દ્ર, દેવરાજ શક્રને આઠ અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે–"पउमा, सिवा, सेया, अंजू, अमला, अच्छरा, नवमिया, रोहिणी," (૧) પદ્મા. (૨) શિવા, (૩) શ્વેતા, (૪) અંજૂ, (૫) અમલા, (૬) અપ્સરા, (૭) નવમિકા અને (૮) રોહિણી. "तत्थणं एगमेगाए देवीए सोलस सोलस देवीसहस्सा परिवारो पण्णत्तो" તે પ્રત્યેક અગ્રમહિષીનો સોળ સોળ હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે. "पभूणं ताओ एगमेगा देवी अन्नाइं सोलस सोलस देवीसहस्सं परियारं विउव्वित्तए" અને તે પ્રત્યેક પટ્ટરાણી પોતપોતાની વિકુર્વણા શક્તિ વડે બીજી ૧૬–૧૬ હજાર દેવીઓનું નિર્માણ કરી શકે છે. "एवामेव सपुव्वावरेणं अट्ठावीसुत्तरं देवीसयसहस्सं परियारो, से त्तं तुडिए" આ રીતે શક્રનો દેવીપરિવાર ૧૨૮૦૦૦ નો છે. તેને શક્રનું ત્રુટિક કહે છે.

સ્થવિરોનો પ્રશ્ન–"पभूणं भंते! सक्के देविंदे देवराया, सोहम्मे कप्पे, सोहम्मवडेंसए विमाणे, सभाए सुहम्माए, सक्कंसि सीहासणंसि तुडिएणं सद्धिं, सेसं जहा चमरस्स" હે ભગવાન્! દેવેન્દ્ર, દેવરાજ શક્ર, સૌધર્મકલ્પમાં, સૌધર્માવતંસક વિમાનની સુધર્મા સભામાં પોતાના શક્ર નામના સિંહાસન પર વિરાજમાન થઇને પોતાના ત્રુટિકની (૧૨૮૦૦૦ દેવીઓના પરિવારની) સાથે ભોગો ભોગવી શકે છે ખરો?

મહાવીર પ્રભુનો ઉત્તર–હે આર્યો! ચમરના પ્રકરણમાં કહ્યા પ્રમાણે જ ઉત્તર અહીં પણ સમજવો. "नवरं परियारो जहा मोउद्देसए" પરન્તુ ચમરના પરિવાર કરતાં શક્રના પરિવારમાં જે વિશેષતા છે, તે ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે સમજવી. (મોકા નગરીમાં આ ઉદ્દેશાની પ્રરૂપણા થઈ હતી, તેથી આ ઉદ્દેશાને મોકાઉદ્દેશક પણ કહે છે.)

સ્થવિરોનો પ્રશ્ન–"सक्कस्स णं भंते! देविंदस्स देवरण्णो सोमस्स महारण्णो

कइ अग्गमहिसीओ पण्णत्ताओ" હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ શક્રના લોકપાલ સોમ મહારાજને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! શક્રના લોકપાલ સોમ મહારાજને ચાર અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ આ પ્રમાણે છે.–"रोहिणी, मदणा, चित्ता, सोमा" (૧) રોહિણી, (૨) મદના, (૩) ચિત્રા અને (૪) સોમા. "तत्थणं एगमेगाए देवीए. सेसं जहा चमरस्स लोगपालाणं" ચમરના લોકપાલોની અગ્રમહિષીઓની જેમ સોમ લોકપાલની અગ્રમહિષીઓનો એક એક હજાર દેવીઓનો પરિવાર કહ્યો છે. તે પ્રત્યેક અગ્રમહિષી પોતપોતાની વૈક્રિય શક્તિ વડે બીજી એક એક હજાર દેવીઓનું નિર્માણ કરી શકે છે. આ રીતે શક્રના લોકપાલ સોમનો ૪૦૦૦ દેવીઓનો પરિવાર છે. તેને સોમલોકપાલનું ત્રુટિક કહે છે. બાકીનું સમસ્ત કથન ચમરના લોકપાલના કથન અનુસાર સમજવું. "नवरं" પરન્તુ તે કથન કરતાં આ કથનમાં એટલીજ વિશેષતા છે કે "सयंपभे विमाणे, सभाए सुहम्माए, सोमंसि सीहासणंसि, सेसं तं चेव" શક્રના લોકપાલ સોમમહારાજના વિમાનનું નામ સ્વયંપ્રભ વિમાન છે, તેમની સભાનું નામ સુધર્મા સભા છે અને સિંહાસનનું નામ સોમ સિંહાસન છે. બાકીનું સમસ્ત કથન ચમરના લોકપાલોના કથન પ્રમાણે જ સમજવું.

"एवं जाव वेसमणस्स, नवरं विमाणाइं जहा तइयसए" એજ પ્રકારનું કથન યમ, વરુણ અને વૈશ્રવણ નામના બાકીના ત્રણ લોકપાલો વિષે પણ સમજવું. એટલે કે તે દરેક લોકપાલને પણ ચાર ચાર પટ્ટદેવીઓ છે અને તે પ્રત્યેક પટ્ટદેવીનો ૧૦૦૦–૧૦૦૦ નો દેવીપરિવાર છે, ઇત્યાદિ કથન ચમરના લોકપાલોના કથન પ્રમાણે સમજવું. પરન્તુ આ કથનમાં વિમાનોના નામની અપેક્ષાએ જ વિશેષતા રહેલી છે, તે વિમાનોનાં નામ આ પ્રમાણે કહ્યાં છે. સોમનું સ્વયંપ્રભ વિમાન છે, યમનું વશિષ્ઠ વિમાન છે, વરુણનું સ્વયંજલ વિમાન છે અને વૈશ્રવણનું વલ્ગુ વિમાન છે.

સ્થવિરોનો પ્રશ્ન—"ईसाणस्स णं भंते! पुच्छा" હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ ઇશાનને કેટલી અગ્રમહિષીઓ કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર— "अज्जो! अट्ठ अग्गमहिसीओ पण्णत्ताओ" હે આર્યો! દેવેન્દ્ર, દેવરાજ ઇશાનને આઠ અગ્રમહિષીઓ કહી છે. "तंजहा" તેમનાં નામ નીચે પ્રમાણે છે— "कण्हा, कण्हराई, रामा, रामरक्खिया, वसू, वसुगुत्ता, वसुमित्ता, वसुंधरा," (૧) કૃષ્ણા, (૨) કૃષ્ણરાજિ, (૩) રામા (૪) રામરક્ષિતા, (૫) વસૂ, (૬) વસુગુપ્તા, (૭) વસુમિત્રા, (૮) વસુંધરા 'तत्थणं एगमेगाए देवीए, सेसं जहा सक्कस्स" તે પ્રત્યેક અગ્રમહિષીનો ૧૬–૬૬ હજારનો

દેવીપરિવાર કહ્યો છે અને તે પ્રત્યેક અગ્રમહિષીમાં એવી શક્તિ રહેલી હોય છે કે જો તેઓ ધારે તો પોતપોતાની વૈક્રિયશક્તિ વડે બીજી ૧૬-૧૬ હજાર દેવીઓનું નિર્માણ કરી શકે છે. આ રીતે ઈશાનેન્દ્રનો ૧ લાખ ૨૮ હજાર દેવીઓનો પરિવાર થાય છે, તે પરિવારને ઈશાનેન્દ્રનું ત્રુટિક કહે છે. ઈશાનેન્દ્રના વિષયને અનુલક્ષીને બાકીનું સમસ્ત કથન શક્રના પૂર્વોક્ત કથન અનુસાર સમજવું.

સ્થવિરોનો પ્રશ્ન— "**ईसाणस्स णं भंते! देविंदस्स सोमस्स महारण्णो कइ अग्गमहिसीओ पण्णत्ताओ?**" હે ભગવન્! દેવેન્દ્ર દેવરાજ ઈશાનના લોકપાલ સોમ મહારાજને કેટલી અગ્રમહિષીઓ કહી છે? મહાવીર પ્રભુનો ઉત્તર- "**अज्जो! चत्तारि अग्गमहिसीओ पण्णत्ताओ**" હે આર્યો! ઈશાનેન્દ્રના લોકપાલ સોમને ચાર અગ્રમહિષીઓ કહી છે. "**तंजहा**" તેમનાં નામ નીચે પ્રમાણે છે—

"**पुढवी, राई, रयणी, विज्जू**" (૧) પૃથ્વી, (૨) રાત્રી, (૩) રજની અને (૪) વિદ્યુત્ "**तत्थणं एगमेगाए देवीए सेसं जहा सक्कस्स लोगपालाणं**" "તે પ્રત્યેક અગ્રમહિષીનો એક એક હજારનો દેવીનો પરિવાર છે. ઇત્યાદિ સમસ્ત કથન શક્રના લોકપાલોના કથન પ્રમાણે સમજવું. એટલે કે તે પ્રત્યેક અગ્રમહિષી પોતાની વૈક્રિય શક્તિ વડે બીજી એક એક હજાર દેવીઓની વિકુર્વણા કરી શકે છે. આ રીતે સોમ લોકપાલનો દેવીપરિવાર ચાર હજારનો થાય છે. આ ૪૦૦૦ દેવીઓના સમૂહને તેનું ત્રુટિક કહે છે.

"**एवं जाव वरुणस्स**" એજ પ્રમાણે તેના બીજા લોકપાલો યમ, વરુણ અને વૈશ્રવણને વિષે પણ સમજવું "**नवरं विमाणा जहा चउत्थसए, सेसं तंचेव जाव, णो चेव णं मेहुणवत्तियं**" પરન્તુ ઈશાનેન્દ્રના લોકપાલોનાં વિમાનોનાં નામ પહેલાથી લઈને આઠમાં ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે સમજવા. સોમનું વિમાન સુમન, યમનું સર્વતોભદ્ર, વરુણનું વલ્ગુ અને વૈશ્રમણનું સુવલ્ગુ છે. બાકીનું તેઓ મૈથુન સેવન કરી શકતા નથી," આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં શક્રેન્દ્રના લોકપાલોના કથન અનુસાર સમજવું. સૂત્રનો ઉપસંહાર કરતાં સ્થવિરો મહાવીર પ્રભુનાં વચનોમાં પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતા કહે છે કે— "**सेवं भंते! सेवं भंते! त्ति**" હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આપની વાત યથાર્થ છે. આ પ્રમાણે કહીને, પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બિરાજમાન થયા. ॥સૂ૦ ૨॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજકૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના દસમા શતકનો પાંચમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૦-૫॥

છટ્ઠા ઉદ્દેશાનો પ્રારંભ—
દેવાવસ્થાન વિશેષ વક્તવ્યતા

"कहिणं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो" ઈત્યાદિ.

ટીકાર્થ—પાંચમાં ઉદ્દેશામાં દેવ અને દેવી વિષયક વક્તવ્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. હવે આ છટ્ઠા ઉદ્દેશામાં તે દેવોનાં સ્થાન આદિની પ્રરૂપણા કરવામાં આવે છે.

આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે "कहिं णं भंते ! सक्कस्स देविंदस्स देवरण्णो सभा सुहम्मा पण्णत्ता ?" હે ભગવન્! દેવેન્દ્ર, દેવરાજ શક્રની સુધર્મા સભા કયાં આવેલી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए एवं जहा रायप्पसेणइज्जे जाव पंच वडेंसगा पण्णत्ता"

"હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપના સુમેરુ પર્વતની દક્ષિણ દિશામાં આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમ અને રમણીય ભૂમિભાગની ઉપર ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર અને તારાઓ છે. ત્યાંથી અનેક યોજન, અનેક સેંકડો યોજન, અનેક હજાર યોજન, અનેક લાખ યોજન, અનેક કરોડ યોજન અને અનેક કોટાકોટી યોજન દૂર સૌધર્મ નામનું કલ્પ આવેલું છે–" ઈત્યાદિ કથન રાજપ્રશ્નીય સૂત્રમાં કહ્યા અનુસાર સમજવું, તે સૌધર્મ દેવલોકમાં પાંચ અવતંસક- શ્રેષ્ઠ વિમાન છે. "तंजहा" તે વિમાનોનાં નામ નીચે પ્રમાણે "असोगवडेंसए, जाव मज्झे सोहम्मवडेंसए" (૧) અશોકાવતંસ, (૨) સપ્તપર્ણાવતંસક, (૩) ચંપકાવતંસક, (૪) આમ્રાવતંસક અને (૫) મધ્યમાં રહેલું સૌધર્માવતંસક. "सेणं सोहम्मवडेंसए महाविमाणे अद्धतेरस य जोयणसयसहस्साइं आयामविक्खंभेणं" તે સૌધર્માવતંસક વિમાનની લંબાઇ અને પહોળાઇ ૧૨॥ સાડા બાર લાખ યોજનની કહી છે. પ્રસ્તુત વિષયનું પ્રતિપાદન કરવા નિમિત્તે સૂત્રકારે અહીં નીચેની ગાથા મૂકી છે "एवं जहा सूरियाभे तहेव माणं तहेव उववाओ" રાજપ્રશ્નીય સૂત્રમાં સૂરિયાભ વિમાનનું જે પ્રમાણ કહ્યું છે, તે ઉપર્યુક્ત પ્રમાણ સૌધર્માવતંસક મહાવિમાનનું પણ સમજવું. જેવું સૂર્યાભ દેવના દેવરૂપે તે વિમાનમાં ઉપપાત થવાનું કથન રાજપ્રશ્નીય સૂત્રમાં કરવામાં આવ્યું છે, એવું જ શક્રના સૌધર્માવતંસક વિમાનમાં ઉપપાત વિષયક કથન સમજવું "अभिसेओ तहेव जह सरियाभस्स" રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવના અભિષેકનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ શક્રના અભિષેકનું વર્ણન પણ સમજવું "अलंकार अच्चनिया तहेव" રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવના અલંકારોનું તથા અર્ચનિકાનું જેવું વર્ણન કરવામાં આવ્યું

છે એવું જ વર્ણન શક્રના અલંકાર આદિના વિષે પણ સમજવું. "जाव आयरक्खत्ति" તે સમસ્ત વર્ણન આત્મરક્ષક દેવોના વર્ણન પર્યન્ત અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. "दो सागरोवमाइं ठिई" શક્રની સ્થિતિ (તે દેવલોકનું આયુષ્ય) બે સાગરોપમનું કહ્યું છે. આ સઘળા કથનનો ભાવાર્થ એ છે કે રાજપ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ વર્ણન શક્રનું પણ સમજવું જોઇએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"सक्केणं भंते! देविंदे देवराया के महिड्ढिए जाव के महासोक्खे?" હે ભગવન્ દેવેન્દ્ર દેવરાજ શક્ર કેવી મહાઋદ્ધિ અને મહાદ્યુતિવાળો છે? તે કેવો પ્રભાવશાળી છે? તે કેવો મહાયશવાળો છે? તે કેવો મહાબળસંપન્ન છે? તે કેવો મહાસુખસંપન્ન છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा!" महिड्ढिए जाव महासोक्खे" દેવેન્દ્ર, દેવરાજ શક્ર ઘણી જ મહાન ઋદ્ધિવાળો, ઘણી જ મહાદ્યુતિવાળો, ઘણા જ મહાપ્રભાવવાળો, ઘણા જ મહાયશવાળો અને ઘણા જ મહાસુખવાળો છે. "से णं तत्थ बत्तीसाए विमाणावाससयसहस्साणं जाव विहरइ" તે શક્રેન્દ્ર સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ વિમાનોનું, ૮૪ હજાર સામાનિક દેવોનું, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવોનું, આઠ અગ્રમહીષીઓનું અને બીજા પણ ઘણાં દેવદેવીઓનું આધિપત્ય પૌરપત્ય, સ્વામિત્વ, અને ભર્તૃત્વ કરતો થકો આનંદપૂર્વક પોતાનો સમય વ્યતીત કરે છે. "एवं महिड्ढिए जाव एवं महासोक्खे सक्के देविंदे देवराया" હે ગૌતમ! આ પ્રમાણે (ઉપર વર્ણવ્યા પ્રમાણે) દેવેન્દ્ર, દેવરાજ શક્ર ઘણી મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાપ્રભાવ, મહાબળ, મહાયશ અને મહાસુખથી સંપન્ન છે.

ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે કે "सेवं भंते! सेवं भंते! त्ति" હે ભગવન્! આપની વાત બિલકુલ સત્ય છે. હે ભગવન! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું, તે સર્વથા સત્ય જ છે." આ પ્રમાણે કહીને તેમને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને વિરાજમાન થઇ ગયા. ॥ સૂ૦ ૧ ॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના દશમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ॥૧૦–૬॥

સાતમા ઉદ્દેશાનો પ્રારંભ—

"कहिणं भंते ! उत्तरिल्लाणं एगोरुयमणुस्साणं" ઈત્યાદિ.

ટીકાર્થ— સૂત્રકારે છઠ્ઠા ઉદ્દેશામાં સુધર્મા સભાની પ્રરૂપણા કરી છે. તે સુધર્માસભા આશ્રય વિશેષ સ્થાનરૂપ છે. આ સંબંધને અનુલક્ષીને હવે સૂત્રકાર આશ્રયવિશેષ સ્થાનરૂપ અન્તદ્વીપો અને તેમની સંખ્યા ૨૮ અઠયાવીસની છે કે જે મેરુપર્વતની ઉત્તરદિશામાં રહેલા શિખરી પર્વત પર છે, અને લવણસમુદ્રની અંદર છે; તેમની પ્રરૂપણા કરે છે. એવાં ૨૮ અન્તદ્વીપો છે. ગૌતમ સ્વામી તે અન્તદ્વીપો વિષે મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછે છે—" कहिं णं भंते ! उत्तरिल्लाणं एगोरुयमणुस्साणं एगोरुय दीवे पण्णत्ते ?" હે ભગવન્ ! ઉત્તર દિશામાં રહેનારા એકોરુક મનુષ્યોનો એકોરુક નામનો દ્વીપ કયાં આવેલો છે'

મહાવીર પ્રભુનો ઉત્તર—" एवं जहा जीवाभिगमे तहेव निरवसेसं जाव सुद्धदंतदीवो त्ति, एए अट्ठावीसं उद्देसगा भाणियव्वा " હે ગૌતમ ! આ દ્વીપની જેવી પ્રરૂપણા જીવાભિગમ સૂત્રમાં કરવામાં આવી છે, એવી જ સમસ્ત પ્રરૂપણા અહીં પણ થવી જોઈએ. " શુદ્ધદન્ત " પર્યન્તના દ્વીપો વિષેનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. અહિં ' યાવત્ ' પદથી નવમાં શતકના ત્રીજા ઉદ્દેશામા જે ૨૮ દ્વીપો ગણાવવામાં આવ્યા છે, તે ૨૮ દ્વીપ અહીં ગ્રહણ કરવામાં આવેલ છે. તે ૨૮ અન્તદ્વીપોનાં નામ નીચે પ્રમાણે છે—(૧) એકોરુક (૨) આભાસિક, (૩) વૈષાણિક, (૪) લાંગુલિક, (૫) હયકર્ણ (૬) ગજકર્ણ, (૭) ગોકર્ણ, (૮) શષ્કુલીકર્ણ, (૯) આદર્શમુખ. (૧૦) મેઢ્રમુખ (૧૧) અયોમુખ (૧૨) ગોમુખ (૧૩) અશ્વમુખ, (૧૪) હસ્તિમુખ, (૧૫) સિંહમુખ, (૧૬) વ્યાઘ્રમુખ, (૧૭) અશ્વકર્ણ, (૧૮) હસ્તિકર્ણ, (૧૯) કર્ણ (૨૦) કર્ણપ્રાવરણ (૨૧) ઉલ્કામુખ, (૨૨) મેઘમુખ, (૨૩) વિદ્યુન્મુખ, (૨૪) વિદ્યુદન્ત, (૨૫) ઘનદન્ત, (૨૬) લષ્ટદન્ત, (૨૭) ગૂઢદન્ત અને (૨૮) શુદ્ધદન્ત આ ઉત્તર દિશાના અન્તદ્વીપોની લંબાઈ, પહોળાઈ આદિનું વર્ણન નવમાં શતકના ત્રીજા ઉદ્દેશામાં કર્યા પ્રમાણે અહીં પણ ગ્રહણ કરવું પ્રત્યેક અન્તદ્વીપની લંબાઈ, પહોળાઇ આદિનું પ્રતિપાદન કરતો એક એક ઉદ્દેશક છે. તેથી ૨૮ અન્તરદ્વીપોનું વર્ણન કરતા ૨૮ ઉદ્દેશકો અહીં સમજવા જોઈએ. એજ વાતને સૂત્રકારે " एए अट्ठावीसं उद्देसगा भाणियव्वा " આ સૂત્રપાઠદ્વારા પ્રકટ કરી છે. સૂત્રને અન્તે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં

વચનોમાં પોતાની અપાર શ્રદ્ધા પ્રકટ કરતા કહે છે કે "सेवं भंते ! सेवं भंते ! त्ति" "હે ભગવન્ ! આપે જે કહ્યું તે સત્ય જ છે હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું, તે સર્વથા સત્ય છે." આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બેસી ગયા. ।।સૂ૦ ૧।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના દશમા શતકનો સાતમો ઉદ્દેશક સમાપ્ત ।।૧૦-૭।।

દશમું સતક સમાપ્ત

ગ્યારહવેં શતક કે ઉદ્દેશાઓ કી સંગ્રહ ગાથાયેં

અગિયારમા શતકનો પ્રારંભ

આ શતકમાં કયા કયા વિષયની પ્રરૂપણા કરવામાં આવી છે, તે નીચેની સંગ્રહગાથા દ્વારા પ્રકટ કરવામાં આવેલ છે.

"उप्पल सालु पलासे कुंभी नाळी य पउमकन्नीय।
नलिण सिव लोग काला-लंभिय दस दोय एक्कारे ।।

ઉત્પલ (૧) શાલૂક, (૨) પલાશ (૩) કુંભી, (૪) નાલિક (૫) પદ્મ (૬) કર્ણિકા (૭) નલિન (૮) શિવરાજર્ષિ (૯) લોક (૧૦) કાળ અને (૧૧) આલમ્ભિક. આ અગિયારમાં શતકમાં આ પ્રમાણે ૧૨ ઉદ્દેશાની પ્રરૂપણા કરવામાં આવી છે.

ટીકાર્થ—ઉત્પલ એટલે કમલ વિશેષ. પહેલા ઉદ્દેશામાં તેની પ્રરૂપણા કરવામાં આવી છે. ઉત્પલ કન્દને શાલૂક કહે છે. બીજા ઉદ્દેશામાં તે શાલૂકની પ્રરૂપણા કરી છે. પલાશ એટલે ખાખરાનું વૃક્ષ તે પલાંશની ત્રીજા ઉદ્દેશામાં પ્રરૂપણા કરી છે. ચોથા ઉદ્દેશામાં કુંભી નામની વનસ્પતિ વિશેષની, અને પાંચમાં ઉદ્દેશામાં કમલનાલ વિશેષ રૂપ નાલિકાનું પ્રતિપાદન કરાયું છે કમલ વિશેષને પદ્મ કહે છે. તે પદ્મ વિષે છઠ્ઠો ઉદ્દેશક છે. કમલના મધ્ય ભાગમાં જે કેશર રૂપ તંતુઓ હોય છે. તેને કર્ણિકા કહે છે. સાતમા ઉદ્દેશામાં તે કર્ણિકાની પ્રરૂપણા કરવામાં આવી છે. કમલવિશેષનું નામ નલિન છે. આઠમાં ઉદ્દેશામાં તે નલિનની પ્રરૂપણા કરવામાં આવી છે. જો કે ઉત્પલ, પદ્મ અને નલિન એકાર્થક (પર્યાયવાચી) શબ્દો છે, પરન્તુ તેમના અર્થમાં રુઢિગત વિશિષ્ટતા રહેલી હોવાથી અહીં તેમનું અલગ અલગ રૂપે પ્રતિપાદન થયું છે. નવમા ઉદ્દેશામાં શિવરાજર્ષિનું ૧૦ માં ઉદ્દેશામાં લોક વિષયક વક્તવ્ય.

તાનું અને ૧૧ માં ઉદ્દેશામાં કાળ વિષયક વક્તવ્યતાનું પ્રતિપાદન કરાયું છે. આલંભિકા નગરીમાં મહાવીર પ્રભુએ જે પ્રરૂપણા કરી હતી તેનું પ્રતિપાદન અલંભિક નામના ૧૨માં ઉદ્દેશામાં કરવામાં આવ્યું છે. આ રીતે અગિયારમાં શતકમાં કુલ ૧૨ ઉદ્દેશકોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

પહલે ઉદ્દેશે કે દ્વારો કા સંગ્રહ કરનેવાલી તીન ગાથાયેં

પહેલા ઉદ્દેશાના દ્વારસંગ્રહની ત્રણ ગાથાઓ

उववाओ १ परिमाणं, २ अवहारु, चत्त, ४ बंध ५ वेदेह य।
उदए ७, उदीरणाए ८, लेसा ९, दिट्ठी १०, य नाणे य ॥ ११ ॥
जोगू १२, व ओगे १६, वन्न १४, रसमाई १५, ऊसासगे १६ य आहारे १७। विरई१८, किरिया१९ बंधे२०, सन्न२१ कसायि२२ त्थि२३ बंधेय २४ ॥२॥
सन्नि२५, दिय२६ अणुबंधे२७, संवेहा२८, हार२९, ठिई३० समुग्घाए ३१। चयणं३२ मूलाईसु य उववाओ सव्वजीवाणं ३३ ! गा.१–३॥

(૧) ઉતપાત, (૨) પરિમાણ, (૩) અપહાર, (૪) ઉચ્ચત્વ, (૫) બંધ, (૬) વેદ, (૭) ઉદય, (૮) ઉદીરણા, (૯) લેશ્યા, (૧૦) દૃષ્ટિ, (૧૧) જ્ઞાન, (૧૨) યોગ, (૧૩) ઉપયોગ, (૧૪) વર્ણ, (૧૫) રસાદિ (૧૬) ઉચ્છ્વાસ, (૧૭) આહાર (૧૮) વિરતિ (૧૯) ક્રિયા (૨૦) બન્ધક (૨૧) સંજ્ઞા, (૨૨) કષાય, (૨૩) સ્ત્રીવેદાદિ, (૨૪) બન્ધ (૨૫) સંજ્ઞી, (૨૬) ઇન્દ્રિય (૨૭) અનુબંધ, (૨૮) સંબંધ, (૨૯) આહાર, (૩૦) સ્થિતિ, (૩૧) સમુદ્ઘાત, (૩૨) વ્યવન અને (૩૩) સમસ્ત જીવોનો મૂલાદિકોમાં ઉપપાત. પહેલા ઉદ્દેશાના વિષયનું પ્રતિપાદન કરવાને માટે આ ૩૩ દ્વાર બતાવ્યાં તે.

ટીકાર્થ—(૧) ઉત્પત્તિ દ્વારને ઉપપાત કહે છે. (૨) પરિત્તા દ્વારને પરિ

માણ કહે છે. (૩) અપહરણદ્વારને અપહાર કહે છે. (૪) ઉચ્ચતાદ્વારને ઉચ્ચત્વ કહે છે. (૫) જ્ઞાનાવરણીય આદિ કર્મોના બન્ધદ્વારને બન્ધ કહે છે. (૬) વેદનાદ્વારનું નામ વેદના છે. (૭) ઉદયદ્વારનું નામ ઉદય છે. (૮) ઉદીરણા દ્વારનું નામ ઉદીરણા છે. (૯) લેશ્યાદ્વારનું નામ લેશ્યા છે. (૧૦) સમ્યક્, મિથ્યા અને મિશ્રદૃષ્ટિ દ્વારનું નામ દૃષ્ટિ છે. (૧૧) જ્ઞાનદ્વારનું નામ જ્ઞાન છે. (૧૨) યોગદ્વારનું નામ યોગ છે. (૧૩) ઉપયોગદ્વારનું નામ ઉપયોગ છે. (૧૪) વાર્ણાદિ દ્વારનું નામ વર્ણ છે. (૧૫) રસાદિ દ્વારનું નામ રસ છે. (૧૬) ઉચ્છ્વાસક દ્વારનું નામ ઉચ્છ્વાસક છે. (૧૭) આહારક દ્વારનું નામ આહાર છે. (૧૮) વિરતિદ્વારનું નામ વિરતિ છે. (૧૯) ક્રિયાદ્વારનું નામ ક્રિયા છે (૨૦) બન્ધકદ્વારનું નામ બન્ધક છે. (૨૧) સંજ્ઞાદ્વારનું નામ સંજ્ઞા છે. (૨૨) કષાયદ્વારનું નામ કષાય છે. (૨૩) સ્ત્રી વેદાદિ વેદદ્વારનું નામ સ્ત્રી છે. (૨૪) બંધદ્વારનું નામ બંધ છે. (૨૫) સંજ્ઞીદ્વારનું નામ સંજ્ઞી છે. (૨૬) ઇન્દ્રિયદ્વારનું નામ ઇન્દ્રિય છે. (૨૭) અનુબન્ધ દ્વારનું નામ અનુબંધ છે. (૨૮) સંવેધ દ્વારનું નામ સંવેધ છે. (૨૯) આહારદ્વારનું નામ આહાર છે. (૩૦) સ્થિતિદ્વારનું નામ સ્થિતિ છે. (૩૧) સમુદ્ઘાત દ્વારનું નામ સમુદ્ઘાત છે. (૩૨) ચ્યવનદ્વારનું નામ ચ્યવન છે. (૩૩) મૂલાદિકોમાં સર્વજીવોના ઉત્પાદ દ્વારનું નામ સર્વજીવ મૂલાદિ ઉપપાત છે. આ રીતે પહેલા ઉદ્દેશકમાં તેત્રીસદ્વાર કહ્યા છે.

ઉત્પલોં કે જીવોત્પાદ કા નિરૂપણ

ઉત્પલમાં (કમલમાં) જીવોત્પાદ વક્તવ્યતા–

"તેણં કાલેણં તેણં સમએણં" ઇત્યાદિ

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા ઉત્પલ (કમળ)ના જીવોની નીચે પ્રમાણે પ્રરૂપણા કરી છે—" તેણં કાલેણં તેણં સમએણં રાયગિહે જાવ પજ્જુવાસમાણે એવં વયાસી " તે કાળે અને તે સમયે રાજગૃહ નગરમાં મહાવીર પ્રભુ પધાર્યા. તેમનાં દર્શન કરવાને માટે તથા ધર્મોપદેશ સાંભળવાને માટે પરિષદ (પ્રજા) નીકળી. મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તથા તેમની દેશના સાંભળીને પરિષદ પાછી ફરી. ત્યાર બાદ ગૌતમ સ્વામીએ બન્ને હાથ જોડીને નમસ્કાર કરીને વિનયપૂર્વક આ પ્રમાણે પૂછયું—" उप्पलेणं भंते ! एगपत्तए किं एगजीवे अणेगजीवे ? હે ભગવન્ ઉત્પલ (કમળ વિશેષ) જ્યારે એકપત્રાવસ્થાવાળું હોય છે, ત્યારે શું તે એક જીવવાળું હોય છે, કે અનેક જીવવાળું હોય છે ? (જેમાં એક જ જીવ હોય તેને એક જીવવાળું અને અનેક જીવ હોય તેને અનેક જીવવાળું કહે છે)

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! " હે ગૌતમ ! " एगजीवे णो अणेगजीवे, तेण परं जे अन्ने उववज्जंति, तेणं णो एग जीवा–अणेग जीवा " એક

પત્રાવસ્થામાં ઉત્પલ એક જીવવાળું હોય છે, અનેક જીવવાળું હોતું નથી. પરન્તુ જ્યારે તે અનેક પત્રોથી યુક્ત બને છે,–પ્રથમ પત્ર ઉપરાન્ત જ્યારે દ્વિતીય પત્રાદિરૂપ અવયવ ઉત્પન્ન થઈ જાય છે, ત્યારે તે એક જીવવાળું રહેતું નથી, પણ અનેક જીવવાળું થઈ જાય છે. અથવા વધારાના પત્રાદિકોમાં જે બીજા જીવો ઉત્પન્ન થઇ જાય છે, તે જીવોને કારણે તેને એક જીવવાળું કહ્યું નથી, પણ અનેક જીવવાળું કહ્યું છે. એવું આ પ્રથમદ્વાર છે.

હવે ગૌતમ સ્વામી આ પ્રથમ ઉપપાત દ્વારને વિષે મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–' तेणं भंते! जीवा कओहिंतो उववज्जंति, किं नेरइएहिंतो उववज्जंति, तिरिक्खजोणिएहिंतो उववज्जंति, मणुस्सेहिंतो उववज्जंति, देवेहिंतो उववज्जंति?" હે ભગવન્! તે દ્વિ પત્રાદિ અવસ્થાવાળા ઉત્પલમાં રહેલા જીવો કયાંથી આવીને ત્યાં ઉત્પન્ન થઈ જાય છે–શું નારકોમાંથી આવીને તેમાં ઉત્પન્ન થાય છે? કે તિર્યંચોમાંથી આવીને ઉત્પન્ન થાય છે? કે મનુષ્યોમાંથી આવીને ઉત્પન્ન થાય થાય છે? કે દેવોમાંથી આવીને ઉત્પન્ન થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा! હે ગૌતમ! नो नेरइएहिंतो उववज्जंति" દ્વિ પત્રાદિ અવસ્થાવાળા ઉત્પલમાં રહેલા જીવો નારકોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થતાં નથી, "तिरिक्खजोणिएहिंतो वि उववज्जंति माणुसेहिंतो वि उववज्जंति, देवेहिंतो वि उववज्जंति" પરન્તુ તેઓ તિર્યંચયોનિમાંથી આવીને પણ ત્યાં ઉત્પન્ન થાય છે, મનુષ્યયોનિમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે અને દેવયોનિમાંથી આવીને પણ ઉત્પન્ન થાય છે. "एवं उववाओ भाणियव्वो, जहा वक्कंतीए वणस्सइयाणं जाव ईसाणे त्ति" આ પ્રકારે ઉત્પલના જીવોના ઉત્પાદને અનુલક્ષીને પ્રજ્ઞાપના સૂત્રના છઠ્ઠા વ્યુત્ક્રાન્તિપદમાં વનસ્પતિકાયિક જીવોના ઉત્પાદના વિષકમાં જેવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેવું પ્રતિપાદન અહીં પણ કરવું જોઇએ. "ઇશાનદેવલોક પર્યન્તના જીવો ત્યાં ઉત્પન્ન થાય છે," આ કથન પર્યન્તનું કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. પ્રજ્ઞાપના સૂત્રમાં આ વિષયને અનુલક્ષીને આ પ્રમાણે કહ્યું છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન– ભગવન્! જો જીવ વનસ્પતિકાયિકોમાં તિર્યંચયોનિમાંથી આવીને ઉત્પન્ન થાય છે, તો શું તે એકેન્દ્રિય તિર્યંચયોનિકોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? કે દ્વીન્દ્રિયતિર્યંચોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે? કે તેઇન્દ્રિય, ચૌરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને ત્યાં ઉત્પન્ન થાય છે?

આ પ્રશ્નનો મહાવીર પ્રભુએ આ પ્રમાણે ઉત્તર આપ્યો છે– હે ગૌતમ! ત્યાં એકેન્દ્રિય તિર્યંચોમાંથી આવીને પણ જીવો ઉત્પન્ન થાય છે, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચોમાંથી પણ આવીને ઉત્પન્ન થાય છે, મનુષ્યોમાંથી અને દેવોમાંથી આવીને પણ જીવ ત્યાં ઉત્પન્ન થઇ શકે છે. એટલે કે ભવનપતિથી લઇને ઈશાનકલ્પ પર્યન્તના દેવો ત્યાં એકે-

ન્દ્રિય પર્યાયમાં ઉત્પન્ન થઈ શકે છે. આ પ્રકારનું આ પહેલું ઉપપાતદ્વાર છે

બીજા પરિમાણદ્વારની પ્રરૂપણા ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेणं भंते ! जीवा एगसमएणं केवइया उववज्जंति ?" હે ભગવન્! ઉત્પલની અંદર એક સમયમાં કેટલા જીવો ઉત્પન્ન થઈ શકે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! હે ગૌતમ ' जहण्णेणं एक्को वा, दो वा, तिन्निवा, उक्कोसेणं संखेज्जा वा, असंखेज्जा उववज्जंति " એક સમયમાં ઉત્પલમાં ઓછામાં ઓછા એક જીવ પણ ઉત્પન્ન થઈ શકે છે, બે જીવ પણ ઉત્પન્ન થઈ શકે છે અને ત્રણ જીવ પણ ઉત્પન્ન થઈ શકે છે, અને વધારેમાં વધારે સંખ્યાત જીવો પણ ઉત્પન્ન થઈ શકે છે અને અસંખ્યાત જીવો પણ ઉત્પન્ન થઈ શકે છે. આ પ્રકારનું આ પરિમાણ દ્વાર છે. ।।૨।।

ત્રીજા અપહાર દ્વારની પ્રરૂપણા–આ વિશયને અનુલક્ષીને ગૌતમનો પ્રશ્ન– "तेणं भंते ! जीवा समए समए अवहीरमाणा अवहीरमाणा केवइ कालेणं अवहीरंति" હે ભગવન્! ઉત્પલવર્તી જીવોને જો એક એક સમયે એક એકને હિસાબે બહાર કાઢવામાં આવે, તો કેટલા કાળમાં તેમાંથી તે બધાં જીવોને બહાર કાઢી શકાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! " હે ગૌતમ ! तेणं असंखेज्जा समए२ अवहीरमाणा२ असंखेज्जाहिं उस्सप्पिणीं ओसप्पिणीहिं अवहीरंति " તે ઉત્પલમાંથી જો એક એક સમયે અસંખ્યાતને હિસાબે જીવોને નિરન્તર બહાર કાઢવામાં આવે, અને અસંખ્યાત ઉત્સર્પિણી અને અસંખ્યાત અવસર્પિણી કાળપર્યન્ત તે ક્રિયા નિરન્તર ચાલુ રહે તો પણ " णो चेव णं अपहिया सिया" તેમને પૂરેપૂરા બહાર કાઢી શકાતા નથી. આ પ્રકારનું આ ત્રીજું અપહાર દ્વાર છે. ।।૩।।

મહાવીર પ્રભુનો ઉત્તર— " गोयमा ! હે ગૌતમ ! " जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं सातिरेगं जोयणसहस्सं " ઉત્પલવર્તી જીવોની એટલે કે કમળની શરીરાવગાહના ઓછામાં ઓછી આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે અને વધારેમાં વધારે એક હજાર યોજન કરતાં પણ સહેજ વધારે છે. આ પ્રકારનું આ ચોથું ઉચ્ચત્વદ્વાર છે. ।।૪।।

હવે પાંચમાં બન્ધદ્વારની પ્રરૂપણા કરવામાં આવે છે—

ગૌતમ સ્વામીનો પ્રશ્ન— " तेणं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं बंधगा, अबंधगा ?" હે ભગવન્! તે ઉત્પલવર્તી જીવો જ્ઞાનાવરણીય કર્મના બન્ધક હોય છે ? કે અબન્ધક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! " હે ગૌતમ ! " णो अबंधगा, बंधए वा बंधगा वा एवं जाव अंतराइयस्स " તે જીવો જ્ઞાનાવરણીય કર્મના

અબન્ધક હોતા નથી, પરન્તુ એક પત્રાવસ્થામાં ઉત્પલમાં એક જીવનું અસ્તિત્વ હોવાથી તે એક જીવ જ્ઞાનાવરણીય કર્મનો બન્ધક હોય છે, પણ જ્યારે તે ઉત્પલ દ્વયાદિ પત્રાવસ્થાથી યુક્ત થાય છે, ત્યારે તેમાં જીવોની અધિકતા હોય છે; તે કારણે એ અવસ્થામાં ઉત્પલના સમસ્ત જીવો જ્ઞાનાવરણીય કર્મના બન્ધક હોય છે. એવું જ કથન દર્શનાવરણીય કર્મથી લઇને અન્તરાય પર્યન્તના કર્મો વિષે પણ સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે તે ઉત્પલના જીવો દર્શનાવરણીયથી લઇને આન્તરાયિક પર્યન્તના કર્મના અબંધક હોતા નથી, પરન્તુ ઉત્પલની એક પત્રાવસ્થામાં ઉત્પલસ્થ એક જીવ તે કર્મોનો બન્ધક હોય છે, તથા ઉત્પલની દ્વયાદિ પત્રાવસ્થામાં ઉત્પલસ્થ બધાં જીવો તે કર્મોના બન્ધક હોય છે. આયુષ્યકર્મમાં અબંધાવસ્થા પણ હોય છે. તે અપેક્ષાએ એક જીવ પણ તેનો અબન્ધક હોઈ શકે છે અને અનેક જીવો પણ તેના અબન્ધક હોઈ શકે છે. એજ વાત સૂત્રકારે નીચેના પ્રશ્નોત્તરો દ્વારા વ્યક્ત કરી છે—"*नवरं आउयस्स पुच्छा गोयमा! बंधएवा, अबंधएवा बंधगा वा, अबंधगा वा*" ગૌતમ સ્વામીનો પ્રશ્ન— "હે ભગવન્! જ્ઞાનાવરણીય આદિ કર્મોની અપેક્ષાએ આયુષ્ક કર્મમાં શી વિશેષતા છે? મહાવીર પ્રભુનો ઉત્તર—હે ગૌતમ! ઉત્પલની એક પત્રાવસ્થામાં ઉત્પલમાં જે એક જીવ હોય છે તે આયુકર્મનો બંધક પણ હોય છે અને અબંધક પણ હોય છે. દ્વયાદિ પત્રાવસ્થામાં તે ઉત્પલમાં જે અનેક જીવો હોય છે તેઓ બધાં આયુકર્મના બંધક પણ હોય છે અને અબંધક પણ હોય છે. '*अहवा बंधए य अबंधए य*" અથવા એક જીવ બંધક અને એક જીવ અબંધક હોય છે, "*अहवा बंधए य अबंधगा य*" અથવા એક જીવ બંધક હોય છે અને અનેક જીવ અબંધક હોય છે. "*अहवा बंधगा य, अबंधए य*" અથવા અનેક જીવ બંધક હોય છે અને એક જીવ અબંધક હોય છે. "*अहवा बंधगाय अबंधगा य, एए अट्ठ भंगा*" અથવા અનેક જીવ (બધાં જીવો) બંધક હોય છે અને અનેકજીવો અબંધક હોય છે. આ પ્રમાણે અહીં આઠ ભાંગા (વિકલ્પો) બને છે. તે આઠ ભાંગાનું વિશેષ સ્પષ્ટીકરણ—અહીં બન્ધક અને અબંન્ધક, આ બે પદોના એકત્વ યોગમાં એક વચન હોવાથી બે વિકલ્પ, બહુવચન હોવાથી બે વિકલ્પ તથા દ્વિક સંયોગમાં યથા યોગ્ય રીતે એકત્વ અને બહુત્વની અપેક્ષાએ ૪ વિકલ્પ થાય છે. આ રીતે બધા મળીને ૮ વિકલ્પ બને છે, જે ઉપર પ્રકટ કરવામાં આવેલ છે આ વિકલ્પોનો કોઠો નીચે આપ્યો છે (૧) એક બંધક (૨) એક અબંધક (૩) બધાં બંધક (૪) બધા અબંધક (૫) એક બંધક, એક અબંધક, (૬) એક બંધક અને બધાં અબંધક (૭) બધાં બંધક, એક અબંધક, (૮) બધાં બંધક અને બધાં અબંધક.

હવે છટ્ઠા વેદનદ્વારનું નિરૂપણ કરવામાં આવે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"*तेणं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस्स*

किं वेदगा अवेदगा ?' હે ભગવન્ ! ઉત્પલસ્થ જીવો શું જ્ઞાનાવરણીય કર્મના વેદક હોય છે, કે અવેદક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર— " गोयमा ! णो अवेदगा, वेदएव वा, वेदगा वा, एवं जाव अंतराइयस्स " હે ગૌતમ ! ઉત્પલસ્થ જીવો જ્ઞાનાવરણીય કર્મના અવેદક હોતા નથી, પરન્તુ ઉત્પલની એક પત્રાવસ્થામાં તેની અંદર રહેલો એક જીવ જ્ઞાનાવરણીય કર્મનો વેદક હોય છે, તથા દ્વયાદિ પત્રાવસ્થામાં તેની અંદર રહેલા અનેક જીવો જ્ઞાનાવરણીય કર્મના વેદક હોય છે. એજ પ્રમાણે આંતરાયિક પર્યન્તના કર્મોના વિષયમાં પણ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तेणं भंते ! जीवा किं सायावेयगा, असायावेयगा ?" હે ભગવન ! ઉત્પલના તે જીવો શું સાતાવેદનીય કર્મના વેદક હોય છે, કે અસાતા વેદનીય કર્મના વેદક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! सायावेयए वा असायावेयए वा, अट्ठ भंगा " હે ગૌતમ ! જ્યારે ઉત્પલ એક પત્રાવસ્થાવાળું હોય છે, ત્યારે તેમાં એક જીવ હોય છે. તેથી ઉત્પલની તે અવસ્થામાં તે એક જીવ સાતાવેદનીય કર્મનો પણ વેદક હોય છે અને અસાતાવેદનીયનો પણ વેદક હોય છે. પરન્તુ જ્યારે તે ઉત્પલ અનેક પત્રાવસ્થાવાળું થાય છે. ત્યારે તેમાં અનેક જીવો હોય છે. ત્યારે તે ઉત્પલના બધાં જીવો સાતાવેદનીય કર્મના પણ વેદક હોય છે અને અસાતાવેદનીય કર્મના પણ વેદક હોય છે. અહીં એકત્વમાં ચાર ભાંગા અને દ્વિકયોગમાં ચાર ભાંગા બને છે. આ રીતે કુલ આઠ ભાંગા બને છે. એકસંયોગી ચાર ભાંગાનું કથન ઉપર થઈ ચૂકયું છે. હવે ચાર દ્વિકસંયોગી ભાંગા પ્રકટ કરવામાં આવે છે—(૫) એક જીવ સાતાવેદક અને એક જીવ આસાતા વેદક હોય છે. (૬) એક જીવ સાતા દક અને બધાં જીવો અસાતાવેદક હોય છે. (૭) બધાં જીવો સાતાવેદકવે અને એક જીવ અસાતાવેદક હોય છે. (૮) અનેક જીવો સાતાવેદક અને અનેક જીવો અસાતા વેદક હોય છે. આ પ્રમાણે આઠ ભાંગા બને છે

સાતમાં ઉદયદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तेणं भंते ! जीवा णाणावरणिज्जस्स कम्मस्स किं उदई, अणुदई ?" હે ભગવન્ ! ઉત્પલસ્થ જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળા હોય છે કે અનુદયવાળા હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! હે ગૌતમ " णो अणुदई, उदई वा, उदइणो वा, एवं जाव अंतराइयस्स " તે ઉત્પલસ્થ જીવો જ્ઞાનાવરણીય કર્મના અનુદયવાળા હોતા નથી, પરન્તુ એકપત્રાવસ્થાવાળા ઉત્પલની અપેક્ષાએ તેમાં રહેલો એક જીવ જ્ઞાનાવરણીય કર્મના ઉદયવાળો હોય છે, તથા જ્યારે તે ઉત્પલ અનેક પત્રાવસ્થાવાળું થાય છે ત્યારે તેમાં રહેલા અનેક જીવો દર્શના-

વરણીયથી લઈને આંતરાયિક પર્યન્તના કર્મોના અનુદયવાળા હોતા નથી, પરન્તુ ઉત્પલની એક પત્રાવસ્થામાં તેમાં જે એક જીવ રહેલો હોય છે તે દર્શનાવરણીયથી લઈને આંતરાયિક પર્યન્તના કર્મોના ઉદયવાળો હોય છે, તથા તે ઉત્પલની અનેક પત્રાવસ્થાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો તેમાં રહેલા અનેક જીવો દર્શનાવરણીયથી લઈને આંતરાયિક પર્યન્તના કર્મોના ઉદયવાળા હોય છે. અહીં એ વાત ધ્યાનમાં લેવી જોઈએ કે અનુક્રમે ઉદિત કર્મનો અથવા ઉદીરણા કરણ દ્વારા ઉદીરિત થયેલા કર્મનો અનુભવ કરવો તેનું નામ વેદન છે. પરન્તુ અનુક્રમે ઉદિત થયેલા જ કર્મનો અનુભવ કરવો તેનું નામ ઉદય છે. આ કારણે સૂત્રકારે વેદકત્વની પ્રરૂપણા કર્યા બાદ ઉદયિત્વની પણ સ્વતંત્ર પ્રરૂપણા કરી છે. વેદના અને ઉદયમાં આ પ્રકારનો ભેદ હોવાથી તે દરેકની સ્વતંત્ર પ્રરૂપણા કરવામાં આવી છે. આ પ્રકારનું આ સાતમું ઉદયદ્વાર છે. ।। ૭ ।।

આઠમાં ઉદીરણા દ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेणं भंते! जीवा णाणावरणिज्जस्स कम्मस किं उदीरगा? अनुदीरगा?" હે ભગવન્! તે ઉત્પલસ્થ જીવો શું જ્ઞાનાવરણીય કર્મના ઉદીરક હોય છે, કે અનુદીરક હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा" હે ગૌતમ! "णो अणुदीरगा उदीरए वा, उदीरगा वा, एवं जाव अंतराइयस्स, नवरं वेयणिज्जाउएसु अट्ठ भंगा" ઉત્પલસ્થ જીવો જ્ઞાનાવરણીય કર્મના અનુદીરક (અનુદીરણાવાળા) હોતા નથી, કારણ કે આ અવસ્થામાં તેમનામાં અનુદીરતાનો સર્વથા અભાવ રહે છે. પરન્તુ જ્યારે ઉત્પલ એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં એક જ જીવ હોય છે, તે એક જીવ જ્ઞાનાવરણીય કર્મનો ઉદીરક હોય છે, ત્યાર બાદ જ્યારે તે ઉત્પલ અનેક પત્રોથી યુક્ત થાય છે, ત્યારે તેમાં જે અનેક જીવો ઉત્પન્ન થઈ જાય છે તે બધા જીવો જ્ઞાનાવરણીય કર્મના ઉદીરક હોય છે. એજ પ્રમાણે અંતરાય સુધી કહેવું જોઈ એ. પરંતુ દર્શનાવરણીયથી લઈને અન્તરાય પર્યન્તના કર્મોના પણ તેઓ અનુદીરક હોતા નથી, પરન્તુ એક પત્રાવસ્થાની અપેક્ષાએ તે ઉત્પલસ્થ એક જીવ દર્શનાવરણીય આદિ કર્મોના ઉદીરક હોય છે અને અનેક પત્રાવસ્થાની અપેક્ષાએ વિચારવામાં આવે તો તે ઉત્પલસ્થ અનેક જીવો–બધાં જીવો દર્શનાવરણીય આદિ કર્મોના ઉદીરક હોય છે. પરન્તુ વેદનીય અને આયુકર્મમાં એ વિશેષતા છે કે તેમાં આઠ ભાંગા (વિકલ્પો) થાય છે, તે વિકલ્પો નીચે પ્રમાણે છે—ઉત્પલની એક પત્રાવસ્થામાં તેમાં રહેલો એક જીવ વેદનીય અને આયુકર્મનો ઉદીરક પણ હોય છે અને અનુદીરક પણ હોય છે. પણ જ્યારે તે ઉત્પલ અનેક પત્રાવસ્થાવાળું બને છે ત્યારે તેમાં રહેલાં બધાં જીવો ઉદીરક પણ હોય છે અને અનુદીરક પણ હોય છે. આ રીતે તેમના એકત્વમાં (એક સંયોગની અપેક્ષાએ) ચાર વિકલ્પો બને છે હવે તેમના દ્વિક સંયોગી ચાર ભાંગાઓ પ્રકટ કરવામાં આવે છે (૧) એક જીવ ઉદીરક હોય છે અને એક જીવ અનુદીરક હોય છે. (૨) એક જીવ ઉદીરક હોય છે અને બધાં જીવો અનુદીરક હોય છે. (૩) બધાં જીવો ઉદીરક હોય છે અને એક જીવ અનુદીરક હોય છે, (૪) બધાં જીવો ઉદીરક હોય

અને બધાં જીવો અનુદીરક હોય છે. પૂર્વના ચાર એક સંયોગી ભાંગામાં આ ચાર દ્વિક સંયોગી ભાંગા ઉમેરવાથી કુલ ૮ ભાંગા થઈ જાય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે વેદનીય કર્મમાં સાતા અને અસાતાની અપેક્ષાએ તથા આયુકર્મમાં ઉદીરકત્વ અને અનુદીરકત્વની અપેક્ષાએ આઠ વિકલ્પો થાય છે, એમ સમજવું. આયુષ્યકર્મની અનુદીરકતા ઉદીરણાની કદાચિતતા હોવાથી સંભવે છે. આ પ્રકારનું આ આઠમું ઉદીરણાદ્વાર છે.

હવે સૂત્રકાર નવમાં લેશ્યાદ્વારની પ્રરૂપણા કરે છે— ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेणं भंते! जीवा किं कण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा, तेउलेस्सा?" હે ભગવન્! ઉત્પલવતી જીવો શું કૃષ્ણલેશ્ય.વાળા હોય છે? કે નીલલેશ્યાવાળા હોય છે? કે કાપોતલેશ્યાવાળા હોય છે? કે તેજોલેશ્યાવાળા હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा! कण्हलेस्से वा, जाव तेउलेस्से वा, कण्हलेस्सा वा, नीललेस्सा वा, काउलेस्सा वा तेउलेस्सा वा" હે ગૌતમ! ઉત્પલસ્થ જીવ ઉત્પલની એક પત્રાવસ્થામાં એક જ હોય છે. તે એક જીવ કૃષ્ણલેશ્યાવાળો પણ હોય છે, નીલલેશ્યાવાળો પણ હોય છે, કાપોત લેશ્યાવાળો પણ હોય છે અને તેજોલેશ્યાવાળો પણ હોય છે પરન્તુ જ્યારે તે ઉત્પલ અનેક પત્રો-વાળું થાય છે, ત્યારે તેમાં અનેક જીવો રહેલા હોય છે, તે બધાં જીવો કૃષ્ણલેશ્યાવાળા પણ હોય છે, નીલલેશ્યાવાળા પણ હોય છે, કાપોતલેશ્યાવાળા પણ હોય છે અને તેજોલેશ્યાવાળા પણ હોય છે. આ રીતે એકના યોગમાં આઠ ભાંગા થાય છે, તથા દ્વિકયોગ, ત્રિકયોગ અને ચતુષ્ક યોગમાં કુલ ૭૨ ભાંગા થાય છે. તે ભાંગાઓને પ્રકટ કરતા સૂત્રકાર કહે છે કે "अहवा कण्हलेस्से य, नीललेस्से य एवं एए दुयासंजोग, तियासंजोग, चउक्कसंजोगेण असीति अभंगा भवंति" ઉત્પલની એક પત્રાવસ્થામાં તેમાં રહેલો એક જીવ કૃષ્ણલેશ્યાવાળો અને નીલલેશ્યાવાળો હોય છે, આ રીતે પૂર્વોક્ત પદ્ધતિ અનુસાર દ્વિકસંયોગ, ત્રિકસંયોગ અને ચતુષ્કસંયોગ કરવાથી ૭૨ ભાંગા બને છે. એકસંયોગી પૂર્વોક્ત આઠ ભાંગા સાથે તેનો સરવાળો કરવાથી કુલ ૮૦ ભાંગા બને છે. એકના યોગમાં એક વચનની અપેક્ષાએ ચાર અને બહુવચનની અપેક્ષાએ ચાર ભાંગા બને છે. દ્વિકસંયોગમાં યથાયોગ એક વચન બહુવચનની અપેક્ષાએ ચાર ચાર પદોના દ્વિકયોગ ૬ ને ચાર વડે ગુણવાથી ૨૪ ભાંગા બને છે. ત્રિકયોગમાં ત્રણ પદોના ૮ ભાંગાને ચાર પદોના ત્રિક-સંયોગ ૪ વડે ગુણવાથી ૩૨ ભાંગા બને છે. અને ચતુષ્ક સંયોગમાં ૧૬ ભાંગા બને છે. આ રીતે ૮+૨૪+૩૨+૧૬=૮૦ ભાંગા થાય છે.

આ પ્રકારનું નવમું લેશ્યાદ્વાર છે. ॥૯॥

દસમાં દૃષ્ટિદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेणं भंते ! जीवा किं सम्मद्दिट्ठी, मिच्छादिट्ठी, सम्मामिच्छादिट्ठी ?" હે ભગવન્ ! ઉત્પલસ્થ તે જીવો શું સમ્યગ્દૃષ્ટિ હોય છે ? કે મિથ્યાદૃષ્ટિ હોય છે ? કે સમ્યગ્મિથ્યા-દૃષ્ટિ હોય છે ? મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा ! हे गौतम ! नो सम्मद्दिट्ठी, नो सम्मामिच्छादिट्ठी, मिच्छादिट्ठी वा, मिच्छादिट्ठिणो वा" ઉત્પલસ્થ જીવ સમ્યગ્-દૃષ્ટિ હોતા નથી, અને અમ્યગ્મિથ્યાદૃષ્ટિ (મિશ્રદૃષ્ટિ) પણ હોતા નથી, પરન્તુ મિથ્યાદૃષ્ટિ હોય છે. જો ઉત્પલ એક પત્રાવસ્થાવાળું હોય છે, તો એવી પરિસ્થિતિમાં તે એક જીવવાળું હોય છે, તેથી તે એક જીવ મિથ્યાદૃષ્ટિ હોય છે, અને જ્યારે તે ઉત્પલ અનેક પત્રોવાળું થાય છે, ત્યારે તેમાં અનેક જીવ પેદા થાય છે, અને તે બધાં જીવો મિથ્યાદૃષ્ટિ જ હોય છે. આ પ્રકારનું દસમું દૃષ્ટિદ્વાર છે. ॥ ૧૦ ॥

અગિયારમા જ્ઞાનદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेणं भंते ! जीवा किं नाणी, अन्नाणी ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવો જ્ઞાની હોય છે કે અજ્ઞાની હોય છે ? મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा ! हे गौतम ! नो नाणी, अन्नाणी वा, अन्नाणिणो वा, ઉત્પલસ્થ તે જીવો જ્ઞાની હોતા નથી પણ અજ્ઞાની હોય છે. ઉત્પલની એક પત્રાવસ્થામાં તેમાં રહેલો એક જીવ અજ્ઞાની હોય છે, અને તેની અનેક પત્રાવસ્થામાં તેમાં રહેલા બધાં જીવો અજ્ઞાની હોય છે.

બારમાં યોગદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન— तेणं भंते ! जीवा किं मणजोगी वयजोगी, कायजोगी ?" હે ભગવન્ ! તે ઉત્પલના જીવો શું મનોયોગી હોય છે ? કે વચનયોગી હોય છે ? કે કાયયોગી હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा ! नो मणजोगी, नो वयजोगी, काय-जोगी वा कायजोगिणो वा" હે ગૌતમ ! ઉત્પલસ્થ તે જીવો મનોયોગી હોતા નથી, વચનયોગી પણ હોતા નથી, પરન્તુ કાયયોગી હોય છે. ઉત્પલની એક પત્રાવસ્થામાં ઉત્પલસ્થ એક જીવ કાયયોગી હોય છે અને તેની અનેક પત્રાવસ્થામાં તેમાં રહેલાં બધાં જીવો કાયયોગી હોય છે. ॥૧૨॥

તેરમાં ઉપયોગદ્વારની પ્રરૂપણા ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेणं भंते ! जीवा किं सागारोवउत्ता, अणागारोवउत्ता ?" હે ભગવન્ ! ઉત્પલસ્થ તે જીવો શું સાકારોપયોગવાળા હોય છે ? કે અનાકારોપયોગવાળા હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—'गोयमा ! सागारोवउत्ते वा, अणागारोवउत्ते ?" वा अट्ठ भंगा" હે ગૌતમ ! ઉત્પલસ્થ જીવો સાકારોપયોગવાળા પણ હોય છે અને અનાકારોપયોગવાળા પણ હોય છે. એટલે કે ઉત્પલની એક પત્રાવસ્થા

હોય ત્યારે તેમાં રહેલો એક જીવ સાકારોપયોગવાળો પણ હોય છે અને અનાકારોપયોગવાળો પણ હોય છે. પણ જ્યારે તે ઉત્પલ અનેક પત્રોવાળું થાય છે, ત્યારે તેમાં અનેક જીવો ઉત્પન્ન થઇ જાય છે. ઉત્પલસ્થ તે બધાં જીવો સાકાર ઉપયોગવાળા પણ હોય છે અને અનાકાર ઉપયોગવાળા પણ હોય છે. આ રીતે એકના યોગથી ૪ ભંગા (વિકલ્પો) બને છે અને દ્વિકસંયોગી ચાર ભાંગા નીચે પ્રમાણે બને છે (૧) ઉત્પલની એક પત્રાવસ્થા વખતે ઉત્પલ વિગેરે બે ત્રણ વિગેરે પત્રોની અવસ્થામાં રહેલા બે વિગેરે જીવોમાંથી એક જીવ સાકારોપયોગવાળો અને એક જીવ અનાકારોપયોગવાળો હોય છે ૧ ઉત્પલની બે વિગેરે પત્રાવસ્થામાં એક જીવ સાકારોપયોગવાળો અને અનેક જીવો અનાકાર ઉપયોગવાળા હોય છે ૨ તથા અનેક જીવો સાકાર ઉપયોગવાળા હોય છે અને એક જીવ અનાકાર ઉપયોગવાળો હોય છે. ૩ અનેક જીવો સાકારોપયોગવાળા હોય છે. અને અનેક જીવો અનાકારોપયોગવાળા હોય છે. (૪) તથા ઉત્પલની અનેક પત્રાવસ્થા વખતે તેમાં રહેલા અનેક જીવો (બધાં જીવો) સાકાર ઉપયોગવાળા પણ હોય છે અને અનાકાર ઉપયોગવાળા પણ હોય છે. આ રીતે એકના યોગથી ૪ ભંગ અને દ્વિકયોગથી ૪ ભંગ મળીને કુલ આઠ ભાંગા થાય છે. આ પ્રકારનું ૧૩ મું ઉપયોગદ્વાર છે ॥૧૩॥

ચૌદમાં અને પંદરમાં વર્ણાદિ દ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"तेसिं णं भंते ! जीवाणं सरीरगा कइवन्ना, कइ गंधा, कइ रसा, कइ फासा, पण्णत्ता ?" હે ભગવન્ ! ઉત્પલસ્થ તે જીવોનાં શરીર કેટલા વર્ણવાળાં, કેટલી ગંધવાળાં, કેટલાં રસવાળાં અને કેટલા સ્પર્શવાળાં હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"पंचवन्ना, पंचरसा, दुगंधा, अट्ठफासा पण्णत्ता" હે ગૌતમ ! ઉત્પલસ્થ તે જીવોનાં શરીર પાંચ વર્ણવાળાં, પાંચ રસવાળાં, બે ગંધવાળાં અને આઠ સ્પર્શવાળાં હોય છે. કૃષ્ણ, નીલ, સફેદ, લાલ અને પીળો. આ પાંચ વર્ણ છે. તીખો, કડવો, તુરો, ખાટો અને મીઠો, આ પાંચ રસ છે. ગંધના બે પ્રકારછે– સુગંધ અને દુર્ગંધ સ્પર્શના આઠ પ્રકાર છે. કર્કશ, મૃદુ, ગુરુ લઘુ શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ "ते पुण अप्पणा अवन्ना, अगंधा, अरसा, अफासा पण्णत्ता" પરન્તુ તે ઉત્પલસ્થ જીવો પોતાના મૂળ રૂપની અપેક્ષાએ તો વર્ણરહિત, ગંધરહિત, રસરહિત અને સ્પર્શરહિત હોય છે, કારણ કે જીવને અમૂર્ત કહ્યો છે ॥૧૪-૧૫॥

સોળમાં ઉચ્છ્વાસ નિઃશ્વાસદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન– "तेणं भंते ! जीवा किं उस्सासा, निस्सासा, नो उस्सासनिस्सासा ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવો શું ઉચ્છવાસવાળા (શ્વાસ ગ્રહણ કરનારા) અને નિઃશ્વાસવાળા (શ્વાસ છોડનારા) હોય છે ? કે ઉચ્છ્વાસનિઃશ્વાસ વિનાના હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा ! હે ગૌતમ ! "उस्सासएवा १, निस्सासएवा २ नो उस्सासनिस्सासए वा ३" ઉત્પલ જ્યારે એક પત્રાવસ્થા-

વાળું હોય છે, ત્યારે તેમાં રહેલો એક જીવ ઉચ્છ્વાસક પણ હોય છે, નિશ્વાસક પણ હોય છે અને જ્યારે તે અપર્યાપ્તાવસ્થામાં હોય છે ત્યારે ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ વિનાનો પણ હોય છે. "उस्सासगा४, निस्सासगा वा५, नोउस्सासनिस्सासगा वा ६" પરન્તુ જ્યારે તે ઉત્પલ બે ત્રણ આદિ પત્રાવસ્થાવાળું હોય છે, ત્યારે તેમાં રહેલાં બધાં જીવો ઉચ્છ્વાસક હોય છે. અથવા નિઃશ્વાસક પણ હોય છે અથવા અપર્યાપ્તાવસ્થામાં તે બધાં જીવો ઉચ્છ્વાસ નિઃશ્વાસથી રહિત પણ હોય છે. આ રીતે એકના યોગમાં ૬ ભાંગા થાય છે. દ્વિક સંયોગી ૧૨ ભાંગા આ પ્રમાણે બને છે-"अहवा उस्सासए य, निस्सासए य ४" (૧) અથવા જ્યારે ઉત્પલ એક પત્રાવસ્થાવાળું હોય છે. ત્યારે તેમાં રહેલો એક જીવ ઉચ્છ્વાસક પણ હોય છે અને નિઃશ્વાસક પણ હોય છે. (૨) તથા ઉત્પલની અનેક પત્રાવસ્થામાં તેમાં અનેક જીવો રહેલા હોય છે, તે બધાં જીવો ઉચ્છ્વાસક (ઉચ્છ્વાસવાળાં) હોય છે, અને તેની એક પત્રાવસ્થામાં તેમાં જે એક જીવ રહેલો હોય છે તે નિઃશ્વાસક હોય છે. (૩) એક પત્રાવસ્થાવાળા ઉત્પલનો એક જીવ ઉચ્છ્વાસવાળો હોય છે અને અનેક પત્રાવસ્થાવાળા ઉત્પલના અનેક જીવો નિઃશ્વાસવાળા હોય છે (૪) "अहवा उस्सासए य नो उस्सासनिस्सासए य ४" અથવા એક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલો એક જીવ ઉચ્છ્વાસવાળો હોય છે અને એજ જીવ અપર્યાપ્તાવસ્થામાં ઉચ્છ્વાસ નિઃશ્વાસ વિનાનો હોય છે (૨) અથવા અનેક જીવ ઉચ્છ્વાસવાળા હોય છે અને એક જીવ ઉચ્છ્વાસનિઃશ્વાસ વિનાનો હોય છે. (૩) અથવા એક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલો એક જીવ ઉચ્છ્વાસવાળો હોય છે અને અનેક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલા અનેક અપર્યાપ્તક જીવો ઉચ્છ્વાસ નિઃશ્વાસ વિનાના હોય છે. (૪) અથવા બધાં જીવો ઉચ્છ્વાસવાળા હોય છે અને તે બધાં જીવો અપર્યાપ્તાવસ્થામાં ઉચ્છ્વાસનિઃશ્વાસથી રહિત હોય છે.

"अहवा निस्सासए य, नो उस्सासनीस्सासए य ४ (૧) અથવા ઉત્પલની એક પત્રાવસ્થામાં તેમાં રહેલો એક જીવ નિઃશ્વાસક હોય છે અને એજ જીવ જ્યાં સુધી અપર્યાપ્તક અવસ્થાવાળો હોય છે, ત્યાં સુધી ઉચ્છ્વાસ નિઃશ્વાસ વિનાનો હોય છે. (૨) અથવા ઉત્પલની અનેક પત્રાવસ્થામાં તેમાં

રહેલાં બધા જીવો નિઃશ્વાસક હોય છે, અને અપર્યાપ્તક અવસ્થાવાળો એક જીવ ઉચ્છ્વાસ નિઃશ્વાસ વિનાનો હોય છે. (૩) એક પત્રાવસ્થાવાળા ઉત્પલનો એક જીવ નિઃશ્વાસક હોય છે અને અપર્યાપ્તાવસ્થાની અપેક્ષાએ અનેક પત્રાવસ્થાવાળા ઉત્પલના બધાં અપર્યાપ્ત અવસ્થાવાળાં જીવો ઉચ્છ્વાસ નિઃશ્વાસથી રહિત હોય છે. (૪) અનેક પત્રાવસ્થ વાળા ઉત્પલના બધાં પર્યાપ્તક જીવો નિઃશ્વાસવાળા હોય છે પણ બધાં અપર્યાપ્તક જીવો ઉચ્છ્વાસ અને નિ શ્વાસ વિનાના હોય છે.

હવે ત્રિકસંયોગી આઠ ભાંગાઓ પ્રકટ કરવામાં આવે છે–(૧) એક ઉચ્છ્વાસક, એક નિઃશ્વાસક અને એક ઉચ્છ્વાસ નિઃશ્વાસથી રહિત (૨) અથવા એક ઉચ્છ્વાસક, એક નિઃશ્વાસક અને બધાં ઉચ્છ્વાસ નિઃશ્વાસથી રહિત. (૩) અથવા એક ઉચ્છ્વાસક, બધાં નિઃશ્વાસક અને એક ઉચ્છ્વાસ નિઃશ્વાસથી રહિત. (૪) અથવા એક ઉચ્છ્વાસક, બધાં નિઃશ્વાસક અને બધાં

૧૭ માં આહારદ્વારની પ્રરૂપણ —ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"हेणं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?" હે ભગવન્ ! તે ઉત્પલવર્તી જીવો આહારક હોય છે ? કે અનાહારક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર— "गोयमा ! હે ગૌતમ ! "णो अणाहारगा, आहारए वा, अणाहारए वा, एवं अट्ठ भंगा" તેઓ અનાહારક હોતા નથી, પણ (૧) કોઈ જીવ આહારક હોય છે અને (૨) વિગ્રહગતિમાં રહેલો કોઈ એક જીવ અનાહારક પણ હોય છે. (૩) બધાં જીવો આહારક હોય છે. (૪) અથવા બધાં જીવો અનાહારક હોય છે. આ રીતે એકના યોગથી ચાર ભાંગા બને છે. હવે ત્રિકસંયોગી ચાર ભાંગા પ્રકટ કરવામાં આવે છે (૧) કોઈ એક જીવ આહારક અને કોઇ એક જીવ અનાહારક હોય છે. (૨) અનેક જીવો આહારક અને કોઈ એક જીવ અનાહારક હોય છે. (૩) અથવા અનેક જીવો અનાહારક અને કોઈ એક જીવ આહારક હોય છે (૪) અથવા અનેક જીવો

૧૭ માં આહારદ્વારની પ્રરૂપણ —ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"हेणं भंते ! जीवा किं आहारगा, अणाहारगा ?" હે ભગવન્ ! તે ઉત્પલવર્તી જીવો આહારક હોય છે ? કે અનાહારક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર— "गोयमा ! હે ગૌતમ ! "णो अणाहारगा, आहारए वा, अणाहारए वा, एवं अट्ठ भंगा" તેઓ અનાહારક હોતા નથી, પણ (૧) કોઈ જીવ આહારક હોય છે અને (૨) વિગ્રહગતિમાં રહેલો કોઈ એક જીવ અનાહારક પણ હોય છે. (૩) બધાં જીવો આહારક હોય છે. (૪) અથવા બધાં જીવો અનાહારક હોય છે. આ રીતે એકના યોગથી ચાર ભાંગા બને છે. હવે ત્રિકસંયોગી ચાર ભાંગા પ્રકટ કરવામાં આવે છે (૧) કોઈ એક જીવ આહારક અને કોઇ એક જીવ અનાહારક હોય છે. (૨) અનેક જીવો આહારક અને કોઈ એક જીવ અનાહારક હોય છે. (૩) અથવા અનેક જીવો અનાહારક અને કોઈ એક જીવ આહારક હોય છે (૪) અથવા અનેક જીવો

આહારક અને અનેક અનાહારક હોય છે. આ રીતે એકના યોગથી ૪ અને દ્વિકયોગથી ૪ ભાંગા મળી કુલ આઠ ભાંગા બને છે. ॥ ૧૭ ॥

૧૮માં વિરતિદ્વારની પ્રરૂપણા— ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तेणं भंते ! किं विरया, अविरया, विरया विरया ? " હે ભગવન્! તે ઉત્પલના જીવો શું વિરતિયુક્ત હોય છે? કે અવિરતિયુક્ત હોય છે? કે વિરતાવિરત હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! " હે ગૌતમ! "नो विरया, नो विरयाविरया, अविरए वा, अविरया वा " તે ઉત્પલવર્તી જીવો વિરતિયુક્ત હોતા નથી, વિરતાવિરત પણ હોતા નથી. પરન્તુ ઉત્પલની એક પત્રાવસ્થાની અપેક્ષાએ તેમાં રહેલો એક જીવ અવિરતિયુક્ત હોય છે. તથા તે ઉત્પલની અનેક પત્રાવસ્થાની અપેક્ષાએ તેમાં રહેલા અનેક જીવો અવિરતિયુક્ત હોય છે.॥ ૧૮ ॥

૧૯માં ક્રિયાદ્વારની પ્રરૂપણા —ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते ! जीवा किं सकिरिया, अकिरिया ? " હે ભગવન્! ઉત્પલના તે જીવો શું સક્રિય હોય છે કે અક્રિય હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! नो अकिरिया, सकिरिए वा, सकिरिया वा " હે ગૌતમ ! ઉત્પલના તે જીવો અક્રિય (ક્રિયા રહિત) હોતા નથી, પરન્તુ એક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલો એક જીવ સક્રિય હોય છે, અને ઉત્પલની અનેક પત્રાવસ્થાની અપેક્ષાએ તેમાં રહેલા અનેક જીવો સક્રિય હોય છે. ॥ ૧૯ ॥

૨૦ માં બન્ધકદ્વારની પ્રરૂપણા– ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते ! जीवा किं सत्तविह बंधगा, अट्ठविह बंधगा ? " હે ભગવન્! ઉત્પલવર્તી તે જીવો સાત પ્રકારનાં કર્મોના બન્ધક હોય છે? કે આઠ પ્રકારનાં કર્મોના બન્ધક હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! " હે ગૌતમ! **सत्तविह बंधए वा, अट्ठविह बंधए वा, अट्ठ भंगा** " ઉત્પલસ્થ એક જીવ સાત પ્રકારના કર્મનો બન્ધક પણ હોય છે અને આઠ પ્રકારનાં કર્મોનો પણ બન્ધક હોય છે. અથવા ઉત્પલસ્થ બધાં જીવો સાત પ્રકારનાં કર્મોના પણ બન્ધક હોય છે અને આઠ પ્રકારનાં કર્મોના પણ બન્ધક હોય છે. આ રીતે એકના યોગવાળા ૪ ભાંગા બને છે. દ્વિકસંયોગી ચાર ભાંગા નીચે પ્રમાણે બને છે. (૧) અથવા કોઈ એક જીવ સાત પ્રકારનાં કર્મોનો બન્ધક હોય છે અને કોઈ એક જીવ આઠ પ્રકારનાં કર્મોનો બન્ધક હોય છે. (૨) અથવા કોઇ એક જીવ સાત પ્રકારનાં કર્મોનો બન્ધક હોય છે અને અનેક જીવો આઠ પ્રકારનાં કર્મોના બન્ધક હોય છે. (૩) અથવા કોઈ એક જીવ સાત પ્રકારના કર્મોનો બન્ધક હોય છે.

અને અનેક જીવો આઠ પ્રકારના કર્મોના બંધક હોય છે. (૪) અથવા અનેક જીવો સાત પ્રકારનાં કર્મોના પણ બન્ધક હોય છે અને આઠ પ્રકારનાં કર્મોના પણ બન્ધક હોય છે. આ રીતે કુલ આઠ ભાંગા બને છે. ॥ ૨૦ ॥

૨૧ માં સંજ્ઞાદ્વારની પ્રરૂપણા- ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते ! जीवा किं आहारसन्नोवउत्ता, भय सन्नोवउत्ता, मेहुणसन्नोवउत्ता परिग्गहसन्नोवउत्ता ? " હે ભગવન્ ! ઉત્પલના તે જીવો આહારસંજ્ઞાથી યુક્ત હોય છે ખરાં ? ભય-સંજ્ઞાથી યુક્ત હોય છે ખરાં ? મૈથુનસંજ્ઞાથી યુક્ત હોય છે ખરા ? પરિગ્રહ સંજ્ઞાથી યુક્ત હોય છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" आहारसन्नोवउत्ता वा असीती भंगा " હે ગૌતમ! ઉત્પલસ્થ તે જીવો આહાર સંજ્ઞાથી પણ યુક્ત હોય છે, ભય સંજ્ઞાથી પણ યુક્ત હોય છે, મૈથુન સંજ્ઞાથી પણ યુક્ત હોય છે અને પરિગ્રહ સંજ્ઞાથી પણ યુક્ત હોય છે. અહીં કુલ ૮૦ ભાંગા બને છે. તે ભાંગા (વિકલ્પો) નીચે પ્રમાણે સમજવા–એકના યોગથી એક વચનવાળા ૪ ભાંગા અને બહુ-વચનવાળા ૪ ભાંગા બને છે. દ્વિકસંયોગમાં એક વચન અને બહુવચનવાળા ચાર ભાંગા બને છે ચાર પદોના છ દ્વિકયોગ થાય છે. તેથી કુલ ૬×૪=૨૪ દ્વિકસંયોગી ભાંગા બને છે. ચાર સંજ્ઞાઓના ત્રિકસંયોગી ૮ ભાંગા થાય છે. તે આઠ ભાંગાને ચાર પદો વડે ગુણતા કુલ ૩૨ ત્રિકસંયોગી ભાંગા બને છે. અને ચતુષ્કસંયોગી ૧૬ ભાંગા બને છે આ રીતે કુલ ૮૦ ભાંગા બને છે ॥૨૧॥

૨૨માં કષાયદ્વારની પ્રરૂપણા–ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते ! जीवा किं कोहकसाई, माणकसाई, मायाकसाई, लोभकसाई ? " હે ભગવન્ ! ઉત્પલસ્થ તે જીવો શું ક્રોધકષાયવાળા હોય છે ? કે માનકષાયવાળા હોય છે ? કે માયાકષાયવાળા હોય છે ? કે લોભ કષાયવાળા હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" असीति भंगा " હે ગૌતમ ! ઉત્પલસ્થ જીવો ક્રોધકષાયવાળા પણ હોય છે, માનકષાયવાળા પણ હોય છે, માયાકષાયવાળા પણ હોય છે અને લોભકષાકવાળા પણ હોય છે. અહીં પણ સંજ્ઞાદ્વારની જેમ ૮૦ ભાંગા બને છે એક યોગમાં એક વચનવાળા ૪ ભાંગા અને બહુ વચનવાળા ચાર ભાંગા બને છે. આ રીતે તેમના એક સંયોગી ભાંગા કુલ ૮ થાય છે. દ્વિકયોગમાં યથાયોગ એક વચન અને બહુવચનની અપેક્ષાએ ૪ ચતુર્ભંગી થાય છે. ચાર પદોના ૬ દ્વિકયોગ થાય છે, તે ૬ ને ૪ ભાંગા વડે ગુણવાથી કુલ ૨૪ દ્વિકસંયોગી ભાંગા બને છે ચાર કષાયોના ત્રિકસંયોગી ૮ ભાંગા થાય છે તેમને ચતુર્ભંગી (ચાર ભાંગા) વડે ગુણવાથી કુલ ૩૨ ત્રિકસંયોગી ભાંગા બને છે. અને ચતુષ્ક સંયોગી ૧૬ ભાંગા બને છે. આ રીતે બધાં મળીને ૮૦ ભાંગા બને છે. ॥ ૨૨ ॥

૨૩ માં સ્ત્રીવેદાદિ દ્વારની પ્રરૂપણા– ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तेणं भंते ! जीवा किं इत्थीवेदगा, पुरिसवेदगा, नपुंसगवेदगा ? " હે ભગવન્ ! તે ઉત્પલવતી

જીવો શું સ્ત્રીવેદવાળા હોય છે ? કે પુરુષવેદવાળા હોય છે? કે નપુંસકવેદવાળા હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર– " गोयमा ! " હે ગૌતમ ! " नो इत्थिवेदगा, नो पुरिसवेदगा, नपुंसगवेदए वा, नपुंसगवेदगा वा " તે ઉત્પલસ્થ જીવો સ્ત્રીવેદવાળા પણ હોતા નથી, પુરુષવેદવાળા પણ હોતા નથી, પરન્તુ જ્યારે તે ઉત્પલ એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં રહેલો એક જીવ નપુંસક વેદવાળો હોય છે અને જ્યારે તે ઉત્પલ અનેક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં રહેલા બધાં જીવો નપુંસક વેદવાળા હોય છે.

૨૪ માં સ્ત્રીવેદાદિ બન્ધક દ્વારની પ્રરૂપણા–ગૌતમ સ્વામીનો પ્રશ્ન– " तेणं भंते ! जीवा किं इत्थीवेदबंधगा, पुरिसवेदबंधगा, नपुंसगवेदबंधगा ? " હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવો શું સ્ત્રીવેદ કર્મના બન્ધક હોય છે ? કે પુરુષવેદ કર્મના બન્ધક હોય છે ? કે નપુંસક વેદકર્મના બન્ધક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा " ! હે ગૌતમ ! " इत्थीवेदबंधए वा, पुरिसवेदबंधए वा, नपुंसगवेदबंधए वा, छब्बीसं भंगा " ઉત્પલમાં રહેલો જીવ સ્ત્રીવેદનો બંધક પણ હોઇ શકે છે, પુરુષવેદનો બન્ધક પણ હોઇ શકે છે અને નપુંસકવેદનો બન્ધક પણ હોઇ શકે છે. અહીં કુલ ૨૬ ભાંગા બને છે. તે ભાંગા આ પ્રમાણે સમજવા એક યોગમાં એક વચનની અપેક્ષાએ ૩ ભાંગા અને બહુવચનની અપેક્ષાએ ૩ ભાંગા બને છે. આ રીતે એક યોગમાં કુલ ૬ ભાંગા બને છે. દ્વિકયોગમાં યથાયોગ્ય એક વચન અને બહુ વચન લેવાથી ચાર ભાંગાઓવાળી ત્રિભંગી બને છે. તેથી ૪×૩=૧૨ ભાંગા બને છે. અને ત્રિકયોગમાં આઠ ભાંગા બને છે. આ રીતે કુલ ૬+૧૨+૮=૨૬ ભાંગા બને છે. તે પ્રત્યેક ભંગ ૧૬માં ઉચ્છ્વાસ નિઃશ્વાસ દ્વારમાં બતાવ્યા પ્રમાણે અહીં પણ બનાવી શકાય છે. ॥ ૨૪ ॥

૨૫ માં સંજ્ઞિદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન-" तेणं भंते ! जीवा किं सन्नी, असन्नी ? " હે ભગવન્ ! તે ઉત્પલવર્તી જીવો શું સંજ્ઞી હોય છે ? કે અસંજ્ઞી હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! હે ગૌતમ ! " नो सन्नी, असन्नी वा, असन्निणो वा " તે ઉત્પલસ્થ જીવો સંજ્ઞી હોતા નથી, પરન્તુ એક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલો એક જીવ અસંજ્ઞી હોય છે, અને અનેક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલા અનેક જીવો અસંજ્ઞી હોય છે. ॥ ૨૫ ॥

૨૬ માં ઇન્દ્રિયદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન- " तेणं भंते ! जीवा किं सइंदिया, अणिंदिया ? " હે ભગવન્ ! તે ઉત્પલમાં રહેલા જીવો ઇન્દ્રિયોવાળા હોય છે ? કે ઇન્દ્રિયોથી રહિત હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર– " गोयमा ! હે ગૌતમ ! " नो अणिंदिया, सइंदिए वा, सइंदिया वा " ઉત્પલસ્થ તે જીવો ઇન્દ્રિયોથી રહિત હોતા નથી

પરન્તુ એક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલો એક જીવ ઇન્દ્રિય સહિત હોય છે અને અનેક પત્રાવસ્થાવાળા ઉત્પલમાં રહેલા અનેક જીવો ઇન્દ્રિય સહિત હોય છે ।। ૨૬ ।।

૨૭ માં અનુબંધ દ્વારની પ્રરૂપણા—હવે ગૌતમ સ્વામી અનુબંધપર્યાય રૂપ ઉત્પલત્વ સ્થિતિ દ્વારની અપેક્ષાએ મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે "सेणं भंते ! उप्पलजीवेत्ति कालओ केवच्चिरं होई ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવ ઉત્પલના જીવ રૂપે કાળની અપેક્ષાએ કયાં સુધી રહે છે ? એટલે કે ઉત્પલની સ્થિતિ કેટલા કાળની હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा" હે ગૌતમ ! "जहण्णेणं अंतोमुहुत्तं उक्कोसेणं असंखेज्जं कालं" હે ગૌતમ ! ઉત્પલસ્થ જીવ ઉત્પલના જીવ રૂપે ઓછામાં ઓછો અન્તર્મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે અસંખ્યાત કાળ સુધી રહે છે ।। ૨૭ ।।

૨૮ માં સંવેધદ્વારની પ્રરૂપણા–ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"से णं भंते ! उप्पलजीवे पुढवी जीवे पुणरवि उप्पलजीवे त्ति केवइयं कालं सेवेज्जा ? केवइयं कालं गतिरागतिं करेज्जा ?" હે ભગવન્ ! ઉત્પલનો જીવ ઉત્પલરૂપ પર્યાયને છોડીને પૃથ્વીકાયિક જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય, તો આ રીતે ભવાન્તર કરીને ફરીથી એજ ભવને ગ્રહણ કરવામાં તે કેટલા કાળનું સેવન કરે છે ? કેટલા કાળ સુધી તે ગમનાગમન કરે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा" હે ગૌતમ ! "भवादेसेणं जहन्नेणं दो भवग्गहणाइं, उक्कोसेणं असंखेज्जाइं भवग्गहणाइं" તે ઉત્પલવર્તી જીવ ભવની અપેક્ષાએ ઓછામાં ઓછા બે ભવગ્રહણ પર્યન્ત–એક પૃથ્વીકાયિકમાં અને બીજો ઉત્પલમાં ભવ ગ્રહણ કરવા સુધી રહે છે, ત્યાર બાદ તે મનુષ્યાદિ ગતિમાં જતો રહે છે. અને વધારેમાં વધારે અસંખ્યાત ભવગ્રહણ સુધી રહે છે અને ગમનાગમન કરતો રહે છે. "कालादेसेणं जहण्णेणं दो अंतोमुहुत्ता, उक्कोसेणं असंखेज्जं कालं एवतियं कालं सेवेज्जा, एवतियं कालं गतिरागतिं करेज्जा" તથા કાળની અપેક્ષાએ તે ઓછામાં ઓછા બે મુહૂર્ત સુધી અને વધારેમાં વધારે અસંખ્યાત કાળનું સેવન કર્યા કરે છે અને એટલા કાળ પર્યન્ત તે ગમનાગમન કરતો રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सेणं भंते ! उप्पलजीवे आउजीवे ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવો જો ઉત્પલપર્યાયને છોડીને અપ્કાયિક જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય અને અપ્કાયિક પર્યાયને છોડીને ફરીથી ઉત્પલજીવ રૂપે ઉત્પન્ન થઈ જાય, તો આ રીતે ભવાન્તર કરીને ફરીથી એજ ભવગ્રહણ કરવામાં તે કેટલા કાળનું સેવન કરે છે ? કેટલા કાળ સુધી તે ગમનાગમન કરતો રહે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं चेव, एवं जहा पुढवीजीवे तहा जाव वाउजीवे भाणियव्वे" હે ગૌતમ ! ઉત્પલની પર્યાયમાંથી અપ્કાયિકમા ઉત્પન્ન થઇને ફરીથી ઉત્પલના જીવ રૂપે ઉત્પન્ન થનાર જીવનું કથન ઉપર્યુક્ત પૃથ્વીકાયિક પર્યાયમાં ઉત્પન્ન થનારા જીવના કથન અનુસાર સમજવું. અને એજ પ્રમાણે તેજસ્કાયિક અને વાયુકાયિકમાંથી ઉત્પલની પર્યાયમાં ફરી આવનાર જીવવિષે પણ સમજવું

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सेणं भंते ! उप्पलजीवे से वणस्सइ जीवे, पुणरवि उप्पलजीवे त्ति केवइयं कालं सेवेज्जा, केवइयं कालं गतिरागतिं कज्जइ ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવ જો ઉત્પલ જીવત્વની પર્યાય છોડીને વનસ્પતિ જીવ રૂપ પર્યાય ધારણ કરે અને ત્યાર બાદ વનસ્પતિ જીવરૂપ પર્યાયને છોડીને ફરીથી ઉત્પલજીવ રૂપ પર્યાયમાં આવી જાય, તો આ રીતે અન્ય ભવમાંથી એ ભવમાં આવવામાં તે કેટલા કાળનું સેવન કરે છે ? કેટલા કાળ સુધી તે ગમનાગમન કરે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "भवादेसेणं जहण्णेणं दो भवग्गहणाइं, उक्कोसेणं अणंताइं भवग्गहणाइं" ભવની અપેક્ષાએ તે ઓછામાં ઓછા બે ભવગ્રહણ રૂપ કાળનું સેવન કરે છે. એટલે કે પહેલો ભવ અપૂકાયિકમાં અને બીજો ભવ ઉત્પલમાં લઈને, ત્યાર બાદ તે મનુષ્યાદિ ગતિમાં ચાલ્યો જાય છે. અને વધારેમાં વધારે અનેક ભવોનું સેવન કરે છે "कालादेसेणं जहण्णेणं दो अंतोमुहुत्ता, उक्कोसेणं अणंतं कालं–तरुकालं एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गतिरागतिं कज्जइ" કાળની અપેક્ષાએતે બે અન્તર્મુહૂર્ત રૂપ કાળનું સેવન કરે છે, એટલે કે એક અન્તર્મુહૂર્ત અપૂકાયિકોમાં અને બીજું અન્તર્મુહૂર્ત ઉત્પલમાં રહે છે. ઉત્કૃષ્ટની અપેક્ષાએ તે તરુકાળનું વનસ્પતિકાળ રૂપ અનંત કાળનું સેવન કરે છે. આ રીતે આટલા કાળ સુધી તે ગમનાગનમ કરતો રહે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"सेणं भंते ! उप्पलजीवे बेइंदिय जीवे पुणरवि उप्पलजीवे त्ति केवइयं कालं सेवेज्जा, केवइयं कालं गतिरागतिं कज्जइ ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવ જો ઉત્પલજીવરૂપ પર્યાયનો ત્યાગ કરીને દ્વીન્દ્રિયરૂપ પર્યાયમાં જન્મ ધારણ કરે અને ત્યાર બાદ તે પર્યાયનો ત્યાગ કરીને ફરીથી ઉત્પલ જીવરૂપ પર્યાયને ધારણ કરે, તો આ રીતે અન્ય ભવમાં જઈને એજ ભવમાં આવવામાં તે કેટલા કાળનું સેવન કરે છે ? કેટલા કાળ પર્યન્ત ગમનાગમન કરે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा !" હે ગૌતમ ! "भवादेसेणं जहण्णेणं दो भवग्गहणाइं, उक्कोसेणं संखेज्जाइं भवग्गहणाइं." ભવની અપેક્ષાએ તે ઓછામાં ઓછા બે ભવગ્રહણ રૂપ કાળનું સેવન કરે છે એટલે કે–એક ભવ દ્વીન્દ્રિયોમાં રહે છે અને બીજો ભવ ઉત્પલમાં રહે છે. ત્યાર બાદ તે મનુષ્યાદિ ગતિમાં ચાલ્યો જાય છે. તથા ઉત્કૃષ્ટની અપેક્ષાએ તે સંખ્યાત ભવગ્રહણ રૂપ કાળનું સેવન કરે છે. કાળની અપેક્ષાએ તે ઓછામાં ઓછા બે અન્તર્મુહૂર્ત રૂપ કાળનું અને વધારેમાં વધારે સંખ્યાત કાળનું સેવન કરે છે. આ રીતે આટલા કાળ પર્યન્ત તે ગમનાગમન કર્યા કરે છે. "एवं तेइंदिय जीवे, एवं चउरिंदिय-जीवे वि" એજ પ્રમાણે ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવ વિષે પણ સમજવું. એટલે કે ઉત્પલસ્થ જીવ જો ઉત્પલપર્યાયને છોડીને ત્રીન્દ્રિય અથા ચતુરિન્દ્રિય જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય અને ત્યાંથી મરીને ફરીથી ઉત્પલ જીવ રૂપે ઉત્પન્ન થઈ જાય, તો આ રીતે તે પ્રત્યેક ભવાન્તરમાંથી ફરીથી ઉત્પલભવમાં આવવામાં

કેટલા કાળનું સેવન કરે છે? અને કેટલા કાળ સુધી ગમનાગમન કરે છે? આ પ્રકારનો પ્રશ્ન બને છે. તેનો આ પ્રમાણે ઉત્તર સમજવો. ભવની અપેક્ષાએ તે જીવ ઓછામાં ઓછા બે ભવગ્રહણ રૂપ કાળનું અને વધારેમાં વધારે સંખ્યાત ભવગ્રહણ રૂપ કાળનું સેવન કરે છે. આ રીતે આટલા કાળ પર્યન્ત તે ગમનાગમન કરે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન– "से णं भंते! उप्पलजीवे पंचिंदियतिरिक्ख जोणियजीवे पुणरवि उप्पलजीवे त्ति पुच्छा" હે ભગવન્! તે ઉત્પલસ્થ જીવ જો પોતાની ઉત્પલ જીવ રૂપ પર્યાયને છોડીને પંચેન્દ્રિતિર્યંચ પર્યાયમાં ઉત્પન્ન થઈ જાય, અને ત્યાંથી મરીને ફરીથી ઉત્પલ જીવ રૂપ પર્યાયમાં ઉત્પન્ન થઇ જાય, તો આ રીતે અન્ય ભવમાંથી ઉત્પલ જીવ રૂપ પર્યાયમાં ગમન કરતાં તે કેટલા કાળનું સેવન કરે છે? કેટલા કાળ સુધી ગમનાગમન કરે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર– "गोयमा" હે ગૌતમ! 'भवादेसेणं जहण्णेणं दो भवग्गहणाइं, उक्कोसेणं अट्ठ भवग्गहणाइं" ભવની અપેક્ષાએ બે ભવગ્રહણ પર્યન્ત (એટલે કે એક ભવ પંચેન્દ્રિય તિર્યંચનો અને બીજો ભવ ઉત્પલનો) ના કાળનું તે સેવન કરે છે અને વધારેમાં વધારે આઠ ભવગ્રહણ પર્યન્તના કાળનું સેવન કરે છે. એટલે કે ચાર ભવ પંચેન્દ્રિય તિર્યંચના અને ચાર ભવ ઉત્પલના, એ રીતે આઠ ભવગ્રહણ સુધીના કાળનું સેવન કરે છે "कालादेसेणं जहण्णेणं दो अंतोमुहुत्ताइं, उक्कोसेणं पुव्वकोडिपुहुत्ताइं, एवइयं कालं सेवेज्जा, एवइयं कालं गतिरागतिं करेज्जा" કાળની અપેક્ષાએ તે ઓછામાં ઓછા બે અન્તર્મુહૂર્ત પર્યન્તના કાળનું અને વધારેમાં વધારે કોટિપૃથકત્વરૂપ કાળનું સેવન કરે છે. પંચેન્દ્રિય તિર્યંચમાં રહેવાનો એક અન્તર્મુહૂર્તનો કાળ, આ રીતે બે અન્તર્મુહૂર્તનો જઘન્ય કાળ સમજવો, ત્યાર બાદ તે મનુષ્યાદિ ગતિમાં ચાલ્યો જાય છે. હવે ઉત્કૃષ્ટ કાળનું સ્પષ્ટી કરણ કરવામાં આવે છે–ઉત્કૃષ્ટની અપેક્ષાએ જે પૂર્વકોટિપૃથકૃત્વ કાળ (બેથી લઇને નવ પૂર્વકોટિ કાળ) કહ્યો છે તેનું કારણ એ છે કે ચાર પંચેન્દ્રિયતિર્યંચ ભવ-ગ્રહણમાં વધારેમાં વધારે ચારકોટિકાળ વ્યતીત થાય છે, કારણ કે ઉત્પલજીવ રૂપ પર્યાયમાંથી નીકળીને પંચેન્દ્રિય તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થનાર જીવની જે યોગ્ય પંચેન્દ્રિય તિર્યંચ સ્થિતિ (આયુષ્ય) હોય છે, તે અહીં ગ્રહણ કરવામાં આવેલ છે. તેમાં ઉત્પલનું જીવન અધિક હોય છે, તે કારણે ઉત્કૃષ્ટની અપેક્ષાએ પૂર્વકોટિ પૃથકૃત્વ કાળ કહ્યો છે, એમ સમજવું. આ રીતે તે એટલા કાળનું સેવન કરે છે, એટલા કાળ સુધી ગમનાગમન કરે છે. "एवं मणुस्सेण वि समं जाव एवइयं कालं गतिरागतिं करेज्जा" આ રીતે ઉત્પલ જીવ ઉત્પલ જીવ પર્યાયનો ત્યાગ કરીને જ્યારે મનુષ્ય પર્યાયમાં ઉત્પન્ન થાય છે અને ત્યાંથી મરીને ફરીથી ઉત્પલ જીવ રૂપે ઉત્પન્ન થઇ જાય છે, ત્યારે ભવાન્તરમાંથી ફરી એજ ભવમાં આવતા તે જઘન્યની અપેક્ષાએ બે ભવગ્રહણ રૂપ કાળનું અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ આઠ ભવગ્રહણ રૂપ કાળનું

સેવન કરે છે, તથા કાળની અપેક્ષાએ તે ઓછામાં ઓછા બે અન્તર્મુહૂર્ત કાળનું અને વધારેમાં વધારે પૂર્વકોટિ પૃથક્ત્વરૂપ (બેથી લઈને નવ પૂર્વકોટિ) કાળનું સેવન કરે છે. આટલા કાળ પર્યન્ત તે ગમનાગમન કરતો રહે છે. આ પ્રકારનું આ ૨૮ મું " સંવેધદ્વાર " છે. ॥ ૨૮ ॥

૨૯ માં આહારકદ્વારની પ્રરૂપણા— ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तेणं भंते ! जीवा किमाहारमाहारेंति ? " હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવ કયાં દ્રવ્યોનો આહાર લે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! दव्वओ अणंतपएसियाइं दव्वाइं, एवं जहा आहारुद्देसए वणस्सइकाइयाणं आहारो तहेव जाव सव्वप्पणयाए आहारमाहारेंति " હે ગૌતમ ! તે ઉત્પલસ્થ જીવ દ્રવ્યની અપેક્ષાએ તો અનંતપ્રદેશોવાળાં દ્રવ્યોનો આહાર કરે છે. આ પ્રમાણે પ્રજ્ઞાપના સૂત્રના ૨૦ માં પદમાં–આહારક ઉદ્દેશામાં વનસ્પતિકાયિકોના આહાર વિષયક જેવું કથન કરવામાં આવ્યું છે એવું કથન " सवोत्मना–सर्व प्रदेशमांथी आहार ग्रहण करे छे, " આ સૂત્રપાઠ પર્યન્ત ગ્રહણ કરવું. અહીં " यावत् (પર્યન્ત) " પદથી નીચેના પાઠને ગ્રહણ કરવો જોઇએ– " क्षेत्रत : असंख्येयप्रदेशावगाढानि, कालत : कस्मिन्नपि एकतरस्मिन् काले अन्यतरकाल स्थितिकानि, भावतो वर्णवन्ति "

" नवरं छद्दिसिं तंचेव " તેમના આહાર ગ્રહણમાં એટલી જ વિશેષતા છે કે પૃથ્વીકાયિક આદિ જીવ સૂક્ષ્મ હોવાથી નિયમથી જ છ એ દિશાઓમાંથી ઇત્યાદિ પ્રકારે પણ તેઓ આહાર ગ્રહણ કરે છે. પરન્તુ ઉત્પલ જીવ બાદર હોવાથી તથાવિધ નિષ્કુટોમાં સૂક્ષ્મત્વના અભાવને કારણે છએ દિશાઓમાંથી આહાર ગ્રહણ કરે છે. બાકીનું સમસ્ત કથન પૂર્વોક્ત કથન અનુસાર સમજવું ॥૨૯॥

૩૦માં સ્થિતિદ્વારની પ્રરૂપણા—ગૌતમ સ્વામીનો પ્રશ્ન– " तेसिं णं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दसवाससहस्साइं " હે ગૌતમ ! ઉત્પલસ્થ જીવોની ઓછામાં ઓછી અન્તર્મુહૂર્તની અને વધારેમાં વધારે દસ હજાર વર્ષની સ્થિતિ કહી છે. ॥ ૩૦ ॥

૩૧ માં સમુદ્ઘાત દ્વારની પ્રરૂપણા— ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तेसिं णं भंते ! जीवाणं कइ समुग्घाया पण्णत्ता ?" હે ભગવન્ ! તે ઉત્પલસ્થ જીવોના કેટલા સમુદ્ઘાત કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! तओ समुग्घाया पण्णत्ता " હે ગૌતમ ! તે ઉત્પલસ્થ જીવોના ત્રણ સમુદ્ઘાત કહ્યા છે, " तंजहा " જે નીચે પ્રમાણે

छे-वेयणासमुग्घाए, कसायसमुग्घाए, मारणंतियसमुग्घाए" (१) वेदना समुद्दघात, (२) કષાય સમુદ્દઘાત અને (૩) મારણાન્તિક સમુદ્દઘાત ॥ ૩૧ ॥

૩૨ માં ચ્યવનદ્વારની પ્રરૂપણા–ગૌતમ સ્વામીનો પ્રશ્ન– "तेणं भंते ! जीवा मारणंतियसमुग्घाएणं किं समोहया मरंति, असमोहया मरंति ?" હે ભગવન્! તે ઉત્પલવર્તી જીવો શું મારણાંતિક સમુદ્દઘાતથી સમવહત થઈને મરે છે ? કે મારણાન્તિક સમુદ્દઘાતથી અસમવહત થઈને મરે છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा ! समोहया वि मरंति, असमोहया वि मरंति" હે ગૌતમ ! તેઓ મારણાન્તિક સમુદ્દઘાતથી સમવહત થઈને પણ મરે છે અને અસમવહત થઈને પણ મરે છે. ॥ ૩૨ ॥

મૂલાદિકોમાં ઉત્પત્તિ રૂપ ૩૩મું ઉપપાતદ્વાર–ગૌતમ સ્વામીનો પ્રશ્ન– "तेणं भंते ! जीवा अणंतरं उवट्टित्ता कहिं गच्छंति, कहिं उववज्जंति ?" હે ભગવન્ ! ઉત્પન્નસ્થ જીવ ઉત્પલ જીવ રૂપ ભવને છોડીને–ત્યાંથી મરીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ?" "किं नेरइएसु उववज्जंति, तिरिक्खजोणिएसु उववज्जंति ?" શું તેઓ નરકગતિમાં ઉત્પન્ન થાય છે ? કે તિર્યંચયોનિકોમાં ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર– "एवं जहा वक्कंतीए उवट्टणए वणस्सइकाइयाणं तहा भाणियव्वं" હે ગૌતમ પ્રજ્ઞાપનાના છઠ્ઠા ઉદ્વર્ત્તનાધિકારમાં જેવું વનસ્પતિકાયિકોની ઉદ્વર્ત્તના વિષે કથન કરવામાં આવ્યું છે એવું કથન અહીં પણ ગ્રહણ કરવું. ત્યાં આ પ્રમાણે કહ્યું છે–

"ગૌતમ સ્વામીનો પ્રશ્ન– "શું તેઓ નારકોમાં ઉત્પન્ન થાય છે ? કે તિર્યંચોમાં ઉત્પન્ન થાય છે ? કે મનુષ્યગતિમાં ઉત્પન્ન થાય છે ? કે દેવગતિમાં ઉત્પન્ન થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–હે ગૌતમ ! તેઓ દેવોમાં પણ ઉત્પન્ન થતા નથી, નારકોમાં પણ ઉત્પન્ન થતા નથી, પરન્તુ તિર્યંચયોનિકોમાં અથવા મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે" આ કથન ઉત્પલના જીવોને પણ લાગૂ પડી શકે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अह भंते ! सव्वपाणा, सव्वभूया, सव्व जीवा, सव्व सत्ता, उप्पलमूलत्ताए, उप्पलकंदत्ताए, उप्पलनालत्ताए, उप्पलपत्तत्ताए, उप्पलकेसरत्ताए, उप्पलकन्नियत्ताए, उप्पलथिभुगत्ताए उववन्नपुव्वा ?" હે ભગવન્ ! શું સમસ્ત પ્રાણ, સમસ્ત ભૂતો, સમસ્ત જીવો અને સમસ્ત સત્ત્વો; ઉત્પલના મૂળ રૂપે ઉત્પલના કન્દ રૂપે, ઉત્પલની નાલ રૂપે, ઉત્પલનાં પાન રૂપે, ઉત્પલના કેશરરૂપે, ઉત્પલની કર્ણિકારૂપે અને ઉત્પલના થિભુગરૂપે પહેલાં કદી પણ ઉત્પન્ન થઈ ચુકયા હોય છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર– "हंता, गोयमा ! असई अदुवा अणंतक्खुत्तो" હા, ગૌતમ ! સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વો ઉત્પલના મૂળ આદિ રૂપે અનેક વાર અથવા અનંતવાર પહેલાં ઉત્પન્ન થઈ ચુકયા હોય છે. ॥ ૩૩ ॥

હવે સૂત્રને અન્તે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે કે "सेवं भंते! सेवं भंते! त्ति" "હે ભગવન્! આપે જે કહ્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આપે જે કહ્યું તે યથાર્થ જ છે." આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બેસી ગયા. ॥સૂ૧॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો પહેલો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧-૧॥

शालूक जीवों का निरूपण

બીજા ઉદ્દેશાનો પ્રારંભ

શાલૂકજીવ વક્તવ્યતા

"सालूए णं भंते! एगपत्तए किं एगजीवे अणेगजीवे" ઇત્યાદિ

ટીકાર્થ– આગલા ઉદ્દેશામાં ઉત્પલજીવોની પ્રરૂપણા કરવામાં આવી છે. હવે સૂત્રકાર ઉદ્દેશકાર્થસંગ્રહગાથામાં કહેલા બીજા શલૂકોદ્દેશકની નીચે પ્રમાણે પ્રરૂપણા કરે છે–

"सालूए णं भंते! एगपत्तए किं एगजीवे, अणेगजीवे?" ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે "હે ભગવન્! વનસ્પતિ વિશેષ રૂપ જે શાલૂક એટલે કે–કમળકન્દ હોય છે, તે જ્યારે એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે એક જીવવાળું હોય છે? કે અનેક જીવવાળું હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર– "गोयमा!" હે ગૌતમ! "एगजीवे, एवं उप्पलुद्देसगवत्तव्वया अपरिसेसा भाणियव्वा" એક પત્રાવસ્થાવાળા શાલૂકમાં એક જીવ હોય છે, પરન્તુ જ્યારે તે બે વિગેરે પત્રાવસ્થાવાળું બને છે, ત્યારે તે અનેક જીવવાળું હોય છે. આ રીતે ઉત્પલ ઉદ્દેશક અનુસારનું સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. "जाव अणंतखुत्तो" આ સૂત્રપાઠ પર્યન્ત ગ્રહણ કરવું જોઇએ. અહીં જે "यावत्" પદ વપરાયું છે તેના દ્વારા સૂત્રકાર એ વાત સૂચિત કરે છે કે "ઉત્પલ ઉદ્દેશકમાં ઉત્પાત આદિ તેત્રીસ દ્વારનું જેવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એવું જ પ્રતિપાદન અહીં પણ થવું જોઇએ. ઉત્પલ ઉદ્દેશકની વક્તવ્યતામાં 'ઉત્પલ'ને સ્થાને "शालूक" પદ મૂકીને તે ૩૩ દ્વારોનું પ્રશ્નોત્તર રૂપે અહીં કથન થવું

જોઈએ. "સર્વ પ્રાણ સર્વ ભૂત, સર્વ જીવ અને સર્વ સત્ત્વ શાલૂકમૂળાદિ રૂપે અનેકવાર અથવા અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયાં હોય છે" આ સૂત્રપાઠ પર્યન્તનું કથન અહી ગ્રહણ કરવું જોઈએ. "નવરં સરીરોગાહણા જહણ્ણેણં અંગુલસ્સ અસંખેજ્જઇભ ગં, ઉક્કોસેણં ધણુપુહુત્તં, સેસં તં ચેવ" પરન્તુ ઉત્પલ જીવ સંબંધી વક્તવ્યતા કરતાં શાલૂક જીવ સંબંધી વક્તવ્યતામાં ફક્ત શરીરની ઉત્કૃષ્ટ અવગાહનાના પ્રમાણ પુરતું જ અન્તર છે. ઉત્પલજીવના શરીરની ઓછામાં ઓછી અવગાહના પણ આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છેઅને શાલૂક જીવોની શરીરની ઓછામાં ઓછી અવગાહના પણ આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણે છે. પરન્તુ ઉત્પલ જીવોના શરીરની વધારેમાં વધારે અવગાહના એક હજાર યોજન કરતાં થોડી અધિક છે. ત્યારે શાલૂકના જીવોનો શરીરની ઉત્કૃષ્ટ અવગાહના ધનુષપૃથકત્વ પ્રમાણ (બેથી લઈને નવધનુષ પ્રમાણ) કહી છે. બાકીનું સમસ્ત કથન ઉત્પલ જીવના કથન અનુસાર જ સમજવું.

"સેવં ભંતે સેવં ભંતે ! ત્તિ" ગૌતમ સ્વામી ભગવાનનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે કે "હે ભગવન ! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સત્ય છે. હે ભગવન્ ! આપે જે કહ્યું તે સર્વથા સત્ય છે," આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બેસી ગયા ॥ સૂ૦૧॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો બીજો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧–૨॥

ત્રીજા ઉદ્દેશાનો પ્રારંભ

પલાશવર્તિજીવ વક્તવ્યતા

"पलासेणं भंते! एगपत्तए किं एगजीवे" ઇત્યાદિ

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રદ્વારા પલાશોદ્દેશકનું કથન કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–**पलासे णं भंते! एगपत्तए किं एगजीवे? अणेगजीवे?**" હે ભગવન્! પલાશ (ખાખરો) નામની જે વનસ્પતિ થાય છે તે જ્યારે એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં શું એક જીવ હોય છે? કે અનેક જીવ હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર– "**एवं उप्पलुद्देसगवत्तव्वया अपरिसेसा भाणियव्वा**" હે ગૌતમ! ઉત્પલોદ્દેશકમાં ઉત્પલ વિષે જેવી વક્તવ્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એવી જ વક્તવ્યતા અહીં પલાશ વિષે પણ સમજવી. પરન્તુ ઉત્પલની વક્તવ્યતા કરતાં પલાશની વક્તવ્યતામાં જે વિશેષતા છે, તે નીચેના સૂત્રમાં પ્રકટ કરવામાં આવેલ છે.

"**नवरं सरीरोगाहणा जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागं, उक्कोसेणं गाउयपुहुत्तं, देवा एएसु न उववज्जंति**" પલાશના શરીરની અવગાહનામાં ઉત્પલના શરીરની અવગાહના કરતાં નીચે પ્રમાણે અન્તર છે.

પલાશના શરીરની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ કહી છે અને ઉત્કૃષ્ટ અવગાહના ગવ્યૂતિપૃથક્ત્વ પ્રમાણ–બે–કોશથી લઇને નવ કોશ પર્યન્તની–કહી છે. તથા દેવો પલાશજીવ રૂપે ઉત્પન્ન થતા નથી. દેવો ત્યાં ઉત્પન્ન ન થવાનું કારણ એ છે કે પલાશ અપ્રશસ્ત વનસ્પતિ ગણાય છે. અપ્રશસ્ત વનસ્પતિઓમાં દેવોની ઉત્પત્તિ થતી નથી–પ્રશસ્ત વનસ્પતિયોમાં જ– ઉત્પલાદિ જેવી સુંદર વનસ્પતિમાં જ દેવો ઉત્પન્ન થાય છે. તેથી જ ઉત્પલોદ્દેશકમાં એવું કહ્યું છે કે દેવગતિમાંથી ચ્યવીને જીવ ઉત્પલોમાં પણ ઉત્પન્ન થાય છે."

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"**लेसासु णं भंते! जीवा किं कण्हलेस्सा, नीललेस्सा, काउलेस्सा?**" હે ભગવન્! તે જીવો કઈ કઈ લેશ્યાઓવાળા હોય છે? શું કૃષ્ણ લેશ્યાવાળા હોય છે? કે નીલ લેશ્યાવાળા હોય છે? કે કાપોત લેશ્યાવાળા હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર– હે ગૌતમ! પલાશસ્થ જીવો કૃષ્ણ લેશ્યાવાળા પણ હોય છે, નીલ લેશ્યાવાળા પણ હોય છે અને કાપોતલેશ્યાવાળા પણ

હોય છે ? આ પ્રમાણે ઉત્પલોદ્દેશક ક્રમ અનુસાર અહીં ૨૬ ભાંગા (વિકલ્પો) બને છે. બાકીનું સમસ્ત કથન અહીં પૂર્વોક્ત રૂપે જ સમજવું. તથા જ્યારે તેજોલેશ્યાયુક્ત દેવ દેવભવમાંથી ચ્યવીને વનસ્પતિકાયિક રૂપે ઉત્પન્ન થાય છે, ત્યારે વનસ્પતિકાયિકોમાં તેજોલેશ્યાનો સદ્ભાવ રહે છે. પરન્તુ પલાશ અપ્રશસ્ત હોવાથી દેવગતિમાંથી ચ્યવેલો જીવ તેમાં ઉત્પન્ન થતો નથી, તે કારણે પલાશસ્થ જીવોમાં તેજોલેશ્યા સંભવતી નથી પણ પહેલી ત્રણ લેશ્યાઓનો જ સદ્ભાવ હોય છે. આ ત્રણ લેશ્યાઓની અપેક્ષાએ અહીં ૨૬ ભાંગા જ સંભવી શકે છે. અહીં એક સંયોગી ૮, દ્વીકસંયોગી ૧૨ અને ત્રિકસંયોગી ૬ ભાંગા બને છે.

સૂત્રને અન્તે મહાવીર પ્રભુનાં વચનોમાં પોતાની અપાર શ્રદ્ધા વ્યક્ત કરતા ગૌતમ સ્વામી કહે છે–" सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આપે જે કહ્યું તે સત્ય છે. હે ભગવન્ ! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે." આ પ્રમાણે કહીને ભગવાનને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બિરાજમાન થયા. ॥સૂ૦ ૧।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત " ભગવતીસૂત્ર "ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧–૩॥

ચોથા ઉદ્દેશાનો પ્રારંભ

કુંભિસ્થજીવ વક્તવ્યતા

"કુંભિએણં ભંતે ! એગપત્તએ" ઇત્યાદિ

ટીકાર્થ—હવે સૂત્રકાર સંગ્રહગાથોક્ત ચોથા કુંભિકોદ્દેશકની પ્રરૂપણા કરે છે

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"કુંભિએણં ભંતે ! એગપત્તએ કિં એગજીવે, અણેગજીવે ?" હે ભગવન્ ! કુંભિક નામની જે વનસ્પતિ થાય છે, તે જ્યારે એક પત્રાવસ્થામાં હોય છે ત્યારે શું તે એક જીવથી યુક્ત હોય છે ? કે અનેક જીવથી યુક્ત હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—'गोयमा !" હે ગૌતમ ! "एवं जहा पलासुद्देसए तहा भाणियव्वे, नवरं ठिई जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वासपुहत्तं, सेसं तं चेव) હે ગૌતમ ! પૂર્વોક્ત પલાશોદ્દેશકમાં પલાશવર્તી જીવો વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં કુંભિકવર્તી જીવો વિષે પણ કરવું જોઇએ. એટલે કે એક પત્રાવસ્થાવાળા કુંભિકમાં એક જીવ હોય છે, બે, ત્રણ આદિ પત્રાવસ્થાવાળા કુંભિકમાં અનેક જીવો હોય છે, ઇત્યાદિ સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. પરન્તુ પલાશોદ્દેશક કરતાં આ ઉદ્દેશામાં સ્થિતિની અપેક્ષાએ જ નીચે પ્રમાણે વિશેષતા છે— કુંભિકવર્તી જીવોની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ સ્થિતિ વર્ષપૃથકત્વની હોય છે. (બે વર્ષથી નવ વર્ષ સુધીના કાળને વર્ષપૃથકત્વ કહે છે) "सेवं भंते ! सेवं भंते ! त्ति" ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે– "હે ભગવન્ ! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્ ! આપનું કથન સર્વથા સત્ય જ છે." આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બિરાજમાન થયા ॥સૂ૦ ૧॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો ચોથો ઉદ્દેશક સમાપ્ત ॥ ૧૧–૪ ॥

પાંચમા ઉદ્દેશાનો પ્રારંભ-

નાલિકસ્થ જીવવક્તવ્યતા-

" नालिए णं भंते ! एगपत्तए किं एगजीवे अणेगजीवे ? " ઇત્યાદિ

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા પાંચમાં નાલિકોદ્દેશકની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" नालिएणं भंते ! एगपत्तए किं एगजीवे, अणेगजीवे ?" હે ભગવન્ ! નાલિકા નામની જે વનસ્પતિ છે તે જ્યારે એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં કેટલા જીવો રહેલા હોય છે? શું ત્યારે તેમાં એક જીવ હોય છે ? કે અનેક જીવ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" एवं कुंभि उद्देसगवत्तव्वया निरवसेसा भाणियव्वा" હે ગૌતમ ! ચોથા ઉદ્દેશામાં કુંભિકસ્થ જીવોની જેવી વક્તવ્યતા આપી છે, એવી જ વક્તવ્યતા અહીં પણ સંપૂર્ણત ગ્રહણ કરવી જોઇએ. એટલે કે " નાલિકા નામની વનસ્પતિ તેની એકપત્રાવસ્થામાં એક જીવથી યુક્ત હોય છે અને અનેકપત્રાવસ્થામાં અનેક જીવોથી યુક્ત હોય છે, " ઇત્યાદિ સમસ્ત કથન અહીં લાગૂ પાડીને સમસ્ત કથન ગ્રહણ કરવું જોઈએ.

અન્તે ભગવાનનાં વચનોમાં પોતાની અપાર શ્રદ્ધા પ્રકટ કરતા ગૌતમ સ્વામી કહે છે- " सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્ ! આપે જે કહ્યું તે યથાર્થ જ છે, " આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને વિરાજમાન થઇ ગયા. ॥ સૂ૦ ૧ ॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત " ભગવતીસૂત્ર "ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો પાચમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧-૫॥

છઠ્ઠા ઉદ્દેશાનો પ્રારંભ-

પદ્મસંબંધી જીવવક્તવ્યતા-

"पउमेणं भंते ! एगपत्तए किं एगजीवे, अणेगजीवे ?" ઇત્યાદિ

ટીકાર્થ-આ સૂત્રમાં સૂત્રકારે છઠ્ઠા પદ્મ વિષયક ઉદ્દેશાનું પ્રતિપાદન કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે "पउमेणं भंते ! एगपत्तए किं एगजीवे, अणेगजीवे ?" હે ભગવન્ ! જ્યારે પદ્મ પોતાની એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે શું તેમાં એક જીવનું અસ્તિત્વ હોય છે ? કે અનેક જીવોનું અસ્તિત્વ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર- "उप्पलुद्देसगवत्तव्वया निरवसेसा भाणियव्वा" હે ગૌતમ ! આગળ પહેલા ઉત્પલોદ્દેશકમાં ઉત્પલવર્તી જીવોની જેવી પ્રરૂપણા કરવામાં આવી છે, એવી જ પ્રરૂપણા અહીં પદ્મવર્તી જીવોના વિષયમાં પણ સંપૂર્ણ રૂપે થવી જોઈએ. એટલે કે "કમળવિશેષ રૂપ પદ્મ જ્યારે એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં એક જીવનું અસ્તિત્વ હોય છે, પણ જ્યારે તે અનેક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં અનેક જીવોનો સદ્ભાવ હોય છે," ઇત્યાદિ સમસ્ત કથન અહી ઉત્પલોદ્દેશકમાં કહ્યા પ્રમાણે ગ્રહણ થવું જોઈએ.

ઉદ્દેશાને અન્તે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે "सेवं भंते ! सेवं भंते ! त्ति" હે ભગવન્ ! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સત્ય છે. હે ભગવન્ ! આપનું કથન સર્વથા સત્ય જ છે." આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બેસી ગયા ॥ સૂ૦ ૧ ॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો છઠ્ઠો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧-૬॥

સાતમા ઉદ્દેશાનો પ્રારંભ—

કર્ણિક જીવવક્તવ્યતા—

" कण्णिए णं भंते ! एगपत्तए किं एगजीवे, अणेगजीवे ? " ઇત્યાદિ

ટીકાર્થ—આ સૂત્રમાં સૂત્રકારે સાતમાં કર્ણિકા ઉદ્દેશક નામના ઉદ્દેશકની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-" कण्णिए णं भंते ! एगपत्तए किं एगजीवे ? अणेगजीवे ? " હે ભગવન્! કર્ણિકા નામની જે વનસ્પતિ છે, તે જ્યારે એક પત્રાવસ્થાવાળી હોય છે, ત્યારે શું તે એક જીવવાળી હોય છે ? કે અનેક જીવવાળી હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" एवं चेव निरवसेसं भाणियव्वं " હે ગૌતમ! પહેલા ઉદ્દેશામાં ઉત્પલસ્થ જીવો વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ સંપૂર્ણ કથન અહીં કર્ણિકાના જીવો વિષે પણ ગ્રહણ કરવું જોઈએ. એટલે કે " જ્યારે કર્ણિકા એક પત્રાવસ્થામાં હોય છે, ત્યારે તેમાં એક જીવનો સદ્ભાવ હોય છે, અને જ્યારે અનેક પત્રાવસ્થામાં હોય છે. ત્યારે તેમાં અનેક જીવોનો સદ્ભાવ હોય છે. " ઇત્યાદિ ઉત્પલપ્રકરણોક્ત સમસ્ત કથન અહીં ' ઉત્પલ ' સ્થાને " કર્ણિકા " શબ્દ મૂકીને ગ્રહણ કરવું જોઈએ. " सेवं भंते! सेवं भंते! त्ति" ઉદ્દેશાનો ઉપસંહાર (સમાપ્તિ) કરતા ગૌતમ સ્વામી કહે છે- " હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આપે જે કહ્યું તે યથાર્થ જ છે, " આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બેસી ગયા ॥સૂ૦૧॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત " ભગવતીસૂત્ર "ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો સાતમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧-૭॥

આઠમા ઉદ્દેશાનો પ્રારંભ–

નલિન જીવવક્તવ્યતા–

" नलिणेणं भंते ! एगपत्तए किं एगजीवे " ઈત્યાદિ

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્રમાં આઠમાં નલિનોદ્દેશક નામના ઉદ્દેશકની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે " नलिणेणं भंते ! एगपत्तए किं एगजीवे, अणेगजीवे ? " હે ભગવન્! કમલ વિશેષ રૂપ જે નલિન થાય છે, તે જ્યારે એક પત્રાવસ્થા-વાળું હોય છે, ત્યારે તેમાં શું એક જીવ હોય છે ? કે અનેક જીવ હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" एवं चेव निरवसेसं जाव अणंतक्खुत्तो " હે ગૌતમ ! આ પ્રશ્નના ઉત્તર રૂપે ઉત્પલપ્રકરણગત સમસ્ત કથન " अनन्तकृत्वः " અનંતવાર આ પદ પર્યન્ત ગ્રહણ થવું જોઈએ. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉત્પલના ૩૩ દ્વારોના કથન જેવું જ કથન અહીં ગ્રહણ કરવું– " નલિન તેની એક પત્રાવસ્થામાં એક જીવથી યુક્ત હોય છે અને અનેક પત્રાવસ્થામાં અનેક જીવોથી યુક્ત હોય છે, " આ કથનથી લઈને ૩૩માં " મૂલાદિમાં ઉપપાત " પર્યન્તના દ્વારોનું અહીં પ્રતિપાદન થવું જોઈએ. " સમસ્ત પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ નલિનના મૂળાદિ રૂપે અનેકવાર અને અનંતવાર ઉત્પન્ન થઈ ચુકયા હોય છે. " આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ

ઉદ્દેશાને અન્તે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને કહે છે. " सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આપે જે કહ્યું તે યથાર્થ જ છે. " આ પ્રમાણે કહીને ભગવાનને વંદણા નમસ્કાર કરીને તેઓ તેમને સ્થાને બેસી ગયા.

બીજા ઉદ્દેશાથી શરૂ કરીને આઠમાં ઉદ્દેશા પર્યન્તના સાત ઉદ્દેશાઓમાં પ્રતિપાદિત વિષયોને પ્રકટ કરનારી ત્રણ સંગ્રહગાથાઓ નીચે પ્રમાણે છે–

" सालुमि " ઈત્યાદિ આ ગાથાઓનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

વનસ્પતિ વિશેષ રૂપ શાલૂકના શરીરની અવગાહના ઉત્કૃષ્ટની અપેક્ષાએ ધનુષપૃથકત્વ પ્રમાણ–બેથી લઈને નવ ધનુષ પ્રમાણ–કહી છે. (તેની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે) પલાશ નામની વનસ્પ-તિના શરીરની અવગાહના " गाउयपुहुत्तं " ઉત્કૃષ્ટની અપેક્ષાએ ગવ્યૂતિપૃથકૃત્વ (બેથી નવ કોશ) પ્રમાણ કહી છે. (તેની જઘન્ય અવગાહના આંગળના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ છે. આ બે સિવાયની વનસ્પતિઓની–એટલે કે ઉત્પલ, કુંભિક; નાલિકા, પદ્મ, કર્ણિકા અને નલિનની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજન કરતાં સહેજ વધારે છે, તથા જઘન્ય અવગાહના આંગળના

અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે. કુંભિક અને નાલિકાની ઉત્કૃષ્ટ સ્થિતિ વર્ષ-પૃથકૂત્વની (૨થી લઈને ૯ વર્ષની) છે, અને તેમની જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે. કુંભિક અને નાલિકા સિવાયની બાકીની છ વનસ્પતિની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ હજાર વર્ષની છે અને જઘન્ય સ્થિતિ અન્તર્મુહૂર્તની છે. કુંભિક, નાલિકા અને પલાશવર્તી જીવો કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યાવાળા હોય છે અને બાકીની પાંચે વનસ્પતિવર્તી જીવો કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો-લેશ્યાવાળા હોય છે. ।। સૂ૦૧ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો આઠમો ઉદ્દેશક સમાપ્ત ।।૧૧-૮।।

नववें उद्देशे का विषय का विवरण

નવમા ઉદ્દેશાનો પ્રારંભ

આ નવમાં ઉદ્દેશનું સંક્ષિપ્ત વિષયવિવરણ—

હસ્તિનાપુર નગરનું વર્ણન, શિવરાજનું વર્ણન, શિવભદ્રપુત્રનું વર્ણન, શિવરાજના સંકલ્પનું કથન-શિવભદ્રનો રાજ્યાભિષેક-શિવરાજ દ્વારા પ્રવ્રજ્યા ગ્રહણ કરાય છે. શિવરાજ ઋષિના અભિગ્રહનું કથન તેમને વિભંગ જ્ઞાનની ઉત્પત્તિ થયાનું કથન-"સાત જ દ્વીપ છે અને સાત જ સમુદ્ર છે," એવો તેમનો અભિપ્રાય-શિવરાજ ઋષિસંમત સાત દ્વીપ અને સાત સમુદ્ર વિષે પ્રશ્નોત્તરો-જંબૂદ્વીપમાં વર્ણાદિ રહિત અને વર્ણાદિ સહિત દ્રવ્યની સ્થિતિ વિષયક પ્રશ્નોત્તરો-લવણ સમુદ્રમાં એવા દ્રવ્યની સ્થિતિનું નિરૂપણ ધાતકી-ખંડમાં દ્રવ્યની સ્થિતિનું નિરૂપણ-શિવરાજ ઋષિની માન્યતા અપ્રમાણભૂત હોવાનું મહાવીર પ્રભુદ્વારા પ્રતિપાદન અને અસંખ્યાત દ્વીપ સમુદ્રો છે, એ વાતનું પ્રતિપાદન શિવરાજ ઋષિને આ વિષયમાં સંશય થવાનું કથન-મહાવીર પ્રભુ પાસે જવાનો સંકલ્પ—મહાવીર પ્રભુ પાસે તેમના આગમનનું કથન.

શિવરાજ ઋષિની વકતવ્યતા

" तेणं कालेणं तेणं समएणं " ઈત્યાદિ

ટીકાર્થ—પૂર્વના ઉદ્દેશામાં ઉત્પલ આદિપદાર્થોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે પદાર્થોનું યથાર્થસ્વરૂપ તો સર્વજ્ઞજ જાણી શકે છે.-શિવરાજ ઋષિ જેવા છદ્મસ્થ જીવો તે જાણી શકતા નથી. તેથી અહિં શિવરાજ ઋષિના ચારિત્રની પરૂપણા કરવામાં આવી છે. " तेणं कालेणं तेणं समएणं हत्थिणापुरे णामं णयरे होत्था "

તે કાળે અને તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું. " वण्णओ " ઔપપાતિક સૂત્રમાં જેવું ચંપા નગરીનું વર્ણન કર્યું છે, એવું જ તેનું વર્ણન સમજવું. " तस्स णं हत्थिणापुरस्स नगरस्स बहिया उत्तरपुरत्थिमे दिसीभागे, एत्थणं सहसंबवणे णामं उज्जाणे होत्था " તે હસ્તિનાપુર નગરની બહાર, તેના ઈશાન ખૂણામાં સહસ્રામ્રવન નામનો એક બાગ હતો. " सव्वोउयपुप्फफलसमिद्धे, रम्मे, णंदणवणसंनिप्पगासे, सुहसीयलच्छाए, मणोरमे, सादुफले, अकंटए जाव पडिरूवे " તે બાગ વસન્ત આદિ છએ ઋતુઓનાં પુષ્પો અને ફલોથી સંપન્ન હતો, રમણીય હતો, નંદનવન સમાન સુંદર હતો, સુખદાયક શીતલ છાયાથી યુક્ત હતો અને હૃદયને આહ્લાદદાયક હતો. તેમાં સ્વાદિષ્ટ ફલો થતાં હતા, અને તે બાગ કંટક આદિ ઉપદ્રવોથી બિલકુલ રહિત હતો. તે હૃદયમાં ઉલ્લાસ ઉત્પન્ન કરનારો, દર્શનીય-અતિશય રમણીય હોવાથી પ્રતિક્ષણ દેખવા યોગ્ય, અભિરૂપ-અનુકૂલ રૂપવાળો અને પ્રતિરૂપ-અસાધારણ સૌંદર્ય સંપન્ન હતો. " तत्थ णं हत्थिणापुरे नयरे सिवे णामं राया होत्था, महया हिमवंत० वण्णओ " તે હસ્તિનાપુર નગરમાં શિવ નામનો રાજા હતો, તે મહાન હિમાલયની જેમ સઘળા રાજાઓમાં શ્રેષ્ઠ હતો. " मलयाचलमन्दर महेन्द्रवत् सारः " મલયાચલ અને સુમેરુ પર્વતના જેવી તેની વિશિષ્ટ શક્તિ હતી. તેનું વર્ણન કૂણિક રાજાના વર્ણન પ્રમાણે સમજવું. " तस्स णं सिवस्स रण्णो धारिणी णामं देवी होत्था, सुकुमालपाणिपाया, वण्णओ " તે શિવ રાજાને ધારિણી નામની પટ્ટરાણી હતી. તેના હાથ અને પગ અત્યંત

કોમળ હતા. તેનું વર્ણન કૂણિક રાજાની મહારાણી ધારિણીના વર્ણન પ્રમાણે સમજવું. " तस्स णं सिवस्स रण्णो पुत्ते धारिणीए अत्तए सिवभद्दए नामं कुमारे होत्था " તે શિવ રાજાને શિવભદ્ર નામનો એક કુમાર હતો, જે ધારિણીની કૂખે ઉત્પન્ન થયેલો હતો. " सुकुमालपाणिपाए जहा सूरियकंत जाव पच्चुवेक्खमाणे विहरइ" તેના હાથ અને પગ ઘણા સુકોમળ હતાં. તે ઉત્તમ લક્ષણવ્યંજન ગુણોથી યુક્ત હતો. તે રાજકુમાર પોતાના રાજ્ય, રાષ્ટ્ર અને સૈન્યનું વારંવાર નિરીક્ષણ કરતો રહેતો હતો, આ કથન પર્યન્તનું રાજપ્રશ્નીય સૂત્રમાં રાજકુમાર સૂર્યકાન્તનું જે વર્ણન કરવામાં આવ્યું છે. તે સમસ્ત વર્ણન અહીં ગ્રહણ કરવું આ કથનનું તાત્પર્ય એ છે કે તે શિવભદ્રકુમાર યુવરાજ પદને પણ શોભાવતો હતો. તે કારણે તે શિવ રાજાના રાજ્યની, રાષ્ટ્રની, સૈન્યની વાહનોની, કોશની, કોષ્ઠાગારની, પુરની, અન્તઃપુરની અને જનપદની ઘણી જ સારી દેખભાળ રાખતો હતો.

" तएणं तस्स सिवस्स रण्णो अन्नया कयाइं पुव्वरत्तावरत्तकालसमयंसि रज्जधुर चिंतेमाणस्स अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था " હવે કોઈ એક દિવસે એવું બન્યું કે પૂર્વરાત્રિના પાછલા ભાગ દરમિયાન તે શિવ રાજા પોતાના રાજ્ય કારભારને લગતી કોઇ બાબતનો વિચાર કરવામાં લીન થઈ ગયો હતો, ત્યારે તેના મનમાં આ પ્રકારનો આધ્યાત્મિક–આત્મગત, ચિન્તિત, પ્રાર્થિત, કલ્પિત અને મનોગત અધ્યવસાય (વિચાર) ઉત્પન્ન થયો. આધ્યાત્મિક આદિ શબ્દોનો અર્થ આગળ જમાલીના પ્રકરણમાં આપ્યા પ્રમાણે સમજવો. તેને શો વિચાર ઉદ્ભવ્યો તે સૂત્રકાર હવે પ્રકટ કરે છે–

" अत्थि ता मे पुरा पोराणाणं जहा तामलिस्स जाव पुत्तेहिं वड्ढामि, पसूहिं वड्ढामि, रज्जेणं वड्ढामि " ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં તામલિના સંકલ્પનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવી જ રીતે અહીં શિવ રાજાના સંકલ્પનું પણ વર્ણન કરવું જોઇએ. તે વર્ણન આ પ્રમાણે સમજવું.–તેણે એવો વિચાર કર્યો કે પૂર્વોપાર્જિત મારાં પુણ્યકર્મોના પ્રભાવથી મારા પુત્રોની, પશુસંપત્તિની અને રાજ્યની વૃદ્ધિ થઈ રહી છે. " एवं रट्ठेणं, बलेणं, वाहणेणं, कोसेणं, कोट्ठागारेणं, पुरेणं, अंतेउरेणं वड्ढामि " અને રાજ્યની, સૈન્યની, હસ્તિ, અશ્વ આદિ રૂપ વાહનોની, ખજાના રૂપ કોશની ભંડારરૂપ કોષ્ઠાગારની, પુરની અને અન્તઃપુરની વૃદ્ધિ થઈ રહી છે. " विपुलधणकणगरयण जाव संतसारसावएज्जेणं अईव अईव अभिवड्ढामि " વળી વિપુલ ધન, કનક, રત્ન, પદ્મરાગ આદિ સારભૂત ધનથી હું અતિશય સમૃદ્ધ છું. " तं किं अहं पुरा पोराणाणं जाव एगंतसोक्खयं उवेहमाणे विहरामि " તો શું પૂર્વોપાર્જિત

સુવિહિત શુભકર્મોનો એકાન્ત રૂપે ક્ષય કરનારો બની રહેવું તે મારે માટે યોગ્ય છે ખરૂં ! કહેવાનું તાત્પર્ય એ છે કે મને જે સુખની પ્રાપ્તિ થયેલી છે, એજ પર્યાપ્ત છે. હાલમાં મારા સુખમાં કશી કમીના નથી. આવો વિચાર કરીને પારલૌકિક સુખ પ્રત્યે ઉદાસીન બનીને નિષ્ક્રિય ભાવે કાળક્ષેપ કરવો તે મારે માટે ઉચિત નથી. " तं जाव ताव अहं हिरण्णेणं वड्ढामि, तंचेव जाव अभिवड्ढामि, जाव मे सामंतरायाणो वि वसे वट्टंति, तावता मे सेयं कल्लं पाउप्पभायाए जाव जलंते " તેથી જ્યાં સુધી હું હિરણ્ય (ચાંદી), સોના આદિથી સમૃદ્ધ છું, જ્યાં સુધી મારા સામંત રાજાઓ મારી સર્વોપરિસત્તાની સામે માથું ઉચકતા નથી અને મારી અધીનતા સ્વીકારે છે, ત્યાં સુધી મારે માટે એ વાત જ શ્રેયસ્કર છે કે મારે આ સંસારનો ત્યાગ કરવો જોઈએ. કાલે જ્યારે રાત્રિ પૂરી થઈને પ્રભાતકાળ થાય અને જ્યારે સૂર્ય પોતાનો પ્રકાશ ફેલાવવા માંડે, ત્યારે હું " सुबहुं लोहीलोह कडाहकडुच्छुयं, तंबियं, तावस भंडगं घडावेत्ता, सिवभद्दं कुमारं रज्जे ठवित्ता " લોઢાની અનેક લોઢી, લોહ કડાહીઓ, અને ચમચા તથા તાંબાના શ્રમણયોગ્ય પાત્રો તૈયાર કરાવીને શિવભદ્ર રાજકુમારને રાજગાદીએ બેસાડીને–તેનો રાજ્યાભિષેક કરીને, " तं सुबहुं लोही लोहकटाहकडुच्छुयं तंबियं तावसभंडगं गहाय जे इमे गंगाकुले वाणपत्था तावसा भवंति " તે લોઢી, લોઢાની કડાહી, ચમચા અને તાંબાનું કમંડળ (તાપસપાત્ર) લઈને, ગંગા તટે આ જે વાનપ્રસ્થ (બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્ત આશ્રમ રૂપ ચાર આશ્રમોમાંથી ત્રીજો આશ્રમ) તાપસો રહે છે, અને જે તાપસોનાં નામ નીચે પ્રમાણે છે, (તેમની સાથે હું પણ તાપસ બનીને રહીશ, એવો સંબંધ અહીં ગ્રહણ કરવો જોઈએ)

હોત્રિક–અગ્નિહોત્રી, પોત્રિક–વસ્ત્રધારી, કૌત્રિક–ભૂમિપર શયન કરનારા, યજ્ઞકી–યજ્ઞ કરનારા, શ્રાદ્ધકી–શ્રાદ્ધ કરનારા, સ્થલકી–ભોજનપાત્રધારક, હુંબઉટ્ઠ–કુંડિકાધારી (કમંડલધારી) " हुंबउट्ठ " આ ગામઠી શબ્દ છે. દન્તોલૂખલિક–દાંત વડે ચાવીને જ ફળોનો આહાર કરનારા, ઉન્મજ્જક–પાણીના ઉપર તરીને જ સ્નાન કરનારા, સમજ્જક–વારંવાર પાણી ઉપર તરીને જ સ્નાન કરનારા, નિમજ્જક–જલમાં ક્ષણભર ડૂબકી મારીને સ્નાન કરનારા, સંપ્રક્ષાલક–પહેલાં શરીર પર માટી આદિ ચોળીને, ત્યાર બાદ શરીરનું પ્રક્ષાલન કરનારા, ઉર્ધ્વકંડૂયક–નાભિથી ઉપર રહેલાં અંગોને જ ખજવાળનારા, અધઃકંડૂયક–નાભિથી નીચે રહેલાં અંગોને જ ખજવાળનારા, દક્ષિણકૂલક–પૂર્વદિશામાં વહેતી એવી ગંગા નદીને દક્ષિણ કિનારે રહેનારા, ઉત્તરકૂલક–ગંગા નદીના ઉત્તર કિનારે રહેનારા, શંખધ્માયક–શંખ વગાડનારા

અથવા શંખ વગાડીને ભોજન કરનારા, કૂલધ્માયક–નદીના તટપર શબ્દ કરીને ભોજન કરનારા, મૃગલુબ્ધક–મૃગનાં માંસનું ભોજન કરનારા, હસ્તિતાપસ–હાથીના માંસનું ભોજન કરનારા, જલાભિષેક કિલન્નગાત્ર–જળસ્નાન વડે સદા ભીના શરીરવાળા અંબુવાસસ્–નગ્નાવસ્થામાં પાણીમાં બેસી રહેનારા, વાયુવાસસ્–વાયુરૂપી વસ્ત્રધારણ કરનારા–બિલકુલ નગ્ન રહેનારા, વલ્કલવાસસ્–વૃક્ષોની છાલ ધારણ કરનારા, ચેલવાસસ્–વસ્ત્રખંડોને (કન્થાને ધારણ કરનારા, 'अंबु-भक्खिणो' માત્ર પાણી પીને રહેનારા, વાયુભક્ષી–માત્ર વાયુનોજ આહાર કરનારા, શેવાલભક્ષી–શેવાળનો જ આહાર કરનારા, "मूलाहारा" ઇત્યાદિ મૂળાહારી–માત્ર મૂળનો જ આહાર કરનારા, કન્દાહારી–સૂરણઆદિ કન્દનો જ આહાર કરનારા, પત્તાહારી–માત્ર પાનડાનો જ આહાર કરનારા, "तयाहारा" માત્ર છાલનો જ આહાર કરનારા, પુષ્પાહારી–માત્ર ફૂલોનો જ આહાર કરનારા, ફલાહારી–માત્ર ફળોનોજ આહાર કરનારા, બીજાહારી–માત્ર બીજોનો જ આહાર કરનારા, "परिसडियकंदमूलतयपत्तपुप्फफलाहारा" જીર્ણ ભૂત કન્દ–મૂળ–છોળાં પાન–પુષ્પ–ફળોનો આહાર કરનારા, "उदंडगा" દંડ ઊંચો રાખીને ચાલનારા, "रुक्खमूलिया" વૃક્ષોના મૂળમાં નિવાસ કરનારા, "मंडलिया" મંડલાકારે નિવાસ કરનારા. "वणवासिणो" વનમા જ રહેનારા, "दिसापोक्खिणो" દિશાપ્રોક્ષી–પાણી વડે દિશાને સિંચીને પુષ્પ ફલાદિનો આહાર કરનારા, ઇત્યાદિ પ્રકારના તાપસો ગંગાના તટ પર રહેતા હતા. તેઓ બધાં "आयावगाहिं, पंचग्गितावेहिं, इंगालसोल्लियं पिव, कंदूसोल्लियंपिव, कट्ठसोल्लियंपिव, अप्पाणं करेमाणा विहरइ" સૂર્યના તડકામાં આતાપના સહન કરતા હતા, પંચાગ્નિતાપો વડે–એટલે કે પોતાની ચારે દિશાઓમાં આગ સળગાવીને તથા ઉપર તપી રહેલા સૂર્યના તાપથી આતાપના લેતા હતા, આ રીતે આતાપનાનું સેવન કરીને તેઓ ચણા શેકવાના પાત્રમાં શેકાતા ચણાની જેમ, તથા કાષ્ઠના અગ્નિમાં પકાવવામાં આવતી વસ્તુની જેમ પોતાના શરીરને આતાપનાજન્ય પીડા પહોંચાડી રહ્યા હતા. "दिसापोक्खियतावसा तेसिं अंतिए मुंडे भवित्ता दिसापोक्खियतावसत्ता पव्वइत्तए" આ પ્રકારના તાપસોમાંથી જે દિશાપ્રોક્ષી તાપસ છે, તેમની પાસે જઈને મુંડિત થઈને હું દિશાપ્રોક્ષક તાપસરૂપ પ્રવજ્યાને અંગીકાર કરી લઉં, એમાં જ મારું શ્રેય છે. "पव्वइए वि य णं समाणे अयमेयारूवं अभिग्गहं अभिगिण्हिस्सामि" દીક્ષા અંગીકાર કર્યા બાદ તુરત જ હું આ પ્રકારનો અભિગ્રહ ધારણ કરીશ

" कप्पइ मे जावज्जीवाए छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं दिसाचक्कवालेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय २ जाव विहरित्तए, त्ति कट्टु एवं संपेहेइ " મારે નિરંતર આજીવન છઠ્ઠને પારણે છઠ્ઠની તપસ્યા કરવી અને પારણાને દિવસે પૂર્વાદિ કોઈ પણ એક દિશામાંથી જેટલા ફળાદિક મળે તેનાથી પારણું કરવું." આ વ્રતને દિશાચક્રવાલ કહે છે એક પારણા વખતે પૂર્વ દિશામાંથી, બીજા પારણા વખતે દક્ષિણ દિશામાંથી આ રીતે અમુક એક દિશામાંથી જ ફળો લાવીને તે ફળોથી આ તપસ્યા કરનાર પારણું કરે છે. આ તપસ્યા કરનારે બન્ને હાથ ઊંચા રાખીને ઊભા રહેવું પડે છે. આ પ્રમાણે તે શિવ રાજાએ સંકલ્પ કર્યો.

" संपेहेत्ता कल्लं जाव जलंते सुबहुं लोहीलोह जाव घडावेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी " આ પ્રમાણે વિચાર કરીને, બીજા દિવસનો પ્રાતઃકાળ થતાં જ્યારે સૂર્ય પોતાનો પ્રકાશ ચોમેર ફેલાવવા લાગ્યો ત્યારે તેણે અનેક લોઢી, લોઢાની કડાહીઓ, ચમચાઓ તથા તાંબાનું કમંડળ આદિ તાપસને યોગ્ય પાત્રો તૈયાર કરાવ્યા. ત્યાર બાદ તેણે પોતાના કૌટુંબિક પુરુષોને (અનુચરોને બોલાવીને આ પ્રમાણે આજ્ઞા કરી– " खिप्पामेव भो देवाणुप्पिया ! हत्थिणापुरं नयरं सब्भिंतरबाहिरियं आसिय जाव तमाणत्तियं पच्चप्पिणंति " હે દેવાનુપ્રિયો ! 'તમે બની શકે એટલી ત્વરાથી હસ્તિનાપુર નગરની અંદરના ભાગોને તથા બહારના ભાગોને સાફ કરાવો, અને તેના પર પાણી છંટાવો અને તેને શણગારીને સુસજ્જિત કરાવો. મારી આજ્ઞા પ્રમાણે કરીને મને તેની ખબર પહોંચાડો. શિવરાજાની આજ્ઞા પ્રમાણે નગરને સાફ કરાવીને તેમણે તેના રસ્તાઓ પર પાણી છંટાવ્યું અને ધજાપતાકા આદિ વડે નગરને શણગારીને તેમણે શિવ રાજાને ખબર આપ્યા કે "આપની આજ્ઞાનુસાર શહેરને શણગારવામાં આવ્યું છે."

" तएणं ते सिवराया दोच्चंपि कोडुंबियपुरिसे सद्दावेइ" ત્યારબાદ તે શિવ રાજાએ તે કૌટુંબિક પુરુષોને ફરીથી બોલાવ્યા एवं वयासी " અને તેમને આ પ્રમાણે કહ્યું– " खिप्पामेव भो देवाणुप्पिया ! सिवभद्दस्स कुमारस्स महत्थं महग्घं महरिहं विउलं रायाभिसेयं उवट्ठवेह " હે દેવાનુપ્રિયો ! તમે બની શકે એટલી ત્વરાથી શિવભદ્ર કુમારને નિમિત્તે મહા પ્રયોજન સાધક બહુ મૂલ્ય, મહત્વપૂર્ણ તથા મહા પુરુષોને યોગ્ય એવી વિપુલ રાજ્યાભિષેક સામગ્રીઓ ઉપસ્થિત કરો. " तएणं ते कोडुंबियपुरिसा तहेव जाव उवट्ठवेंति " ત્યાર બાદ તે કૌટુંબિક પુરુષોએ–આજ્ઞાકારી લોકોએ–શિવ રાજાની આજ્ઞા અનુસાર શિવભદ્રકુમારને નિમિત્તે મહા પ્રયોજનવાળી, બહુમૂલ્ય, મહત્વપૂર્ણ તથા મહાપુરુષોને યોગ્ય એવી રાજ્યાભિષેકને યોગ્ય સામગ્રીઓ ઉપસ્થિત કરી દીધી. " तएणं से सिवे राया अणेगगणनायग–दंडनायग जाव

संधिवालसद्धिं संपरिवुडे सिवभद्दं कुमारं सीहासणवरंसि पुरत्थाभिमुहं निसीयावेंति" त्यार બાદ તે શિવરાજાએ અનેક ગણનાયક, દંડનાયક, રાજેશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, મંત્રી, મહામંત્રી, ગણક, દૌવારિક, અમાત્ય, ચેટ, પીઠમર્દક, નગર નિગમના શ્રેષ્ઠીઓ, સેનાપતિ, સાર્થવાહ દૂત અને સન્ધિપાલથી યુક્ત થઇને શિવભદ્ર કુમારને ઉત્તમ સિંહાસન પર, પૂર્વદિશામાં મુખ રાખીને બેસાડયો. "निसीयावेत्ता अट्ठसएणं सोवन्नियाणं कलसाणं जाव अट्ठसएणं भोमेज्जाणं कलसाणं सव्वड्ढीए जाव रवेण महया महया रायाभिसेएणं अभिसिंचइ" તેને સિંહાસન પર બેસાડીને તેણે ૧૦૮ સુવર્ણ કળશો વડે, ૧૦૮ રજત કળશો વડે, અને ૧૦૮ માટીના કળશો વડે, પોતાની સમસ્ત ઋદ્ધિને અનુરૂપ અને પોતાના યશને અનુરૂપ, વાંજિત્રોના તુમુલ નાદ સહિત, અતિ મહત્વપૂર્ણ રાજ્યાભિષેક કરાવ્યો–રાજ્ય પદ પર તેને સ્થાપિત કરવાને માટે તેને સ્નાન કરાવ્યું. अभिसिंचित्ता पम्हलसुकुमालाए सुरभीए गंधकासाईए गायाइं लूहेइ" આ રીતે અભિષેક કરાવ્યા પછી તેમણે તેના શરીરને રૂંવાટીના જેવાં કોમળ અને સુગંધયુક્ત વસ્ત્ર વડે લૂછ્યું. "लूहेत्ता सरसेणं एवं जहेव जमालिस्स अलंकारो तहेव जाव कप्परुक्खगंपिव अलंकियविभूसियं करेइ" શરીરને લૂછીને તેમણે તેના શરીર પર ગોશીર્ષ ચન્દનનો લેપ કર્યો. ત્યાર બાદ તેને વિવિધ અલંકારોથી વિભૂષિત કરવામાં આવ્યો. જમાલિના અલંકારોના વર્ણન જેવું જ શિવભદ્રના અલંકારોનું પણ વર્ણન સમજવું. શિવ રાજાએ તેને એવો તો અલંકારોથી વિભૂષિત કર્યો કે તે કલ્પવૃક્ષના સમાન શોભવા લાગ્યો ત્યાર બાદ તેણે બન્ને હાથ જોડીને તેને નમસ્કાર કર્યાં અને "तारो जय हो! तारो विजय हो," એવા નાદોથી તેને વધાવ્યો. "वद्धावेत्ता ताहिं इट्ठाहिं कंताहिं, पियाहिं जहा उववाइए कोणियस्स जाव परमाउं पालयाहि" ત્યાર બાદ તેણે તેને આ પ્રકારના ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, અને મનોમ વચનો દ્વારા શુભાશીર્વાદ દીધાં. ઔપપાતિકસૂત્રમાં કૂણિક રાજાને જેવાં આશીર્વાદ દેવામાં આવ્યાનું લખ્યું છે, એવાં જ આશીર્વાદ અહીં શિવભદ્ર કુમારને આપવામાં આવ્યાં, એમ સમજવું જેમ કે—

"जय जय नन्द! जय जय भद्द! जय जय नन्द! भद्दं ते, अजितं जय, जितं पालय, जियमध्ये वस" "હે નન્દ! તું શત્રુપક્ષ પર વિજય પ્રાપ્ત કરજે મિત્ર પક્ષનું પાલન કરજે, દેવોની મધ્યે જેમ ઇન્દ્ર શોભે તેમ તું સ્વજનો વચ્ચે શોભજે, તારાગણોની વચ્ચે રહેલા ચન્દ્રની જેમ તું રહેજે, નાગોની વચ્ચે રહેતા ધરણની જેમ તું રહેજે, મનુષ્યની વચ્ચે તું ભરતની

જેમ રહેજે. અનેક વર્ષો સુધી, સેંકડો વર્ષો સુધી, હજારો વર્ષો સુધી તું ભોગોને ભોગવ્યા કર અને સંતુષ્ટ રહીને દીર્ઘાયુ પ્રાપ્ત કર.”

“ एवं इट्ठजणसंपरिवुडे हत्थिणापुरस्स नगरस्स अन्नेसिं च बहूणं गामागरनगर जाव विहराहि त्ति कट्टु जयजयसद्दं पउंजइ ” ઇષ્ટ જનોથી વીંટળાઇને (યુક્ત થઈને) તું હસ્તનાપુરના અને બીજાં દેશોનાં ગ્રામ, નગર, સન્નિવેશ, કર્બટ આદિમાં સુખપૂર્વક વિચરતો રહે.” આ પ્રમાણે કહીને તેણે ફરીથી તેનો જય પોકાર્યો આ રીતે પિતાના શુભાશીર્વાદ સહિત “ से सिवभद्दकुमारे राया जाए ” તે શિવભદ્ર કુમાર રાજા થયો. “ महया हिमवंतमलयमंदरमहिंदसारे वण्णओ जाव विहरइ ” તે મહાન હિમાલયના જેવો મહાન થઈ ગયો, મલયાચલ પર્વત, મંદર (સુમેરુ) અને મહેન્દ્રના જેવો તે રાજાઓમાં મુખ્ય બનીને શોભવા લાગ્યો. તેનું વર્ણન અન્ય રાજાઓના વર્ણન અનુસાર સમજવું ।।સૂ૦ ૧।।

“ तएणं से सिवे राया ” ઇત્યાદિ—

ટીકાર્થ—“ तएणं से सिवे राया अन्नया कयाइं सोभणंसि तिहिकरणदिवसनक्खत्तमुहुत्तंसि विउलं असणपाणखाइमसाइमं उवक्खडावेइ ” ત્યાર બાદ કોઇ એક શુભ તિથિ, શુભ કરણ, શુભ દિવસ અને શુભ નક્ષત્રવાળા મુહૂર્ત્તમાં તે શિવરાજાએ વિપુલ આહાર, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચાર પ્રકારનાં ભોજન તૈયાર કરાવ્યાં. “ उवक्खडावेत्ता मित्तणाइनियगसयणसंबंधिपरिजणं रायाणो य खत्तियाय आमंतेइ ” ચાર પ્રકારના આહાર તૈયાર કરાવીને તેણે પોતાના મિત્રજનોને, જ્ઞાતિજનોને, સ્વજનોને, સંબંધીઓને, પરિજનોને, રાજાઓને અને ક્ષત્રિયોને જમવાનું આમંત્રણ આપ્યું. “ आमंतेत्ता तओ पच्छा ण्हाए जाव सरीरे भोयणवेलाए भोयणमंडवंसि सुहासणवरगए तेणं मित्तणाइनियगसयणसंबंधिपरिजणेणं राएहि य खत्तिएहि य सद्धिं ” ત્યાર બાદ તેણે સ્નાન કર્યું, કાગડા આદિને માટે અન્નનો વિભાગ અલગ કરવા રૂપ બલિકર્મ કર્યું, કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત વિધિ પતાવી, ત્યાર બાદ ભોજનમંડપમાં પ્રવેશવા યોગ્ય માંગલિક વસ્ત્રોને પરિધાન કર્યા, અતિ કીમતિ પણ અલ્પ ભારવાળાં આભૂષણોથી શરીરને વિભૂષિત કર્યું, આ રીતે સુંદર વસ્ત્રો અને અલંકારોથી સુસજ્જિત થઇને તે ભોજનને સમયે ભોજનમંડપમાં આવીને એક ઉત્તમ સુખાસન પર બિરાજમાન થઈ ગયો. તેણે તે આમંત્રિત મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધીઓ, પરિજનો, રાજાઓ અને ક્ષત્રિયો સાથે બેસીને “ विपुलं असणपाणखाइमसाइमं एवं जहा तामली, जाव सक्कारेइ, सम्माणेइ ” તે વિપુલ અશન, પાન ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચતુર્વિધ આહાર આરોગ્યા. આ વિષયને અનુલક્ષીને ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં તામલીના પ્રકરણમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું કથન અહીં પણ ગ્રહણ કરવું.

“તે શિવ રાજાએ તે સૌ આમંત્રિતોનો સત્કાર કર્યો અને સન્માન કર્યું,” આ સૂત્ર પાઠ પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ.

" सक्कारेत्ता संमाणेत्ता तं मित्तणाइ जाव परिजणं रायाणो य खत्तिए य सिवभद्दं च रायाणं आपुच्छइ " સૌનો સત્કાર તથા સન્માન કરીને તેણે પોતાના મિત્રોને, જ્ઞાતિજનોને, સ્વજનોને, સંબંધીઓને અને પરિજનોને તથા રાજાઓને અને ક્ષત્રિયોને તથા શિવભદ્ર રાજાને પૂછ્યું–એટલે કે તાપસ પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે તેમની અનુમતિ માગી. " आपुच्छित्ता " તેમની અનુમતિ મેળવીને " सुबहुं लोही–लोहकडाह–कडुच्छुयं जाव भंडगं गहाय जे इमे गंगाकूलगा वाणपत्था तावसा भवंति तं चेव जाव तेसिं अंतिए मुंडे भवित्ता दिसापोक्खियतावसत्ताए पव्वइए " પહેલેથી જ તૈયાર કરાવેલ તવા, કડાહી, કડછી, તાંબાનું કમંડળ આદિ લઈને તે ગંગાતટવાસી તે વાનપ્રસ્થ તાપસો પાસે પહોંચી ગયો. ત્યાં પહોંચીને તેણે દિશાપ્રોક્ષી તાપસોની પાસે મુંડિત થઈને દિશાપ્રોચ્છક તાપસ રૂપે દીક્ષા અંગીકાર કરી લીધી. " पव्वइए वि य णं समाणे अयमेयारूवं अभिग्गहं अभिगिण्हइ " દીક્ષા અંગીકાર કરીને તેણે એવો અભિગ્રહ ધારણ કર્યો કે " कप्पइ जावज्जीवाए छट्ठं तंचेव जाव अभिग्गहं अभिगिण्हइ " જીવનપર્યન્ત હું છઠ્ઠ કરીશ છઠ્ઠની તપસ્યા દરમિયાન હું બન્ને હાથ ઊંચા કરીને આતાપના લઈશ અને પારણાને દિવસે અમુક દિશામાંથી જ ફળાદિ લાવીને પારણું કરીશ. " આ પ્રકારનું દિશાચક્રવાલ નામનું તપ તેણે આરાધવા માંડ્યું. " तएणं से सिवे रायरिसी पढमछट्ठक्खमणपारणगंसि आयावणभूमीओ पच्चोरुहइ " આ રીતે શિવરાજર્ષિના પહેલા છઠ્ઠના પારણાનો દિવસ આવી પહોંચ્યો. ત્યારે તે આતાપના ભૂમિ પરથી નીચે ઉતર્યો તેણે વલ્કલ (ઝાડની છાલના વસ્ત્ર) ધારણ કર્યાં અને તે પોતાની ઝૂંપડીમાં આવ્યો. "उवागच्छित्ता किढिणसंकाइयगं गिण्हइ " ત્યાં આવીને તેણે વાંસની સળીઓમાંથી બનાવેલું એક કિઢિન નામનું પાત્રવિશેષ પોતાના હાથમાં લીધું અને તે પૂર્વદિશા તરફ ફલાદિની શોધમાં જવાને નીકળી પડ્યો. તે દિશામાં આગળ વધતા પહેલાં તેણે તે દિશા તરફ જલનું સિંચન કરીને પૂર્વ દિશાના લોકપાલ સોમ મહારાજને આ પ્રમાણે પ્રાર્થના કરી– " पुरत्थिमाए दिसाए सोमे महाराया पत्थाणे पत्थियं अभिरक्खउ सिवं रायरिसिं " " પૂર્વ દિશાના અધિપતિ એવા હે સોમ મહારાજ ! ધર્મસાધનમાં પ્રવૃત્ત થયેલા એવા આ શિવરાજર્ષિનું સંરક્ષણ કરજો. " अभिरक्खित्ता जाणिय तत्थ कंदाणि य, मूलाणि य, तयाणि य, पत्ताणि य, पुप्फाणि य, फलाणि य, बीयाणि य, हरियाणि य, ताणि जाणउत्ति क पुरत्थिमं दिसं पसरइ " " હે સોમ લોકપાલ ! પૂર્વ દિશામાંથી જે કોઈ કન્દ, મૂળ, છાલ, પાન, ફુલ, ફળ, બીજ અને

લીલી વનસ્પતિ મળી શકે, તે ગ્રહણ કરવાની આપ મને અનુમતિ આપો" આ પ્રમાણે સોમ લોકપાલને પ્રાર્થના કરીને તેઓ પૂર્વ દિશા તરફ ગયા. "पसरित्ता जाणिय तत्थ कंदाणि य, जाव हरियाणि य ताइं गेण्हइ" પૂર્વ દિશામાં જઈને, તે દિશામાંથી જે જે કન્દ આદિ લીલી વનસ્પતિ પર્યન્તના પદાર્થો મળ્યા, તે તેણે લઇ લીધાં. "गिण्हित्ता कढिणसंकाइयं भरेइ" અને તે પદાર્થોને તેણે તે વાંસ નિર્મિત પાત્ર વિશેષમાં ભરી લીધાં. ત્યાર બાદ તેણે મૂળ યુક્ત દર્ભને, છિન્નમૂળવાળાં કુશને અને હવનને યોગ્ય સમિધોને (હવનમાં હોમવાને યોગ્ય કાષ્ઠોને) ગ્રહણ કર્યાં, અને વૃક્ષોની શાખાઓને નીચે નમાવીને પાન તોડયાં. "गिण्हित्ता जेणेव सए उडए तेणेव उवागच्छइ" આ કન્દાદિ સામગ્રીને લઈને તે પોતાની ઝૂંપડીમાં પાછો ફર્યો. "उवागच्छित्ता किढिणसंकाइयगं ठवेइ" ત્યાં આવીને તેણે તે વાંસનિર્મિત પાત્ર વિશેષને એક બાજુ પર મૂકી દીધું. "ठवेत्ता वेदिं वड्ढइ" ત્યાર બાદ તેણે વેદીને વાળીઝૂંડીને સાફ કરી. "वड्ढित्ता उवलेवणसंमज्जणं करेइ" ત્યાર બાદ તેણે તે વેદિકાને લીંપીગૂંપીને હવન કરવાને યોગ્ય બનાવી. "उवलेवणं संमज्जणं करित्ता दब्भसगब्भकलसहत्थगए जेणेव गंगामहानई तेणेव उवागच्छइ" વેદિકાને લીંપીગૂંપીને, હાથમાં દર્ભયુક્ત કળશ ગ્રહણ કરીને તેણે ગંગા મહાનદી તરફ પ્રયાણ કર્યું. "उवागच्छित्ता गंगा महानईं ओगाहेइ" ત્યાં પહોંચીને તે ગંગા મહા નદીના પ્રવાહમાં ઉતર્યો. "ओगाहेत्ता जलमज्जणं करेइ," પાણીમાં ઉતરીને પહેલાં તો તેણે તેમાં ડૂબકી મારી, "करेत्ता जलकीडं करेइ" ત્યાર બાદ તેમાં થોડી વાર સુધી જળક્રીડા કરી–આમ તેમ તર્યા, "करेत्ता जलाभिसेयं करेइ" ત્યાર બાદ તેણે પોતાના મસ્તક પર પાણી નાખ્યું. "आयंते, चोक्खे परमसुइभूए देवे य पीतिकयकज्जे" ત્યાર બાદ તેણે આચમન કર્યું. આ રીતે શરીર પરથી મેલ આદિ દૂર થવાને કારણે પરમ શુચિભૂત થયેલા તે શિવરાજર્ષિએ દેવતાઓને તથા પિતૃઓને જલાંજલિ અર્પણ કરી. ત્યાર બાદ દર્ભયુક્ત કલશને હાથમાં લઇને તે મહાનદી ગંગામાંથી બહાર નીકળ્યો. "पच्चुत्तरेत्ता जेणेव सए उडए तेणेव उवागच्छइ" બહાર નીકળીને તે પોતાની ઝૂંપડીમાં પાછો ફર્યો. "उवागच्छित्ता दब्भेहि य, कुसेहिय, बालुयाएहि य वेइं रएइ, रइत्ता सरएणं अरणिं महेइ" ત્યાં આવીને તેણે સમૂળ દર્ભો, નિર્મૂળ કુશો અને વાલુકા (રેતી) ની મદદથી હોમ કરવાની વેદી બનાવી. આ રીતે વેદીની રચના કરીને તેણે નિર્મંથન કાષ્ટ વડે બીજા નિર્મંથન કાષ્ઠને ઘસ્યું. (જે લાકડાંઓને ઘસવાથી અગ્નિ પ્રકટે છે તે લાકડાંને

નિર્મંથન કાષ્ઠ કહે છે. સામાન્ય રીતે અરણીનાં લાકડાં આ કાર્ય માટે વપરાય છે.) "महेत्ता अग्गिं पाडेइ" આ રીતે બે કાષ્ઠોને ઘસીને તેણે અગ્નિ પેટાવ્યો. "पाडेत्ता अग्गिं संधुक्खेइग त्यार પછી લાકડા મુકીને અગ્નિને પ્રજ્વલિત કર્યો" संधुक्खित्ता समिहाकट्ठाई पक्खिवइ" ત્યાર બાદ તેણે તેમાં સમિધો નાખ્યાં. "पक्खिवित्ता अग्गिं उज्जालेइ" આ રીતે સમિધો હોમીને તેણે અગ્નિને ખૂબ જ પ્રજ્વલિત કર્યા. ત્યાર બાદ "अग्गिस्स दाहिणे पासे" ઇત્યાદિ. તેણે અગ્નિની દક્ષિણ દિશા તરફ નીચેની સાતે વસ્તુઓ મૂકી— "सकहं, वक्कलं, ठाणं" (૧) સકથા–ઉપકરણ વિશેષ (કંઠી), (૨) વલ્કલ–છાલનાં વસ્ત્રો, (૩) સ્થાન એટલે કે જ્યોતિઃસ્થાન અથવા દીપપાત્ર સ્થાન, "सिज्जाभंडं, कमंडलुं" (૪) શય્યાભાંડ–શય્યાનાં ઉપકરણ (૫) કમંડળ (જળપાત્ર), "दंडदारुं, तहप्पाणं (૬) કાષ્ઠ નિર્મિત દંડ આ છ વસ્તુઓને અગ્નિની દક્ષિણ દિશામાં ગોઠવીને સાતમો પોતે પણ એજ દિશામાં બેસી ગયો. ત્યાર બાદ તેણે महुणा य, घएण य, तंदुलेहि य, अग्गिं हुणइ, हुणित्ता चरुं साहेइ, साहित्ता बलिवइस्सदेवं करेइ, करेत्ता अतिहिपूयं करेइ" મધ, ઘી અને તાંદુલની અગ્નિને આહુતિ આપી, આ ચીજોને હોમીને તેણે ચરુને તૈયાર કર્યો. એક પ્રકારના પાત્રવિશેષને ચરુ કહે છે. અહીં તેમાં પકાવેલા દ્રવ્યને ચરુ કહેલ છે. આ પ્રમાણે ચરુમાં રાંધીને તેણે વૈશ્વદેવ બલિ અર્પણ કર્યો એટલે કે કાગડાદિને અન્ન પ્રદાન કર્યું. ત્યાર બાદ તેણે અતિથિની પૂજા કરી એટલે કે તે ભોજન વડે અતિથિને જમાડયા. 'करेत्ता तओ पच्छा अप्पणा आहारमाहारेइ" અતિથિને ભોજન જમાડયા બાદ તેણે ભોજન કર્યું.

"तएणं सेवे सि रायरिसी दोच्चं छट्ठक्खमणं उवसंपज्जित्ताणं विहरइ" હવે તે શિવ રાજર્ષિએ બીજા છટ્ઠની આરાધના શરૂ કરી. "तएणं से सिवे रायरिसी दोच्चे छट्ठक्खमणपारणगंसि आयावणभूमीओ पच्चोरुहइ" આ બીજા છટ્ઠના પારણાને દિવસે તે શિવરાજર્ષિ આતાપના ભૂમિ પરથી નીચે ઉતર્યા. "पच्चोरुहित्ता एवं जहा पढमपारणगं" ત્યાર બાદ પ્રથમ પારણાને દિવસે જે જે વિધિ તેણે કરી હતી, તે તે વિધી તેણે બીજા પારણાને દિવસે પણ કરી. પરન્તુ આ બીજા પારણાની વિધિમાં આટલી જ વિશેષતા હતી– "दाहिणं दिसं पोक्खेइ० ઇત્યાદિ" આ વખતે તેણે દક્ષિણ દિશાને જળ વડે સિંચીને તે દિશાના યમ મહારાજ નામના લોકપાલને એવી પ્રાર્થના કરી કે "તમે ધર્મસાધનમાં પ્રવૃત્ત થયેલા આ શિવરાજર્ષિની રક્ષા કરજો," ત્યાર બાદનું સમસ્ત કથન પ્રથમ પારણાના કથન અનુસાર સમજવું. અહીં પૂર્વ દિશાને બદલે દક્ષિણ દિશામાં જેટલાં કન્દ મૂળ, છાલ, પાન, ફૂલ, ફળ, બીજ અને લીલી વનસ્પતિ મળે, તે ગ્રહણ કરવા માટે તેમણે યમલોકપાલની

આજ્ઞા માગી. ત્યાર બાદ દક્ષિણ દિશામાં પ્રયાણ કરીને તેણે કન્દાદિ પદાર્થો લઇને તે વાંસનિર્મિત પાત્રમાં મૂકયા, ઇત્યાદિ સમસ્ત પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. " અન્તે તેણે પોતે ભોજન કર્યું", " આ કથન પર્યન્તનું સમસ્ત પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ.

" तएणं ते सिवे रायरिसी तच्चं छट्ठक्खमणं उवसंपज्जित्ताणं विहरइ " ત્યાર બાદ તે શિવ રાજર્ષિએ ત્રીજા છટ્ઠની (ષષ્ઠભક્તની–બે દિવસના ઉપવાસની) આરાધના શરૂ કરી. " तएणं से सिवे रायरिसी सेसं तंचेव, नवरं पच्चत्थिमाए दिसाए वरुणमहाराया पत्थाणे पत्थियं सेसं तंचेव जाव अहारमाहारेइ " ત્રીજા છટ્ઠના પારણાને દિવસે પણ તેણે પૂર્વોક્ત પહેલા છટ્ઠના પારણા જેવી વિધિ કરી. આ વખતે તેણે પશ્ચિમ દિશાના લોકપાલ વરુણ મહારાજને એવી પ્રાર્થના કરી કે " ધર્મકાર્યમાં પ્રવૃત્ત થયેલા આ શિવ રાજર્ષિની તમે રક્ષા કરજો " બાકીનું " તેણે પોતે આહાર કર્યો " આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ.

" तएणं से सिवे रायरिसी चउत्थं छट्ठक्खमणं उवसंपज्जित्ताणं विहरइ " ત્યાર બાદ તે શિવ રાજર્ષિએ ચોથા છટ્ઠ તપની આરાધના શરૂ કરી. " तएणं से सिवे रायरिसी छट्ठक्खमणपारणगंसि, एवं तं चेव, नवरं उत्तरदिसं पोक्खेइ, उत्तराए दिसाए वेसमणे जाव तओ महाराया पत्थाणे पत्थियं अभिरक्खउ सिवं, सेसं तंचेव जाव तओ पच्छा अप्पणा आहारमाहारेइ " આ ચોથા છટ્ઠના પારણાને દિવસે પણ તે શિવ રાજર્ષિએ પૂર્વોક્ત સઘળી વિધિ કરી, પરન્તુ આ વખતે તેણે ઉત્તર દિશામાં જળનું સિંચન કરીને ઉત્તર દિશાના લોકપાલ વૈશ્રમણ મહારાજને એવી પ્રાર્થના કરી કે " ધર્મકાર્યમાં પ્રવૃત્ત થયેલા આ શિવ રાજર્ષિની આપ રક્ષા કરજો, " ત્યાર બાદનું સમસ્ત કથન પહેલા છટ્ઠના પારણાના કથન અનુસાર સમજવું. " ત્યાર બાદ તેણે પોતે ભોજન કરીને પારણું કર્યું, " આ સૂત્રપાઠ સુધીનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. ॥ સૂ૦ ૨ ॥

" तएणं तस्स सिवस्स रायरिसिस्स " ઇત્યાદિ—

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે શિવરાજ ઋષિની સિદ્ધિની વક્તવ્યતાનું પ્રતિપાદન કર્યું છે. અહીં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે શિવરાજ ઋષિ નિરન્તર છઠને પારણે છટ્ઠ કરતા હતા, નિરન્તર આતાપના લેતા હતા અને દિશાચક્રવાલ વ્રતની આરાધના કરતા હતા સરલ સ્વભાવ, વિનમ્રતા

આદિ ગુણોથી તેમને વિભંગ નામનું જ્ઞાન ઉત્પન્ન થઇ ગયું. એજ વાત સૂત્રકારે નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે–

" **अन्नया कयाइं** " કોઈ એક સમયે " **तयावरणिज्जाणं कम्माणं** " તેને આવરણ કરનારા કર્મોનો (અવધિજ્ઞાનાવરણીય કર્મોનો) ક્ષયોપશમ થઇ જવાથી " **ईहापोहमग्गणगवेसणं करेमाणस्स विभंगे नामं अन्नाणे समुप्पन्ने** " તેને ઈહા, અપોહ, માર્ગણ અને ગવેષણ કરતાં કરતાં વિભંગ નામનું અજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. " **से णं तेणं विभंगनाणेणं समुप्पन्नेणं पासइ** " તેણે તે ઉત્પન્ન થયેલા વિભંગ જ્ઞાનના પ્રભાવથી જોયું કે " **अस्सिं लोए सत्तदीवे, सत्त समुद्दे, तेण परं न जाणइ, न पासइ** " આ લોકમાં સાત દ્વીપો છે અને સાત સમુદ્રો છે, તે સિવાયના અન્ય દ્વીપોને અને સમુદ્રને તે જાણી–દેખી શકયો નહીં. " **तएणं तस्स सिवस्स रायरिसिस्स अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था** " તે કારણે તે શિવ રાજર્ષિને એવો આધ્યાત્મિક (આત્મગત), ચિન્તિત, કલ્પિત, પ્રાર્થિત અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો કે " **अत्थिणं ममं अइसेसे नाणदंसणे समुप्पन्ने, एवं खलु अस्सिं लोए सत्तदीवा सत्त समुद्दा, तेण परं वोच्छिन्ना दीवा य समुद्दा य एवं सपेहेइ** " મને અતિશય જ્ઞાન અને દર્શન ઉદ્ભવ્યું છે તેથી હું જોઈ શકું છું કે આ લોકમાં સાત જ દ્વીપો અને સાત જ સમુદ્રો છે. તેનાથી અધિક દ્વીપો પણ નથી અને સમુદ્રો પણ નથી. " **एवं संपेहेत्ता** " આ પ્રમાણે વિચાર કરીને " **आयावणभूमीओ पच्चोरुहइ** " તે આતાપના ભૂમિ પરથી નીચે આવ્યો. " **पच्चोरुहित्ता वागलवत्थनियत्थे, जेणेव सए उडए तेणेव उवागच्छइ** " નીચે ઉતરીને તેણે વલ્કલ (ઝાડની છાલનાં વસ્ત્રો) પહેર્યાં અને જ્યાં પોતાની ઝૂંપડી હતી ત્યાં તે આવ્યો. " **उवागच्छित्ता सुयहुं लोही लोहकडाहकडुच्छुयं जाव भंडगं किढिणसंकाइयं च गेण्हइ** " ત્યાં આવીને તેણે પોતાનાં અનેક તવા, લોહ કડાહી, કડછી આદિ ઉપકરણોને તથા તાંબાના તાપસયોગ્ય ભાંડોપકરણોને તથા વાંસ નિર્મિત કિઢિનને (પાત્રવિશષને) ઉઠાવી લીધાં. " **गेण्हित्ता जेणेव हत्थिणापुरे नयरे जेणेव तावसावसहे तेणेव उवागच्छइ** " અને તે હસ્તિનાપુર નગરમાં તાપસોનો જે આશ્રમ હતો ત્યાં આવ્યો. " **उवागच्छित्ता भंडनिक्खेवं करेइ, करित्ता** " ત્યાં આવીને તેણે પોતાનાં તે સમસ્ત પાત્રો અને ઉપકરણોને એક બાજુ મૂકી દીધાં. ત્યાર બાદ " **हत्थिणापुरे नयरे सिंघाडग जाव पहेसु बहुजणस्स एवमाइक्खइ जाव एवं परूवेइ** " તેણે હસ્તિનાપુર નગરના શ્રંગાટક આદિ માર્ગો પર અને રાજમાર્ગ પર (અહીં ' જાવ ') પદથી ત્રિક, ચતુષ્ક, ચત્વર અને મહાપથ, આટલા માર્ગોને ગ્રહણ કરવામાં આવ્યા છે) એકત્ર થયેલા અનેક મનુષ્યોને આ પ્રમાણે કહ્યું, ભાંખ્યું, પ્રજ્ઞાપિત કર્યું અને પ્રરૂપણા કરી–

"अत्थिणं देवाणुप्पिया ! ममं अतिसेसे नाणदंसणे समुप्पन्ने" મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે "एवं खलु अस्सिं लोए जाव दीवा य समुद्दा य" તે જ્ઞાન અને દર્શનના પ્રભાવથી હું એવું જાણી-દેખી શકું છું કે આ લોકમાં સાત જ દ્વીપો છે અને સાત જ સમુદ્રો છે. તેનાથી અધિક દ્વીપો પણ નથી અને સમુદ્રો પણ નથી."

तएणं तस्स सिवरायरिसिस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म हत्थिणाउरे नयरे सिंघाडगतिग जाव पहेसु बहुजणो अन्नमन्नस्स एवमाइक्खइ जाव परूवेइ" શિવરાજ ઋષિના આ પ્રકારના કથનને શ્રવણ કરીને અને તેને હૃદયમાં ધારણ કરીને હસ્તિનાપુર નગરના શૃંગાટક, ત્રિક આદિ માર્ગો પર તથા રાજમાર્ગ પર એકત્ર થયેલા અનેક માણસો એક બીજાને એવું કહેવા લાગ્યા, ભાષણ કરવા લાગ્યા, પ્રજ્ઞાપના અને પ્રરૂપણા કરવા લાગ્યા કે—"एवं खलु देवाणुप्पिया ! सिवे रायरिसी एवमाइक्खइ, जाव परूवेइ" હે દેવાનુપ્રિયે! શિવ રાજર્ષિ આ પ્રમાણે કહે છે, ભાખે છે, પ્રજ્ઞાપિત કરે છે અને પ્રરૂપણા કરે છે કે "अत्थिणं देवाणुप्पिया ! ममं अइसेसे नाण दंसणे जाव तेण परं वोच्छिन्ना, दीवा य, समुद्दा य-से कहमेयं मन्ने एवं ?" હે દેવાનુપ્રિયો ! મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી હું એવું જાણી અને દેખી શકું છું કે આ લોકમાં સાત જ દ્વીપો અને સાત જ સમુદ્રો છે. તે સિવાય બીજા દ્વીપ કે સમુદ્રો નથી." તો શિવરાજ ઋષિ દ્વારા પ્રતિપાદિત આ વિષયને યુક્તિના અભાવે કરીને યથાર્થ રૂપે કેવી રીતે માની શકાય ? અહીં "मन्ने" આ ક્રિયાપદ વિતર્કાર્થમાં વપરાયું છે.

"तेणं कालेणं तेणं समएणं सामी समोसढे, परिसा जाव पडिगया" જ્યારે લોકોમાં આ પ્રકારની ચર્ચા ચાલી રહી હતી, તે કાળે અને તે સમયે મહાવીર પ્રભુ હસ્તિનાપુર નગરમાં પધાર્યા. પ્રખદા (જનસમૂહ) તેમને વંદણા નમસ્કાર કરવાને તથા તેમની ધર્મદેશના સાંભળવાને માટે તેમની પાસે પહોંચી ગઈ વંદણા નમસ્કાર કરીને તથા પ્રભુના ધર્મોપદેશ સાંભળીને લોકો પોત પોતાને ઘેર પાછાં ફર્યા. 'तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स जेट्ठे अंतेवासी जहा बितियसए निग्गंठुद्देसए जाव अडमाणे बहुजण सद्दं निसामेइ, बहुजणो अन्नमन्नस्स एवं आइक्खइ, एवं जाव परूवेइ" તે કાળે અને તે સમયે, શ્રમણ ભગવાન મહાવીરના ઇન્દ્રભૂતિ અણગાર (ગૌતમ સ્વામી) નામના જે શિષ્ય હતા, તેઓ બીજા શતકના નિર્ગ્રંથોદ્દેશક નામના પાંચમાં ઉદ્દેશકમાં કહ્યા પ્રમાણેની પદ્ધતિથી ગોચરીને માટે નીકળ્યા. ગોચરીને માટે હસ્તિનાપુર નગરના એક ઘેરથી બીજા ઘેર ફરતા એવાં તે ઇન્દ્રભૂતિ અણગારે અનેક મનુષ્યોની આ પ્રકારની વાતચીત સાંભળી.—एवं खलु देवाणु-

प्पिया ! सिवे रायरिसी एवं आइक्खइ, जाव पन्नवेइ-अत्थिणं देवाणुप्पिया ! तंचेव जाव वोच्छिन्ना दीवा य, समुद्दाय कहमेयं मन्ने एवं" હે દેવાનુપ્રિયો ! શિવરાજ ઋષિ આ પ્રમાણે કહે છે, ભાખે છે, પ્રજ્ઞાપિત કરે છે અને પ્રરૂપિત કરે છે કે 'મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયેલ છે. તે જ્ઞાન અને દર્શનના પ્રભાવથી હું જાણી શકું છું અને દેખી શકું છું આ લોકમાં સાત જ દ્વીપ છે અને સાત જ સમુદ્રો છે. તેનાથી વધારે દ્વીપો પણ નથી અને સમુદ્રો પણ નથી.' તેમના આ કથનને હું કેવી રીતે સત્ય માની શકું ? તેઓ તેમના આ કથનને પુરવાર કરવા માટે કોઈ પ્રમાણ તો બતાવતાં જ નથી. પ્રમાણને અભાવે તેમની તે વાત કેવી રીતે સ્વીકાર્ય બની શકે ?–

"तएणं भगवं गोयमे बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म जाव सद्दहं जहा नियंठुद्देसए जाव तेण परं वोच्छिन्ना दिवा समुदाय–से कहमेयं भंते ! एवं" આ પ્રકારનાં તે માણસોના શબ્દો સાંભળીને અને તેમને હૃદયમાં ધારણ કરીને તે ગૌતમસ્વામીના મનમાં શ્રદ્ધા, સંદેહ અને કુતૂહલના ભાવો ઉત્પન્ન થયા. બીજા શતકના પાંચમાં નિર્ગ્રંથોદ્દેશકમાં કહ્યા અનુસારનું કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે– તેઓ ગોચરી કરીને પાછાં ફર્યાં. ત્યાર બાદ તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યાં. વંદણા નમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે કહ્યું– "હે ભગવન્ ! હસ્તિનાપુર નગરના શૃંગાટક ત્રીક–ચતુષ્ક આદિ માર્ગો પર અનેક લોકો આ પ્રમાણે કહેતા હતા, ભાષણ કરતા હતા, પ્રજ્ઞાપિત અને પ્રરૂપિત કરતા હતા કે શિવરાજ ઋષિ એવું કહે છે, એવું પ્રતિપાદન કરે છે કે મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી હું એ વાત જાણી દેખી શકું છું કે આ લોકમાં સાત જ દ્વીપ છે અને સાત જ સમુદ્ર છે. તેના કરતાં વધારે દ્વીપો કે સમુદ્રો નથી." હે ભગવન્ ! શું તેમનું કથન સત્ય છે ? "गोयमाइ समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी" ત્યારે "હે ગૌતમ ! એવું સંબોધન કરીને મહાવીર પ્રભુએ તેમને આ પ્રમાણે જવાબ આપ્યો "जं णं गोयमा ! से बहुजणे अन्नमन्नस्स एवमाइक्खइ, तंचेव सव्वं भाणियव्वं जाव मंडनिक्खेवं करेइ" હે ગૌતમ ! તે લોકો અન્યોન્યને આ પ્રમાણે જે કહે છે. અહીં "શિવરાજઋષિએ તાપસાશ્રમમાં આવીને પોતાનાં પાત્રો અને ઉપકરણો મૂકી દીધાં" આ સૂત્રપાઠ પર્યન્તનું પૂર્વોક્ત કથન ગ્રહણ કરવું જોઈએ. ત્યાર બાદ તે "हत्थिणाउरे नयरे सिंघाडगतिग तंचेव जाव वोच्छिन्ना दीवा य समुद्दा य" હસ્તિનાપુર નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ અને રાજમાર્ગ ઉપર અનેક લોકોને એવું કહેવા લાગ્યો કે "મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી હું જાણી–દેખી શકું છું કે આ લોકમાં સાત જ દ્વીપો અને સાત જ

સમુદ્રો છે. ત્યાર બાદ બીજો એકે દ્વીપ પણ નથી અને સમુદ્ર પણ નથી. " तएणं तस्स सिवस्स रायरिसिस्स अंतिए एयमट्ठं सोच्चा, निसम्म तंचेव जाव सव्वं भाणियव्वं, जाव तेण परं वोच्छिन्ना, दीवा य समुद्दा य, तं णं मिच्छा " શિવરાજ ઋષિની પાસે આ પ્રકારની વાત સાંભળીને અને હૃદયમાં ધારણ કરીને તે લોકો " ત્યાર બાદ દ્વીપ પણ નથી અને સમુદ્ર પણ નથી " આ સૂત્રપાઠ પર્યન્તનું જે કથન કરે છે, તે તેમનું કથન સત્ય નથી પણ મિથ્યા કથન જ છે. શિવરાજર્ષિનું આ કથન મિથ્યા હોવાનું કારણ એ છે કે આ સાત દ્વીપો અને સાત સમુદ્રો ઉપરાંત બીજા પણ અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો આ લોકમાં અસ્તિત્વ ધરાવે છે. એજ વિષયનું સૂત્રકાર હવે વિસ્તારપૂર્વક પ્રતિપાદન કરે છે–

" अहं पुण गोयमा ! एवमाइक्खामि, जाव परूवेमि " હે ગૌતમ ! હું તો એવું કહું છું, એવું પ્રતિપાદન કરું છું, એવું પ્રજ્ઞાપિત કરું છું અને એવું પ્રરૂપિત કરું છું કે " एवं खलु जंबुद्दीवादिया दीवा, लवणादिया समुद्दा, संठाणओ एगविहिविहाणा, वित्थारओ अणेगविहिविहाणा " આ લોકમાં–મધ્યલોકમાં જંબૂદ્વીપ આદિ જે દ્વીપો અને લવણસમુદ્ર આદિ જે સમુદ્રો છે, તેઓ સંસ્થાન (આકાર) ની અપેક્ષાએ એક સરખા આકારવાળા–ચૂડીના આકારના–છે. પરન્તુ તેઓ વિસ્તારની અપેક્ષાએ અનેક પ્રકારના છે, કારણ કે તેમનો બમણો બમણો વિસ્તાર કહ્યો છે. દ્વીપ કરતાં સમુદ્રનો અને સમુદ્ર કરતાં દ્વીપનો આ પ્રકારનો વિસ્તાર (વિશાળતા) સિદ્ધાંતકારોએ કહેલ છે. " एवं जहा जीवाभिगमे जाव सयंभूरमणपज्जवसाणा, अस्सिं तिरियलोए असंखेज्जा दीवसमुद्दा पण्णत्ता समणाउसो ! " આ રીતે જીવાભિગમ સૂત્રમાં વર્ણિત રીત અનુસાર આ તિર્યગ્લોકમાં સ્વયંભૂરમણ સમુદ્ર સુધીમાં અસંખ્યાત દ્વીપો અને અસંખ્યાત સમુદ્રોનું અસ્તિત્વ પ્રકટ કરવામાં આવેલ છે. જીવાભિગમ સૂત્રમાં આ વિષયને અનુલક્ષીને નીચે પ્રમાણે કહ્યું છે– " दुगणा दुगणं पडुप्पाएमाणा २ पवित्थरमाणा, ओभासमाणवीईया, बहुप्पलकुमुदनलिणसुभगसोगंधियपुंडरीयसयपत्ता, सहस्सपत्तसयसहस्सपत्तपप्फुल्लकेसरोववेया,पत्तेयं पत्तेयं पउमवरवेइया परिक्खित्ता, पत्तेयं पत्तेयं वणसंडपरिक्खित्ता, त्ति " આ સૂત્રપાઠ દ્વારા સમુદ્રો અને દ્વીપોના વિષે કથન કરવામાં આવ્યું છે. " ओभासमाणवीईया " આ વિશેષણ પર્યન્તનાં વિશેષણો સમુદ્રોને લાગૂ પડે અને બાકીનાં વિશેષણો દ્વીપોને માટે વપરાયાં છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" अत्थिणं भंते ! जंबुद्दीवे दीवे दव्वाइं सवन्नाइं पि, अवन्नाइं पि, सगंधाइं पि, अगंधाइं पि, सरसाइं पि अरसाइं पि सफासाइं

वि अफासाइं पि, अन्नमन्नबद्धाइं अन्नमन्नपुट्ठाइं जाव घडत्ताए चिट्ठंति ?" હે ભગવન્! શું જંબૂદ્વીપમાં વર્ણસહિત, વર્ણરહિત, ગંધ સહિત, ગંધરહિત, રસસહિત, રસરહિત, સ્પર્શસહિત અને સ્પર્શરહિત દ્રવ્યો પણ પરસ્પર ગાઢ શ્લેષથી સંબદ્ધ થઈને તથા આપસમાં સ્પૃષ્ટ થઈને (એક બીજાને સ્પર્શીને) રહેલાં હોય છે ખરાં? અહીં "जाव (यावत्) પદથી "अन्योन्यावगाढानि, अन्योन्यस्नेहप्रतिबद्धानि, अन्योन्यसमभर" આ પદોનો સંગ્રહ થયો છે.

પરસ્પરમાં એકય ભાવથી યુક્ત થઈને રહેવું તેનું નામ 'अन्योन्यावगाढ' છે. તથા સ્નિગ્ધતા (ચિકાશ) ના ગુણને લીધે સંબદ્ધ થઈને રહેવું તેનું નામ "अन्योन्य स्नेहप्रतिबद्ध" છે. આ પ્રશ્નનો ભાવાર્થ નીચે પ્રમાણે છે જેવી રીતે ઘડામાં ભરેલું પાણી તે ઘડામાં સંપૂર્ણ રૂપે ભરેલું રહે છે. તે તેમાં સમ વિષમ રૂપે ભરેલું રહેતું નથી, પરન્તુ ઘડાના સર્વ દેશોમાં વ્યાપેલું હોય છે અથવા સંપૂર્ણ રૂપે ભરેલું રહે છે (અહીં "सम" પદ 'सर्व' અર્થનું વાચક છે) એજ પ્રમાણે શું જીવપુદ્ગલાદિક દ્રવ્ય પણ આ જંબૂદ્વીપમાં સંપૂર્ણ રૂપે ભરેલું રહે છે ખરું?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जाव हंता, अत्थि" હે ગૌતમ! જંબૂદ્વીપથી લઈને ધાતકી ખંડ પર્યન્તમાં અને સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્તના અસંખ્યાત દ્વીપ સમુદ્રોમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત પુદ્ગલ દ્રવ્ય, અને વર્ણ ગંધ, રસ અને સ્પર્શરહિત ધર્માસ્તિકાયાદિક દ્રવ્ય, આ બન્ને પ્રકારનાં દ્રવ્યો અન્યોન્ય બદ્ધ અને અન્યોન્ય સ્પૃષ્ટ થઈને સમભર ઘડાની જેમ રહે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે જીવાદિ સમસ્ત મૂર્ત અમૂર્તદ્રવ્ય લોકાકાશમાં પરસ્પરની સાથે સંબદ્ધ અને સ્પૃષ્ટ થઈને રહે છે, છતાં પણ તેઓ પોતપોતાનો સ્વભાવ છોડતાં નથી. તેથી આ પ્રમાણે રહેવામાં તેમને કોઈ બાધા નડતી નથી.

"तएणं सा महतिमहालिया महच्चा पारिसा समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठा समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता जामेव दिसं पाउब्भूया–तामेव दिसं पडिगया" ગૌતમ સ્વામી અને મહાવીર પ્રભુ વચ્ચે આ પ્રકારના જે પ્રશ્નોત્તરો થયા; તે ત્યાં ઉપસ્થિત થયેલી વિશાળ જનપ્રખદાએ સાંભળ્યા. આ પ્રકારની વાત સાંભ-

ળીને તેમને ઘણો હર્ષ અને સંતોષ થયો. ત્યાર બાદ તે પ્રખદાએ મહાવીર પ્રભુને વંદણા કરી, નમસ્કાર કર્યાં. વંદણા નમસ્કાર કરીને તે પ્રખદા (પરિષદ) જ્યાંથી આવી હતી ત્યાં પાછી ફરી. એટલે કે લોકો પોતપોતાને ઘેર પાછાં ફર્યાં. ત્યાર બાદ શું બન્યું તે સૂત્રકાર હવે પ્રકટ કરે છે

" तएणं हत्थिणापुरे नयरे सिंघाडग जाव पहेसु बहुजणो अन्नमन्नस्स एवमाइक्खइ, जाव परूवेइ " ત્યાર બાદ હસ્તિનાપુર નગરના શૃંગાટકો, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ અને રાજમાર્ગ પર ટોળે મળીને લોકો એક બીજાને એવું કહેવા લાગ્યા, ભાષણ કરવા લાગ્યા, પ્રજ્ઞાપિત અને પ્રરૂપિત કરવા લાગ્યા કે " जं णं देवाणुप्पिया ! सिवे रायरिसी एवमाइक्खइ जाव परूवेइ " હે દેવાનુપ્રિયો ! શિવરાજઋષિ એવું જે કહે છે, ભાખે છે, પ્રજ્ઞાપિત અને પ્રરૂપિત કરે છે કે " अत्थिणं देवाणुप्पिया ! ममं अइसेसे नाणे जाव समुद्दाय, तं णो इणट्ठे समट्ठे " " હે દેવાનુપ્રિયો ! મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી હું એવું જાણી દેખી શકું છું કે આ લોકમાં સાત જ દ્વીપો અને સાત જ સમુદ્રો છે. ત્યાર બાદ એકે દ્વીપ પણ નથી અને સમુદ્ર પણ નથી " તો શિવરાજઋષિનું આ કથન સત્ય નથી, તેમનું આ કથન તો મિથ્યાકથન જ છે. પરન્તુ " समणे भगवं महावीरे एवमाइक्खइ, जाव परूवेइ " શ્રમણ ભગવાન મહાવીર એવું કહે છે (यावत्) એવી પ્રરૂપણા કરે છે કે– " एवं खलु एयस्स सिवस्स रायरिसिस्स छट्ठंछट्ठेणं तंचेव जाव भंडनिक्खेवं करेइ, करित्ता हत्थिणापुरे नयरे सिंघाडग जाव समुद्दा य " " આ શિવરાજર્ષિ કે જે નિરન્તર છઠને પારણે છઠની તપસ્યા દ્વારા દિશાચક્રવાલ વ્રતની આરાધનાને નિમિત્તે આતાપના લેતાં હતાં, તેમને કોઈ એક સમયે અવધિજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થયો. તેથી ઈહા, અપોહ, માર્ગણ અને ગવેષણા કરતી વખતે તેને વિભંગ નામનું અજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. તેના પ્રભાવથી તેણે જાણ્યું કે આ લોકમાં સાત જ દ્વીપ અને સાત જ સમુદ્ર છે, તે સિવાય કોઈ દ્વીપ પણ નથી અને સમુદ્ર પણ નથી, ઇત્યાદિ " તે હસ્તિનાપુર નગરમાં આવ્યો, " આ સૂત્રપાઠ પર્યન્તનું કથન અહીં ગ્રહણ કરવું. ત્યાં તાપસોના આશ્રમમાં જઈને તેણે પોતાનાં પાત્રો અને ઉપકરણોને કોઇ એક જગ્યાએ મૂકી દીધાં. ત્યાર બાદ તે હસ્તિનાપુર નગરના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ અને રાજમાર્ગ પર એકત્ર થયેલા જનસમૂહ પાસે પોતાનું આ પ્રકારનું મંતવ્ય પ્રકટ કરવા લાગ્યો– " હે દેવાનુપ્રિયો ! મને અતિશય જ્ઞાન અને દર્શન ઉત્પન્ન થયેલ છે. તેના પ્રભાવથી મેં એવું જાણી લીધું છે અને દેખી લીધું છે કે આ લોકમાં સાત જ દ્વીપ અને સાત જ સમુદ્રો છે ત્યાર બાદ કોઇ દ્વીપ કે સમુદ્રોનું અસ્તિત્વ નથી. " तएणं तस्स सिवस्स रायरिसिस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म, जाव समुद्दा य तं णं मिच्छा " લોકોએ જ્યારે તેમનું આ પ્રકારનું મંતવ્ય સાંભળ્યું

અને પોતાના હૃદમાં ધારણ કર્યું, ત્યારે લોકો પણ અન્યોન્યને એવું જ કહેવા લાગ્યા કે " આ લોકમાં સાત જ દ્વીપ અને સાત જ સમુદ્ર છે. તે ઉપરાન્ત બીજાં દ્વીપો અને સમુદ્રો છે જ નહીં, " તો આ કથન અસત્ય જ છે. " समणे भगवं महावीरे एवमाइक्खइ जाव परूवेइ " ખરી રીતે તો શ્રમણ ભગવાન આ પ્રમાણે જે કહે છે, જે પ્રતિપાદન કરે છે, જે પ્રજ્ઞાપિત કરે છે અને પ્રરૂપિત કરે છે, એજ સત્ય છે. મહાવીર પ્રભુ જે પ્રજ્ઞાપિત કરે છે, તે હવે પ્રકટ કરવામા આવે છે—" एवं खलु जंबुद्दीवादिया दीवा, लवणादिया समुद्दा, तंचेव जाव असंखेज्जा दीवसमुद्दा पण्णत्ता समणाउसो " હે શ્રમણ આયુષ્યમન્! આ લોકમાં જે જંબૂદ્વીપાદિક દ્વીપો અને લવણાદિ સમુદ્રો છે તે બધાં આકારની અપેક્ષાએ સમાન છે, પરન્તુ વિસ્તારની અપેક્ષાએ સમાન નથી–વિવિધ વિસ્તારવાળાં છે. સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્તમાં અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો આવેલાં છે " મહાવીર પ્રભુનું આ કથન જ સત્યઅને પ્રમાણભૂત છે. "

" तएणं से सिवे रायरिसी बहुजणस्स अंतिए एयमट्ठं सोच्चा, निसम्म संकिए कंखिए वितिगिच्छिए भेदसमावन्ने, कलुससमावन्ने, जाए यावि होत्था " હસ્તિનાપુરના લોકોને મુખે મહાવીર પ્રભુના આ પ્રકારના મંતવ્યને શ્રવણ કરીને તથા તેને પોતાના હૃદયમાં ધારણ કરીને શિવરાજઋષિનું મન શંકાથી કાંક્ષાથી અને વિચિકિત્સાથી (સંદેહથી) યુક્ત થયું વળી તેનું મન ભેદયુક્ત અને કલુષભાવયુક્ત પણ થયું. " तएणं तस्स सिवस्स रायरिसिस्स संकियस्स, कंखियस्स जाव कलुससमावन्नस्स से विभंगे अन्नाणे खिप्पामेव परिवडिए " શંકા, કાક્ષા, વિચિકિત્સા ભેદભાવ અને કલુષભાવથી યુક્ત થયેલા તે શિવરાજઋષિનું વિભંગ અજ્ઞાન તુરત જ પરિપતિત (નષ્ટ) થઇ ગયું. " तएणं तस्स सिवस्स रायरिसिस्स अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था " ત્યાર બાદ તે શિવરાજઋષિને આ પ્રકારનો આધ્યાત્મિક (આત્મગત), ચિન્તિત, કલ્પિત પ્રાર્થિત અને મનોગત વિચાર ઉત્પન્ન થયો– " एवं खलु समणे भगवं महावीरे आदिगरे तित्थगरे जाव सव्वन्नू सव्वदरिसी आगासगएणं चक्केणं जाव सहस्संबवणे उज्जाणे अहापडिरूवं जाव विहरइ " મેં એવું સાંભળ્યું છે કે ધર્મના આદિ કર્તા, તીર્થંકર, સર્વજ્ઞ, અને સર્વદર્શી શ્રમણ ભગવાન મહાવીર સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં યથાપ્રતિરૂપ (સાધુને યોગ્ય એવી) આજ્ઞા લઇને વિચરી રહ્યા છે. તેમનું ધર્મચક્ર વિગેરે આકાશમાં ચાલે છે. " तं महाफलं खलु तहारूवाणं अरहंताणं भगवंताणं नामगोयस्स जहा उववाइए जाव गहणयाए " ઔપપાતિક સૂત્રમાં કહ્યા અનુસારનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ– " આ પ્રકારના અર્હંત ભગવંતોના નામ ગોત્રના શ્રવણ માત્રથી જ જો અતિશય મહાફલની પ્રાપ્તિ થાય છે, તો તેમના એક

પણ ધાર્મિક વચનના શ્રવણથી પ્રાપ્ત થતાં ફળની તો વાત જ શી કરવી ? તેમની દેશના સાંભળવાથી તો જીવને અવર્ણનીય મહાફળની અવશ્ય પ્રાપ્તિ થતી જ હશે આ કથનનું તાત્પર્ય એ છે કે જેના નામગોત્રના શ્રવણથી પણ મહાફલ પ્રાપ્ત થતું હોય, તેમની પાસે જઈને વંદણા નમસ્કાર આદિ કરવાથી અને તેમની સમક્ષ ધર્મતત્વનું શ્રવણ કરવાથી જીવને અત્યન્ત મહા-ફળની પ્રાપ્તિ થાય તેનું કલ્યાણ થઈ જાય–એમાં નવાઈ પામવા જેવું શું છે ! "तं गच्छामि णं समणं भगवं महावीरं वंदामि, जाव पज्जुवासामि" મારે તે શ્રમણ ભગવાન મહાવીરની સમક્ષ જવું જોઈએ. તેમને વંદણા અને નમસ્કાર કરવા જોઇએ. અને તેમની પર્યુપાસના કરવી જોઇએ. "एयं णे इहभवे य जाव भविस्सइ त्ति कट्टु एवं संपेहेइ" એમ કરવાથી આ ભવમાં અને પરભવમાં મારું કલ્યાણ થશે. તેમને શરણે જવામાં જ મારું શ્રેય રહેલું છે. ("संपेहेत्ता जेणेव तावसावसहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता तावसावहं अणुप्पविसइ" આ પ્રમાણે વિચાર કરીને તે જ્યાં તાપસાશ્રમ હતો ત્યાં જવા ઉપડ્યો. ત્યાં જઈને તેણે તાપસોના આશ્રમમાં પ્રવેશ કર્યો. "अणुप्पविसित्ता सुबहुं लोहीं, लोहकडाहजाव किढिणसकाइगं च गेण्हइ" ત્યાં પ્રવેશ કરીને તેણે પોતાનાં તે તવા, લોહકડાહી, કડછી, તામ્રકમંડળ અને વાંસનિર્મિત પાત્રને ઉઠાવ્યાં "गेण्हित्ता तावसावसाहो पडिनिक्खमइ" અને ત્યાર બાદ તે તાપસોના આશ્રમમાંથી બહાર નીકળ્યો. "पडिनिक्खमित्ता पडिवडियविभंगे हत्थिणाउरं नयरं मज्झं मज्झेण निगच्छइ, निगच्छित्ता" જેનું વિભંગજ્ઞાન નષ્ટ થઈ ગયું છે એવો તે શિવરાજઋષિ હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચ થઈને ચાલી નીકળ્યો. આ રીતે ચાલતાં ચાલતાં "जेणेव सहसंबवणे उज्जाणे जेणेव समणे भगवं महावीरे, तेणेव उवागच्छइ" તે સહસ્રામ્રવન ઉદ્યાનમાં આવી પહોંચ્યો. ઉદ્યા-નમાં પ્રવેશ કરીને તે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર વિરાજતા હતા ત્યાં. ગયો. "उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणपयाहिणं करेइ." ત્યાં જઈને તેણે આદક્ષિણ પ્રદક્ષિણા પૂર્વક શ્રમણ ભગવાન મહા-વીરને વંદણા કરી, નમસ્કાર કર્યા. વંદણા નમસ્કાર કરીને તે તેમનાથી અધિક દૂર પણ નહીં અને બહુ નજીક પણ નહીં, એવાં ઉચિત સ્થાને બન્ને હાથ જોડીને ઊભો રહ્યો. "तएणं समणे भगवं महावीरे सिवस्स रायरिसिस्स तीसे य महतिमहालयाए जाव आराहए भवइ" ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે તે શિવરાજઋષિને તે ઘણી વિશાળ પરિષદમાં ધર્મદેશના સંભળાવી અહીં સર્વ ધર્મકથાનું વર્ણન કરવું જોઇએ તે તેમની ધર્મદેશના સાભળીને તેમની આજ્ઞાનો આરાધક થઈ ગયો." આ સૂત્રપાઠ પર્યન્તનું કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. તેની સાથે આ સૂત્રપાઠને યોજિત કરીને તેનું વિસ્તૃત વર્ણન ઔપપાતિક સૂત્રના ૫૬ માં પદની મેં જે પીયૂષવર્ષિણી ટીકા લખી છે. તેમાંથી જોઈ લેવું નીચેનો સૂત્રપાઠ પૂર્વોક્ત સૂત્રપાઠ સાથે અહીં યોજવો જોઇએ–

"अयमाउसो अगारसामाइए धम्मे पण्णते, एयस्स धम्मस्स सिक्खाए उवट्ठिए, समणोवासए वा समणोवासिया वा विहरमाणे"

"तएणं से सिवे रायरिसी समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा, निसम्म, जहा खंदओ, जाव उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ" ત્યાર બાદ તે શિવરાજઋષિ શ્રમણ ભગવાન મહાવીરની સમક્ષ ધર્મશ્રવણ કરીને તથા તેને હૃદયમાં ધારણ કરીને સ્કન્દની જેમ (यावत्) ઈશાન કોણમાં ચાલ્યા ગયા. "अवक्कमित्ता सुबहुं लोहीलोहकडाह जाव किढिणसंकाइगं एगंते एडेइ" ત્યાં જઈને તેણે પોતાનાં અનેક તવા, લોહ કડાહી, કડછીઓ, તાંબાનું કમંડળ અને કિઢિણ સંકાયિકને (વાંસનિર્મિત પાત્રવિશેષને) એકાન્ત સ્થાને મૂકી દીધાં. "एगंते एडेत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ" ત્યાર બાદ તેણે પોતાના હાથથી જ પોતાના પાંચ મુષ્ટિપ્રમાણ કેશોનું લુંચન કર્યું. "करित्ता, समणं भगवं महावीरं एवं जहेव उसभदत्ते तहेव पव्वइओ, तहेव इक्कारस अंगाइं अहिज्जइ, तहेव सव्वं जाव सव्वदुक्खप्पहीणे" ત્યાર બાદ તેણે જે પ્રવ્રજ્યા અંગીકાર કરી તેનું વર્ણન તથા તેના તપ, સંયમ આદિનું વર્ણન નવમાં શતકના ૩૩ માં ઉદ્દેશામાં વર્ણિત ઋષભદેવ બ્રાહ્મણના કથન અનુસાર સમજવું પ્રવ્રજ્યા લઈને તેણે અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અને અન્તે તે સિદ્ધ, બુદ્ધ, મુક્ત, શીતલીભૂત અને સમસ્ત દુઃખોથી રહિત થઈ ગયો. ॥ સૂ૦ ૩ ॥

भंते ! त्ति भगवं गोयमे" ઇત્યાદિ—

ટીકાર્થ—આગલા સૂત્રમાં શિવરાજઋષિની સિદ્ધિની વાતનો ઉલ્લેખ કરાયો છે. તે સંબંધને અનુલક્ષીને સૂત્રકાર અહીં તે સિદ્ધિનું સંહનન આદિની અપેક્ષાએ નિરૂપણ કરે છે– "भंते ! त्ति ! भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता नमंसित्ता एवं वयासी" "હે ભગવન્" એવું સંબોધન કરીને, ભગવાન્ ગૌતમ મહાવીર પ્રભુને વંદણા કરી, નમસ્કાર કર્યા, અને વંદણા નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો– "जीवा णं भंते ! सिज्झमाणा कयरंमि संघयणे सिज्झंति" હે ભગવન્! સિદ્ધ ગતિમાં જતા જીવો કયા સંહનનમાંથી સિદ્ધ ગતિમાં જાય છે? એટલે કે જ્યારે જીવ સિદ્ધ ગતિમાં જાય છે ત્યારે કયા સંહનનથી યુક્ત હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર– वयरोसभणारायसंघयणे सिज्झंति" હે ગૌતમ! સિદ્ધ ગતિમાં જતા જીવો વજ્રઋષભનારાચ સંહનનથી યુક્ત હોય છે. આ પ્રકારના સંહનનવાળા જીવો જ સિદ્ધગતિમાં જઈ શકે છે.

"एवं जहेव उववाइए तहेव संघयणं, संठाणं उच्चत्तं, आउयं च परिवसणा" જે પ્રમાણે ઔપપાતિક સૂત્રમાં સિદ્ધ થનારા જીવોના સંહનન, આદિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં પણ તેમનું પ્રતિપાદન થવું જોઈએ. સંહનન આદિ દ્વારોના સંગ્રહ નિમિત્તે અહીં સૂત્રકારે ગાથાનો આ પૂર્વાર્ધ આપ્યો છે–संहननम्, संस्थानम्, उच्चत्वम्, आयुष्यं च परिवसना" આ પાંચ દ્વારોમાંથી સંહનન દ્વારનું તો આગળ આ પ્રમાણે

પ્રતિપાદક કરવામાં આવી ચુકયું છે કે જીવ વજ્રઋષભનારાચ સંહનનથી યુક્ત હોય ત્યારે જ સિદ્ધ થાય છે. છ સંસ્થાનો (આકારો)માંથી ગમે તે સંસ્થાનયુક્ત જીવ સિદ્ધ થઈ શકે છે. ઓછામાં ઓછા સાત રત્ની પ્રમાણ અને વધારેમાં વધારે ૫૦૦ ધનુષ પ્રમાણ ઊંચાઈવાળો મનુષ્ય સિદ્ધ થાય છે. ઓછામાં ઓછા આઠ વર્ષ કરતાં અધિક આયુષ્યવાળો અને વધારેમાં વધારે પૂર્વકોટિ પ્રમાણ આયુષ્યવાળો જીવ સિદ્ધ થાય છે. રત્નપ્રભા આદિ નરકો, સૌધર્મ આદિ વિમાનો અને ઈષત્ પ્રાગ્ભારાન્ત ક્ષેત્ર વિશેષોની નીચે સિદ્ધ રહેતાં નથી, તેઓ સર્વાર્થસિદ્ધ મહાવિમાનના ઉપરિતન સ્તૂપિકાગ્રથી ઊંચે ૧૨ યોજન આગળ જતાં જે ઈષત્પ્રાગ્ભારા નામની પૃથ્વી આવે છે, જેની લંબાઇ પહોળાઇ ૪૫ લાખ યોજનની છે, શ્વેત વર્ણવાળી અને અત્યન્ત રમ્ય છે, તે ઇષત્પ્રાગ્ભારાની ઉપર એક યોજનના વિસ્તારમાં લોકાન્ત છે, તે યોજનમાં ઉપરિતન ગવ્યૂતિના (કોશના) ઉપરિતન ૬ ભાગમાં સિદ્ધો રહે છે. "एवं सिद्धिगंडिया निरवसेसा भाणियव्वा जाव अव्वाबाहं सोक्खं अणुहवंति सासयं सिद्धा" આ રીતે પૂર્વોક્ત સંહનનાદિ દ્વારા નિરૂપણ કરે જે સિદ્ધિગંડિકાનું ઔપપાતિક સૂત્રમાં નિરૂપણ કરવામાં આવ્યું છે, તેનું અહીં કથન થવું જોઇએ. સિદ્ધિના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર વાકયપદ્ધતિને-વર્ણનને સિદ્ધિ ગંડિકા કહે છે. "कहिं पडिहया सिद्धा" ઇત્યાદિ ૧૦૭ ગાથાથી લઈને "नित्थिण्णसव्वदुक्खा" આ ૧૭૦ મી ગાથા પર્યન્તની ગાથાઓ અહીં કહેવી જોઇએ. તે છેલ્લી-૧૭૦ મી ગાથાની સંસ્કૃત છાયા નીચે પ્રમાણે છે "निस्तीर्णसर्वदुःखा, जातिजरामरणबन्धनविमुक्ता, अव्याबाधं सौख्यं अनुभवन्ति शाश्वतं सिद्धाः." તે સિદ્ધો સર્વદુઃખોને તરી જઈને, જાતિ જરા અને મરણના બન્ધનોથી મુક્ત થઈને શાશ્વત અને અવ્યાબાધ સુખનો અનુભવ કરે છે.

અન્તે મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને ગૌતમ સ્વામી કહે છે કે "सेवं भंते! सेवं भंते! त्ति" હે ભગવન્! આપના દ્વારા આ વિષયનું જે પ્રતિપાદન થયું છે તે સર્વથા સત્ય છે. હે ભગવન્! આપે જે કહ્યુ તે યથાર્થ જ છે," આ પ્રમાણે કહીને તેમને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બેસી ગયા ।। સૂ૦ ૪ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો નવમો ઉદ્દેશક સમાપ્ત ।।૧૧-૯।।

અગિયારમાં શતકના દસમા ઉદ્દેશાનો પ્રારંભ–

આ ઉદ્દેશામાં જે વિષયનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તેનું સંક્ષિપ્ત વિવરણ લોકના પ્રકારનું કથન–ક્ષેત્રલોક પ્રકારનું વર્ણન–અધોલોક ક્ષેત્રલોકની વક્તવ્યતાનો પ્રકાર–તિર્યગ્લોકની વક્તવ્યતાનો પ્રકાર–ઉર્ધ્વલોક ક્ષેત્રલોકના પ્રકારનું વર્ણન અધોલોક સંસ્થાનનું વર્ણન–તિર્યગ્લોક સંસ્થાનનું વર્ણન–ઉર્ધ્વલોક સંસ્થાનનું વર્ણન–લોકસંસ્થાનનું વર્ણન–અલોકસંસ્થાનનું વર્ણન–શું અધોલોક જીવરૂપ છે? શું તિર્યગ્લોક જીવરૂપ છે? ઇત્યાદિ પ્રશ્નો શું અલોકાકાશ જીવરૂપ છે? ઇત્યાદિ પ્રશ્નો શું અધોલોકના એક આકાશ પ્રદેશમાં જીવ રહે છે? ઇત્યાદિ પ્રશ્નો શું તિર્યગ્લોકના એક આકાશ પ્રદેશમાં જીવ રહે છે? ઇત્યાદિ પ્રશ્નો લોકના એક આકાશપ્રદેશમાં શું જીવ રહે છે? ઇત્યાદિ પ્રશ્નો અલોકના એક આકાશપ્રદેશમાં શું જીવ રહે છે? ઇત્યાદિ પ્રશ્નો દ્રવ્યાદિકોની અપેક્ષાએ અધોલોક આદિની વક્તવ્યતા, લોકના વિસ્તારનું વર્ણન, અધોલોકના વિસ્તારનું વર્ણન, લોકના એક આકાશ પ્રદેશમાં શું જીવના પ્રદેશો પરસ્પર સાથે સંબદ્ધ હોય છે? શું તેઓ પરસ્પર પીડા ઉત્પન્ન કરે છે એક આકાશ પ્રદેશમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ પદમાં સ્થિત જીવપ્રદેશોના અને સર્વ જીવોના અલ્પબહુત્વની વક્તવ્યતા આ વિષયોનું આ ઉદ્દેશામાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

લોક કે સ્વરૂપ કા નિરૂપણ

લોક વિષયક વક્તવ્યતા—

"रायगिहे जाव एवं वयासी"

ટીકાર્થ—નવમાં ઉદ્દેશાને અન્તે એવો ઉલ્લેખ થયો છે કે સિદ્ધ ભગવન્તો લોકના અન્ત ભાગમાં રહે છે. તે સંબંધને અનુલક્ષીને સૂત્રકારે અહીં લોકના સ્વરૂપનું નીચે પ્રમાણે પ્રતિપાદન કર્યું છે–"रायगिहे जाव एवं वयासी" રાજગૃહ નગરમાં મહાવીર સ્વામી પધાર્યા. ધર્મોપદેશ સાંભળવાને પરિષદ આવી, વંદણા નમસ્કાર કરીને તથા ધર્મોપદેશ સાંભળીને પરિષદ પાછી ફરી ત્યાર બાદ વિનયપૂર્વક બે હાથ જોડીને, વંદણા નમસ્કાર કરીને ગૌતમ સ્વામીએ

મહાવીર પ્રભુને આ પ્રમાણે પૂછયું– " कइविहेणं भंते ! लोए पण्णत्ते ? " હે ભગવન્ ! લોક કેટલા પ્રકારનો કહ્યો છે ? મહાવીર પ્રભુનો ઉત્તર– " गोयमा " હે ગૌતમ ! " चउव्विहे लोए पण्णत्ते–तंजहा " લોક ચાર પ્રકારનો કહ્યો છે, જે પ્રકારો નીચે પ્રમાણે છે " दव्वलोए, खेत्तलोए, काललोए, भावलोए, દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાળલોક અને ભાવલોક હવે ક્ષેત્રલોક વિષે ગૌતમ સ્વામી આ પ્રકારનો પ્રશ્ન પૂછે છે– ' खेत्तलोएणं भंते ! कइविहे पण्णत्ते " હે ભગવન્ ! ક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર– " गोयमा " હે ગૌતમ ! " तिविहे पण्णत्ते " ક્ષેત્રલોક ત્રણ પ્રકારનો કહ્યો છે. " तंजहा " તે પ્રકારો આ પ્રમાણે છે– " अहोलोयखेत्तलोए १, तिरियलोयखेत्तलोए २, उड्ढलोयखेत्तलोए " (૧) અધોલોક ક્ષેત્રલોક, (૨) તિર્યગ્લોક ક્ષેત્રલોક અને (૩) ઉર્ધ્વલોક ક્ષેત્રલોક. કહ્યું પણ છે કે

" आगासस्स पएसा उड्ढं च अहे य तिरियलोए य, जाणाहि खेत्तलोयं अणंतजिणदेसियं सम्मं " આકાશના પ્રદેશ ઊંચે, નીચે અને તિરછાં, એમ સર્વત્ર હોય છે. તેનું જ નામ જિનેન્દ્રોદ્વારા કથિત ક્ષેત્રરૂપ લોક છે. કાળ, સમય આદિ રૂપ કાળલોક છે. કહ્યું પણ છે કે– " समयावलीमुहुत्ता " ઇત્યાદિ. સમય, આવલી, મુહૂર્ત, દિવસ, અહોરાત્ર, પક્ષ, માસ, વર્ષ, યુગ, પલ્ય, સાગર, ઉત્સર્પિણી અને પરિવર્તન (અવસર્પિણી), એ બધાં કાળરૂપ લોક છે. ભાવરૂપ લોકને ભાવલોક કહે છે. તે ભાવરૂપ લોક આગમ અને નોઆગમની અપેક્ષાએ બે પ્રકારનો કહ્યો છે. આગમની અપેક્ષાએ ભાવલોક એ છે કે જે લોક શબ્દના અર્થનો જ્ઞાતા હોય છે અને તેમાં ઉપયુક્ત હોય છે. નોઆગમની અપેક્ષાએ ભાવલોક ઔદાયક આદિ ભાવરૂપ છે. એજ વાત " ओदइए " ઇત્યાદિ દ્વારા પ્રકટ કરી છે ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક. ક્ષાયોપશમિક, પારિણામિક અને સા ન્નપાતિક, આ રીતે ભાવલોકના છ પ્રકાર કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન— " अहोलोय खेत्तलोए णं भंते ! कइविहे पण्णत्त ? " હે ભગવન્ ! અધોલોક રૂપ ક્ષેત્રલોક કેટલા પ્રકારનો કહ્યો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર— " गोयमा " હે ગૌતમ! " सत्तविहे पण्णत्ते–तंजहा " અધોલોક રૂપ ક્ષેત્રલોકના નીચે પ્રમાણે સાત પ્રકાર કહ્યાં છે

" रयणप्पभा पुढवि अहेलोयखेत्तलोए, जाव अहे सत्तमापुढवि अहेलोयखेत्तलोए " (૧) રત્નપ્રભા પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક, (૨) શર્કરાપ્રભા પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક, (૩) વાલુકાપ્રભા પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક, (૪) પંકપ્રભા પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક, (૫) ધૂમપ્રભા પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક, (૬) તમઃ-

પ્રભા પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક, અને (૭) અધઃસપ્તમી (તમતમપ્રભા) પૃથ્વીરૂપ અધોલોક ક્ષેત્રલોક મેરુની મધ્યમાં આઠ પ્રદેશ છે. તેમનું નામ રુચક પ્રદેશ છે. તેના અધસ્તન પ્રતરની નીચે ૯૦૦ યોજનપર્યન્તમાં તિર્યગ્લોક છે. તેની નીચે રહેલો એવો અધોલોક સાત રાજૂપ્રમાણથી સહેજ મોટો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન— " तिरियलोयखेत्तलोएणं भंते ! कइविहे पण्णत्ते ?" હે ભગવન્ ! તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકના કેટલા પ્રકાર કહ્યા છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર— " गोयमा " હે ગૌતમ ! " असंखेज्जविहे पण्णत्ते " તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકના અસંખ્યાત પ્રકાર કહ્યા છે. આ તિર્યગ્લોક ઉપર્યુક્ત રુચકપ્રદેશના અધસ્તન પ્રતરની નીચે ૯૦૦ યોજન સુધીના વિસ્તારમાં પથરાયેલો છે. તે તિર્યગ્રૂપ (તિરકસ) હોવાથી તેને તિર્યગ્લોક કહે છે. " तंजहा " તે કેવી રીતે અસંખ્યાત પ્રકારનો છે, તે નીચે પ્રકટ કરવામાં આવ્યું છે. " जंबुद्दीवतिरियलोयखेत्तलोए, जाव सयंभूरमणसमुद्दतिरियलोयखेत्तलोए " જંબૂદ્વીપ તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકથી લઈને સ્વયંભૂરમણ સમુદ્ર તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોક પર્યન્તના અસંખ્યાત તિર્યગ્લોક ક્ષેત્રો ત્યાં આવેલા હોવાથી તેના અનેક પ્રકાર કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" उड्ढलोयखेत्तलोए णं भंते ! कइविहे पण्णत्ते ? " હે ભગવન્ ! ઉર્ધ્વલોકરૂપ ક્ષેત્રલોકના કેટલા પ્રકાર કહ્યા છે ?

" गोयमा " હે ગૌતમ ! " पन्नरसविहे पण्णत्ते " ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકના પંદર પ્રકાર કહ્યા છે. ઉર્ધ્વલોકનું પ્રમાણ સાતરાજૂ કરતાં કંઈક ઓછું છે. તે તિર્યગ્લોકની ઉપર આવેલો છે. આ રીતે ઉર્ધ્વભાગમાં હોવાથી તેનું નામ ઉર્ધ્વલોક પડયું છે. અથવા દ્રવ્યોનું અશુભ પરિણામ જ્યાં વધારે પ્રમાણમાં જોવામાં આવે છે ક્ષેત્રના પ્રભાવથી જે લોકમાં દ્રવ્યોનું અધિક અશુભ પરિણામ હોય છે તે ક્ષેત્રને અધોલોક કહે છે. જે ક્ષેત્રમાં દ્રવ્યોનું પરિણામ મધ્યમસરનું અતિ શુભ પણ નહીં અને અતિ અશુભ પણ નહીં એવું હોય છે, તે ક્ષેત્રને તિર્યગ્લોક કહે છે. જ્યાં મોટે ભાગે દ્રવ્યોનું પરિણામ શુભ હોય છે, તે ક્ષેત્રનું નામ ઉર્ધ્વલોક છે.

એજ વાત " अहव अहो परिणामो " ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. એજ પ્રમાણે તિર્યગ્લોક ઉર્ધ્વલોક વિષે પણ સમજવું. " तंजहा " ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકના ૧૫ પ્રકારો નીચે પ્રમાણે છે

" सोहम्मकप्पउड्ढलोगखेत्तलोए, जाव अच्चुयउड्ढलोयखेत्तलोए, गेवेज्ज विमाणउड्ढलोयखेत्तलोए, अणुत्तरविमाणउड्ढलोयखेत्तलोए, इसिपब्भारपुढवि उड्ढलोयखेत्तलोए " (૧) સૌધર્મકલ્પ ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોક, (૨) ઈશાનકલ્પ ઉર્ધ્વલોકરૂપ ક્ષેત્રલોક, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાન્તક, (૭) મહાશુક, (૮) સહસ્રાર (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ

(૧૨) અચ્યુત ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોક, (૧૩) ગ્રૈવેયક વિમાન ઉર્ધ્વલોકરૂપ ક્ષેત્રલોક, (૧૪) અનુત્તર વિમાન ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોક અને (૧૫) ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી ઉર્ધ્વલોકરૂપ ક્ષેત્રલોક

હવે ગૌતમ સ્વામી તે પ્રત્યેકના સંસ્થાન (આકાર) વિષે પ્રશ્ન પૂછે છે "अहोलोगखेत्तलोएणं भंते! किं संठिए पण्णत्ते?" હે ભગવન્! અધોલોકરૂપ જે ક્ષેત્રલોક છે તેનો આકાર કેવો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર છે "गोयमा" હે ગૌતમ! "तप्पागारसंठिए पण्णत्ते" અધોલોક રૂપ ક્ષેત્રલોકનો આકાર તપ્ર (નાની નૌકા) ના જેવો હોય છે. તેનું સંસ્થાન (આકાર) ઊંધા પાડેલા શરાવ (શકોરા) જેવો હોય છે. તેનો આકાર ટીકામાં બતાવવામાં આવ્યો છે તે પ્રમાણે સમજી લેવો.

ગૌતમસ્વામીનો પ્રશ્ન—"तिरियलोयखेत्तलोए णं भंते! किं संठिए पण्णत्ते?" હે ભગવન્! તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકનો આકાર કેવો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર- "गोयमा" હે ગૌતમ! "झल्लरिसंठिए पण्णत्ते" હે ભગવન્ તિર્યગ્લોકરૂપ ક્ષેત્રલોકનો આકાર ઝલ્લરી (ઝાલર) ના જેવો હોય છે. ઝલ્લરી બહુ જાડી હોતી નથી પણ તેનો વિસ્તાર ઘણો જ હોય છે, તિર્યગ્લોક પણ એવો જ હોવાથી તેનો આકાર ઝલ્લરી જેવો કહ્યો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"उड्ढलोयखेत्तलोय पुच्छा?" હે ભગવન! ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકનો આકાર કેવો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"उड्ढमुइंगाकारसंठिए पण्णत्ते" હે ગૌતમ! ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકનો આકાર ઉર્ધ્વમુખ સ્થિત મૃદંગના જેવો હોય છે. તે આકાર ટીકામાં આપ્યા પ્રમાણે સમજી લેવો.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"लोएणं भंते! किं संठिए पण्णत्ते?" હે ભગવન્! લોકનો આકાર કેવો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર "गोयमा! सुपइट्ठगसंठिए पण्णत्ते" હે ગૌતમ! લોકનો આકાર સુપ્રતિષ્ઠના આકાર જેવો હોય છે. જેના પર ઘડો રાખવામાં આવે છે, તે સાધનને સુપતિષ્ઠક કહે છે. ઘટાદિ પદાર્થ સહિત તે ઉપકરણના આકારને અહીં સુપતિષ્ઠક કહેવામાં આવેલ છે, કારણ કે એવી સ્થિતિમાં વિચાર કરવામાં આવે તો જ લોકનો એવો આકાર ઘટાવી શકાય છે. તે નીચેથી વિસ્તૃત, મધ્યમાં સંકીર્ણ અને ફરીથી વિસ્તૃત થઈને ઉપર જતાં સંકીર્ણ હોય છે. બન્ને પગ પહોળા કરીને તથા બન્ને હાથ કેડ પર રાખીને ઉભેલા મનુષ્યના જેવો તે આકાર હોય છે. તેનો આકાર ટીકામાં દેખાડ્યા પ્રમાણે સમજી લેવો. એજ વાતને સૂત્રકારે નીચેના સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે- "तंजहा-हेट्ठा वित्थिन्ने, मज्झे संखित्ते, जहा सत्तमसए पढमुद्देसए जाव अंतं करेंति" સાતમાં શતકના પહેલા ઉદ્દેશામાં લોકના આકાર વિષે જેવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એવું પ્રતિપાદન અહીં પણ કરવું જોઈએ, આ લોક નીચે વિસ્તીર્ણ છે,

મધ્યમાં સંક્ષિપ્ત (સંકીર્ણ) છે, અને ઉપરના ભાગમાં ઉર્ધ્વમુખવાળા મૃદંગના આકારનો છે. એજ વાતને સૂત્રકારે અહીં આ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે "यावत् उपरि विशालः, अधःपल्यङ्कसंस्थानसंस्थितः, मध्ये वरवज्रविग्रहीतः, उपरि मृदङ्गाकारसंस्थित :" આ લોક શાશ્વત છે. આ શાશ્વત લોકમાં ઉત્પન્ન થયેલા અનન્ત જ્ઞાનદર્શનધારી અર્હંત જિનકેવલી ભગવાનો જીવોને પણ જાણતા હતા. અજીવોને પણ જાણતા હતા. આ પ્રકારના કેવળજ્ઞાની જીવો આ લોકમાંથી સિદ્ધગતિમાં જાય છે, બુદ્ધ થાય છે, મુક્ત થાય છે, સમસ્ત સાંસારિક પરિતાપોથી રહિત થઈ જાય છે અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખે છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" गोयमा ! झुसिरगोलसंठिए पण्णत्ते " હે ગૌતમ અલોકનો આકાર અંદરથી પોલા ગોળાના જેવો હોય છે. લોક અલોકના શુષિર (છિદ્ર) જેવો લાગે છે. ટીકામાં બતાવ્યા પ્રમાણેનો તેનો આકાર સમજી લેવો.

હવે ગૌતમસ્વામી જીવદેશ, જીવપ્રદેશ આદિ વિષે પ્રશ્ન પૂછે છે

" अहेलोगखेत्तलोए णं भंते ! किं जीवा, जीवदेसा, जीवपएसा " હે ભગવન્! અધોલોક રૂપ ક્ષેત્રલોકમાં શું જીવો છે ખરાં ? શું જીવદેશો છે ખરાં ? શું જીવપ્રદેશો છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" एवं जहा इंदा दिसा तहेव निरवसेसं भाणियव्वं जाव अद्धासमए " હે ગૌતમ ! દશમાં શતકના પહેલા ઉદ્દેશામાં પૂર્વદિશા વિષે જેવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એવું જ સંપૂર્ણ કથન અહીં પણ કરવું જોઇએ. તે કથનને આધારે અહીં આ પ્રકારના પ્રશ્નોત્તરો બનાવી શકાય

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–હે ભગવન્ ! અધોલોક રૂપ ક્ષેત્રલોકમાં શું જીવો છે ખરાં ? જીવદેશો છે ખરાં ? જીવપ્રદેશો છે ખરાં ? અજીવો છે ખરાં ? અજીવદેશો છે ખરાં ? અજીવ પ્રદેશો છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" હે ગૌતમ ! અધોલોક રૂપ ક્ષેત્રલોકમાં જીવો પણ છે, જીવદેશો પણ છે, જીપપ્રદેશો પણ છે, અજીવો પણ છે, અજીવ દેશો (અંશો) પણ છે અને અજીવપ્રદેશો પણ છે." ઇત્યાદિ અદ્ધાકાળ (કાળ) પર્યન્તનું કથન અહીં ગ્રહણ કરવું જોઇએ.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" तिरियलोयखेत्तलोए णं भंते ! किं जीवा, जीवदेसा, जीवपएसा० ? " હે ભગવન્ ! તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકમાં શું જીવો છે ખરાં ? જીવદેશો છે ખરાં ? જીવપ્રદેશો છે ખરાં ? અજીવો કે અજીવદેશો છે ખરાં ? અજીવ પ્રદેશો છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं चेव " હે ગૌતમ ! અધોલોકની જેમ તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકમાં પણ જીવો, જીવદેશો, જીવપ્રદેશો અજીવો, અજીવદેશો અને અજીવપ્રદેશોનું અસ્તિત્વ હોય છે. " एवं उड्ढलोयखेत्तलोए वि " એજ પ્રમાણે ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકમાં પણ જીવો, જીવદેશો, અને જીવપ્રદેશો અજીવો, અજીવ દેશો અને અજીવ પ્રદેશો હોય છે. "नवरं अरूवी छव्विहा, अद्धासमयो नत्थि"

પરન્તુ અધોલોક અને તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોક કરતાં ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રના કથનમાં એટલી જ વિશેષતા છે કે અહીં (ઉર્ધ્વલોકમાં) અદ્ધાસમય (કાળ) હોતો નથી. તેથી અહીં કાળ સિવાયના ૬ અરૂપી દ્રવ્યોનું જ કથન થવું જોઇએ. આ કથનનું તાત્પર્ય એ છે કે અધોલોક અને તિર્યગ્લોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાય, આ ત્રણ અસ્તિકાયોના ત્રણ દેશ, ત્રણ પ્રદેશ અને કાળ રૂપ સાત અરૂપી દ્રવ્યોનું અસ્તિત્વ હોય છે. આ પ્રકારના સાત અરૂપી દ્રવ્યોનું પ્રતિપાદન આગળ કરવામાં આવી ચુકયું છે. કારણ કે તે બન્ને ક્ષેત્રમાં સૂર્યના પ્રકાશ દ્વારા અભિવ્યંગ્ય કાળનો સદ્ભાવ હોય છે. અધોલોકમાં સલિલાવતી વિજયની અપેક્ષાએ સૂર્યપ્રકાશ છે એમ સમજવું. પરન્તુ ઉર્ધ્વલોકમાં તો સૂર્યપ્રકાશ દ્વારા અભિવ્યંગ્ય કાળનો સદ્ભાવ જ નથી તેથી ત્યાં ૬ પ્રકારના અરૂપી દ્રવ્યો પ્રકટ કરવામાં આવ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"लोएणं भंते! किं जीवा., ? "હે ભગવન્! શું લોકમાં જીવો છે ખરાં? જીવ દેશો છે ખરાં? જીવ પ્રદેશો છે ખરાં? અજીવો છે ખરાં? અજીવ દેશો છે ખરાં? અજીવ પ્રદેશો છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जहा बितियसए अत्थिकायउद्देसए लोयागासे "

હે ગૌતમ! બીજા શતકના દશમાં અસ્તિકાયોદ્દેશકમાં, લોકાકાશમાં જીવાદિકનું જેવું કથન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં પણ કહેવું જોઇએ. જેમ કે-લોકમાં જીવો પણ છે, જીવદેશો પણ છે અને જીવપ્રદેશો પણ છે. એજ પ્રમાણે ત્યાં અજીવો પણ છે, અજીવદેશો પણ છે અને અજીવપ્રદેશો પણ છે. " नवरं " તે વક્તવ્યતા કરતાં આ વક્તવ્યતામાં એટલો જ તફાવત છે કે ત્યાં પાંચ પ્રકારના જ અરૂપી પ્રતિપાદિત કરવામાં આવેલ છે, આકાશના ભેદોનું ત્યાં પ્રતિપાદન કરવામાં આવ્યું નથી, ત્યારે લોકમાં સાતે પ્રકારના અરૂપીનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તે સાત પ્રકારના અરૂપી નીચે પ્રમાણે છે·

" अरूवी सत्तविहा जाव अहम्मत्थिकायस्स पएसा, नो आगासत्थिकाए–आगासत्थिकायस्सदेसे, आगासत्थिकायस्स पएसा अद्धासमए, सेसं तंचेव "

(૧) ધર્માસ્તિકાય, (૨) ધર્માસ્તિકાયના પ્રદેશો, (૩) અધર્માસ્તિકાય, (૪) અધર્માસ્તિકાયના પ્રદેશો, (૫) નો આકાશાસ્તિકાય આકાશાસ્તિકાય દેશ, (૬) આકાશાસ્તિકાય પ્રદેશ અને (૭) કાળ આ કથનનું તાત્પર્ય એ છે કે ત્યાં લોકાકાશની અપેક્ષાએ પ્રતિપાદન થવું જોઇએ. તેથી લોકાકાશમાં આકાશના ભેદ–આકાશાસ્તિકાયના દેશો અને પ્રદેશો–નું પ્રતિપાદન થયું નથી. પરન્તુ અહીં તો અસ્તિકાયના સમુદાય રૂપ લોકની અપેક્ષાએ પ્રતિપાદન કરવાનું હોવાથી આકાશના ભેદોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. તે કારણે અહીં સાતે પ્રકારના અરૂપીનો સદ્ભાવ બતાવ્યો છે ધર્માસ્તિકાય લોકમાં પરિપૂર્ણરૂપે– વ્યાપક રૂપે રહેલ છે. ધર્માસ્તિકાયનો દેશ (અંશ) તો હોતો નથી, કારણ કે પૂરૂં ધર્માસ્તિકાય જ ત્યાં વર્તમાન હોય છે.

ધર્માસ્તિકાયના પ્રદેશો હોય છે, કારણ કે ધર્માસ્તિકાય પ્રદેશરૂપ હોય છે. અધર્માસ્તિકાય છે અને અધર્માસ્તિકાયના પ્રદેશો છે તથા નો આકાશાસ્તિકાય રૂપ આકાશ દેશ છે, કારણ કે આ જે લોક છે તે આકાશાસ્તિકાયનો એક દેશ છે. આકાશના પ્રદેશો પણ છે, કારણ કે આકાશ પ્રદેશરૂપ હોય છે, અને કાળ પણ છે. બાકીનું સમસ્ત કથન બીજા શતકના દશમા ઉદ્દેશામાં કહ્યા અનુસાર જ સમજવું.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"अलोए णं भंते! किं जीवा, जीवदेसा, जीवपएसा? अजीवा, अजीवदेसा अजीवपएसा?" હે ભગવન્! શું અલોકમાં જીવો છે ખરાં? જીવદેશો છે ખરાં? જીવપ્રદેશો છે ખરાં? અજીવો કે અજીવદેશો છે ખરાં? અજીવપ્રદેશો છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं जहा-अत्थिकायउद्देसए अलोयागासे, तहेव निरवसेसं जाव अणंतभागूणे" હે ગૌતમ! બીજા શતકના દસમાં ઉદ્દેશામાં અલોકાકાશની વક્તવ્યતામાં જે પ્રકારની જીવાદિક સંબંધી વક્તવ્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે અહીં પણ તે વક્તવ્યતાનું સંપૂર્ણ કથન થવું જોઈએ. "તે અલોક અનન્તમાં ભાગે ન્યૂન છે," આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે—

ગૌતમ સ્વામીએ જ્યારે મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછ્યો કે અલોકાકાશમાં શું જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ અને અજીવપ્રદેશ હોય છે ખરાં? ત્યારે મહાવીર પ્રભુએ તેમને એવો જવાબ આપ્યો કે હે ગૌતમ! અલોકમાં જીવો પણ નથી, જીવદેશો પણ નથી, જીવપ્રદેશો પણ નથી, અજીવો પણ નથી, અજીવદેશો પણ નથી અને અજીવપ્રદેશો પણ નથી. પરન્તુ તે અલોકાકાશ પોતે જ સર્વાકાશના અનન્તમાં ભાગે ન્યૂન એક અજીવ દ્રવ્યના દેશરૂપ છે. એટલે કે અલોકાકાશમાં આ દેશના લોકાલોક રૂપ આકાશદ્રવ્યના એક ભાગરૂપે તે હોવાની અપેક્ષા ગ્રહણ કરવી. જોઇએ. અનન્ત સ્વપર્યાય પરપર્યાય રૂપ અગુરુ લઘુકગુણોથી આ અલોકાકાશ યુક્ત છે. "સર્વાકાશના અનન્તમાં ભાગથી આ અલોકાકાશ ન્યૂન છે," આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–સર્વાકાશના અનન્તમાં ભાગરૂપ લોકાકાશ છે, તે લોકાકાશ કરતાં આ અલોકાકાશ ન્યૂન છે એમ સમજવું. અલોકાકાશ કરતાં લોકાકાશ અનન્ત ભાગ રૂપ છે. એવો અનન્તમાં ભાગે ન્યૂન સર્વાકાશ અલોકરૂપ કહ્યો છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"अहेलोगखेत्तलोगस्स णं भंते! एगंमि आगासपएसे किं जीवा, जीवदेसा, जीवप्पएसा, अजीवा, अजीवदेसा, अजीवप्पएसा?" હે ભગવન્! અધોલોક રૂપ ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં શું જીવો હોય છે? જીવદેશો (જીવાંશો) હોય છે? શું જીવપ્રદેશો હોય છે? અથવા શું અજીવો હોય છે? અજીવદેશો હોય છે? અજીવપ્રદેશો હોય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર "गोयमा" હે ગૌતમ! "नो जीवा, जीवदेसा वि, जीवपएसा वि, अजीवा वि, अजीवदेसा वि, अजीवपएसा वि" અધોલોક રૂપ ક્ષેત્રના એક આકાશપ્રદેશમાં જીવો નથી, કારણ કે એક પ્રદેશમાં તેમનો અવગાહ થતો નથી. પરન્તુ તે એક આકાશપ્રદેશમાં જીવદેશો પણ હોય છે અને જીવપ્રદેશો પણ હોય છે; કારણ કે અનેક જીવોના દેશ અને પ્રદેશ તે આકાશપ્રદેશમાં અવગાહિત હોય છે. વળી અધોલોક રૂપ ક્ષેત્રના એક આકાશપ્રદેશમાં અજીવ પણ હોય છે. જો કે ધર્માસ્તિકાય આદિ અજીવ દ્રવ્યોની એક આકાશપ્રદેશમાં અવગાહના થઈ શકતી નથી, પરન્તુ પરમાણુ આદિ દ્રવ્યોની અને કાળદ્રવ્યની તે એક પ્રદેશમાં અવગાહના થઈ શકે છે, તે કારણે એવું કહ્યું છે કે તે એક આકાશપ્રદેશમાં અજીવો પણ હોય છે. વળી તે એક આકાશપ્રદેશમાં અજીવદેશો અને અજીવપ્રદેશોનો સદ્ભાવ હોય છે. બે આદિ અણુવાળા સ્કન્ધદેશોની તેમાં અવગાહના થાય છે, તેથી ત્યાં અજીવદેશ પણ છે અને ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશોની અને પુદ્ગલ દ્રવ્યના પ્રદેશોની અવગાહના થાય છે તેથી ત્યાં અજીવપ્રદેશો પણ છે તે વાત પુરવાર થાય છે. "जे जीवदेसा ते नियमा एगिंदिय देसा १ (१) ત્યાં જે જીવદેશો છે તેઓ નિયમથી જ એકેન્દ્રિય જીવના દેશો હોય છે. "अहवा एगिंदिय देसा य वेइंदियस्स देसे २" (२) અથવા એકેન્દ્રિય જીવોના દેશો અને એક દ્વીન્દ્રિય જીવનો એક દેશ હોય છે. "अहवा एगिंदियदेसाय बेइंदियाणय देसा ३" (૩) અથવા એકેન્દ્રિય જીવોના દેશો અને દ્વીન્દ્રિય જીવોના દેશો હોય છે. "एवं मज्झिल्लविरहिओ जाव अणिंदिएसु जाव अहवा एगिंदियदेसा य अणिंदियाण य देसा य" એજ પ્રમાણે-દસમાં શતકના પહેલા ઉદ્દેશામાં પ્રદર્શિત ત્રિકભંગ રીત અનુસાર "એકેન્દ્રિય જીવોના દેશો અને એક દ્વીન્દ્રિય જીવનો એક દેશ" આ મધ્યમ વિકલ્પ (ભાંગા) થી રહિત પૂર્વોક્ત બે ભાંગા (વિકલ્પો) અનિન્દ્રિયોમાં (સિદ્ધોમાં) પણ સમજવા જોઇએ. આ રીતે છેલ્લો વિકલ્પ આ પ્રમાણે બનશે- "ત્યાં એકેન્દ્રિયોના દેશો (અંશો) અને અનિન્દ્રિયો (સિદ્ધો) ના દેશોનો સદ્ભાવ હોય છે 'यावत्' પદથી દ્વીન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌઇન્દ્રિય અને પંચેન્દ્રિયનો સંગ્રહ કરાયો છે. વચ્ચેના વિકલ્પો આ પ્રમાણે સમજવા અથવા ત્યાં એકેન્દ્રિયોના દેશો અને તેઇન્દ્રિયોના દેશો હોય છે. અથવા એકેન્દ્રિયોના દેશો અને ચતુરિન્દ્રિયોના દેશો હોય છે અથવા એકેન્દ્રિયોના દેશો અને પંચેન્દ્રિયોના દેશો હોય છે. અથવા એકેન્દ્રિયોના દેશો અને અનિન્દ્રિયોના દેશો હોય છે.

"जे जीवपएसा ते नियमा एगिंदियपएसा १" (૧) ત્યાં જે જીવપ્રદેશો હોય છે, તે નિયમથી જ એકેન્દ્રિય જીવના પ્રદેશો હોય છે, "अहवा एगिंदिय पएसाय, बेइंदियस्स पएसा" (૨) અથવા ત્યાં એકેન્દ્રિયના પ્રદેશો છે અને દ્વીન્દ્રિયના પ્રદેશો છે. "अहवा एगिंदियपएसा य, बेइंदियाण य पएसा" (૩) અથવા ત્યાં એકેન્દ્રિયના પ્રદેશો અને દ્વીન્દ્રિયોના પ્રદેશો હોય છે,

"एवं आइल्लविरहिओ जाव पंचिंदिएसु" अथवा એકેન્દ્રિયના પ્રદેશો છે અને દ્વીન્દ્રિય જીવનો પ્રદેશ છે," એવો જે પહેલો વિકલ્પ છે. તે સિવાયના બધ્ધે વિકલ્પો પંચેન્દ્રિયો પર્યન્તમાં સમજવા પહેલા ભાંગાને (વિકલ્પને) છોડી દેવાનું કારણ એ છે કે અહીં પહેલો વિકલ્પ બનતો નથી, કારણ કે એક આકાશપ્રદેશમાં કેવલિસમુદ્‌ઘાતને છોડીને એક જીવના એક પ્રદેશનું અસ્તિત્વ સંભવી શકતું નથી, કારણ કે ત્યાં જીવના અસંખ્યાત પ્રદેશોનું જ અસ્તિત્વ સંભવી શકે છે. અહીં "जाव (य.वत्) પદથી દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોમાં પણ એવું જ કથન ગ્રહણ કરવાનું કહ્યું છે. "अणिंदिएसु तियभंगो" અનિન્દ્રિયોમાં (સિદ્ધોમાં) પૂર્વોક્ત ત્રણ ભાંગા પણ સંભવી શકે છે, તેથી તેમના વિષે તે ત્રણ ભાંગા કહેવા જોઈએ. તે ત્રણ ભાંગા નીચે પ્રમાણે સમજવા

(૧) ત્યાં એકેન્દ્રિયના પ્રદેશો હોય છે અને અનિન્દ્રિય જીવનો પ્રદેશ હોય છે. (૨) એકેન્દ્રિયના પ્રદેશો હોય છે અને એક અનિન્દ્રિય જીવના પ્રદેશો હોય છે. (૩) એકેન્દ્રિયના પ્રદેશો હોય છે અને અનિન્દ્રિય જીવોના પ્રદેશો હોય છે. "जे अजीवा ते दुविहा पण्णत्ता" અધોલોક રૂપ ક્ષેત્રલોકના એક આકાશ પ્રદેશમાં જે અજીવો છે, તે બે પ્રકારના હોય છે. "तंजहा" તે બે પ્રકારો નીચે પ્રમાણે છે. 'रूवी अजीवा य, अरूवी अजीवा य" (૧) રૂપી અજીવ અને (૨) અરૂપી અજીવ. "रूवी तहेव" રૂપી અજીવ સ્કન્ધ, સ્કન્ધના દેશો સ્કન્ધના પ્રદેશો અને પરમાણુ રૂપ હોય છે. "जे अरूवी अजीवा ते पंचविहा पण्णत्ता" તથા જે અરૂપી અજીવ છે તેના પાંચ પ્રકાર કહ્યા છે. "तंजहा" જેવાં કે "नो धम्मत्थिकाए, धम्मत्थिकायस्स देसे१," (૧) નો ધર્માસ્તિકાય રૂપ ધર્માસ્તિકાયનો દેશ (અંશ) એક આકાશ પ્રદેશમાં ધર્માસ્તિકાય પૂરેપૂરૂં રહી શકતું નથી, કારણ કે તે દ્રવ્ય અસંખ્યાત પ્રદેશાવગાહી હોય છે. તેથી ત્યાં ધર્માસ્તિકાયનો દેશ (અંશ) જ સંભવી શકે છે. અહીં એવું સમજવું જોઈએ કે—આકાશના એક પ્રદેશમાં ધર્માસ્તિકાયનો એક જ પ્રદેશ હોય છે, તો પણ અવયવાર્થવાળો હોવાથી દેશ શબ્દનો અર્થ અવયવમાત્રરૂપ વિવક્ષિત થાય છે. તેથી નિરંશ તેનો ત્યાં સદ્‌ભાવ હોવા છતાં પણ અવિવક્ષિત હોવાને કારણે "ત્યાં ધર્માસ્તિકાયનો દેશ હોય છે," આ પ્રકારનું કથન કરવામાં આવ્યું છે.

"धम्मत्थिकायस्स पएसे" (૨) ત્યાં ધર્માસ્તિકાયનો પ્રદેશ તો સ્વાભાવિક રીતે જ હોય છે. "एवं अहम्मत्थिकायस्स वि" (૩) એજ પ્રમાણે ત્યાં અધર્માસ્તિકાયનો દેશ અને (૪) અધર્માસ્તિકાયનો પ્રદેશ હોય છે ત્યાં અધર્માસ્તિકાય પૂરેપૂરૂં હોઈ શકતું નથી, પરન્તુ તેનો દેશ અને પ્રદેશ જ ત્યાં સંભવી શકે છે. એજ વાત સૂત્રકારે "नो अधम्मत्थिकाए, अधम्मत्थिकायस्स देसे, अधम्मत्थिकायस्स पएसे" આ સૂત્રપાઠદ્વારા સમજાવી છે. "अद्धा समए५" (૫) અને આકાશના એક પ્રદેશમાં કાળ હોય છે જ. આ રીતે આ અરૂપી પાંચ પ્રકારના અજીવો અધોલોક રૂપ ક્ષેત્રના એક આકાશપ્રદેશમાં હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तिरियलोयखेत्तलोगस्स णं भंते ! एगंमि आगासपएसे किं जीवा, जीवदेसा, जीवपएसा, अजीवा, अजीवदेसा अजीवपएसा ?" હે ભગવન્ ! તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં શું જીવો હોય છે ખરાં ? અથવા જીવદેશ છે ? કે જીવપ્રદેશ છે ? અજીવો અજીવ દેશ કે અજીવ પ્રદેશ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–एवं जहा अहोलोग खेत्तलोगस्स तहेव " અધોલોક રૂપ ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોકના એક આકશપ્રદેશ વિષે પણ સમજવું. " एवं उड्ढलोगखेत्तलोगस्स वि " એવું જ કથન ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકના એક આકાશપ્રદેશ વિષે પણ સમજવું. પરન્તુ તે કથન કરતાં આ કથનમાં એટલી જ વિશેષતા છે કે " अद्धासमओ नत्थि " ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોકમાં કાળનો સદ્ભાવ હોતો નથી. તેથી ત્યાં ચાર અરૂપી દ્રવ્યોનો જ સદ્ભાવ હોય છે, એમ સમજવું. ધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશ તથા અધર્માસ્તિકાયના દેશ અને પ્રદેશ, આ ચાર અરૂપી અજીવ દ્રવ્યો જ ઉર્ધ્વલોકના એક આકાશ પ્રદેશમાં હોય છે.

" लोगस्स जहा अहेलोगखेतलोगस्स एगंमि आगासपएसे " અધોલોક રૂપ ક્ષેત્રના એક આકાશપ્રદેશ વિષે જેવું કથન પહેલાં કરવામાં આવ્યું છે, એવું જ કથન લોકના એક આકાશ પ્રદેશ વિશે પણ થવું જોઇએ. તેના પ્રશ્નોત્તર નીચે પ્રમાણે સમજવા–" लोकस्य खलु भंते ! एकस्मिन् आकाशप्रदेशे किं जीवा : जीवदेशा : जीवप्रदेशाः सन्ति, किंवा अजीवाः, अजीवदेशाः अजीव प्रदेशा : सन्ति ?" હે ભગવન્ ! લોકના એક આકાશપ્રદેશમાં શું જીવો હોય ખરાં ? જીવદેશો હોય છે ખરાં ? જીવપ્રદેશો હોય છે ખરાં ? અથવા અજીવો હોય છે ખરાં ? અજીવદેશો હોય છે ખરા ? અજીવપ્રદેશો હોય છે ખરાં ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा ! नो जीवाः, जीवादेशा अपि जीवप्रदेशाः अपि, अजीवा अपि, अजीवदेशा अपि, अजीवप्रदेशा अपि सन्ति " હે ગૌતમ ! લોકના એક આકાશ પ્રદેશમાં જીવો નથી, પરન્તુ જીવદેશો પણ છે, જીવપ્રદેશો પણ છે, અજીવો પણ છે, અજીવદેશો પણ છે અને અજીવ-પ્રદેશો પણ છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" अलोगस्स णं भंते ! एगंमि आगासपएसे पुच्छा " હે ભગવન્ ! અલોકના એક આકાશ પ્રદેશમાં શું જીવો છે ? જીવ-દેશો છે ? જીવપ્રદેશો છે ? અજીવો છે ? અજીવદેશો છે ? અજીવપ્રદેશો છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—" गोयमा ! हे ગૌતમ ! " णो जीवा, णो जीवदेसा, तंचेव जाव अणंतेहिं अगुरुलहुयगुणेहिं संजुत्ते सव्वागासस्स अणंत-भागूणे " અલોકાકાશના એક આકાશ પ્રદેશમાં જીવો પણ નથી, જીવદેશો પણ નથી, જીવપ્રદેશો પણ નથી, અજીવો પણ નથી, અજીવદેશો પણ નથી અને અજીવપ્રદેશો પણ નથી. તે અલોકાકાશ તો એક અજીવ દ્રવ્યદેશ રૂપ

છે. અનન્ત અગુરુલઘુક ગુણોથી તે સદા સંયુક્ત રહે છે. સર્વાકાશના અનન્તમાં ભાગથી તે ન્યૂન રૂપ છે.

હવે સૂત્રકાર દ્રવ્યાદિકોની અપેક્ષાએ આ જીવાદિકાનું વર્ણન કરે છે.

"दव्वओ णं अहेलोगखेत्तलोए अणंताइं, जीवदव्वाइं अणंताइं अजीवदव्वाइं, अणंता जीवाजीवदव्वा" દ્રવ્યની અપેક્ષાએ અધોલોક રૂપ ક્ષેત્રલોકમાં અનંત જીવદ્રવ્ય છે, અનંત અજીવ દ્રવ્ય છે અને અનંત જીવાજીવ દ્રવ્ય છે.

"एवं तिरियलोयखेत्तलोए वि" એવું જ કથન તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોક વિષે પણ સમજવું. ત્યાં પણ અનંત જીવ દ્રવ્ય છે, અનંત અજીવ દ્રવ્ય છે અને અનંત જીવાજીવ દ્રવ્ય છે. "एवं उड्ढलोयखेत्तलोए वि" એવું જ કથન ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોક વિષે પણ ગ્રહણ કરવું. "दव्वओ णं अलोए णेवत्थि जीवदव्वा, णेवत्थि अजीवदव्वा, णेवत्थि जीवाजीवदव्वा, एगे अजीवदव्वदेसे. जाव सव्वागास अणंतभागूणे" દ્રવ્યની અપેક્ષાએ અલોકમાં જીવ દ્રવ્ય પણ નથી, અજીવ દ્રવ્ય પણ નથી, જીવાજીવ દ્રવ્ય પણ નથી, પરન્તુ એક અજીવ દ્રવ્ય દેશ ત્યાં હોય છે. તે અલોક અનંત અગુરુક લઘુક ગુણોથી યુક્ત છે અને તે સર્વાકાશના અનંતમાં ભાગે ન્યૂન છે.

"कालओ णं अहेलोयखेत्तलोए न कयाइ नासि जाव निच्चे, एवं जाव अलोगे" કાળની અપેક્ષાએ અધોલોક રૂપ ક્ષેત્ર ભૂતકાળમાં કયારે ય ન હતો એવું નથી, એટલે કે તેનું અસ્તિત્વ હતું જ, વર્તમાનમાં પણ તેનું અસ્તિત્વ છે અને ભવિષ્યમાં પણ રહેશે. તે ધ્રુવ છે, શાશ્વત છે, અવ્યય છે અને નિત્ય છે એજ પ્રમાણે તિર્યગ્લોક રૂપ ક્ષેત્રલોક, ઉર્ધ્વલોક રૂપ ક્ષેત્રલોક, લોક અને અલોક પણ ભૂતકાળમાં હતાં, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ હશે. એવું નથી કે તે ભૂતકાળમાં ન હતાં, વર્તમાનમાં નથી અને ભવિષ્યમાં નહીં હોય, કારણ કે તેઓ પણ ધ્રુવ છે, શાશ્વત છે, અવ્યય છે અને નિત્ય છે.

"भावओ णं अहेलोगखेत्तलोए अणंता वन्नपज्जवा जहा खंदए, जाव अणंता अगुरु य लहुयपज्जवा, एवं जाव लोए" વર્ણની અપેક્ષાએ અધોલોક રૂપ ક્ષેત્રલોકમાં અનંત વર્ણપર્યાયો છે, કારણ કે એક ગુણિત કૃષ્ણવર્ણવાળાં, બે ગુણિત કૃષ્ણવર્ણવાળાં આદિ અનંત ગુણિત કૃષ્ણવર્ણવાળાં પુદ્ગલોનો ત્યા સદ્ભાવ છે. બીજા શતકના સ્કન્દક નામના પહેલા ઉદ્દેશામાં જેવું કથન કરવામાં આવ્યું છે. એવું જ કથન અહીં પણ ગ્રહણ થવું જોઈએ. આ કથન "અનંત રસાદિ પર્યાયો છે, અનંત અગુરુક લઘુક પર્યાયો છે." આ સૂત્રપાઠ પર્યન્ત ગ્રહણ કરવું જોઈએ. એજ પ્રમાણે તિર્યગ્લોક ક્ષેત્રલોકમાં ઉર્ધ્વલોક ક્ષેત્રલોકમાં અને લોકમાં પણ અનંત વર્ણાદિ પર્યાયો છે, એમ સમજવું "भावओ णं अलोए नेवत्थि वण्णपज्जवा, नेवत्थि अगुरु य लहुयपज्जवा, एगे अजीवदव्वदेसे जाव अणंतभागूणे" ભાવની અપેક્ષાએ અલોકમાં વર્ણ પર્યાયો પણ નથી,

ગંધ, રસાદિ પર્યાયો પણ નથી, અને અગુરુ લઘુક પર્યાયો પણ નથી, કારણ કે અગુરુ લઘુક પર્યાય યુક્ત અને દ્રવ્યપુદ્ગલોનો ત્યાં અભાવ છે. કારણ કે અગુરુ લઘુક ગુણોથી યુક્ત તથા સર્વાકાશના અનન્તમાં ભાગથી ન્યૂન એવો તે અલોક એક અજીવ દ્રવ્ય દેશ રૂપ જ છે. ॥ સૂ૦૧ ॥

લોકાલોક કે સ્વરૂપ કા નિરૂપણ

લોક અને અલોકના પરિમાણની વક્તવ્યતા

"लोए णं भंते! के महालए पण्णत्ते" ઈત્યાદિ

ટીકાર્થ—સૂત્રકારે આ સૂત્રમાં લોક અને અલોકના પ્રમાણનું નિરૂપણ કર્યું છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે- "लोएणं भंते! के महालए पण्णत्ते?" હે ભગવન્! લોક કેટલો વિશાળ મોટો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा! अयं णं जंबुद्दीवे दीवे सव्वदीवाणं जाव परिक्खेवेणं" હે ગૌતમ! આ જંબૂદ્વીપ નામનો દ્વીપ-મધ્ય જંબૂદ્વીપ-સમસ્ત દ્વીપો અને સમસ્ત સમુદ્રોની વચ્ચે આવેલો છે અને તે સમસ્ત દ્વીપો અને સમુદ્રોથી નાનો છે. તેનો આકાર તેલથી ભરપુર માલપુવા જેવો છે. અથવા રથના પૈડાની વાટ જેવો તેનો આકાર છે. અથવા કમલની કર્ણિકા જેવી ગોળ હોય છે, એવો તેનો આકાર છે. અથવા તેનો આકાર પૂર્ણિમાના ચન્દ્ર જેવો છે. તેનો વિસ્તાર એક લાખ યોજનનો અને પરિધિ ત્રણ લાખ સોળ હજાર બસો સત્યાવીસ (૩૧૬૨૨૭) યોજન, ત્રણ કોશ, ૧૨૮ ધનુષ અને ૧૩॥ આંગળથી પણ સહેજ વધારે છે. "तेणं कालेणं तेणं समएणं ६ देवा महिड्ढिया जाव महासोक्खा जंबुद्दीवं दीवे मंदरे पव्वए मंदरचूलियं सव्वओ समंता संपरिक्खित्ताणं चिट्ठेज्जा" તે કાળે અને તે સમયે (ઘારો કે અત્યારે જ) કોઇ મહાઋદ્ધિવાળા, મહાદ્યુતિવાળા, મહાયશવાળા, મહાબળવાળા, અને મહાસુખવાળા ૬ દેવો આ જંબૂદ્વીપમાં રહેલા મન્દર પર્વત ઉપર, મન્દરની ચૂલિકા (ટોચ) ને ઘેરીને બધી બાજુએ ઊભા રહી જાય, "अहेणं चत्तारि दिसाकुमारीओ महत्तरियाओ चत्तारि बलिपिंडे गहाय जंबुद्दीवस्स दीवस्स चउसु दिसासु बहियाभिमुहीओ ठिच्चा ते चत्तारि बलिपिंडे जमगसमगं बहियाभिमुहे पक्खिवेज्जा" અને તેની નીચે ચાર મહત્તરિકા દિશાકુમારીઓ ચાર બલિપિંડોને લઈને ચાર દિશાઓમાં (પૂર્વ પશ્ચિમ આદિ દિશાઓમાં) બહારની તરફ મુખ રાખીને ઊભી રહે, અને તે સ્થિતિમાં ઊભી રહીને તેઓ તે ચારે બલિપિંડોને એક સાથે જ બહાર ફેંકે, તો "पभूणं गोयमा! ताओ एगमेगे देवे ते चत्तारि बलिपिंडे धरणितलमसंपत्ते खिप्पामेव पडिसाहरित्तए" હે ગૌતમ! તે ૬ દેવોમાં નો પ્રત્યેક દેવ તે ચાર બલિપિંડોને જમીન ઉપર

આવી પડે તે પહેલાં-વચ્ચેથી જ ઘણી જ ઝડપથી ગ્રહણ કરી શકવાને સમર્થ હોય છે. "तेणं गोयमा ! देवा ताए उक्किट्ठाए जाव देवगईए एगे देवे पुरत्थाभिमुहे पयाए" હે ગૌતમ ! તે દેવોમાંનો કોઈ એક દેવ પોતાની તે ઉત્કૃષ્ટ, ત્વરિત, ચપલ આદિ વિશેષણોવાળી દેવગતિથી પૂર્વદિશા તરફ ચાલવા માંડે, "एवं दाहिणाभिमुहे, एवं पच्चत्थाभिमुहे, एवं उत्तराभिमुहे, एवं उड्ढाभिमुहे, एवं एगे अहोमुहे पयाए" એજ પ્રમાણે બીજો એક દેવ દક્ષિણ દિશા તરફ ચાલવા માંડે, ત્રીજો એક દેવ પશ્ચિમ તરફ ચાલવા માંડે ચોથો એક દેવ ઉત્તર તરફ ચાલવા માંડે પાંચમો એક દેવ ઉર્ધ્વદિશા તરફ ચાલવા માંડે અને છઠ્ઠો એક દેવ અધોદિશા તરફ ચાલવા માંડે, "तेणं कालेणं तेणं समएणं वाससहस्साउए दारए पयाए" બરાબર એજ સમયે કોઈ એક પુરુષને ત્યાં ૧૦૦૦ વર્ષના આયુષ્યવાળો એક બાળક જન્મ પામે, "तएणं तस्स दारगस्स अम्मापियरो पहीणा भवंति" ત્યાર બાદ -તેના આયુકાળ દરમિયાન કોઈ સમયે તે બાળકના માતાપિતા મરી જાય છે, પરન્તુ "णो चेव णं ते देवा लोगंतं संपाउणंति" આટલા લાંબા કાળની સતત મુસાફરી કરવા છતાં પણ તે દેવો લોકના અન્ત સુધી પહોંચી શકતા નથી, "तएणं तस्स दारगस्स आयुए पहीणे भवइ" ત્યાર બાદ તે બાળક એક હજાર વર્ષનું આયુષ્ય પૂરું કરીને કાળધર્મ પામી જાય છે, પરન્તુ "णो चेव णं जाव संपाउणंति" એટલા વર્ષ પર્યન્ત સતત મુસાફરી કરવા છતાં પણ દેવો લોકાન્ત સુધી પહોંચી શકતા નથી, "तएणं तस्स दारगस्स अट्ठिमिंजा पहीणा भवंति" તે બાળકનાં હાડકાં અને મજ્જા પણ નષ્ટ થઈ જાય છે, તો પણ તે દેવો લોકના અન્તને પામી શકતા નથી, "तएणं तस्स दारगस्स आसत्तमे वि कुलवंसे पहीणे भवइ" ત્યાર બાદ તે બાલકની સાત પેઢીઓ પણ નષ્ટ થઈ જાય છે, પરન્તુ સતત મુસાફરી કરતા તે દેવો લોકના અન્ત સુધી પહોંચી શકતા નથી. "तएणं तस्स दारगस्स नामगोए वि पहीणे भवइ, "णो चेवणं ते देवा लोगंतं संपाउणंति" અરે ! તે બાલકના નામ ગોત્રનો પણ નાશ થઈ જાય છે, પરન્તુ આટલા દીર્ઘ કાળ પર્યન્ત મુસાફરી કરવા છતાં પણ તે દેવો લોકના અન્ત સુધી પહોંચી શકતા નથી, એટલો બધો વિશાળ આ લોક છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—"सेसिणं भंते ! देवाणं किं गए बहुए, अगए बहुए ?' હે ભગવન્ ! છએ દિશાઓમાં ગયેલા તે દેવો દ્વારા ઉલ્લંઘિત (પાર કરાયેલું) ક્ષેત્ર વધારે મોટું છે ? કે અનુલ્લંઘિત (પાર કરવાનું જે બાકી છે) તે ક્ષેત્ર વધારે મોટું હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा ! गए बहुए, णो अगए बहुए" હે ગૌતમ ! દેવોએ જેટલું ક્ષેત્ર પાર કર્યું છે-તેક્ષેત્ર અધિક છે અને જે પાર

કરવાનું બાકી છે કે જે ક્ષેત્ર ને પાર કર્યું નથી તે ક્ષેત્ર ઓછું છે. "गयाउसे अगए असंखेज्जभागे, अगयाउसे गए असंखेज्जगुणे" ઉલ્લંઘિત ક્ષેત્ર કરતાં અનુલ્લંઘિત ક્ષેત્ર અસંખ્યાતમાં ભાગ જેટલું છે. અને અનુલ્લંઘિત ક્ષેત્ર કરતાં ઉલ્લંઘિત ક્ષેત્ર અસંખ્યાત ગણું મોટું હોય છે.

શંકા–પૂર્વાદિ પ્રત્યેક દિશામાં લોક અર્ધરાજૂ પ્રમાણ છે અને ઉર્ધ્વદિશામાં તથા અધોદિશામાં તે સાત રાજુપ્રમાણ કરતાં કંઈક ન્યૂનાધિક પ્રમાણ છે. છતાં સમાન ગતિથી ચાલનારા દેવોના અનુલ્લંઘિત ક્ષેત્રને ઉલ્લંઘિત ક્ષેત્રના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ શા માટે કહ્યું છે? અને અનુલ્લંઘિત ક્ષેત્ર કરતાં ઉલ્લંઘિત ક્ષેત્રને અસંખ્યાત ગણું અધિક કેમ કહ્યું છે? ઉત્તર–આ શંકાનું સમાધાન આ પ્રમાણે છે–ઘનચતુરસ્રીકૃત (ચતુષ્કોણાકાર) લોક જ કલ્પિત છે તેથી તે કથનમાં કોઈ દોષ નથી.

શંકા–ઉપર્યુક્ત સ્વરૂપવાળી ગતિ દ્વારા પણ જો તે દેવો અતિ દીર્ઘ કાળ પર્યન્ત મુસાફરી કરવા છતાં પણ લોકાન્ત સુધી પહોંચી શકતા નથી, તો જિનેન્દ્રોના જન્મકલ્યાણકોમાં અચ્યુત દેવલોક જેવાં ઘણાં દૂરના ક્ષેત્રોમાંથી પણ થોડા સમયમાં દેવો કેવી રીતે આવી શકે છે? અચ્યુત દેવલોકથી અહીં સુધી આવવાનું ક્ષેત્ર તો બહુ જ વિશાળ છે અને અવતરણનો સમય ઘણો અલ્પ હોય છે.

ઉત્તર– જિનેન્દ્રોના જન્મકલ્યાણકોમાં દેવોની આવવાની ગતિ તો શિઘ્રતમ (સૌથી ઝડપી) હોય છે, જ્યારે ત્વરિતાદિ વિશેષણોવાળી જે ગતિ છે તે તો તેના પ્રમાણમાં મન્દ હોય છે, એમ સમજવું હવે લોકના પ્રમાણનો ઉપસંહાર કરતા સૂત્રકાર કહે છે કે "लोए णं गोयमा! ए महालए पण्णत्ते" હે ગૌતમ! લોક આટલો બધો મોટો છે એટલે કે તે અતિશય વિશાળ છે. હવે ગૌતમ સ્વામી અલોકના પ્રમાણની અપેક્ષાએ મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે "अलोए णं भंते! के महालए पण्णत्ते?" હે ભગવન્! અલોક કેટલો વિશાળ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! अयं णं समयखेत्ते पणयालीसं जोयणसयसहस्साइं आयामविक्खंभेणं, जहा खंदए जाव परिक्खेवेणं હે ગૌતમ! આ મનુષ્યક્ષેત્રની લંબાઈ અને પહોળાઇ ૪૫ લાખ યોજનની કહી છે. તેનું વર્ણન બીજા શતકના પહેલા ઉદ્દેશામાં સ્કન્દકના પ્રકરણમાં કહ્યા અનુસાર ગ્રહણ કરવું જોઇએ. તેની પરિધિ પર્યન્તનું વર્ણન અહીં ગ્રહણ કરવું જોઇએ.

"तेणं कालेणं तेणं समएणं दस देवा महिड्ढिया तहेव जाव संपरिक्खत्ताणं संचि उजा" તે કાળે અને તે સમયે ૧૦ દેવો જંબૂદ્વીપના મંદર પર્વતની (સુમેરુ પર્વતની) મંદરચૂલિકા (શિખર) ને ઘેરીને ચારે દિશામા

ઊભા રહે, અને "अहेणं अट्ठ दिसाकुमारीओ महत्तरियाओ अट्ठबलिपिंडे गहाय माणुसुत्तरस्स पव्वयस्स चउसु वि दिसासु चउसु वि विदिसासु बहियाभिमुहीओ ठिच्चा अट्ठ बलिपिंडे गहाय माणुसुत्तरस्स पव्वयस्स जमगसमगं बहियाभिमुहीओ पक्खिवेज्जा" નીચે આઠ મહત્તરિકા દિશાકુમારીઓ આઠ બલિપિંડોને લઇને, માનુષોત્તર પર્વતની ચારે દિશાઓમાં (પૂર્વાદિ ચાર દિશાઓમાં) અને ચારે વિદિશાઓમાં (ઈશાન આદિ ચારે ખૂણામાં) બહારની તરફ મુખ કરીને ઊભી રહે, અને તેઓ એક સાથે માનુષોત્તર પર્વતની બહારની તરફ તે આઠ બલિપિંડોને ફેંકે, "पभूणं गोयमा! तओ एगमेगे देवे ते अट्ठ बलिपिंडे धरणितलमसंपत्ते खिप्पामेव पडिसाहरित्तए" તો હે ગૌતમ! તે દસ દેવોમાંનો પ્રત્યેક દેવ પોતાની શીઘ્ર ગતિથી ગમન કરીને તે આઠ બલિપિંડોને જમીન પર પડતાં પહેલાં જ વચ્ચેથી જ-ગ્રહણ કરી લેવાને સમર્થ હોય છે, "तेणं गोयमा! देवा ताए उक्किट्ठाए जाव देवगईए लोगंसि ठिच्चा असब्भावपट्ठवणाए एगे देवे पुरत्थाभिमुहे पयाए, एगे देवे दाहिणपुरत्थाभिमुहे पयाए, एवं जाव उत्तरपुरत्थाभिमुहे पयाए, एगे देवे उड्ढाभिमुहे, एगे देवे अहोभिमुहे पयाए" હે ગૌતમ! તે દેવો પોતાની તે ઉત્કૃષ્ટ (વિલક્ષણ), ત્વરિતા, ચપલા, ચંડા, સિંહા, ઉધ્ધૂતા, જયિની, દિવ્યા વગેરે વિશેષણોવાળી દેવગતિથી ચાલીને ધારો કે (આ કલ્પનાનો જ વિષય છે. સંભવી શકે એવું નહીં હોવાથી ધારવાનું કહ્યું છે) લોકના અન્ત ભાગમાં પહોંચી જાય છે. હવે ત્યાંથી એક દેવ પોતાની એવી જ ગતિથી પૂર્વદિશામાં ચાલવા માંડે, એક દેવ અગ્નિ કોણમાં ચાલવા માંડે, એક દેવ દક્ષિણ દિશામાં ચાલવા માંડે, એક દેવ નૈઋત્ય કોણમાં ચાલવા માંડે, એક પશ્ચિમમાં, એક વાયવ્ય કોણમાં એક ઉત્તરમાં અને એક ઈશાનમાં ચાલવા માંડે, એક દેવ ઉર્ધ્વ દિશામાં ચાલવા માંડે અને એક દેવ અધોદિશામાં ચાલવા માંડે, "तेणं कालेणं तेणं समएणं वाससयसहस्साउए दारए पयाए" હવે બરાબર તે કાળે અને તે સમયે એક લાખ વર્ષના આયુષ્યવાળા કોઈ એક બાળકનો જન્મ થાય છે, "तएणं तस्स दारगस्स अम्मापियरो पहीणा भवंति" ત્યાર બાદ તે બાલકના માતા-પિતાનું અવસાન થઈ જાય છે, આટલા કાળ પર્યન્ત પોતાની શીઘ્ર ગતિથી ગમન કરવા છતાં પણ "णो चेवणं ते देवा अलोयंतं संपाउणंति" તે દેવો અલોકના અન્ત સુધી પહોંચી શકતા નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે એક વર્ષના આયુવાળા તે બાલકના માતાપિતા એક લાખ વર્ષ કરતાં ઓછા સમયમાં મર્યા હશે પરન્તુ એટલા દીર્ઘ કાળ પર્યન્ત નિરન્તર ચાલતાં રહેવા છતાં પણ તેઓ અલોકાન્ત સુધી પહોંચી શકતા નથી. "तंचेव" ત્યાર બાદ એક લાખ વર્ષનું આયુષ્ય ભોગવીને તે બાલક અવસાન પામે છે, એટલા કાળ પર્યન્ત નિરંતર ચાલવા છતાં પણ તે દેવો અલોકના અન્ત સુધી પહોંચી

શકતા નથી, તે બાલકનાં હાડકા અને મજ્જા નષ્ટ થઈ જવા છતાં પણ તે દેવો અલોકાન્ત સુધી પહોંચી શકતા નથી. તે બાલકની સાત પેઢી પણ નષ્ટ થઈ જાય છે. તે સાત પેઢીને નષ્ટ થવામાં જેટલો કાળ લાગે છે એટલા કાળ પર્યન્ત ચાલવા છતાં પણ તે દેવો અલોકાન્ત સુધી પહોંચી શકતા નથી. આટલો વિશાળ અલોક છે, એમ સમજવું

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" तेसिणं देवाणं किं गए बहुए, अगए बहुए ?" હે ભગવન્! દશે દિશાઓમાં ગયેલા તે પ્રત્યેક દેવ દ્વારા જે ક્ષેત્રને ઉલ્લંઘિત કરવામાં આવ્યું છે તે ક્ષેત્ર અધિક હોય છે ? કે અનુલ્લંઘિત ક્ષેત્ર (તેમનાં દ્વારા પાર કરવાનું બાકી છે તે ક્ષેત્ર) અધિક હોય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર-" गोयमा ! હે ગૌતમ ! " नो गए बहुए, अगए बहुए " તેમણે વ્યતિક્રાન્ત (ઉલ્લંઘિત) કરેલું ક્ષેત્ર અધિક હોતું નથી, પરન્તુ અવ્યતિક્રાન્ત (અનુલ્લંઘિત) ક્ષેત્ર અધિક હોય છે, કારણ કે " गयाउसे अगए अणंतगुणे, अगयाउसे गए अणंतभागे " ગત ક્ષેત્ર (ઉલ્લંઘિત ક્ષેત્ર) કરતાં અગત ક્ષેત્ર (અનુલ્લંઘિતક્ષેત્ર) અનંત ગણુ હોય છે અને અગતક્ષેત્ર કરતાં ગતક્ષેત્ર અનંતમાં ભાગ પ્રમાણ હોય છે. અન્તે અલોકના પ્રમાણનો ઉપસંહાર કરતા મહાવીર પ્રભુ કહે છે કે " अलोए णं गोयमा ! ए महालए पण्णत्ते " હે ગૌતમ ! અલોક આટલો બધો વિશાળ કહ્યો છે. ॥ સૂ૦૨ ॥

-લૌકિક પ્રદેશ વક્તવ્યતા-

" लोगस्स णं भंते ! " ઈત્યાદિ

ટીકાર્થ-લોકના સ્વરૂપનું નિરૂપણ ચાલી રહ્યું છે. તેથી સૂત્રકારે અહીં તેના એક પ્રદેશગત જીવપ્રદેશોની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-" लोगस्स णं भंते ! एगंमि आगासपएसे जे एगिंदियपएसा जाव पंचिंदियपएसा, अणिंदियपएसा अन्नमन्नबद्धा अन्नमन्नपुट्ठा जाव अन्नमन्नसमभरघडत्ताए चिट्ठंति ? अत्थिणं भंते ! अन्नमन्नस्स किंचि आबाहं वा वाबाहं वा उप्पाएंति, छविच्छेदं वा करेंति ?) હે ભગવન્! લોકના એક આકાશપ્રદેશમાં એકેન્દ્રિય જીવપ્રદેશો, દ્વીન્દ્રિય જીવપ્રદેશો, ત્રીન્દ્રિય જીવપ્રદેશો, ચતુરિન્દ્રિય જીવપ્રદેશો, પંચેન્દ્રિય જીવપ્રદેશો અને અને અનિન્દ્રિય જીવપ્રદેશો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ, અન્યોન્ય અવગાઢ અને અન્યોન્ય સ્નેહપ્રતિબદ્ધ થઈને સમભર ઘડાની જેમ (સર્વથા જલપૂર્ણ ઘડાના આકારની જેમ) રહે છે, તો શું તેઓ એક બીજાને આબાધા (પીડા), વ્યાબાધા (વિશેષ પીડા) પહોંચાડતા નથી ? શું તેઓ એક બીજાની છવિનો (આકૃતિનો) ભંગ કરતા નથી ?

મહાવીર પ્રભુનો ઉત્તર- " णो इणट्ठे समट्ठे " હે ગૌતમ ! એવું સંભવી શકતું નથી. કહેવાનું તાત્પર્ય એ છે કે પરસ્પર સંબદ્ધ અને સ્પૃષ્ટ રૂપે રહેલા એકેન્દ્રિયાદિ પ્રદેશો એક બીજાને સહેજ પણ આબાધા અથવા વ્યાબાધા ઉપજાવતા નથી, અને તેમની આકૃતિનો ભંગ પણ કરતા નથી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન—" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, लोगस्स णं एगंमि आगासपएसे जे एगिंदिय पएसा जाव चिट्ठंति, णत्थिणं भंते ! अन्नमन्नस्स

किंचि आबाहं वा, जाव करेंति" હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે લોકના એક આકાશપ્રદેશમાં જે એકેન્દ્રિય જીવના પ્રદેશો, દ્વીન્દ્રિય જીવના પ્રદેશો, ત્રીન્દ્રિય જીવના પ્રદેશો, ચતુરિન્દ્રિય જીવના પ્રદેશો, પંચેન્દ્રિય જીવના પ્રદેશો અને અનિન્દ્રિય જીવના પ્રદેશો પરસ્પર બદ્ધ, પરસ્પર સ્પૃષ્ટ, પરસ્પર અવગાઢ અને પરસ્પર સ્નેહપ્રતિબદ્ધ થઈને પરસ્પર સમભર ઘડાની માફક રહે છે, તે જીવપ્રદેશો એક બીજાને સામાન્ય પીડા કે વિશેષ પીડા પહોંચાડતા નથી અને એક બીજાની આકૃતિનો ભંગ પણ કરતા નથી?

મહાવીર પ્રભુનો ઉત્તર—"गोयमा! હે ગૌતમ! "से जहा नामए नट्टिया सिया-सिंगारागारचारुवेसा, जाव कलिया, रंगट्ठाणंसि जणसयाउलंसि, जणसयसहस्साउलंसि बत्तीसइविहस्स नट्टस्स अन्नयरं नट्टविहिं उवदंसेज्जा" ધારો કે કોઈ એક નર્તકી છે. તે શૃંગારના આકાર જેવી છે (અનેક સુંદર આભૂષણાદિને લીધે શૃંગારની જ મૂર્તિ જેવી શોભે છે), તેણે સુંદર વેષ પરિધાન કર્યો છે, જે સંગત, હસિત, ભણિત, સ્થિત, વિલાસમાં અને સંગીતમાં તથા સંલાપમાં નિપુણ છે, એવી ઉપર્યુક્ત ગુણોથી સંપન્ન તે નર્તિકા રંગશાળામાં કે જે ખીચોખીચ ભરાઈ ગઈ છે, ત્યાં આવીને નૃત્ય કરે છે અને ૩૨ પ્રકારની નાટ્યવિધિમાંથી એક નાટ્યવિધિની રજુઆત કરે છે. (से नूणं गोयमा! ते पेच्छगा तं नट्टियं अणिमिसाए दिट्ठीए सव्वओ समंता समभिलोएंति?" તો હે ગૌતમ! તે રંગશાળામાં બેઠેલા તે પ્રેક્ષકો ચારે તરફથી તેની સામે અનિમિષ નજરે જોઈ રહે છે કે નહીં?

ગૌતમ સ્વામીનો ઉત્તર—"हंता! समभिलोएंति" હા, ભગવન્! પ્રેક્ષકો તેની સામે બધી દિશામાંથી અનિમિષ નજરે જોઈ રહે છે.
પતિત દૃષ્ટિઓને કોઈ પણ આબાધા કે વ્યાબાધા પહોંચાડે છે? અથવા તેમની આકૃતિનો વિચ્છેદ કરે છે ખરી?

ગૌતમ સ્વામીનો ઉત્તર-"णो इणट्ठे समट्ठे" ભગવન્! એવું બનતું નથી. ત્યારે મહાવીર પ્રભુ તેમને બીજો એક પ્રશ્ન પૂછે છે-"ताओ वा दिट्ठीओ अन्नमन्नाए किंचि आबाहं वा, वाबाहं वा उप्पाएंति? छविच्छेदं वा करेंति?" હે ગૌતમ! શું તે પ્રેક્ષકોની દૃષ્ટિઓ પરસ્પરમાં એક બીજાની દૃષ્ટિને કોઈ આબાધા કે વ્યાબાધા પહોંચાડે છે ખરી? તેની આકૃતિનું છેદન કરે છે ખરી?

ગૌતમ સ્વામીનો ઉત્તર-"णो इणट्ठे समट्ठे" હે ભગવન્! એ વાત પણ સંભવી શકતી નથી.

હવે ચાલુ વિષયનો ઉપસંહાર કરતા મહાવીર પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે "से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ, तं चेव जाव नो छविच्छेदं वा

પતિત દૃષ્ટિઓને કોઈ પણ આબાધા કે વ્યાબાધા પહોંચાડે છે? અથવા તેમની આકૃતિનો વિચ્છેદ કરે છે ખરી?

ગૌતમ સ્વામીનો ઉત્તર–"णो इणट्ठे समट्ठे" ભગવન્! એવું બનતું નથી. ત્યારે મહાવીર પ્રભુ તેમને બીજો એક પ્રશ્ન પૂછે છે–"ताओ वा दिट्ठीओ अन्नमन्नाए किंचि आबाहं वा, वाबाहं वा उप्पाएंति? छविच्छेदं वा करेंति?" હે ગૌતમ! શું તે પ્રેક્ષકોની દૃષ્ટિઓ પરસ્પરમાં એક બીજાની દૃષ્ટિને કોઈ આબાધા કે વ્યાબાધા પહોંચાડે છે ખરી? તેની આકૃતિનું છેદન કરે છે ખરી?

ગૌતમ સ્વામીનો ઉત્તર–"णो इणट्ठे समट्ठे" હે ભગવન્! એ વાત પણ સંભવી શકતી નથી.

હવે ચાલુ વિષયનો ઉપસંહાર કરતા મહાવીર પ્રભુ ગૌતમ સ્વામીને કહે છે કે "से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ, तं चेव जाव नो छविच्छेदं वा करेंति" હે ગૌતમ! તે કારણે જ મેં એવું કહ્યું છે કે લોકના એક આકાશ પ્રદેશમાં રહેલા એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય જીવના પ્રદેશો અન્યોન્ય બદ્ધ, અન્યોન્ય સ્પૃષ્ટ અને અન્યોન્ય સંસ્પૃષ્ટ થઈને સમભર (પાણીથી ભરેલા) ઘડાની જેમ રહેલા હોવા છતાં પણ, તેઓ એક બીજાને બિલકુલ આબાધા (પીડા) કે વ્યાબાધા (વિશેષ પીડા) ઉપજાવતા નથી અને એક બીજાની આકૃતિનો ભંગ કરતા નથી. ॥ સૂ૦ ૩ ॥

જીવપ્રદેશ વિશેષાધિક કા નિરૂપણ

જીવપ્રદેશ વિશેષાધિક વક્તવ્યતા—

"लोगस्स णं भंते! एगंमि आगासपएसे." ઇત્યાદિ—

ટીકાર્થ–લોકના એક પ્રદેશના સ્વરૂપનું કથન ચાલી રહ્યું છે. તેથી સૂત્રકાર આ સૂત્રદ્વારા એક પ્રદેશમાં રહેલા જીવપ્રદેશોની અલ્પબહુતાનું કથન કરે છે–આ વિષયને અનુલક્ષીને ગૌતમ સ્વામી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે–"लोगस्स णं भंते! एगम्मि आगासपएसे जहन्नपए जीवपएसाणं, उक्कोसपए जीवपएसाणं सव्व जीवाण य कयरे कयरेहिंतो जाव विसेसाहिया वा?" હે ભગવન્! લોકના એક આકાશપ્રદેશમાં જઘન્ય રૂપે વર્તમાન (રહેલા) જીવપ્રદેશો, તથા ઉત્કૃષ્ટ રૂપે રહેલા જીવપ્રદેશો તથા સમસ્ત જીવોમાંથી કોણ કોના કરતાં અલ્પ છે? કયા જીવપ્રદેશાદિક કયા જીવાદિકોથી અધિક છે? કયા જીવપ્રદેશાદિક કયા જીવપ્રદેશાદિકની બરાબર છે? અને કયા જીવપ્રદેશાદિક કયા જીવપ્રદેશાદિક કરતાં વિશેષાધિક છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" गोयमा! " હે ગૌતમ! " सव्वत्थोवा लोगस्स एगम्मि आगासपएसे जहन्नपए जीवपएसा, सव्वजीवा असंखेज्जगुणा, उक्कोसपए जीवपएसा विसेसाहिया "

લોકના એક આકાશપ્રદેશમાં જઘન્ય રૂપે રહેલા જીવપ્રદેશો સૌથી ઓછાં હોય છે, તેના કરતાં જે જીવો છે તે અસંખ્યાત ગણું હોય છે. એક આકાશપ્રશમાં રહેલા જીવો કરતાં એક આકાશપ્રદેશમાં રહેલા ઉત્કૃષ્ટપદી જીવો વિશેષાધિક છે આ સૂત્રનો અર્થ નીચે પ્રમાણે સમજવો.

" તે તેર પ્રદેશોમાં તેર પ્રદેશોવાળા, દસ દિશાઓનો સ્પર્શ કરનારા દસ દિશાઓમાં વ્યાપ્ત થઈને રહેનારા ૧૩ દ્રવ્ય સ્થિત (રહેલા) છે. તેમના પ્રત્યેક આકાશ પ્રદેશમાં ૧૩–૧૩ પ્રદેશ હોય છે. આ રીતે લોકાકાશમાં એક અનન્ત જીવોનો અવગાહ હોવાથી, એક એક પ્રદેશમાં અનંત જીવપ્રદેશ હોય છે. લોકમાં અનંત જીવાત્મક સૂક્ષ્મ નિગોદ જીવ, પૃથ્વ્યાદિક સર્વજીવોના અસંખ્યાતની તુલ્ય છે. તેમના જીવપ્રદેશ એક એક આકાશપ્રદેશમાં અનંત હોય છે. અને જઘન્યપદમાં તેમના જીવપ્રદેશો એક આકાશપ્રદેશમાં સૌથી ઓછાં હોય છે. તે જઘન્યપદી પ્રદેશો કરતા સમસ્ત જીવ અસંખ્યાત ગણું છે. તથા એક આકાશપ્રદેશમાં જેટલાં ઉત્કૃષ્ટપદી જીવપ્રદેશો છે, તેમના કરતાં (સમસ્ત જીવો કરતાં) વિશેષાધિક છે. "

અન્તે મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને ગૌતમ સ્વામી કહે છે કે–' सेवं भंते! सेवं भंते! त्ति " હે ભગવન્! આપની વાત સત્ય છે. હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે, " આ પ્રમાણે કહીને પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને બેસી ગયા ।। સૂ૦ ૪ ।।

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત " ભગવતીસૂત્ર "ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો દશમો ઉદ્દેશક સમાપ્ત ।।૧૧–૧૦।।

અગિયારમા શતકના અગિયારમા ઉદ્દેશાનો પ્રારંભ

૧૧માં શતકના ૧૧માં ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વર્ણન વાણિજ્ય ગ્રામનું વર્ણન-દ્રુતિપલાશક ચૈતન્યનું વર્ણન-કાળના પ્રકાર, પ્રમાણ કાળનું નિરૂપણ-હસ્તિનાપુરનગરનું વર્ણન-બલરાજનું વર્ણન-પ્રભાવતી પટ્ટરાણીનું વર્ણન, વાસગૃહનું નિરૂપણ-શય્યાવર્ણન, મહાસ્વપ્નાવલોકન બાદ પ્રભાવતી જાગે છે તેનું વર્ણન-સિંહવર્ણન, સિંહસ્વપ્ન દર્શન બાદ પ્રભાવતીનું પ્રબુદ્ધ થઈને બલરાજના શયનગૃહ તરફ ગમન, રાજા દ્વારા સ્વપ્નફલપ્રતિપાદન, પ્રભાવતી દ્વારા સ્વપ્નફલનો સ્વીકાર, રાજાનું વ્યાયામશાળામાં અને સ્નાનગૃહમાં ગમન, સ્વપ્નપાઠકોને આમંત્રણ, તેમનું આગમન, સ્વપ્નફલ જાણવા નિમિત્તે તેમને પ્રશ્નો પૂછયા તેનું વર્ણન, ગર્ભસંરક્ષણ, પુત્રજન્મ નિરૂપણ, વર્દ્ધાપન પુત્રજન્મના મહોત્સવનું વર્ણન, પુત્રના નામકરણ સંસ્કારનું વર્ણન, પાંચ ધાયમાતાઓ દ્વારા તેના પરિપાલનનું વર્ણન મહાબલ કુમારને ગુરુ પાસે ભણવા મોકલવાનું વર્ણન, તેના વિવાહનું વર્ણન, પ્રીતિદાન વર્ણન, ધર્મઘોષ અણગારના આગમનનું કથન, મહાબલનું તેમને વંદણા નમસ્કાર કરવા માટે ગમન, ધર્મકથા શ્રવણ કરીને તેને વૈરાગ્ય ઉત્પન્ન થવાનું વર્ણન, દીક્ષાની આજ્ઞા પ્રાપ્તિનું વર્ણન, ષષ્ઠિભક્તાનશન (માસ ખમણ) દ્વારા કાળ કરવાનું કથન, બ્રહ્મલોક દેવલોકમાં ઉત્પત્તિ, ત્યાંથી ચ્યવીને સુદર્શન શેઠ રૂપે ઉત્પન્ન થવાનું કથન, સુદર્શન શેઠને જાતિસ્મરણ જ્ઞાન થવાનું અને ત્યાર બાદ દીક્ષા અંગીકાર કરવાનું કથન. ઇત્યાદિ વિષયનું આ ઉદ્દેશામાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

કાલદ્રવ્ય કે સ્વરૂપ કા નિરૂપણ

કાળદ્રવ્યવક્તવ્યતા

"તેણં કાલેણં તેણં સમએણં" ઇત્યાદિ

ટીકાર્થ-આગળના (દસમાં) ઉદ્દેશામાં લોકની વક્તવ્યતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે હવે લોકવર્તી કાલદ્રવ્યની વક્તવ્યતાથી યુક્ત સુદર્શન ચરિત્રની સૂત્રકાર આ સૂત્રદ્વારા નીચે પ્રમાણે પ્રરૂપણા કરે છે-

"તેણં કાલેણં તેણં સમએણં, વાણિયગ્ગામે નામં નયરે હોત્થા, વણ્ણઓ" તે કાળે અને તે સમયે વાણિજ્યગ્રામ નામે નગર હતું. ઔપપાતિક સૂત્રમાં

ચંપા નગરીનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, તેવું તેનું વર્ણન સમજવું. "दूतिपलासे चेइए, वण्णओ, जाव पुढविसिलापट्टओ" તેમાં દૂતિપલાશ નામે ચૈત્ય ઉદ્યાન હતો. ઔપપાતિક સૂત્રમાં જેવું પૂર્ણભદ્ર ચૈત્યનું વર્ણન કરવામાં આવ્યું છે, એવું તેનું વર્ણન સમજવું. તે દૂતિપલાશ ચૈત્યમાં એક પૃથ્વીશિલાપટ્ટક હતું. " तत्थणं वाणियगामे नयरे सुदंसणे नामं सेट्ठी परिवसइ " તે વાણિજ્ય-ગ્રામ નગરમાં સુદર્શન નામે એક શેઠ રહેતા હતા. " अड्ढे जाव अपरिभूए, समणोवासए अभिगयजीवाजीवे जाव विहरइ " તે ધણો ધનવાન હતો, દીપ્ત હતો, તેજસ્વી હતો, વિપુલ ભવન, શયન, આસન, યાન, વાહન આદિથી સંપન્ન હતો. તે વિપુલ ધન, સૌંદર્ય, રજત, સુવર્ણ આદિથી યુક્ત હતો, તે આયોગ (લાભ માટે વ્યાપાર ઉદ્યોગ કરવો તે) પ્રયોગમાં (કાર્ય પ્રારંભ કરતાં પહેલાં તેના પરિણામનો નિશ્ચય કરવો તે) કુશળ હતો, તેને ત્યાં વિપુલ અનાજ આદિ આદ્ય સામગ્રી, અનેક દાસ દાસી, અનેક ગાય, ભેંસ, ઘેટાં વગેરેનો સમુદાય હતો. તે એટલો પ્રભાવશાળી હતો કે તેનો પરાજય કરવાને કોઈ સમર્થ ન હતું. " यावत् " પદથી ગૃહીત દીપ્ત આદિ વિશેષણોના અર્થ ઉપાસક દશાંગસૂત્રની અગારધર્મ-સંજીવની નામની મારા દ્વારા લખવામાં આવેલી ટીકામાં–આનંદ શ્રાવકના પ્રકરણમાં–આપવામાં આવેલ છે. તો જિજ્ઞાસુ પાઠકોએ તે ત્યાંથી વાંચી લેવા. તે સુદર્શન શેઠ શ્રમણોપાસક હતા–શ્રાવક હતા, તેઓ જીવ અને અજીવ તત્ત્વના જ્ઞાતા હતા. (यावत्) તેઓ પુણ્ય અને પાપના સ્વરૂપને સારી રીતે જાણતા હતા. અહીં ' यावत् (पर्यन्त)' પદથી જે સૂત્રપાઠ ગ્રહણ કરવામાં આવ્યો છે, તે સૂત્રપાઠ તથા તેનો વિસ્તૃત અર્થ ઔપપાતિક સૂત્રના ઉત્તરાર્દ્ધના ૬૩માં સૂત્રની પીયૂષવર્ષિણી ટીકામાં આપવામાં આવેલ છે. તો તે ત્યાંથી વાંચી લેવો.

" सामीसमोसढे जाव परिसा पज्जुवासइ " વાણિજ્યગ્રામ નગરના દૂતિપલાશ ચૈત્યમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. ત્યાંના લોકોનો સમૂહ (પ્રખદા) દૂતિપલાશ ચૈત્યમાં ગયો. તેમણે વંદણા નમસ્કાર પૂર્વક તેમની પર્યુપાસના કરી. " तएणं से सुदंसणे सेट्ठी इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे ण्हाए कय जाव पायच्छित्ते, सव्वालंकारविभूसिए साओ गिहाओ पडिनिक्खमइ " જ્યારે સુદર્શન શેઠને મહાવીર પ્રભુના આગમનના સમાચાર મળ્યા, ત્યારે તેના આનંદ અને સંતોષનો પાર ન રહ્યો. તેનું દિલ આનંદથી નાચી ઉઠયું. તેણે સ્નાન કર્યું, કાગડાદિને માટે અન્નનો ભાગ અલગ ઠરવા રૂપ બલિકર્મ કર્યું, કૌતુક, મંગલ પ્રાયશ્ચિત્ત આદિ વિધિ પતાવી. ત્યાર બાદ સમસ્ત અલંકારોથી વિભૂષિત થઈને તે મહાવીર પ્રભુના દર્શનાર્થે પોતાના ઘરથી નીકળ્યો. " पडिनिक्खमित्ता सकोरेंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं पायविहारचारेणं महया पुरिसवग्गुरा परिक्खित्ते वाणियगामं नयरं मज्झं मज्झेणं निग्गच्छइ " તે વખતે તેના મસ્તક પર કોરંટ પુષ્પોની માલાઓથી યુક્ત છત્ર શોભી રહ્યું હતું. ઘણા મોટા મોટા પુરુષોના સમૂહની સાથે, પગપાળા તે

આગળ વધ્યો, અને વાણિજગ્રામ નગરના મધ્યમાર્ગે થઈને, निग्गच्छित्ता जेणेव दूइपलासए चेइए, जेणेव भगवं महावीरे, तेणेव उवागच्छइ" તે દૂતિપલાશ ચૈત્યમાં આવી પહોંચ્યો, ત્યાર બાદ તે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજતા હતા તે તરફ આગળ વધ્યો. "उवागच्छित्ता समणं भगवं महावीरं पंचविहेणं अभिगमेणं अभिगच्छइ तंजहा" નીચે દર્શાવેલા પાંચ પ્રકારના અભિગમ પૂર્વક તે મહાવીર પ્રભુ પાસે ગયો. "सचित्ताणं दव्वाणं जहा उसभदत्तो जाव तिविहाए पज्जुवासणयाए पज्जुवासइ" સચિત્ત દ્રવ્યોનો પરિત્યાગ આદિ પાંચ અભિગમ નવમાં શતકના ૩૩ માં ઉદ્દેશામાં ઋષભદત્ત બ્રાહ્મણના સંબંધમાં જેવું કથન કરવામાં આવ્યું છે, જેમ કે–યાવત્ અચિત્ત દ્રવ્યોનું–વસ્ત્રાભરણ વિગેરેનો પરિત્યાગન કરવો. ૨ એકશાટિકથી (વગરસિવેલા વસ્ત્રથી) ઉત્તરાસંગ કરવો. ૩ જોઈને જ અંજલી જોડવી. ૪ અને મનનું એકાગ્ર કરવુ. ૫ ત્યાં જઈને સુદર્શન શેઠે મન, વચન અને કાયાથી શ્રમણ ભગવાન મહાવીરની ત્રણ પ્રકારની પર્યુપાસના કરી. "तएणं समणे भगवं महावीरे सुदंसणस्स सेट्ठिस्स तीसे य महइमहालयाए जाव आराहए भवइ" ત્યાર બાદ મહાવીર પ્રભુએ તે સુદર્શન શેઠને તથા તે અતિ વિશાળ જનસમુદાય રૂપ પ્રખદાને ધર્મોપદેશ સંભળાવ્યો. (યાવત્) તે સુદર્શન શેઠ આરાધક (સાચા શ્રાવક) બની ગયા. "जाव आराहए भवइ" આ સૂત્રાંશ દ્વારા સૂત્રકારે એ વાત પ્રકટ કરી છે કે મહાવીર પ્રભુનો ઉપદેશ સાંભળનાર જીવો, શ્રમણોપાસક કે શ્રમણોપાસિકા બનીને પ્રભુની આજ્ઞાના આરાધક બની જતાં હતાં, એજ પ્રમાણે સુદર્શન શેઠ પણ તેમની આજ્ઞાના આરાધક બની ગયા.

"तएणं से सुदंसणे सेट्ठी समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठो उट्ठाए उट्ठेइ" ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરની સમીપે શ્રુતચારિત્ર રૂપ ધર્મનું શ્રવણ કરીને અને તેને સારી રીતે હૃદયમાં ધારણ કરીને સુદર્શન શેઠ અત્યંત હર્ષ અને સંતોષ પામ્યા, અને તેઓ પોતાની ઉત્થાન શક્તિથી ઊભા થયા. "उट्ठाए उट्ठेत्ता समणं भगवं महावीरं तिक्खुत्तो जाव नमंसित्ता एवं वयासी" ઊભા થઇને તેઓ મહાવીર પ્રભુ પાસે ગયા. ત્યાં જઇને તેમણે તેમને ત્રણ વાર વંદણા કરી અને નમસ્કાર કર્યા. વંદણા નમસ્કાર કરીને તેમણે મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછ્યો કે "कइविहे णं भंते ! काले पण्णत्ते ?" હે ભગવન્! કાળ કેટલા પ્રકારનો કહ્યો છે?

મહાવીર પ્રભુનો ઉત્તર– 'सुदंसणा चउव्विहे काले पण्णत्त–तंजहा' હે સુદર્શન! કાળના નીચે પ્રમાણે ચાર પ્રકાર કહ્યાં છે.

"पमाणकाले, अहाउनिव्वत्तिकाले, मरणकाले अद्धाकाले" (૧) પ્રમાણકાળ, (૨) યથાયુર્નિવૃત્તિકાલ, (૩) મરણકાળ અને (૪) અદ્ધાકાળ. જે કાળથી વર્ષશત

આદિ રૂપ પ્રમાણ જાણી શકાય છે, તે કાળને પ્રમાણકાળ કહે છે. અથવા વર્ષાદિના પરિચ્છેદ (વિભાગ) નિર્ણયની પ્રધાનતાવાળા, અથવા વર્ષાદિ રૂપ અર્થવાળો જે કાળ છે, તેને પ્રમાણકાળ કહે છે. તે અદ્ધાકાળના વિશેષ દિવસાદિ રૂપ હોય છે. એજ વાત "દુવિહો" ઇત્યાદિ સૂત્રદ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે.

જે પ્રકારનો આયુનો બન્ધ હોય, એ પ્રકારનો જે અવસ્થિતિ કાળ તેને યથાયુર્નિવૃત્તિકાળ કહે છે. તે નારકાદિ આયુષ્ક રૂપ હોય છે. આયુકર્મના અનુભવનથી યુક્ત અદ્ધાકાળ તો સમસ્ત સંસારી જીવોમાં મૌજૂદ હોય છે. એજ વાત "નેરઇયતિરિય" ઇત્યાદિ સૂત્રમાં પ્રકટ કરી છે.

મરણકાળ–મરણથી યુક્ત જે કાળ છે તેને મરણકાળ કહે છે. તે કાળ અદ્ધાકાળ રૂપ જ છે. અથવા 'મરણ' પોતે જ "કાળ"ની પર્યાય છે. તેથી મરણરૂપ જે કાળ છે તેને મરણકાળ કહે છે.

અદ્ધાકાળ–સમયાદિ વિશેષોનું નામ 'અદ્ધા' છે. તે અદ્ધારૂપ જે કાળ છે તેને અદ્ધાકાળ કહે છે. ચન્દ્ર, સૂર્ય આદિથી ક્રિયા વિશિષ્ટ જે અઢી દ્વીપ અને અઢી સમુદ્રાન્તવર્તી જે સમયાદિક છે, તે પણ અદ્ધાકાળ રૂપ જ છે. એજ વાત "સમયાવલિય" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે, પુદ્ગલપરિવર્ત્તનું નામ પરિવર્ત છે. સૂ૦ ॥ ૧ ॥

प्रमाणकाल का निरूपण

प्रमाणकालवक्तव्यता

टीकार्थ–आनाथी पहेलाना सूत्रमां कालना चार भेद बताववामां आव्या छे. हवे सूत्रकार आ सूत्रमां कालना प्रथम भेद रूप प्रमाणकालनु प्रतिपादन करे छे. आ विषयने अनुलक्षीने सुदर्शन शेठ महावीर प्रभुने एवो प्रश्न पूछे छे के–"से किं तं पमाणकाले?" हे भगवन्! प्रणाम कालनुं केवुं स्वरूप कह्युं छे? एटले के प्रमाणकाळ केटला प्रकारनो कह्यो छे?

મહાવીર પ્રભુનો ઉત્તર–" પમાણકાલે દુવિહે પણ્ણત્તે " હે ગૌતમ ! પ્રમાણકાળ બે પ્રકારનો કહ્યો છે. " તંજહા " તે પ્રકારો આ પ્રમાણે છે–(૧) દિવસપ્રમાણકાળ અને (૨) રાત્રિપ્રમાણકાળ.

હવે સૂત્રકાર પૌરુષી (પહોર) ના પ્રમાણનું નિરૂપણ કરે છે—

" **उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ** " ચાર મુહૂર્ત અને પાંચમું અર્ધું મુહૂર્ત મળીને અર્દ્ધ પંચમમુહૂર્ત થાય છે. એવાં અર્દ્ધપંચમ મુહૂર્ત (૪॥ મુહૂર્ત) ની પૌરુષી (પહોર) ને અર્ધપંચમમુહૂર્તા પૌરુષી કહે છે. અઢાર મુહૂર્તવાળા દિવસનો અથવા ૧૮ મુહૂર્તવાળી રાત્રિનો જે નવ ઘડીરૂપ ચોથો ભાગ છે તે ૪॥ મુહૂર્તપ્રમાણ હોય છે. આ રીતે દિવસ અથવા રાત્રિના એક પહોરની ઉત્કૃષ્ટ લંબાઈ કાળની અપેક્ષાએ ૪॥ મુહૂર્તની હોય છે. તથા દિવસ અને રાત્રિના એક પહોરની કાળની અપેક્ષાએ ઓછામાં ઓછી લંબાઇ ૩ મુહૂર્તની હોય છે. ૧૨ મુહૂર્તવાળા દિવસનો અથવા ૧૨ મુહૂર્તવાળી રાત્રિનો જે ચોથો ભાગ (પહોર) હોય છે, તે ત્રણ મુહૂર્તપ્રમાણ હોય છે. તેથી જઘન્ય (ટૂંકામાં ટુંકો) પહોર ત્રણ મુહૂર્તનો થાય છે. બે ઘડીનું એક મુહૂર્ત થાય છે. આ રીતે ત્રણ મુહૂર્તની ૬ છ ઘડિ થાય છે. તેથી જઘન્ય પહોરનું પ્રમાણ ત્રણ મુહૂર્તનું અથવા ૬ ઘડીનું સમજવું. આ દિનરાતના જઘન્ય પૌરુષી (પહોર) નું પ્રમાણ સમજવું આ સમસ્ત કથનનું તાત્પર્ય એ છે કે અધિકમાં અધિક ૪॥ મુહૂર્તનો અને ઓછામાં ઓછા ૩ મુહૂર્તનો એક પહોર થાય છે.

સુદર્શન શેઠનો પ્રશ્ન–" **जयाणं भंते ! उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पारिसी भवइ** " હે ભગવન્ ! જ્યારે દિવસ અથવા રાત્રિનો પ્રત્યેક પહોર અધિકમાં અધિક ૪॥ મુહૂર્તનો (૯ ઘડીનો અથવા ૨૧૬ મિનિટનો) થાય છે, " **तयाणं कइभागमुहुत्तभागेणं परिहायमाणी परिहायमाणी जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ ?** " ત્યારે તે દિવસ અને રાત્રિના પહોરમાં દરરોજ મુહૂર્તનો કેટલામો ભાગ ઘટતાં ઘટતાં ત્રણ મુહૂર્તના જઘન્ય પ્રમાણવાળો પહોર થઈ જાય છે ? તથા " **जया णं जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ, तयाणं कइभागमुहुत्तभागेणं परिवड्ढमाणी परिवड्ढमाणी उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पारिसी भवइ ?** " જ્યારે દિવસ અને રાત્રનો પહોર જઘન્યની અપેક્ષાએ ત્રણ મુહૂર્તનો (૬ ઘડી અથવા ૧૪૪ મિનિટનો) થાય છે, ત્યારે તે દિવસ અને રાત્રિના પહોરમાં દરરોજ મુહૂર્તના કેટલામાં ભાગનો વધારો થતાં થતાં ૪॥ મુહૂર્તનો ઉત્કૃષ્ટ પ્રમાણવાળો પહોર થઈ જાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सुदंसणा ! जयाणं उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ, तयाणं बावीससयभागमुहुतभागेणं परिहायमाणी परिहायमाणी जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ " હે સુદર્શન શેઠ ! જ્યારે દિવસ અને રાત્રિનો પ્રત્યેક પહોર અધિકમાં અધિક ૪॥ સાડાચાર મુહૂર્તનો થાય છે–૯ ઘડીનો અથવા ૨૧૬ મિનિટનો અથવા ૩ કલાક ૩૬ મિનિટનો થાય છે, ત્યારે દરરોજ મુહૂર્તના ૧૨૨ માં ભાગપ્રમાણ ઘટાડો થતાં થતાં દિવસ અને રાત્રિના પ્રત્યેક પહોરની લંબાઇ ઓછામાં ઓછા ૩ મુહૂર્તની થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે લાંબામાં લાંબા ૨૧૬ મિનિટના પહોરમાં દરરોજ $\frac{૧}{૧૨૨}$ મુહૂર્તનો ($\frac{૧}{૫}$ ઘડીને અથવા $\frac{૨૪}{૫}$ મિનિટનો) ઘટાડો થતાં થતાં નાનામાં નાનો ૩ મુહૂર્તનો (૧૪૪ મિનિટનો) પહોર થઈ જાય છે.

લાંબામાં લાંબો પહોર ૪॥ મુહૂર્તનો અને ટૂંકામાં ટૂંકો પહોર ૩ મુહૂર્તનો થતો હોવાથી, તે બન્ને વચ્ચે ૧॥ મુહૂર્તનો તફાવત પડે છે.

દરરોજ $\frac{૧}{૧૨૨}$ મુહૂર્ત ઘટતાં ઘટતાં ૧૮૩ દિવસમાં કુલ ($\frac{૧}{૧૨૨} \times ૧૮૩ = \frac{૩}{૨}$) ૧॥ મુહૂર્તનો ઘટાડો થઈ જાય છે, ત્યાર બાદ દરરોજ $\frac{૧}{૧૨૨}$ મુહૂર્ત પ્રમાણ વધતાં વધતાં ૧૮૩ દિવસમાં ૧॥ મુહૂર્તનો વધારો થઈને લાંબામાં લાંબો ૪॥ મુહૂર્તનો પહોર બની જાય છે. ૧૮૩ દિવસમાં ૧॥ મુહૂર્ત પ્રમાણ પહોરની લંબાઈ વધે ઘટે છે. તેથી દરરોજ $\frac{૧}{૧૨૨}$ મુહૂર્ત પ્રમાણ વધ-ઘટ થાય છે, એવો હિસાબ મળી રહે છે તેથી જ " द्वाविंशति अधिक शतभागहूर्तभागेन " આ પ્રમાણે કહ્યું છે. એજ પ્રમાણે " जयाणं जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ, तयाणं बावीससयभागमुहूत्तभागेणं परिवड्ढमाणी २ उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ " જ્યારે દિવસ અને રાત્રિનો પ્રત્યેક પહોર જઘન્યની અપેક્ષાએ ૩ મુહૂર્તનો થાય છે, ત્યારે તેમાં મુહૂર્તના ૧૨૨માં ભાગપ્રમાણ વધારો થતાં થતાં દિવસ અને રાત્રિનો પહોર અધિકમાં અધિક ૪॥ મુહૂર્તપ્રમાણ થઈ જાય છે

સુદર્શન શેઠનો પ્રશ્ન–" कयाणं भंते ! उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ ? " હે ભગવાન્ ! દિવસ અને રાત્રિનો પહોર અધિકમાં અધિક ૪॥ મુહૂર્તનો કયારે થાય છે ? " कया वा जहन्निया तिमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ ? " તથા દિવસ અને રાત્રિનો પહોર ટૂંકામાં ટૂંકો ૩ મુહૂર્તનો કયારે થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सुदंसणा ! जयाणं उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहन्निया दुवालसमुहुत्ता राई भवइ तयाणं उक्कोसिया अद्धपंचममुहुत्ता दिवसस्स पोरिसी भवइ, जहन्निया तिमुहुत्ता राईए पोरिसी भवइ " હે ગૌતમ ! જ્યારે લાંબામાં લાંબો ૧૮ મુહૂર્તનો દિવસ અને ટૂંકામાં ટૂંકી ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે, ત્યારે દિવસનો પહોર અધિકસાં અધિક ૪॥ મુહૂર્તનો થાય છે અને રાત્રિનો પહોર ઓછામાં ઓછા ૩ ત્રણ મુહૂર્તનો થાય છે. તથા " जयाणं उक्कोसिया अट्ठारसमुहुत्तिया राई भवइ, जहन्निया दुवालस-

मुहुत्ते दिवसे भवइ, तयाणं उक्कोसिया अद्धपंचममुहुत्ता राईए पोरिसी भवइ, जहन्निया तिमुहुत्ता दिवसस्स पोरिसी भवइ" જ્યારે લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટુંકમાં ટુંકો ૧૨ મુહૂર્તનો દિવસ થાય છે, ત્યારે રાત્રિનો પહોર અધિકમાં અધિક ૪॥ મુહૂર્તનો થાય છે અને દિવસનો પહોર ઓછામાં ઓછા ત્રણ મુહૂર્તનો થાય છે.

સુદર્શન શેઠનો પ્રશ્ન–" कयाणं भंते ! उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहन्निया दुवालसमुहुत्ता राई भवइ ?" હે ભગવન્! લાંબામાં લાંબો જે ૧૮ મુહૂર્તનો દિવસ છે તે કયારે (કઈ તિથિએ) થાય છે? ટુંકામાં ટુંકી ૧૨ મુહૂર્તની રાત્રિ કયારે થાય છે? " कया वा उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहन्निए दुवालसमुहुत्ते दिवसे भवइ ?" તથા લાંબામાં લાંબી ૧૮ અઢાર મુહૂર્તની રાત્રિ અને ટુંકામાં ટુંકો ૧૨ બાર મુહૂર્તનો દિવસ કયારે થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"सुदंसणा ! आसाढपुन्निमाए उक्कोसए अट्ठारसमुहुत्ते दिवसे भवइ, जहन्निया दुवालसमुहुत्ता राई भवइ " હે સુદર્શન! અષાઢ માસની પૂર્ણિમાએ વધારેમાં વધારે ૧૮ મુહૂર્તનો દિવસ અને ઓછામાં ઓછા ૧૨ મુહૂર્તની રાત્રિ થાય છે. "અષાઢ માસની પૂર્ણિમાએ" એવું જે કથન કરવામાં આવ્યું છે તે પાંચ વર્ષના યુગના અન્તિમ વર્ષની અપેક્ષાએ કરવામાં આવ્યું છે, કારણ કે એજ અષાઢી પૂર્ણિમાએ ૧૮ મુહૂર્તનો દિવસ હોય છે. ત્યારે ૪॥ મુહૂર્તનો એક પહોર થાય છે. તથા વર્ષમાં જ્યારે કર્કસંક્રાન્તિ થાય છે, ત્યારે જ આ મુહૂર્તનો પહોર થાય છે એમ સમજવું. એજ પ્રમાણે " पोसस्स पुन्निमाए णं उक्कोसिया अट्ठारसमुहुत्ता राई भवइ, जहन्निया दुवालसमुहुत्ते दिवसे भवइ" પોષ માસની પૂર્ણિમાએ લાંબામાં લાંબી ૧૮ મુહૂર્તની રાત્રિ અને ટુંકામાં ટુંકો ૧૨ મુહૂર્તનો દિવસ થાય છે. આ કથન પણ પાંચ વર્ષના યુગના અન્તિમ વર્ષની અપેક્ષાએ થયું છે, એમ સમજવું.

આ રીતે રાત્રિ અને દિવસની વિષમતાનું કથક કરીને હવે સૂત્રકાર તેમની સમતાનું કથન કરે છે–

સુદર્શન શેઠનો પ્રશ્ન–"अत्थिणं भंते ! दिवसा य राईओ य समाचेव भवंति?" હે ભગવન્! રાત્રિ અને દિવસ કદી સરખાં થાય છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર-' हंता, अत्थि " હા સુદર્શન ! દિવસ અને રાત્રિ સરખાં પણ થાય છે ખરાં.

સુદર્શન શેઠનો પ્રશ્ન–" कयाणं भंते ! दिवसा य राईओय समाचेव भवंति ? " હે ભગવન્! દિવસ અને રાત્રિ કયારે સરખાં થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सुदंसणा ! चित्तासोयपुन्निमासु णं एत्थणं दिवसा य राईओ य समाचेव भवंति " હે સુદર્શન! ચૈત્ર અને આસો માસની

પૂર્ણિમાએ દિવસ અને રાત્રિ સરખાં હોય છે. અહીં એવું જે કહેવામાં આવ્યું છે કે "ચૈત્ર અને આસો માસની પૂર્ણિમાએ દિવસ અને રાત્રિ સરખાં હોય છે," આ કથન વ્યવહારનયની અપેક્ષાએ કરવામાં આવ્યું છે, એમ સમજવું. નિશ્ચયનયની અપેક્ષાએ તો કર્ક સંક્રાતિ ને મકરસંક્રાતિ બાદ જે ૯૨મો દિવસ રાત થાય છે, તે દિવસ અને રાત્રિ સરખાં થાય છે, એમ સમજવું. ત્યારે ૧૫ મુહૂર્તનો દિવસ અને ૧૫ મુહૂર્તની રાત્રિ થાય છે, અને દિવસ અને રાત્રિનો પ્રત્યેક પહોર ૩॥ પોણાચાર મુહૂર્તનો થાય છે, કારણ કે દિવસ અથવા રાત્રિના ચોથા ભાગ જેટલો એક પહોર હોય છે. તેથી જ સૂત્રકારે કહ્યું છે કે-" पन्नरसमुहुत्ते दिवसे पन्नरसमुहुत्ता राई भवइ, चउभाग-मुहुत्तभागूणा चउमुहुत्ता दिवसस्स वा राईए वा पोरिसी भवइ " કહેવાનું તાત્પર્ય એ છે કે ચૈત્ર અને આસો માસની પૂર્ણિમાએ દિવસ અને રાત્રિના પહોરનું પ્રમાણ ૩॥ પોણાચાર મુહૂર્ત અથવા ૭॥ ઘડીનું અથવા ૩ કલાકનું હોય છે ॥સૂ૦૨॥

યથાયુર્નિવૃત્તિકાલ આદિ કા નિરૂપણ

યથાયુર્નિવૃત્તિકાળની વક્તવ્યતા-

से किं तं अहाउनिव्वत्तिकाले" ઇત્યાદિ-

ટીકાર્થ-સૂત્રકારે આ સૂત્રદ્વારા યથાયુર્નિવૃત્તિકાળ આદિ કાળોની પ્રરૂપણા કરી છે. આ વિષયને અનુલક્ષીને સુદર્શન શેઠ મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-'से किं तं अहाउनिव्वत्तिकाले" હે ભગવન્ કાળના બીજા ભેદરૂપ યથાયુર્નિવૃત્તિકાળનું કેવું સ્વરૂપ કહ્યું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર—"अहाउनिव्वत्तिकाले जं णं जेणं नेरइएण वा, तिरिक्खजोणिएण वा मणुस्सेण वा, देवेण वा, अहाउयं निव्वत्तियं से तं पालेमाणे अहाउनिव्वत्तिकाले " હે સુદર્શન! જે કોઈ નારકે અથવા તિર્યંચયોનિક જીવે, અથવા મનુષ્યે અથવા દેવે જે પ્રકારના જે આયુષ્યનો અન્તર્મુહૂર્તાદિ રૂપે બંધ કર્યો હોય, તેને તે પ્રકારે ભોગવવું તેનું નામ યથાયુર્નિવૃત્તિકાળ છે.

હવે સુદર્શન શેઠ મરણકાળ વિષે પ્રશ્ન પૂછે છે-" से किं तं मरणकाले?" હે ભગવન્! કાળના ત્રીજા ભેદરૂપ મરણકાળનું સ્વરૂપ કેવું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-" मरणकाले, जीवो वा सरीराओ विउज्जइ, सरीरं वा जीवाओ, से त्तं मरणकाले" જે કાળે જીવનો શરીરથી વિયોગ થાય છે, અથવા શરીરનો જીવથી વિયોગ થાય છે, તે કાળને મરણકાળ કહે છે.

સુદર્શન શેઠનો પ્રશ્ન-" से किं तं अद्धाकाले " હે ભગવન્! કાળના ચોથા ભેદ રૂપ અદ્ધાકાળનું સ્વરૂપ કેવું છે?

અથવા મનુષ્યે અથવા દેવે જે પ્રકારના જે આયુષ્યનો અન્તર્મુહૂર્તાદિ રૂપે બંધ કર્યો હોય, તેને તે પ્રકારે ભોગવવું તેનું નામ યથાયુર્નિર્વૃત્તિકાળ છે.

હવે સુદર્શન શેઠ મરણકાળ વિષે પ્રશ્ન પૂછે છે–" से किं तं मरणकाले?" હે ભગવન્! કાળના ત્રીજા ભેદરૂપ મરણકાળનું સ્વરૂપ કેવું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" मरणकाले, जीवो वा सरीराओ विउज्जइ, सरीरं वा जीवाओ, से त्तं मरणकाले" જે કાળે જીવનો શરીરથી વિયોગ થાય છે, અથવા શરીરનો જીવથી વિયોગ થાય છે, તે કાળને મરણકાળ કહે છે.

સુદર્શન શેઠનો પ્રશ્ન–" से किं तं अद्धाकाले " હે ભગવન્! કાળના ચોથા ભેદ રૂપ અદ્ધાકાળનું સ્વરૂપ કેવું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" अद्धाकाले अणेगविहे पण्णत्ते, सेणं समयट्ठयाए, आवलियट्ठयाए, जाव उस्सप्पिणीट्ठयाए " હે સુદર્શન! અદ્ધાકાળ અનેક પ્રકારનો કહ્યો છે. જેમ કે સમયાર્થતા, આવલિકાર્થતા આદિથી લઈને ઉત્સર્પિણી રૂપ અર્થતા પર્યન્તના અદ્ધાકાળના અનેક ભેદ કહ્યા છે.

જે કાળનો અર્થ સમય હોય, તેને સમયાર્થ કહે છે. તેનો જે ભાગ તેને સમયાર્થતા કહે છે. આવલિકારૂપ અર્થના ભાવને આવલિકાર્થતા કહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સમય, આવલિકા, સ્તોક, લવ આદિથી લઈને ઉત્સર્પિણી પર્યન્તના તેના (અદ્ધાકાળના) અનેક ભેદ કહ્યા છે.

" एस णं सुदंसणा! अद्धाद्दोहारच्छेदेणं छिज्जमाणी जाए विभागं नो हव्वमागच्छइ से त्तं समए " જે છેદનમાં બે ભાગ થાય છે તે છેદનને દ્વિહાર છેદન કહે છે. જે કાળનું એવું દ્વિહાર છેદન ન થઈ શકે એવા કાળના નાનામાં નાના વિભાગને સમય કહે છે. એટલે કે કાળનો જે અવિભાગી અંશ છે તેને સમય કહે છે. " समयट्ठयाए असंखेज्जाणं समयाणं समुदयसमिइसमागमेणं सा एगा आवलियत्ति पवुच्चइ " અસંખ્યાત સમયો ભેગા મળીને એક આવલિકા બને છે. આ રીતે આવલિકા પ્રમાણકાળ અસંખ્યાત સમયોના સમૂહરૂપ હોય છે.

" संखेज्जाओ आवलियाओ जहा सालिउद्देसए जाव सागरोवमस्स उ एगस्स भवे परिमाणं" તથા સંખ્યાત આવલિકાઓનો એક ઉચ્છ્વાસકાળ થાય છે, ઇત્યાદિ સમસ્ત કથન છઠ્ઠા શતકમાં પાંચમાં ઉદ્દેશામાં-શાલિઉદ્દેશામાં-કહ્યા અનુસાર સમજવું. તે કથન " एएसिं पल्लाणं " આ ગાથાના " तं सागरोवमस्स उ एगस्सभवे परिमाणं" આ અન્તિમ પદ પર્યન્ત ત્યાં આપવામાં આવેલ છે. તો તે સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ.

સુદર્શન શેઠનો પ્રશ્ન–" एएहिं णं भंते ! पलिओवमसागरोवमेहिं किं पयोयणं ?" હે ભગવન્! આ પલ્યોપમ અને સાગરોપમ કાળથી કયા પ્રયોજનની સિદ્ધિ થાય છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" सुदंसणा ! एएहिं पलिओवमसागरोवमेहिं नेरइयतिरिक्खजोणियमणुस्सदेवाणं आउयाइं मविज्जंति " હે સુદર્શન ! આ પલ્યોપમ અને સાગરોપમપ્રમાણ કાળની મદદથી નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવોના આયુષ્ક કર્મ જાણી શકાય છે. ।૩।।

નારકાદિ જીવોની સ્થિતિની વક્તવ્યતા–

" नेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता " ઇત્યાદિ—

ટીકાર્થ–ત્રીજા સૂત્રમાં એવું કહેવામાં આવ્યું છે કે " પલ્યોપમ અને સાગરોપમની મદદથી નારકાદિની સ્થિતિનું–તેમના આયુકર્મનું માપ નીકળે છે," આ સંબંધને અનુલક્ષીને અહીં સુદર્શન શેઠ તેમના આયુષ્યનું માપ જાણવા માટે પ્રશ્ન પૂછે છે કે–" नेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ?" હે ભગવન્! નારકોની સ્થિતિ (નરકોમાં રહેવાનો કાળ) કેટલા કાળની કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" एवं ठिईपदं निरवसेसं भाणियव्वं, जाव अजहन्नमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता " હે સુદર્શન ! આ પ્રજ્ઞાપના સૂત્રનું સ્થિતિપદ નામનું ચોથું પદ અહીં સંપૂર્ણ રૂપ કહેવું જોઇએ. " પર્યાપ્ત સર્વાર્થસિદ્ધિક દેવોની અજઘન્ય જઘન્ય એ સૂત્રનું કથન અહીં ગ્રહણ કરવું જોઇએ ।।૪।।

સુદર્શન ચરિત્ર કા નિરૂપણ

સુદર્શન ચરિત્ર–

" अत्थि णं भंते ! एएसिं पलिओवमसागरोवमाणं " ઇત્યાદિ–

ટીકાર્થ–ચોથા સૂત્રમાં સૂત્રકારે પલ્યોપમ અને સાગરોપમની પ્રરૂપણા કરી છે. તેમાં કાળની અતિ પ્રચુરતાનું કથન સાંભળીને સુદર્શન શેઠે એવું

માન્યું કે તેમનો ક્ષય જ નહીં થતો હોય, તેથી આ વાતનો ખુલાસો કરાવવા માટે તેમણે મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો–"अत्थिणं भंते! एएसिं पलिओवमसागरोवमाणं खएति वा, अवचएत्ति वा?" હે ભગવન્! આ પલ્યોપમ અને સાગરોપમ કાળોનો શું કદી ક્ષય (સર્વનાશ) થાય છે ખરો? અથવા શું તેમનો દેશતઃ (અંશતઃ) નાશ થાય છે ખરો?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता अत्थि" હા સુદર્શન! આ કાળનો સર્વથા નાશ પણ થાય છે અને અંશતઃ નાશ પણ થાય છે.

આ કાળનો ક્ષય અને અપચય થવાની વાત સાંભળીને, સુદર્શન શેઠે ફરી આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, अत्थिणं एएसिं णं पलिओवम सागरोवमाणं जाव अवचए त्ति वा?" હે ભગવન્! આપ શા કારણે એવું કહો છો કે આ પલ્યોપમ અને સાગરોપમ કાળનો ક્ષય અને અપચય થાય છે?

આ પ્રશ્નના ઉત્તરનું પ્રતિપાદન કરવા નિમિત્તે સૂત્રકાર અહીં એજ સુદર્શન શેઠના ચરિત્રનું નિરૂપણ કરે છે–"एवं खलु सुदंसणा! तेणं कालेणं, तेणं समएणं हत्थिणापुरे नामं नयरे होत्था वण्णओ" હે સુદર્શન! તે કાળે અને તે સમયે હસ્તિનાપુર નામે નગર હતું. ઔપપાતિક સૂત્રમાં જેવું ચંપા નગરીનું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ હસ્તિનાપુરનું વર્ણન સમજવું.

"सहसंबवणे उज्जाणे" તે હસ્તિનાપુર નગરમાં સહસ્રામ્રવન નામનો ઉદ્યાન હતો. "वण्णओ" તેનું વર્ણન પૂર્ણભદ્ર ચૈત્યના વર્ણન પ્રમાણે સમજવું. "तत्थ णं हत्थिणापुरे नयरे बले नाम राया होत्था" તે હસ્તિનાપુર નગરમાં બલ નામનો રાજા હતો. ઔપપાતિક સૂત્રમાં જેવું કૂણિક રાજાનું વર્ણન કરવામાં આવ્યું છે, એવું અહીં બલ રાજાનું વર્ણન સમજવું. "तस्स णं बलस्स रण्णो पभावई नामं देवी होत्था" તે બલરાજાને પ્રભાવતી નામની પટ્ટરાણી હતી. "सुकुमालपाणिपाया, वण्णओ" તેના હાથ અને પગ અતિશય સુકુમાર (કોમળ) હતાં. ઔપપાતિક સૂત્રમાં કૂણિક રાજાની રાણી ધારિણીનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું તેનું વર્ણન પણ સમજી લેવું. "अहीणपडिपूर्णपञ्चेन्द्रियशरीरा" તેનાં બધાં અંગો પ્રતિપૂર્ણ–ન્યૂનાધિક રહિત હતાં અને તે પાંચે ઇન્દ્રિયોથી પ્રતિપૂર્ણ હતી. प्रत्यनुभवन्ती विहरति" પાંચે ઇન્દ્રિયોનાં સુખોનો અનુભવ કરતી હતી. આ અન્તિમ સૂત્રપાઠ પર્યન્તનું સમસ્ત વર્ણન અહીં ગ્રહણ કરવું જોઇએ.

"तएणं सा पभावई देवी अन्नया कयाइं, तंसि तारिसगंसि वासघरंसि अब्भिंतरओ सचित्तकम्मे, बाहिरओ दूमियघट्ठमट्ठे" એક વખત એવું બન્યું કે પ્રભાવતી રાણી પુણ્યશાલીઓના નિવાસને યોગ્ય એવાં પોતાના શયનગૃહમાં શયન કરી રહી હતી. તે શયનગૃહનો અંદરનો ભાગ વિવિધ પ્રકારનાં ચિત્રોથી સુસજ્જિત હતો, તથા બહારનો ભાગ ચૂનાથી ધોળેલો હતો તથા મસાલાના પથ્થરથી ઘસી ઘસીને મુલાયમ ને ચમકદાર કરવામાં આવેલો હતો. "विचित्त उल्लोय

चिल्लियतले" તેની ઉપરનો ભાગ (છત) વિવિધ પ્રકારનાં ચિત્રોથી સુશોભિત કરવામાં આવ્યો હતો અને ભોંયતળિયાનો ભાગ ચકચકિત બનાવવામાં આવ્યો હતો. "मणिरयणपणासियंधयारे" તે શયનગૃહમાં જડેલાં મણિ અને રત્નો વડે ત્યાનો અંધકાર નષ્ટ થઈ ગયો હતો. 'बहुसमसुविभत्त देसभाए" તેનો પ્રત્યેક ભાગ સમતલ અને સુંદર રીતે વિભકત થયેલો હતો. "पंचवन्नसरससुरभिमुक्कपुप्फपुंजोवयारकलिए" તેમાં જે પુષ્પો ગોઠવેલાં હતાં, તે પાંચ વર્ણના, સરસ અને સુગન્ધ યુકત હતાં. "कालागुरुपवर-कुंदरुक्कतुरुक्कधूवमघमघंतगंधुद्धूयाभिरामे" તે હંમેશા શ્રેષ્ઠ કાળા અગરુ, કંદ્રપ, લોબાન આદિ ધૂપની સુંદર સુગંધથી મઘમઘી ઉઠતો હતો. તે શયનગૃહ અત્યંત સુગન્ધથી યુકત હોવાને કારણે સુગંધિત દ્રવ્યની ગોટી જેવું લાગતું હતું "तंसि तारिसगंसि सयणिज्जंसि सालिंगनवट्टिए" એવાં તે શયનગૃહમાં એક શ્રેષ્ઠ શય્યા હતી, જે સાલિંગન વર્તિક (શરીરપ્રમાણયુકત ઉપધાનવાળી) હતી, અથવા તે તકિયાથી યુકત હતી "उभयओ विब्बोयणे, दुहओ उन्नए, मज्झेण य गंभीरे" જેની બન્ને તરફ-માથું રાખવાની જગ્યાએ અને પગ રાખવાની જગ્યાએ-બે ઉપધાન (તકીયા, ઓશીકાં) રાખેલાં હતાં, જે મધ્યભાગમાં નિમ્ન (નીચે નમેલી) અને ગંભીર હતી, અથવા જે માત્ર મધ્યભાગે જ ગંભીર હતી, "गंगापुलिनवालुयउद्दालसालिसए" અતિ મૃદુ હોવાને લીધે જે ગંગાના કાંપના પ્રદેશ જેવી હતી, (જેના પર પગ મૂકતાં જ જે નીચે બેસી જાય એવી શય્યાને "अवदाल शय्या" કહે છે) "उवचियखोमियदुगुल्लपट्टपडिच्छायणए" જે સંસ્કાર યુકત (ઝૂલવાળા), રેશમી વસ્ત્રથી તથા કપાસના અથવા અતલસના વસ્ત્રથી આચ્છાદિત હતી, "सुविरइयरयत्ताणे रत्तंसुयसंवुए, सुरम्मे" અપરિભોગાવસ્થામાં (જ્યારે તેનો ઉપયોગ ન કરવાનો હોય ત્યારે) જેના ઉપર ધૂળ જામતી અટકાવવા માટે રજસ્ત્રાણ (રજ પડતી અટકાવવા માટેનું આચ્છાદન) રાખવામાં આવતું હતું, તથા જે લાલ રંગની મચ્છરદાનીથી આચ્છાદિત રહેતી હતી અને તે કારણે જે અત્યન્ત રમણીય લાગતી હતી., "आइणगरूयबूरणवणीयतूलफासे" જે ચર્મ નિર્મિત જીનના સમાન, રૂના સમાન, કોમલ બૂર (બરફ) ના સમાન, માખણના સમાન તથા અર્કતૂલ (આકડાના ફૂલ) સમાન કોમલ સ્પર્શવાળી

હતી, (જીન સ્વાભાવિક રીતે જ મુલાયમ હોય છે, રૂ, અર્કતૂલ અને માખણ પણ એવાં જ મુલાયમ હોય છે. તે કારણે તે શય્યાના સ્પર્શને તે વસ્તુઓ સાથે સરખાવવામાં આવેલ છે) "सुगंधवरकुसुमचुन्नसयणोवयारकलिए" જે સુગંધિત ઉત્તમ પુષ્પોથી, સુગંધિત ઉત્તમ ચૂર્ણોથી (પાઉડરોથી), અને બીજાં પણ શય્યાને ઉપયોગી અનેક દ્રવ્યોથી યુક્ત હતી, "अद्धरत्तकालसमयंसि, सुत्तजागरा ओहीरमाणी ओहीरमाणी" એવી તે શય્યાપર શયન કરતી એવી તે પ્રભાવતી રાણીએ સુપ્તજાગરાવસ્થામાં (સંપૂર્ણ નિદ્રાધીન પણ ન હોય અને બિલકુલ જાગૃત પણ ન હોય એવી અવસ્થામાં) મધ્યરાત્રિને સમયે "अयमेयारूवं ओरालं, कल्लाणं, सिवं, धन्नं, मंगल्लं, सस्सिरीयं, महासुविणं पासित्ताणं पडिबुद्धा" આ પ્રકારનું આ મહાસ્વપ્ન દેખ્યું. "ओहीरमाणी २" આ પદના પ્રયોગ દ્વારા અહીં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે અત્યન્ત નિદ્રામાં હોઈએ એવી અવસ્થામાં કે બિલકુલ જાગૃતાવસ્થામાં સ્વપ્ન આવતું નથી. પરન્તુ અર્ધનિદ્રિત અને અર્ધજાગૃતાવસ્થામાં જ સ્વપ્ન આવે છે. અહીં એ વાત પ્રકટ કરવામાં આવી છે કે સ્વપ્ન દેખતી વખતે પ્રભાવતી રાણી પણ અર્ધનિદ્રિત અને અર્ધ જાગૃતાવસ્થામાં જ હતાં. તેમણે જે સ્વપ્ન દેખ્યું તે ઉદાર (ઉત્તમ) હતું, કલ્યાણકારી હતું, શિવરૂપ હતું, ધન્યરૂપ હતુ, માંગલિક હતું અને સશ્રીક-શ્રીયુક્ત (સુંદર) હતું. તેણે આકાશમાંથી ઉતરતા સિંહને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો. આ પ્રકારનું સ્વપ્ન દેખીને તે જાગી ગઈ હવે સૂત્રકાર તે સ્વપ્નમાં જોયેલા સિંહનું વર્ણન કરે છે "हार, रयय, खीरसागर, ससंककिरण, दगरय, रययमहासेल, पंडुरतरोरुरमणिज्जपेच्छणिज्जं" તે સ્વપ્નદૃષ્ટ સિંહ મોતીના હાર, ચાંદી, ક્ષીરસમુદ્ર, ચન્દ્રનાં કિરણો, જલબિંદુ અને રજતપર્વત (વૈતાઢય પર્વત)ના સમાન શ્વેત હતો, તેની છાતી વિશાળ હતી, અને તે રમણીય હોવાથી દર્શનીય હતો. "थिरलट्ठपउट्ठवरवुसिलिट्ठविसिट्ठतिक्खदाढाविडंबियमुह" તે સિંહની બન્ને દાઢના ખૂણાનો અચલન ભાગ સ્થિર (પ્રકમ્પ રહિત) તથા લષ્ટ (મનોજ્ઞ) હતો, તેની દાઢો વૃત્ત (ગોળ), સ્થૂલ, સુશ્લિષ્ટ (સુસંબદ્ધ) વિશિષ્ટ (શ્રેષ્ઠ) અને તીક્ષ્ણ હતી, તે કારણે તેનું મુખ વિકરાળ ભાસતું હતું. "परिकम्मियजच्चकमलकोमलमाइयसोभंतलट्ठउट्ठं" તેના બન્ને હોઠ પરિકર્મિત (કૃત સંસ્કારવાળા) કમલ જેવાં કોમલ. સપ્રમાણ અને સુંદર હતા, અને તે કારણે તે મનોહર લાગતાં હતાં. "रत्तुप्पलपत्तमउयसुकुमालतालुजीहं" તાળવું અને જીભ લાલ કમળના પાનના સમાન સુકુમાર (અતિશય નાજુક) હતાં. "मूसागयपवरकणगतावियं आवत्तायंतवट्टतडिविमलसरिसनयणं" સુવર્ણ ગાળવાના પાત્રમાં ગાળવામાં આવતા સુવર્ણના જેવી તથા વિજળીના

જેવી ચમકતી તથા ગોળ-ગોળ તેની આંખો હતી. આ કથનનું તાત્પર્ય એ છે કે બન્ને આંખોનો વર્ણ તપ્ત સુવર્ણના જેવો હતો, આકાર ગોળ હતો અને તેઓ વિજળીના જેવી તેજસ્વી હતી. " विसालपीवरोरुं, पडिपुन्नविपुलखंधं " તેની બન્ને જાંઘ વિશાળ અને સ્થૂલ હતી, અને બન્ને ખભા વિશાળ અને પરિપૂર્ણ હતાં. " मियविसयसुहुमलक्खणपसत्थविच्छिन्नकेसरसडोवसोभियं " તેની કેશવાળીના વાળ કોમળ, વિશદ-એક બીજાને મળેલા હતાં, અને પ્રશસ્ત લક્ષણવાળાં હતાં, અને ગર્દન પર આમતેમ વિખરાયેલાં હતાં. તેને લીધે તે ખૂબ સુંદર લાગતો હતો. " ऊसिय सुनिम्मियसुजायअप्फोडियलंगूलं " તે પોતાની પૂંછડીને ઊંચી નીચી કરી રહ્યો હતો અને જમીન પર પછાડાતો હતો. " सोम्मं, सोमागारं, लीलायंतं, जंभायंतं, नहयलाओ, ओवयमाणं निययवयणमइवयंतं सीहं सुविणे पासित्ता णं पडिबुद्धा " તે પોતે સૌમ્ય સ્વભાવનો હતો અને તેનો દેખાવ સૌમ્ય લાગતો હતો. તે વિવિધ પ્રકારની ક્રીડા કરતો કરતો આકાશમાંથી નીચે ઉતર્યો અને પ્રભાવતીના મુખમાં તેણે પ્રવેશ કર્યો." આ પ્રકારનું સ્વપ્ન જોઈને તે જાગી ગઈ.

" तएणं सा पभावई देवी अयमेयारूवं ओरालं जाव सस्सिरीयं महासुविणं पासित्ताणं पडिबुद्धा० " આ પ્રકારના ઉદાર (ઉત્તમ), કલ્યાણકારક, શિવરૂપ, ધન્ય, માંગલિક અને સશ્રીક (સુંદર) મહાસ્વપ્નને જોઈને જાગૃત થયેલી તે પ્રભાવતી રાણીના આનંદનો પાર ન રહ્યો. તેનું હૃદય આનંદથી નાચી ઉઠયું અને તેને ઘણો સંતોષ થયો. " धाराहयकलंबपुप्फगंपिव समूससियरोमकूवा तं सुविणं ओगिण्हइ " મેઘની ધારાથી કદંબપુષ્પની જેવી દશા થાય છે એવી તેની દશા થઈ. એટલે કે હર્ષને લીધે તે રોમાંચિત થઈ ગઇ અને તે મહાસ્વપ્નને યાદ કરવા લાગી " ओगण्हित्ता सयणिज्जाओ अब्भुट्ठेइ " સ્વપ્નને યાદ કરીને તે શય્યા પરથી ઉઠી. " अब्भुट्ठेत्ता अतुरियमचवलमसंभंताए, अविलंबियाए, रायहंससरिसीए, गइए, जेणेव बलस्स रन्नो सयणिज्जे, तेणेव उवागच्छइ " ઊઠીને ત્વરારહિત, ચપલતારહિત (શારીરિક અને માનસિક ચંચલતા રહિત), વેગરહિત, અને વિલંબરહિત હોવાને કારણે રાજહંસના જેવી ગતિથી ચાલતી ચાલતી, જ્યાં બલરાજાની શય્યા હતી ત્યાં તે આવી. " उवागच्छित्ता बलं रायं ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं, मणुन्नाहिं, मणामाहिं, ओरालाहिं, कल्लाणाहिं, सिवाहिं, धन्नाहिं, मंगल्लाहिं, सस्सिरीयाहिं, मियमहुर-

मंजुलाहिं, गिराहिं, संलवमाणी संलवमाणी पडिबोहेइ" ત્યાં આવીને તેણે ઇષ્ટ, કાન્ત, (કમનીય), પ્રિય, મનોજ્ઞ, મનોમ (મનોનુકૂલ), ઉદાર, કલ્યાણરૂપ, ધન્ય, માંગલિક, સશ્રીક તથા મિત, મધુર અને મંજુલ વચનોથી બલરાજાને જગાડયો આ વિશેષણોના અર્થ કલ્પસૂત્રના ૨૯માં સૂત્રની-ત્રીશલાસ્વપ્ન પ્રકરણની ટીકામાં આપવામાં આવેલ છે. તો જિજ્ઞાસુ પાઠકોએ તે ત્યાંથી વાંચી લેવા. "पडिबोहेत्ता बलेण रण्णा अब्भणुन्नाया समाणी नाणामणिरयणभत्तिचित्तंसि भद्दासणंसि णिसीयइ" બલરાજાને જગાડીને, તેમની આજ્ઞા લઈને તે વિવિધ મણિરત્નોથી પરિપૂર્ણ અને ચિત્રકલાયુક્ત સુખાસન પર બેસી ગઈ. "णिसीइत्ता आसत्था, वीसत्था, सुहासणवरगया बलं रायं ताहिं इट्ठाहिं कंताहिं जाव संलवमाणी संलवमाणी एवं वयासी" ત્યાર બાદ માર્ગ જનિત પરિશ્રમથી રહિત થઈને તથા સંક્ષોભના ત્યાગ પૂર્વક વિશ્વસ્ત બનેલી એવી તે પ્રભાવતી રાણીએ તે ઉત્તમ સુખાસન પર બેઠાં બેઠાં, કાંત, પ્રિય આદિ પૂર્વોક્ત વિશેષણોવાળી વાણીથી બલરાજાને આ પ્રમાણે કહ્યું-"एवं खलु अहं देवाणुप्पिया! अज्ज तंसि तारिसगंसि सयणिज्जंसि सालिंगणवट्टिए, तंचेव जाव णियगवयणमइवयंतं सीहं सुविणे पासित्ताणं पडिबुद्धा" "હે દેવાનુપ્રિય! આજે મધ્યરાત્રે, પૂર્વોક્ત સાલિંગન આદિ વિશેષણોવાળી શય્યામાં જ્યારે હું સૂતી હતી, ત્યારે મેં અર્ધનિદ્રિત અને અર્ધજાગૃતાવસ્થામાં એક સ્વપ્ન જોયું. (અહીં શય્યાનાં આગળ કહ્યા મુજબનાં બધાં વિશેષણો ગ્રહણ કરવા જોઇએ.) સ્વપ્નમાં મેં આકાશમાંથી ઉતરતા એક સિંહને મારા મુખમાં પ્રવેશતો જોયો. (અહીં સ્વપ્નદૃષ્ટ સિંહના પૂર્વોક્ત બધાં વિશેષણો ગ્રહણ કરવા જોઇએ.) સ્વપ્નને જોઈને તુરત જ હું જાગી ગઈ."

"तं णं देवाणुप्पिया! एयस्स ओरालस्स जाव महासुविणस्स के मन्ने कल्लाणे फलवित्तिविसेसे भविस्सइ" તો હે દેવાનુપ્રિય! શું મારે એવું માનવું જોઇએ કે આ ઉદાર આદિ વિશેષણોવાળા મહાસ્વપ્નનું ફલવૃત્તિ વિશેષવાળું કલ્યાણકારક ફલ શું પ્રાપ્ત થશે? એટલે કે મેં જોયેલા તે સ્વપ્નનું વિશિષ્ટ કલ્યાણકારી ફલ પ્રાપ્ત થશે ખરું? ""तएणं से बले राया पभावइए देवीए अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव हियए" બલરાજાએ જ્યારે પ્રભાવતી રાણીને મુખે તે સ્વપ્નની વાત સાંભળી, ત્યારે તેને ઘણો જ આનંદ અને સંતોષ થયો. તેનું હૃદય આનંદથી નાચી ઉઠયું. "धाराहयनीवसुरभिकुसुमचंचुमालइयतणुयऊसवियरोमकूवे तं सुविणं ओगिण्हइ" અવિચ્છિન્ન

વરસાદની ધારા પડતી હોય ત્યારે જેમ સુગંધિત કદંબપુષ્પ પુલકિત થાય છે, તેમ આનંદને લીધે તે પણ પુલકિત થયો–તેની રોમરાજિ ઊભી થઈ ગઈ–રોમાંચિત થઈ ગયો. પહેલાં તો બલ રાજાને તે સ્વપ્ન વિષે સામાન્ય રૂપે વિચાર કર્યો. ત્યાર બાદ "ओगिण्हित्ता ईहं पविसइ" તેણે તેને ઈહારૂપે તર્કવિતર્ક કરીને તે વિષે ઊંડો વિચાર કર્યો. "पविसित्ता अप्पणो साभाविएणं मइपुव्वएणं बुद्धिविन्नाणेणं तस्स सुविणस्स अत्थोग्गहणं करेइ" ત્યાર બાદ તેણે પોતાના સ્વાભાવિક મતિજ્ઞાન જન્ય બુદ્ધિવિજ્ઞાનથી–મતિવિશેષરૂપ ઔત્પત્તિકી આદિ બુદ્ધિરૂપ જ્ઞાનથી–તે પૂર્વોક્ત મહાસ્વપ્નના ફલનો નિર્ણય કર્યો. "करेत्ता पभावइं देविं ताहिं इट्ठाहिं, कंताहिं जाव मंगल्लाहिं सस्सिरीयाहिं मियमहुरमंजुलाहिं गिराहिं संलवमाणे संलवमाणे एवं वयासी" ત્યાર બાદ તેણે ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનોમ, મંગલકારી, સશ્રીક, મિત, મધુર અને મંજુલ શબ્દોના ઉચ્ચારણ દ્વારા તે સ્વપ્નની વારંવાર પ્રશંસા કરતાં કરતાં પ્રભાવતી રાણીને આ પ્રમાણે કહ્યું–"ओरालेणं तुमे देवी! सुविणे दिट्ठे" હે દેવી! તમે જે સ્વપ્ન જોયું છે તે ઘણું ઉદાર (ઉત્તમ) છે. "कल्लाणे णं तुमं देवी सुविणे दि, जाव सस्सिरीएणं तुमे देवी सुविणे दिट्ठे" હે દેવી! તમે ઘણું જ કલ્યાણકારી સ્વપ્ન જોયું છે. હે દેવી! તમે શિવ, ધન્ય, મંગલરૂપ અને સશ્રીક (શોભાયુક્ત) સ્વપ્ન દેખ્યું છે. "आरोग्गतुट्ठिदीहाउकल्लाणमंगलकारएणं तुमे देवी! सुविणे दिट्ठे" હે દેવી! તમે આરોગ્યદાયક, તુષ્ટિદાયક (તૃપ્તિદાયક), દીર્ઘાયુષ્યદાયક, અર્થપ્રાપ્તિ કરાવનાર અને અનર્થનો વિધ્વંસ (નાશ) કરનાર સ્વપ્ન જોયું છે. "अत्थलाभो देवाणुप्पिए! भोगलाभो देवाणुप्पिए!, पुत्तलाभो देवाणुप्पिए! रज्जलाभो देवाणुप्पिए!" હે દેવાનુપ્રિય! તમે જોયેલા સ્વપ્નનું આ ફળ તમને પ્રાપ્ત થશે–આ દૃષ્ટ સ્વપ્નના પ્રભાવથી તમને અર્થલાભ થશે, પુત્રની પ્રાપ્તિ થશે અને રાજ્યલાભ પ્રાપ્ત થશે. "एवं खलु तुमं देवाणुप्पिए! नवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं विइक्कंताणं" હે દેવાનુપ્રિયા! પૂરા નવ માસ અને ૭॥ દિવસ વ્યતીત થયા બાદ "अम्हं कुलकेउं, कुलदीवं, कुलपव्वयं, कुलवडेंसयं, कुलतिलगं, कुलकित्तिकरं, कुलनंदिकरं, कुलजसकरं, कुलाधारं, कुलपायवं, कुलविवद्धणकरं" આપણા કુલમાં કેતુ સમાન–અદ્ભુત હોવાથી ધ્વજ સમાન પ્રકાશક હોવાથી કુલના દીપક સમાન, કુળમાં પર્વત સમાન (સ્થિર સ્વભાવવાળો) અને કુળના આધારરૂપ, અને અજેય હોવાથી આ ઉપમા આપી છે), ઉત્તમ હોવાથી કુલમાં શિરોમણી સમાન, અલંકાર રૂપ હોવાથી કુળના તિલક રૂપ, કુળની કીર્તિ ફેલાવનાર, સમૃદ્ધિકારક હોવાથી કુળને આનંદદાયક, ચારે દિશામાં કુળનો યશ ફેલાવનાર, કુળના આધાર રૂપ, કુળમાં પાદપ રૂપ (વૃક્ષ જેમ ઠંડી છાયા આપે છે તેમ આશરે આવનારનું રક્ષણ કરનાર), દરેક રીતે કુળની વૃદ્ધિ કરનાર. "सुकुमालपाणिपायं अहीणपडिपुण्णं, पंचिंदियसरीरं जाव ससिसोमाकारं कंतं पियदंसणं सुरूवं देवकुमारसमप्पभं दारगं पयाहिसि" અત્યન્ત નાજુક કર અને ચરણવાળા, ખોડખાંપણ રહિત શુભલક્ષણોથી યુક્ત પરિપૂર્ણ અંગોવાળા, પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોથી યુક્ત શરીરવાળા, ('यावत्' પદથી "लक्षणव्यञ्जनगुणोपपेतम्" જન્મથી જ સ્વસ્તિક આદિ લક્ષણોવાળા અને જન્મબાદ તલ, મસા આદિ વ્યંજનોવાળા),

ચન્દ્રમાના જેવી ભવ્ય આકૃતિવાળા, મનોહર રૂપવાળા, રમણીક દર્શનવાળા, અને દેવકુમારના જેવી કાન્તિવાળા પુત્રનો તમે જન્મ આપશો. "से वि य णं दारए उम्मुक्कबालभावे, विन्नायपरिणयमित्ते जोव्वणगमणुपत्ते सूरे, वीरे, विक्कंते, वित्थिन्नविउलबलवाहणे रज्जवई राया भविस्सइ" જ્યારે તે બાલક પોતાની બાલ્યાવસ્થા પૂરી કરીને યુવાવસ્થા પ્રાપ્ત કરશે, ત્યારે તે કલાદિમાં પરિપકવ જ્ઞાનવાળો (નિપુણ) થશે, તે દાનથી અથવા શરણાગતનું રક્ષણ કરવાને કારણે શૌર્યયુક્ત થશે. સંગ્રામમાં વીરતા બતાવશે, તે ઘણો પરાક્રમી હશે (અન્યના પ્રદેશો પર આક્રમણ કરીને વિજય પ્રાપ્ત કરશે.) તે અતિ વિશાળ સેના અને હાથી, રથ, ઘોડા, પાલખી આદિ વિસ્તીર્ણ સૈન્ય અને વાહનોવાળો બનશે, અને स्वतंत्र राजा બનશે 'तं उरालेणं तुमे जाव सुविणे दिट्ठे" હે દેવી! તમે આવું ઉત્તમ, કલ્યાણકારી, શિવરૂપ, ધન્ય, મંગલકારી, અને સશ્રીક (શોભાયુક્ત) સ્વપ્ન દેખ્યું છે. "आरोग्गतुट्ठिजाव मंगलकारएणं, तुमे देवी! सुविणे दिट्ठे, त्ति कट्टु पभावतिं देविं ताहिं इट्ठाहिं जाव वग्गूहिं दोच्चंपि, तच्चंपि अणुवूहइ" હે દેવી! તમે આરોગ્યદાયક તુષ્ટિદાયક, દીર્ઘાયુદાયક, કલ્યાણકારી અને મંગલકારી સ્વપ્ન દેખ્યું છે. આ પ્રમાણે કહીને તે બલરાજાએ ઇષ્ટ, કાન્ત, પ્રિય, મનોજ્ઞ, મનોનુકૂલ, ઉદાર કલ્યાણરૂપ, શિવ, ધન્યરૂપ, મંગળ, સશ્રીક, મિત, મધુર અને મંજુલ વચનોથી પ્રભાવતી દેવીની બીજી વાર પણ પ્રશંસા કરી અને ત્રીજી વાર પણ પ્રશંસા કરી. "तएणं सा पभावई देवी, बलस्स रण्णा अंतिए एयमट्ठं सोच्चा, निसम्म० करयल जाव एवं वयासी" બલરાજાના મુખે સ્વપ્નના ફલ વિષેની આ પ્રકારની વાત સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને પ્રભાવતી રાણીને ઘણો જ હર્ષ અને સંતોષ થયો. તેનું હૃદય આનંદથી નાચી ઉઠયું. તેણે બન્ને હાથ જોડીને રાજાને નમસ્કાર કર્યા અને નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું—

"एवमेयं देवाणुप्पिया! तहमेयं देवाणुप्पिया! अवितहमेयं देवाणुप्पिया! હે દેવાનુપ્રિય! આપની વાત ખરી છે હે દેવાનુપ્રિય! આપના કહેવા મુજબ જ સ્વપ્નનું ફલ પ્રાપ્ત થશે. હે દેવાનુપ્રિય! આપે આ સ્વપ્ન વિષે જે નિર્ણય કર્યો છે તે સર્વથા સત્ય જ છે. "असंदिद्धमेयं देवाणुप्पिया! इच्छियमेयं देवाणुप्पिया! पडिच्छियमेयं देवाणुप्पिया! હે દેવાનુપ્રિય! આ પુત્રલાભ વિષયક આપનું કથન असंदिग्ध (નિશ્ચિત-સંદેહરહિત) છે. આ પુત્રલાભ રૂપ વસ્તુ મને अभिलषित (મારી અભિલાષાને અનુરૂપ) છે. હે દેવાનુપ્રિય! આ પુત્રલાભ રૂપ વસ્તુ મને ઘણી જ રુચિકર છે-ખરા અંતઃકરણપૂર્વક સ્વીકાર્ય છે,

" इच्छियपडिच्छियमेयं देवाणुप्पिया! मे जहेयं तुज्झे वदह त्ति कट्टु तं सुविणं सम्मं पडिच्छइ" હે દેવાનુપ્રિય! આ પુત્રપ્રાપ્તિ વિષયક સ્વપ્નદર્શન મારા અંતઃકરણની ઇચ્છાને અનુરૂપ છે, ઇષ્ટ છે, અત્યન્ત ઇષ્ટ છે અને સ્વીકાર્ય છે. આપે તે સ્વપ્ન વિષે જે કહ્યું તે યથાર્થ જ છે આ પ્રમાણે કહીને તેણે બલરાજા દ્વારા કથિત તે સ્વપ્નફલનો સ્વીકાર કર્યો. " पडिच्छित्ता बलेणं रण्णा अब्भणुन्नाया समाणी णाण मणिरयणभत्तिचित्ताओ भद्दासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता" ત્યાર બાદ પોતાના પતી બલરાજાની આજ્ઞા લઇને તે વિવિધ મણિ-રત્નોથી યુક્ત અને ચિત્રોથી અલંકૃત એવા તે સુખાસન પરથી ઊભી થઈ. ત્યાંથી ઉઠીને " अतुरियमचवल जाव गईए, जेणेव सए सयणिज्जे, तेणेव उवागच्छइ" ત્વરારહિત, ચપલતા રહિત, અને હંસના સમાન ગતિથી, વિલંબ કર્યા વિના, અસંભ્રાન્તરૂપે તે જ્યાં પોતાની શય્યા હતી. ત્યાં આવી. " उवागच्छित्ता, सयणिज्जंसि, निसीयइ, निसीइत्ता एवं वयासी " ત્યાં આવીને તે પોતાની શય્યા પર બેસી ગઇ શય્યા પર બેસીને તેણે આ પ્રમાણે કહ્યું-" मा मे से उत्तमे पहाणे मंगल्ले सुविणे अन्नेहिं पावसुमिणेहिं पडिहम्मिस्सइ त्ति कट्टु " મારું આ ઉત્તમ, અભીષ્ટ અને મંગલ સ્વપ્ન અન્ય પાપસ્વપ્નો દ્વારા નષ્ટ થવું જોઇએ નહીં. તે સ્વપ્ન ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ કરાવનાર હોવાથી તેને ઉત્તમ કહ્યું છે. અને અનર્થનો વિધ્વંસ કરનાર હોવાથી તેને મંગલ કહ્યું છે. " देवगुरुजणसंबद्धाहिं पसत्थाहिं मंगल्लाहिं धम्मियाहिं कहाहिं सुविणजागरियं पडिजागरमाणी २ विहरइ " આ પ્રમાણે વિચાર કરીને તે દેવ અને ગુરુ સંબંધી પ્રશસ્ત, માંગલિક અને ધાર્મિક કથાઓ કરતી થકી સ્વપ્નસંરક્ષણ નિમિત્તે જાગરણ કરવા લાગી ।।સૂ૦૫।।

" तएणं से बले राया कोडुंबियपुरिसे सद्दावेइ " ઇત્યાદિ-

ટીકાર્થ-" तएणं से बले राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी खिप्पामेव, भो देवाणुप्पिया! अज्ज सविसेसं बाहिरियं उवट्ठाणसालं गंधोदयसित्तसुइयसंमज्जिओवलित्तं सुगंधवरपंचवण्णपुप्फोवयारकलियं " ત્યાર બાદ બલ રાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને (આજ્ઞાકારી સેવકોને) બોલાવ્યા અને તેમને આ પ્રમાણે કહ્યું-હે દેવાનુપ્રિયો ? તમે બની શકે એટલી ત્વરાથી, આજે બહારની ઉપસ્થાનશાલામાં (દીવાનખાનાને) વિશિષ્ટ પ્રકારે ગંધોદક છંટાવો. તેમાંથી કચરો વગેરે કઢાવીને તેને વાળીઝૂડીને સાફ કરાવો, તેને છાણ આદિ વડે લીંપીગૂંપીને સુંદર બનાવો, ઉત્તમ સુગંધયુક્ત પાંચે વર્ણનાં

પુષ્પોથી તેની સજાવટ કરાવો. "कालागुरुपवरकुन्दरुक्क जाव गंधवट्टिभूयं करेह य, कारवेह य" કાળા અગરુ, ઉત્તમ કુંદરૂપ, લોબાન આદિ ધૂપ વડે તેને એવો તો સુગંધયુક્ત બનાવો કે જાણે કે તે તેના મઘમઘાટથી સુગંધની ગુટિકા જેવો બની જાય આ પ્રમાણે કરી કરાવીને "सीहासणं रएह" ત્યાં એક સિંહાસન ગોઠવો. "रयावेत्ता ममेत्तं जाव पच्चप्पिणह" સિંહાસન ગોઠવીને "મારી આજ્ઞાનુસાર બધી તૈયારી થઇ ગયાની ખબર મને પહોંચાડો. "तएणं ते कोडुंबिय जाव पडिसुणेत्ता खिप्पामेव सविसेसं बाहिरियं उवट्ठाणसालं जाव पच्चप्पिणंति" બલરાજાની આ પ્રકારની આજ્ઞા સાંભળીને તે આજ્ઞાકારી સેવકો તુરત જ બહારની ઉપસ્થાનશાલામાં આવ્યા, તેમણે તે ઉપસ્થાનશાલામાં વિશેષરૂપે સુગંધયુક્ત જળ છાંટયું, કચરો વગેરે સાફ કર્યો અને છાણ આદિ વડે લીંપીગૂપીને તેને શુદ્ધ કરી ત્યાર બાદ કાલા અગરુ, ઉત્તમ કુંદરૂપ અને લોબાન આદિ ધૂપથી તેને એવી મઘમઘતી કરી દીધી કે તેમાંથી નીકળતી મહેકને લીધે તે ઉપસ્થાનશાલા સુગંધિત દ્રવ્યની એક ગુટિકા જેવી બની ગઈ. ત્યાર બાદ તેઓએ બલરાજાની પાસે આવીને તેમને કહ્યું–"હે રાજન્! આપની આજ્ઞાનુસાર બધી તૈયારી થઇ ગઇ છે. "तएणं से बले राया पच्चूसकालसमयंसि सयणिज्जाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता पायपीढाओ पच्चोरुहइ" ત્યાર બાદ પ્રાતઃકાળ થતાં તે રાજા પોતાની શય્યા પરથી ઉઠયો. ઉઠીને પાદપીઠ પર (પગ મૂકવાના બાજોઠ પર) પગ મૂકીને પોતાના પલંગ પરથી નીચે ઉતર્યો. "पच्चोरुहित्ता जेणेव अट्टणसाला तेणेव उवागच्छइ" ત્યાર બાદ જ્યાં પોતાની વ્યાયામશાળા હતી, તે તરફ ગયો. ત્યાં જઈને તેણે તે વ્યાયામશાળામાં પ્રવેશ કર્યા. "जहा उववाइए तहेव अट्टणसाला तहेव मज्जणघरे जाव ससिव्व पियदंसणे नरवई मज्जणघराओ पडिनिक्खमइ" ઔપપાતિક સૂત્રના પૂર્વાર્ધના ૪૮માં સૂત્રમાં વ્યાયામશાળા અને સ્નાનગૃહનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ વર્ણન બલરાજાની વ્યાયામશાળા અને તેમના સ્નાનગૃહ વિષે અહીં ગ્રહણ કરવું જોઇએ "तत्र अनेक व्यायामयोग्यावलानव्यामर्दनमल्लयुद्धकरणैः" વ્યાયામનું આ પ્રમાણે વર્ણન કરવામાં આવ્યું છે–વ્યાયામશાળામાં જઇને તેણે વ્યાયામના અનેક દાવ કર્યા, દોડવાની તથા મલ્લો સાથે કુસ્તી કરવાની કસરત આદિ કર્યા. "योग्य" એટલે ગુણનિકા, "वलान" એટલે દોડવુ અને "व्यामर्दन" એક બીજાની સાથે અંગોને લીડાવવા રૂપ કુસ્તી.

વ્યાયામશાળામાંથી નીકળીને તે સ્નાનગૃહમાં આવ્યા ઔપપાતિક સૂત્રમાં સ્નાનગૃહનું આ પ્રમાણે વર્ણન કર્યું છે–"समन्ततो जालकाभिरमणीये, विचित्रम

णिरत्नभूमितले, रमणीये, स्नानमंडपे, नानामणिरत्नभक्तिचित्रे, स्नानपीठे सुख-निषण्णः" સ્નાન કરીને, ચન્દ્રના જેનું જેવું પ્રિય દર્શન છે એવો બલરાજા સ્નાનગૃહમાંથી બહાર નીકળ્યો. "पडिनिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छइ" ત્યાંથી નીકળીને તે પોતાની બાહ્ય ઉપસ્થાન શાલામાં આવ્યો. "उवागच्छित्ता सीहासणवरंसि पुरत्थाभिमुहे निसीयइ" ત્યાં આવીને તે પૂર્વ દિશા તરફ મુખ રાખીને, પહેલેથી જ ત્યાં ગોઠવેલા ઉત્તમ સિંહાસન પર બેસી ગયો. "निसीइत्ता अप्पणो उत्तरपुरत्थिमे दिसीभाए अट्ठभद्दासणाइं सेयवत्थपच्चुत्थुयाइं सिद्धत्थगकयमंगलोवयाराइं रयावेइ" સિંહાસન પર વિરાજમાન થઇને તેણે પોતાની ઇશાન દિશામાં આઠ ભદ્રાસનો ગોઠવ્યાં. તે ભદ્રાસનો સફેદ વસ્ત્રોથી આચ્છાદિત હતાં અને સિદ્ધાર્થક (સરસવ) વડે તેમના ઉપર મંગલોપચાર કરેલ હતો. "रयावेत्ता अप्पणो अदूरसामंते णाणामणिरयणमंडियं अहियपेच्छणिज्जं" ત્યાર બાદ તેણે પોતાનાથી ન અધિક દૂર અને ન અધિક પાસે એવાં રથને અનેક મણિઓ અને રત્નોથી મંડિત, દેખાવમાં ઘણોજ સુંદર "महग्घवरपट्टणुग्गयं, सण्हपट्टबहुभत्तिसयचित्तिताणं" અતિશય કીમતી વસ્ત્રમાંથી બનાવેલો, જ્યાં ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રો બને છે એવી જગ્યાએ વિશેષ મૂલ્ય આપીને ખાસ તૈયાર કરાવેલો, સૂક્ષ્મ તારની (દોરાની) સેંકડો પ્રકારની અનોખી કારીગરીવાળો, "ईहामियउसभ जाव भत्तिचित्तं" ઇહામૃગ, વૃષભ આદિનાં ચિત્રોથી શોભાયમાન, "अब्भितरियं अंछावेइ" એવા અંદરના પર્દાને તેણે ત્યાં તણાવ્યો. અહીં "यावत्" પદથી "नर, तुरग, मकर, विहग, व्याल, किन्नर, रुरु, शरभ, चमर, कुंजर, वनलता અને પદ્મલતાનાં ચિત્રો ગ્રહણ કરવાના છે. એક જાતના જંગલી જાનવરનું નામ ઇહામૃગ (વરુ) છે ઋષભ એટલે બળદ, વ્યાલ એટલે સર્પ કિન્નર એટલે એક પ્રકારના વ્યન્તરવિશેષ દેવ, 'રુરુ' એક પ્રકારના મૃગવિશેષને કહે છે, શરભ એટલે અષ્ટાપદ નામનું જાનવર, ચમર એટલે ચમરી ગાય, કુંજર એટલે હાથી, અશોકાદિ લતાઓને વનલતા કહે છે, અને કમલિનીને પદ્મલતા કહે છે. આ બધાં ચિત્રો તે પર્દા પર દોરેલાં હતાં. "अंछावेत्ता नाणामणिरयणभत्तिचित्ते" પર્દો તણાવ્યા બાદ તેણે તે પર્દાની પાછળ એક સુંદર ભદ્રાસન ગોઠવ્યું. તે ભદ્રાસન અનેક મણિ અને રત્નોથી મંડિત ચિત્રોથી યુક્ત હતું. "अत्थरयमउयमसूरगोत्थगं" તેના ઉપર કોમલ ગાદી અને તકિયો બિછા-

દેલા હતાં તે ભદ્રાસન પર જે સુંદર વસ્ત્ર બિછાવવામાં આવ્યું હતું તેનું નામ આસ્તરક (ચાદર) આપવામાં આવેલ છે. વળી તેના પર ગોળ આકારની મસૂરક (નાના તકિયા જેવું) પણ ગોઠવેલી હતી. "सेयवत्थ पच्चुत्थुयं" ગાદિના ઉપર જે વસ્ત્ર બિછાવવામાં આવ્યું હતું તે બિલકુલ સફેદ હતું. "अगसुहफासुयं, पभावईए देवीए महासणं रयावेइ" આ ભદ્રાસનનો સ્પર્શ શરીરને સુખકારી હતો, કારણ કે તેના ઉપર અત્યંત કોમલ ગાદી બિછાવેલી હતી. આ પ્રકારનું ભદ્રાસન પ્રભાવતી દેવી માટે ગોઠવાવીને તેણે "कोडुंबियपुरिसे सद्दावेइ" પોતાના આજ્ઞાકારી સેવકોને બોલાવ્યા. "सद्दावित्ता एवं वयासी" અને તેણે તેમને આ પ્રમાણે કહ્યું—"खिप्पामेव भो देवाणुप्पिया! अट्ठंग महानिमित्तसुत्तत्थधारए, विविहसत्थकुसले, सुविणलक्खणपाढए सद्दावेह" હે દેવાનુપ્રિયો! તમે ઘણી જ ઝડપથી અષ્ટાંગ મહાનિમિત્તના–આઠ પ્રકારના પરોક્ષાર્થનો નિર્ણય કરાવનાર મહાશાસ્ત્રોના–સૂત્ર અને અર્થને હૃદયમાં ધારણ કરનારા તથા અનેક શાસ્ત્રોમાં નિપુણ એવાં સ્વપ્નલક્ષણને જાણનારા સ્વપ્નપાઠકોને બોલાવી લાવો. અષ્ટનિમિત્તાંગ આ પ્રમાણે છે–(૧) દિવ્ય, (૨) ઔત્પાત, (૩) આન્તરિક્ષ, (૪) ભૌમ, (૫) આંગ (૬) સ્વર, (૭) લક્ષણ અને (૮) વ્યંજન. તે પ્રત્યેકના ત્રણ ત્રણ ભેદ કહ્યા છે. "तएणं ते कोडुंबियपुरिसा जाव पडिसुणेत्ता बलस्स रन्नो अंतियाओ पडिनिक्खमइ"! રાજાની આ પ્રકારની આજ્ઞાને માથે ચડાવીને તે આજ્ઞાકારી પુરુષો બલરાજાની પાસેથી ચાલી નીકળ્યા. "पडिनिक्खमित्ता सिग्घं तुरियं चवलं चंडं वेइयं हत्थिणापुरं नगरं मज्झं मज्झेणं जेणेव सुविणलक्खणपाढगाणं गिहाइं, तेणेव उवागच्छंति" ત્યાંથી નીકળીને તુરત જ ત્વરાપૂર્વક, ચપલતાપૂર્વક અને અત્યંત વેગપૂર્વક હસ્તિનાપુર નગરની વચ્ચો વચ્ચ થઈને, જ્યાં સ્વપ્નલક્ષણપાઠકોનાં ઘર હતાં, ત્યાં આવી પહોંચ્યા. "उवागच्छित्ता ते सुविणलक्खणपाढए सद्दावेंति" ત્યાં જઈને તેમણે તે સ્વપ્નલક્ષણપાઠકોને બોલાવ્યા–એટલે કે તેમણે તેમને રાજાની આજ્ઞા કહી સંભળાવી. "तएणं ते सुविणलक्खणपाढगा बलस्स रन्नो कोडुंबियपुरिसेहिं सद्दाविया समाणा हट्ठ तुट्ठ ण्हाया कय जाव सरीरा" પોતાના આજ્ઞાકારી સેવકો દ્વારા બલરાજાએ જેમને બોલાવ્યા હતા, એવાં તે સ્વપ્નલક્ષણપાઠકો ઘણોજ હર્ષ અને સંતોષ પામ્યા. એજ સમયે તેમણે સ્નાન કર્યું. ત્યાર બાદ વાયસાદિને અન્ન દેવારૂપ બલિકર્મ તેમણે કર્યું. ત્યાર બાદ મશના તિલક આદિ રૂપ કૌતુક મંગલ અને પ્રાયશ્ચિત્તની વિધિ પતાવીને તેમણે સુંદર વસ્ત્રો તથા બહુ જ મૂલ્યવાન અને વજનમાં હલકાં એવાં આભૂષણો પહેર્યાં. "सिद्धत्थगहरियालिया, कयमंगलमुद्धाणा सएहिं सएहिं गिहेहिंतो

निग्च्छंति " ત્યાર બાદ તેમણે પોત પોતાના મસ્તક પર સરસવ અને હરિતાલિકા (દૂર્વા) વડે મંગલોપચાર કર્યો, પછી તેઓ બલરાજાના ઉત્તમ મહેલ પાસે આવી પહોંચ્યા. " उवागच्छित्ता भवणवरवडेंसगपडिदुवारंसि एगओ मिलंति " ત્યાં આવીને તેઓ બધાં રાજાના તે ઉત્તમ મહેલનાં દરવાજા પાસે ભેગા થયા. " एगओ मिलित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला तेणेव उवागच्छंति " ભેગા થઈને તેઓ રાજાની બહારની ઉપસ્થાનશાળામાં આવ્યા. " उवागच्छित्ता करयल जाव बलं रायं जएणं विजएणं वद्धावेंति " ત્યાં આવીને તેમણે બન્ને હાથ જોડીને રાજાને નમસ્કાર કર્યા અને " તમારો જય હો, તમારો વિજય હો " એવા શબ્દોથી તેમણે રાજાને વધાવ્યો. " तएणं सुविणलक्खणपाढगा बलेणं रन्ना वंदिय पूइय सक्कारिय संमाणिय समाणा पत्तेयं पत्तेयं पुव्वन्नत्थेसु भद्दासणेसु निसीयंति " ત્યાર બાદ બલરાજાએ તેમને નમસ્કાર કર્યા, તેમનો આદર કર્યો, તેમનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું ત્યાર બાદ તેઓ બધાં આગળથી ગોઠવેલાં ભદ્રાસનો પર બેસી ગયા. " तएणं से बले राया पभावइं देविं जवणियंतरियं ठावेइ " ત્યાર બાદ બલરાજાએ પ્રભાવતી રાણીને પડદાની પાછળ બેસાડ્યાં. " ठावेत्ता पुप्फफलपडिपुन्नहत्थे, परेणं विणएणं ते सुविणलक्खणपाढए एवं वयासी " રાણીને પડદાની પાછળના ભદ્રાસન પર બેસાડીને, ફલ અને ફૂલોથી જેના હાથ પરિપૂર્ણ હતા એવા તે બલરાજાએ ઘણાજ વિનયપૂર્વક તે સ્વપ્નલક્ષણપાઠકોને આ પ્રમાણે કહ્યું— " एवं खलु देवाणुप्पिया ! पभावइ देवी अज्ज तंसि तारिसगंसि वासघरंसि जाव सीहं सुविणे पासित्ताणं पडिबुद्धा " હે દેવાનુપ્રિયો ! આજે ભાગ્યશાળીઓને યોગ્ય એવાં તે (પૂર્વોક્ત વર્ણનવાળા) શયનગૃહમાં સૂતેલાં પ્રભાવતી રાણીએ સ્વપ્નામાં (પૂર્વોક્તવિશેષણોવાળા) એક સિંહને પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો છે અને ત્યાર બાદ તેઓ જાગી ગયાં છે. " तं णं देवाणुप्पिया ! एयस्स ओरालस्स जाव के मन्ने कल्लाणे फलवित्तिविसेसे भविस्सइ " તો શું મારે એવું માનવું કે તે ઉદાર આદિ વિશેષણોવાળા સ્વપ્નનું " ફલવૃત્તિ વિશેષવાળું " (વિશિષ્ટ પ્રકારનું) કલ્યાણરૂપ ફળ પ્રાપ્ત થશે ?

" तएणं सुविणलक्खणपढगा बलस्स रण्णो अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठ तुट्ठ० तं सुविणं ओगिण्हंति " બલ રાજાને મુખેથી આ વાત સાંભળીને અને તેને ચિત્તમાં ધારણ કરીને તે સ્વપ્નલક્ષણપાઠકોને ઘણો જ હર્ષ અને સંતોષ થયો. તેમણે પહેલાં તો તે સ્વપ્ન પર અવગ્રહ રૂપે-સામાન્ય રૂપે વિચાર કર્યો. " ओगिण्हित्ता ईहं अणुप्पविसंति " ત્યાર બાદ ઈહા રૂપે (વિશેષ રૂપે)

વિચાર કર્યો. "अणुप्पविसित्ता तस्स सुविणस्स अत्थोग्गहणं करेंति" એ પ્રશ્નમાં ઊંડા ઉતરીને તેમણે તે સ્વપ્નની યથાર્થતાનો નિર્ણય કર્યો. "करेत्ता अन्नमन्नेणं सद्धिं संचालेंति" ત્યાર બાદ તેમણે એક બીજા સાથે ચર્ચા વિચારણા કરીને તે સ્વપ્નના ફલ વિષે વિચાર કર્યો. "संचालित्ता तस्स सुविणस्स लद्धट्ठा गहियट्ठा पुच्छियट्ठा, विणिच्छियट्ठा, अभिगयट्ठा, बलस्स रण्णो पुरओ सुविणसत्थाइं उच्चारेमाणा उच्चारेमाणा एवं वयासी" સ્વપ્ન ફલનો વિચાર કરીને જ્યારે તેમણે તે સ્વપ્ન ફલનો 'लद्धट्ठा' અર્થ જાણી લીધો, એક બીજા સાથે તેમના નિર્ણય મેળવી જોયાં, 'पुच्छियट्ठा' પૂછપરછ કરીને જ્યારે તેઓ કોઈ પણ પ્રકારના સંશયથી રહિત બની ગયા, જ્યારે તેમણે તેના અર્થનો 'विणिच्छियट्ठा' બરાબર નિર્ણય કરી લીધો, અને જ્યારે તેમણે બધી રીતે 'अभिगयट्ठा' પૂર્વાપર રૂપે અર્થને જાણી લીધો, ત્યારે તેમણે બલરાજાની સમક્ષ સ્વપ્નશાસ્ત્રોનો ફરી ફરીને આધાર આપી આપીને આ પ્રમાણે કહ્યું—"एवं खलु देवाणुप्पिया! अम्हं सुविणसत्थंसि बायालीसं सुविणा, तीसं महासुविणा बावत्तरि सव्वसुविणादिट्ठा" હે દેવાનુપ્રિય! અમારા સ્વપ્નશાસ્ત્રમાં ૪૨ સામાન્ય સ્વપ્નાં કહ્યાં છે અને ૩૦ મહાસ્વપ્નો કહ્યાં છે. આ રીતે કુલ ૭૨ સ્વપ્નો કહેલાં છે.

"तत्थणं देवाणुप्पिया! तित्थगरमायरो वा चक्कवट्टिमायरो वा" તેમાંથી તીર્થંકરોની માતાઓ અથવા ચક્રવર્તીઓની માતાઓ "तित्थगरंसि वा चक्कवट्टिंसि वा गब्भंवक्कममाणंसि एएसिं तीसाए महासुविणाणं इमे चोद्दसमहासुविणे पासित्ताणं पडिबुज्झंति" જ્યારે તીર્થંકર અથવા ચક્રવર્તી તેમની કૂખે ઉત્પન્ન થાય છે, ત્યારે આ ૩૦ મહાસ્વપ્નોમાંથી કોઇ ૧૪ મહાસ્વપ્નો દેખીને જાગૃત થાય છે. "तंजहा" તે ૧૪ મહાસ્વપ્નો નીચે પ્રમાણે છે–"गयवसह" ઇત્યાદિ–(૧) ગજ, (૨) વૃષભ, (૩) સિંહ, (૪) લક્ષ્મીનો અભિષેક, (૫) પુષ્પમાળા, (૬) ચન્દ્રમાં, (૭) સૂર્ય, (૮) ધ્વજા, (૯) કુંભ, (૧૦) પદ્મસરોવર, (૧૧) સાગર, (૧૨) વિમાન અથવા ભવન, (૧૩) રત્નરાશિ અને (૧૪) નિર્ધૂમ અગ્નિ. "वासुदेवमायरो वा वासुदेवंसि गब्भंवक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे सत्त महासुविणे पासित्ताणं पडिबुज्झंति" જ્યારે માતાના ગર્ભમાં વાસુદેવ આવીને ઉત્પન્ન થાય છે, ત્યારે વાસુદેવની માતાઓ એ ૧૪ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ સાત મહાસ્વપ્નો દેખીને જાગી જાય છે. "बलदेवमायरो वा बलदेवंसि गब्भं वक्कममाणंसि एएसिं चोद्दसण्हं महासुविणाणं अन्नयरे चत्तारि महासुविणे पासित्ताणं पडिबुज्झंति" જ્યારે માતાના ગર્ભમાં બલદેવ આવીને ઉત્પન્ન થાય છે, ત્યારે બલદેવની માતાઓ એ ૧૪ મહાસ્વપ્નો.

માંથી કોઈ ચાર મહાસ્વપ્નો દેખીને જાગી જાય છે. "मंडलियमारो वा मंडलियंसि, गब्भं वक्कममाणंसि एएसिं णं चउद्दसण्हं महासुविणाणं अन्नयरं एगं महासुविणं पासित्ताणं पडिबुज्झंति" અને જ્યારે માંડલિક રાજા માતાના ગર્ભમાં આવીને ઉત્પન્ન થાય છે, ત્યારે તેમની માતાઓ તે ૧૪ મહાસ્વપ્નોમાંથી કોઈ પણ એક મહાસ્વપ્ન દેખીને જાગૃત થાય છે. "इमे य णं देवाणुप्पिया! पभावईए देवीए एगे महासुविणे दिट्ठे" હે દેવાનુપ્રિય! પ્રભાવતીએ સ્વપ્નામાં જે સિંહને જોયો છે, તે એક મહાસ્વપ્ન જ દેખ્યું છે. "तं ओरालेणं देवाणुप्पिया! पभावईए देवीए सुविणे दिट्ठे" તેથી હે દેવાનુપ્રિય! પ્રભાવતી દેવીએ જોયેલું આ સ્વપ્ન ઉદાર (ઉત્તમ) જ છે. "जाव आरोग्ग तुट्ठ जाव मंगल्लकारएणं देवाणुप्पिया! पभावईए देवीए सुविणे दिट्ठे" હે દેવાનુપ્રિય! પ્રભાવતી દેવીએ કલ્યાણકારક, શિવરૂપ, ધન્યરૂપ અને મંગલકારી સ્વપ્ન દેખ્યું છે. તે સ્વપ્ન આપને આરોગ્ય, તુષ્ટિ (સંતોષ) દીર્ઘાયુ આદિ પ્રાપ્ત કરાવશે "अत्थलाभो देवाणुप्पिया! भोगलाभो, पुत्तलाभो, रज्जलाभो, देवाणुप्पिया!" હે દેવાનુપ્રિય! આ સ્વપ્નને પ્રભાવે કરીને આપને અર્થલાભ (ધન આદિ સમૃદ્ધિની પ્રાપ્તિ) થશે, ભોગલાભ થશે, પુત્રલાભ થશે અને રાજ્યલાભ થશે. "एवं खलु देवाणुप्पिया! पभाई देवी नवण्हं मासाणं बहुपडिपुण्णाणं जाव वीतिक्कंताणं तुम्हं कुलकउं जाव पयाहिइ" હે દેવાનુપ્રિય! નવ માસ અને ૭॥ દિવસરાત્રિ વ્યતીત થયા બાદ પ્રભાવતી દેવી એક એવા પુત્રનો જન્મ આપશે કે જે આપના વંશમાં પતાકા સમાન, દીપક સમાન, કુલમાં પર્વતસમાન, કુલાવતંસ સમાન (કુળના ભૂષણ રૂપ) અને કુલતિલક સમાન શોભશે વળી તે કુળની કીર્તિ વધારશે, કુળના યશની વૃદ્ધિ કરશે, કુળના આધાર રૂપ હશે, કુળમાં પાદપ રૂપ (વૃક્ષની જેમ આશ્રય દાતા) અને કુળની દરેક રીતે વૃદ્ધિ કરનારો હશે તે સુકોમળ કર અને ચરણવાળો હશે, પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોવાળો હશે–અંગોની ખોડ વિનાનો હશે, ચન્દ્રમાના જેવી સૌમ્ય તેની આકૃતિ હશે, જે કાન્ત અને પ્રિયદર્શનવાળો તથા દેવકુમારો જેવો સુંદર હશે. "से वि य णं दारए उम्मुक्कबालभावे जाव रज्जवई राजा भविस्सइ, अणगारो वा भावियप्पा" તે કુમાર જ્યારે બાલ્યાવસ્થા પસાર કરીને યૌવનાવસ્થામાં આવશે, ત્યારે તે કાંતો રાજ્યોનો માલિક (રાજા) થશે અથવા તો ભાવિતાત્મા અણગાર થશે. "तं ओरालेणं देवाणुप्पिया! पभावईए देवीए सुविणे दिट्ठे, जाव आरोग्गतुट्ठदीहाउयकल्लाण जाव दिट्ठं" તે કારણે, હે દેવાનુપ્રિય! પ્રભાવતી દેવીએ જે સ્વપ્ન દેખ્યું છે, તે ઉદાર

કુળના આધાર રૂપ હશે, કુળમાં પાદપ રૂપ (વૃક્ષની જેમ આશ્રય દાતા) અને કુળની દરેક રીતે વૃદ્ધિ કરનારો હશે તે સુકોમળ કર અને ચરણવાળો હશે, પરિપૂર્ણ પાંચે ઇન્દ્રિયોવાળો હશે–અંગોની ખોડ વિનાનો હશે, ચન્દ્રમાના જેવી સૌમ્ય તેની આકૃતિ હશે, જે કાન્ત અને પ્રિયદર્શનવાળો તથા દેવકુમારો જેવો સુંદર હશે. "से वि य णं दारए उम्मुक्कबालभावे जाव रज्जवई राजा भविस्सइ, अणगारो वा भावियप्पा" તે કુમાર જ્યારે બાલ્યાવસ્થા પસાર કરીને યૌવનાવસ્થામાં આવશે, ત્યારે તે કાંતો રાજ્યોનો માલિક (રાજા) થશે અથવા તો ભાવિતાત્મા અણગાર થશે. "तं ओरालेणं देवाणुप्पिया! पभावईए देवीए सुविणे दिट्ठे, जाव आरोग्गतुट्ठदीहाउयकल्लाण जाव दिट्ठं" તે કારણે, હે દેવાનુપ્રિય! પ્રભાવતી દેવીએ જે સ્વપ્ન દેખ્યું છે, તે ઉદાર (ઉત્તમ), કલ્યાણકારક, શિવરૂપ, ધન્ય, મંગલકારક અને આરોગ્યદાયક, તુષ્ટિદાયક, કલ્યાણકારક અને મંગલકારક છે.

"तएणं से बले राया सुविणलक्खणपाढगाणं अंतिए एयमट्ठं सोच्चा, निसम्म हट्ठतुट्ठ करयल जाव कट्टु ते सुविणलक्खणपाढगे एवं वयासी" સ્વપ્નલક્ષણ પાઠકોના મુખેથી આ પ્રકારની વાત સાંભળીને તથા તેને હૃદયમાં ધારણ કરીને બલરાજાને ઘણો જ હર્ષ થયો, તેનું ચિત્ત સંતોષથી ભરાઇ ગયું. એજ વખતે તેણે બન્ને હાથ જોડીને સ્વપ્નનું ફલ બતાવનાર તે સ્વપ્ન પાઠકોને આ પ્રમાણે કહ્યું—"एवमेयं देवाणुप्पिया! जाव से जहेयं तुब्भे वदह, त्ति कट्टु तं सुविणं सम्मं पडिच्छइ" હે દેવાનુપ્રિયો! આપની વાત ખરી છે. આપના કહ્યા અનુસાર જ આ સ્વપ્નનું ફલ પ્રાપ્ત થશે, એવી મને ખાતરી છે. આ પ્રમાણે કહીને તેમણે સ્વપ્નલક્ષણપાઠકો દ્વારા બતાવવામાં આવેલા સ્વપ્નફળનો સ્વીકાર કર્યો. "पडिच्छित्ता सुविणलक्खणपाढए विउलेणं असणपाणखाइमसाइमपुप्फवत्थगंधमल्लालंकारेणं सक्कारेइ, संमाणेइ" સ્વપ્નફળનો સ્વીકાર કરીને તેણે વિપુલ અશન, પાન, ખાદિમ અને સ્વાદિમરૂપ ચારે પ્રકારના આહારથી તથા પુષ્પ, વસ્ત્ર, ગંધ માળા અને અલંકારોથી તેમનો સત્કાર કર્યો અને તેમનું સન્માન કર્યું. "सक्कारेत्ता संमाणेत्ता, विउलं जीवियारिहं पीइदाणं दलयइ, दलयित्ता पडिविसज्जेइ, पडिविसज्जेत्ता सीहासणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठेत्ता जेणेव पभावई देवी, तेणेव उवागच्छइ" સત્કાર અને સન્માન કરીને તેણે તેમને જીવિકાને લાયક પ્રીતિદાન અપાવ્યું. તે દાન દ્વારા પોતાની પ્રસન્નતા વ્યક્ત કરી તેણે તેમને વિદાય કર્યા ત્યાર બાદ તે સિંહાસન પરથી ઉઠીને પ્રભાવતી દેવીની પાસે ગયો. "उवागच्छित्ता पभावईं देविं ताहिं इट्ठाहिं कंताहिं जाव संलवमाणे संलवमाणे एवं वयासी" ત્યાં

જઈને ઇષ્ટ, કાન્ત, કલ્યાણરૂપ, પ્રિય, ધન્ય, મંગળકારક, સશ્રીક, મિત અને મધુર વાણીનો ઉચ્ચાર કરતાં કરતાં તેણે પ્રભાવતી દેવીને આ પ્રમાણે કહ્યું–" एवं खलु देवाणुप्पिया ! सुविणसत्थंसि बायालीसं सुविणा तीसं महासुविणा बावत्तरि सव्वसुविणा दिट्ठा " હે દેવાનુપ્રિયે ! સ્વપ્નશાસ્ત્રમાં કુલ ૭૨ સ્વપ્નાં કહ્યાં છે. તેમાંથી ૪૨ સાધારણ સ્વપ્નાં ગણાય છે અને ૩૦ મહાસ્વપ્નાં ગણાય છે. " तत्थ णं देवाणुप्पिए ! तित्थगरमायरो वा चक्कवट्टिमायरो वा, तंचेव जाव अन्नयरं एगं महासुविणं पासित्ताणं पडिबुज्झंति " " હે દેવાનુપ્રિયે ! જ્યારે તીર્થંકર અથવા ચક્રવર્તી રાજા ગર્ભમાં આવે છે ત્યારે તેમની માતાઓ તે ૩૦ મહા-સ્વપ્નોમાંથી કોઈ પણ ૧૪ મહાસ્વપ્નાં જોઈને જાગી જાય છે. " આ કથનથી શરૂ કરીને " જ્યારે માંડલિક રાજા ગર્ભમાં આવે છે, ત્યારે તેની માતા કોઈ એક મહાસ્વપ્ન જોઈને જાગી જાગી જાય છે, " આ કથન પર્યન્તનું સમસ્ત પૂર્વોક્ત કથન અહીં " जाव (यावत्) પદથી ગ્રહણ કરવામાં આવ્યું છે. " इमे य णं तुमे देवाणुप्पिए ! एगे महासुविणे दिट्ठे " હે દેવાનુપ્રિયે ! તમે ૩૦ મહાસ્વપ્નોમાંનું આ એક મહાસ્વપ્ન દેખ્યું છે. અને તે " ओरालेणं तुमे देवी सुविणे दिट्ठे जाव रज्जवई राया भविस्सइ " હે દેવાનુપ્રિયે ! તમે ઉદારાદિ વિશેષણોથી યુક્ત સ્વપ્ન દેખ્યું છે. સ્વપ્નલક્ષણ પાઠકોએ તેનું એવું શુભ ફળ કહ્યું છે કે–નવ માસ અને ૭॥ દિવસરાત્રિ વ્યતીત થતાં તમે દેવોના સમાન કાન્તિવાળા પુત્રનો જન્મ આપશો. (તે પુત્ર કેવો હશે તે પહેલાં બતાવવામાં આવ્યું છે, તો તે પૂર્વોક્ત સમસ્ત વર્ણન અહીં ગ્રહણ કરવું જોઈએ.) તે પુત્ર જ્યારે બાલ્યાવસ્થા પસાર કરીને યુવાવસ્થા પ્રાપ્ત કરશે, ત્યારે કાં તો રાજા થશે અને "अणगारे वा भावियप्पा" કા તો ભાવિતાત્મા અણગાર બનશે.

" तं ओरालेणं तुमे देवी ! सुविणे दिट्ठे, जाव दिट्ठे तिकट्टु पभावईं देविं ताहिं इट्ठाहिं कंताहिं जाव दोच्चंपि, तच्चंपि अणुबूहइ " અત્યંત હર્ષથી જેનું હૃદય નાચી ઉઠયું હતું એવા બલરાજાએ બીજી વાર અને ત્રીજી વાર પણ ઇષ્ટ, કાન્ત, પ્રિય આદિ વિશેષણો વાળી વાણીથી પ્રભાવતી રાણીને આ પ્રમાણે કહ્યું–" હે દેવી ! તમે ઉત્તમ સ્વપ્ન દેખ્યું છે. હે દેવી ! કલ્યાણ-કારક, ધન્ય, મંગલકારી, અને સશ્રીક સ્વપ્ન દેખ્યું છે હે દેવી ! તમે આરોગ્ય, તુષ્ટિ, દીર્ઘાયુષ્ય, કલ્યાણ અને મંગલકારક સ્વપ્ન દેખ્યું છે. આવી વાણી દ્વારા તેણે પ્રભાવતી દેવીની વારંવાર પ્રશંસા કરી અને તેને વધાવી. " तएणं सा पभावई देवी बलस्स रण्णो अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ करयल जाव एवं वयासी " પોતાના પતિ બલરાજના મુખથી આ પ્રકારનાં વચનો સાંભળીને અને તેને હૃદયમાં ધારણ કરીને પ્રભાવતીને અત્યંત હર્ષ અને સંતોષ થયો. પુલકિત હૃદયે બન્ને હાથ જોડીને તેણે બલરાજાને આ પ્રમાણે કહ્યું–

"एयमेयं देवाणुप्पिया ! जाव तं सुविणं सम्मं पडिच्छइ" હે દેવાનુપ્રિયા આપની વાત ખરી છે. આપના કહ્યા અનુસાર જ આ સ્વપ્નનું ફળ પ્રાપ્ત થશે. આ પ્રકારનાં વચનો દ્વારા તેમનાં વચનોમાં પોતાની અપાર શ્રદ્ધા વ્યક્ત કરીને તેણે બલરાજાની વાતનો સ્વીકાર કર્યો–"पडिच्छित्ता बलेण रन्ना अब्भणुन्नाया समाणी नाणामणिरयणभत्तिचित्त जाव अब्भुट्ठेइ" ત્યાર બાદ બલરાજાની અનુમતિ લઈને, વિવિધ રત્નો અને મણિઓની કારીગરીથી યુક્ત, ચિત્રવાળા ભદ્રાસન ઉપરથી તે ઊભી થઈ, "अतुरियमचवल जाव गइए जेणेव सए भवणे तेणेव उवागच्छइ" અને અત્વરિત, અચપલ અને અસંભ્રાંત ચાલથી ચાલીને (હંસના જેવી ગતિથી ચાલીને) તે પોતાના ભવન તરફ આગળ વધી. "उवागच्छित्ता सयं भवणमणुपविट्ठा" પોતાના ભવન પાસે પહોંચીને તેણે તેમાં પ્રવેશ કર્યો. ॥સૂ૦૬॥

"तएणं सा पभावई देवी ण्हाया" ઇત્યાદિ.

ટીકાર્થ–"तएणं सा पभावईदेवी ण्हाया कयबलिकम्मा जाव सव्वालंकारविभूसिया" ત્યાર બાદ પ્રભાવતી રાણીએ સ્નાન કર્યું, વાયસાદિને (કાકડા) વિગેરે માટે અન્નનો અલગ ભાગ કાઢવા રૂપ બલિકર્મ કર્યું અને કૌતુકમંગળ, પ્રાયશ્ચિત આદિ વિધિ પતાવી. પછી તેણે સમસ્ત અલંકારોથી પોતાના શરીરને વિભૂષિત કર્યું. "तं गब्भं णाइ सीएहिं, णाइ उण्हेहिं, णाइतित्तेहिं, नाइ कडुएहिं, नाइकसाएहिं, नाइ अंबिलेहिं, नाइमहुरेहिं" ત્યારથી તેણે કેવા આહારનું સેવન કરવા માંડયું તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે-અધિક ઠંડો ન હોય અધિક ગરમ ન હોય, અધિક તીખોતમતમતો ન હોય, અધિક કડવો ન હોય, અધિક તુરો ન હોય, અધિક ખાટો ન હોય અને અધિક મીઠો ન હોય એવો તથા ઋતુને અનુકૂળ તથા ખાવામાં સુખકારક હોય એવો જ આહાર તે લેતી હતી. આ પ્રકારના ઉચિત આહાર, આચ્છાદનો, ગંધ અને માલાઓથી તે ગર્ભનું તે સંરક્ષણ કરવા લાગી. વળી તે "जं तस्स गब्भस्स हियं मियं पत्थं गब्भपसणं तं देसे य कालेय आहारं आहारेमाणी" ગર્ભને માટે હિત, મિત અને પથ્યકારક અને ગર્ભપોષક એવા અન્ય આહારોનું પણ દેશકાળ અનુસાર ઉચિત સમયે સેવન કરવા લાગી. "विचित्त मउएहिं सयणासणेहिं पइरिक्कसुहाए मणोणुकूलाए विहारभूमीए' તે દોષરહિત અને કોમળ આસનો પર મનોનુકૂલ ઉચિત સ્થાને બેસતી હતી, તે શયનાસનો સુખકારક જ હત અથવા શુભ હતાં એટલે કે તે આસનો બિલ્કુલ સુખકારક જ હતાં અને મનને ગમે તેવાં હતાં. "पसत्थदोहला" ગર્ભાવસ્થામાં તેને જે દોહલો (દોહદ) ઉત્પન્ન થયો હતો તે પ્રશસ્ત હતો. "संपुण्णदोहला" તેનો જે દોહદ (અભિલાષા) ઉત્પન્ન થતો હતો–અભિલષિત વસ્તુ મળી જવાથી તેનો દોહલો સંપૂર્ણ થતો હતો, "संमाणिय दोहला" તેનો દોહલો સમ્માનનીય હતો કારણ કે તેનો અનાદર થતો નહીં, "वोच्छिन्नदोहदा, ववणीयदोहदा, ववगयरोगमोहभयपरित्तासा, तं गब्भं सुहं सुहेणं परिवहइ" તેના દોહદની કોઇ પણ રીતે પૂર્તિ કરવામાં આવતી હતી. તેથી તેના મનોરથ શાન્ત થઈ જતાં હતાં. આ રીતે જેના મનોરથો વ્યવ-

વ્છિન્ન થઈ ગયા છે એવી તેણે રોગ, મોહ, ભય અને પરિત્રાસથી રહિત થઇને સારી રીતે ગર્ભનું વહન કર્યું. "तएणं सा पभावई देवी नवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाणराइंदियाणं वीइक्कंताणं" આ રીતે નવ માસ અને ૭॥ દિવસ–રાત્રિ વ્યતીત થતાં પ્રભાવતી રાણીએ "सुकुमालपाणिपायं, अहीणपडिपुन्नपंचिंदियसरीरं लक्खणवंजणगुणोववेयं जाव ससिसोमाकारं कंतं पियदंसणं सुरूवं दारयं पयाया" એક સુંદર બાળકનો જન્મ આપ્યો. તે બાલકના હાથ અને પગ સુકોમળ હતાં, તેનું શરીર કોઇ પણ પ્રકારની ખોડ વિનાનું પાંચે ઇન્દ્રિયોથી યુક્ત અને સપ્રમાણ હતું તેના શરીર ઉપર સ્વતિક આદિ ઉત્તમ લક્ષણો અને તલ, મશા આદિ વ્યંજનો હતાં. તે ઉત્તમ ગુણોથી યુક્ત હતો, તે ચન્દ્રમા જેવો સુંદર કમનીય, અને પ્રિયદર્શન અને સૌંદર્યસંપન્ન હતો. "तएणं तीसे पभावईए देवीए अंगपरियारियाओ, पभावईं देविं पसूयं जाणेत्ता जेणेव बले राया तेणेव उवागच्छंति" પ્રભાવતી રાણીએ પુત્રનો જન્મ આપ્યો છે એવા સમાચાર જ્યારે તેની અંગપરિચારિકાઓએ જાણ્યા, ત્યારે તેઓ બલરાજાની પાસે વધામણી આપવાને માટે પહોંચી ગઈ. "उवागच्छित्ता करयल जाव बलं रायं जएणं विजएणं बद्धावेंति" ત્યાં જઇને તેમણે બન્ને હાથ જોડીને રાજાને નમસ્કાર કર્યા અને "બલરાજાનો જય હો, બલરાજાનો વિજય હો," એવાં શબ્દોથી રાજાને વધાવ્યો "बद्धावेत्ता एवं वयासी" વધાવીને તેમણે તેને આ પ્રમાણે કહ્યું—

"एवं खलु देवाणुप्पिया! पभावई० पियट्ठयाए पियं निवेदेमो पियं भे भवउ" હે દેવાનુપ્રિય! ગર્ભ રહ્યાને નવ માસ અને ૭॥ દિનરાત્રિ વ્યતીત થતાં પ્રભાવતી રાણીએ સુકોમળ કર ચરણ આદિ વિશેષણોથી યુક્ત પુત્રનો જન્મ આપ્યો છે. આ ખુશાલીના સમાચાર આપને આપવાને માટે અમે આપની પાસે આવ્યાં છીએ. આ પુત્રજન્મ આપને માટે શુભકારી હો અથવા રાજલક્ષ્મી આદિની વૃદ્ધિરૂપ હો. "तएणं से बले राया अंगपरियारियाणं अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठ जाव धाराहयणीव जाव रोमकूवे ताओ अंगपरियारियाणं मउडवज्जं जहामालियं ओमोयं दलयइ" રાણીની અંગપરિચારિકાઓના મુખે આ ખુશાલીના સમાચાર સાંભળીને તેના હર્ષનો પાર ન રહ્યો. તેને અત્યંત સંતોષ થયો વરસાદની વેગવતી ધારાથી જેમ કદમ્બ પુષ્પ વિકસિત થાય છે તેમ બલરાજાની રોમરાજિ પણ આનંદના અતિરેકને લીધે ખડી થઈ ગઈ–તેણે રોમાંચ અનુભવ્યો. એજ સમયે તેણે તે પરિચારિકાઓને પોતાના મુગટ સિવાયના સઘળાં આભૂષણો બક્ષિસ આપી દીધાં.

(મુગટ રાજચિહ્ન ગણાય છે તેથી તેનો ત્યાગ કરાય નહીં, વળી મુગટ રાજચિહ્નરૂપ હોવાથી તેનું દાન અનુચિત્ત ગણાય છે. માટે મુગટ સિવાયના આભૂષણો અક્ષિપ્ત આપવાની વાત કરી છે.) "दलइत्ता से तं रययामयं विमलसलिलपुण्णं भिंगारं च गिण्हइ" ત્યાર બાદ તેણે ચાંદીની બનાવેલી અને નિર્મળ જલથી ભરેલી શ્વેત ઝારી પોતાના હાથમાં લીધી, "गिण्हित्ता मत्थए धोवेइ" અને તે બધી પરિચારિકાઓનાં મસ્તકને ધોવરાવ્યા. આ ક્રિયા તેમને દાસત્વમાંથી મુક્ત કરવા નિમિત્તે કરવામાં આવી. (એ વખતે એવો રિવાજ હતો કે માલિક પોતે પાણી લઈને દાસ કે દાસીના મસ્તકને ધોવે તો તેમનું દાસત્વ આપોઆપ દૂર થઈ જતું હતું.) "धोवित्ता विउलं जीवियारिहं" पीइदाणं दलयइ મસ્તક ધોવરાવીને તેણે તેમને આજીવિકાને યોગ્ય–જીવનપર્યંત નભે તેવું પ્રીતિદાન દીધું (પ્રસન્નતા દર્શક દાનને પ્રીતિદાન કહે છે.) "दलइत्ता सक्कारेइ, सम्माणेइ" આ પ્રકારે દાન દઈને તેણે તેમનો સત્કાર કર્યો અને સન્માન કર્યું ॥સૂ૦ ૭॥

"तएणं से बलेराया" ઇત્યાદિ–

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં એ વાત પ્રકટ કરી છે કે બલરાજાએ પુત્રજન્મનો મહોત્સવ કેવી રીતે ઉજવ્યો–"तएणं से बलेराया कोडुंबियपुरिसे सद्दावेइ–एवं वयासी" અંગપરિચારિકાઓને (દાસીઓ) વિદાય કર્યા બાદ બલરાજાએ પોતાના કૌટુંબિક પુરુષોને (અનુચરોને) બોલાવીને આ પ્રમાણે આજ્ઞા આપી–"खिप्पामेव भो देवाणुप्पिया! हत्थिणापुरे नयरे चारगसोहणं करेह" હે દેવાનુપ્રિયો! પુત્રજન્મની ખુશાલી નિમિત્તે હસ્તિનાપુર નગરના જે કેદીઓ છે તેમને તુરત જ કારાવાસમાંથી મુક્ત કરો. "करेत्ता माणुम्माणवड्ढणं करेह" ત્યાર બાદ ૧૦ દિવસ માટે માન અને ઉન્માનની વૃદ્ધિ કરાવી દો એટલે કે વસ્તુના વજનમાં–તોલમાપમાં વૃદ્ધિ કરાવિ દો તેલ આદિ રૂપ પદાર્થોના અને અનાજ આદિના માપના સાધનનું નામ માન છે અને ત્રાજવારૂપ ઉર્ધ્વમાનનું નામ ઉન્માન છે. કહેવાનો ભાવાર્થ એ છે કે દસદિવસ પર્યન્ત પુત્રજન્મના ઉત્સવ નિમિત્તે દરેક ચીજ સોંઘી વેચવાની જાહેરાત કરી દો. "करेत्ता हत्थिणापुरं नगरं सब्भिंतरबाहिरियं आसियसंमज्जिओवलित्तं जाव करेह कारवेह" ત્યાર બાદ હસ્તિનાપુર નગરની બહારના અને અંદરના ભાગોને ખૂબ સાફ કરાવો, તેને સાફ કરાવીને રસ્તાઓ પર સુગંધિત પાણી છંટાવો અને છાણ આદિ વડે લીંપીગૂંપીને તેને શણગારો અહીં "जाव

यावत् " પદથી " पुष्पमाल्यतोरणादिना सुसज्जितं कुरुत कारयत " શહેરને ફૂલની માળાઓ, તોરણો, ધ્વજા, પતાકા આદિથી સુસજ્જિત કરવાની આજ્ઞા આપવામાં આવી છે. આ બધી સજાવટ તમે જાતે કરો અને અન્યની પાસે કરાવો. " करेत्ता कारवेत्ता जूहसहस्सं वा चक्कसहस्सं वा, पूयामहामहिमसक्कारं वा उस्सवेह, उस्सवेत्ता ममेयमाणत्तियं पच्चप्पिणह " આ પ્રમાણે શહેરને સુસજ્જિત કરીને સમસ્ત યૂપોની (યુગોની), અને સઘળાં ચક્રોની પૂજા કરો, મહાપુરુષોના ગુણોનું કીર્તન કરો, અને સાધુ આદિને વસ્ત્રાદિકોનું દાન દઈને તેમનો સત્કાર કરો. મારી આજ્ઞા પ્રમાણે કરીને મને ખબર આપો. " तएणं ते कोडुंबियपुरिसा बलेणं रण्णा एवं वुत्ता समाणा जाव पच्चप्पिणंति " બલરાજાનો આ પ્રકારનો આદેશ સાંભળીને તે આજ્ઞાકારી પુરુષોએ હસ્તિનાપુર નગરને વાળીઝૂડીને સાફ કરાવ્યું, તેના માર્ગો પર સુગંધિત જળ છંટાવ્યું, છાણ આદિથી તેને લીંપાવ્યું ગૂંપાવ્યું, રાજાની આજ્ઞાનું પૂરેપૂરું પાલન કરીને તેમણે બલરાજાને ખબર આપી કે આપની આજ્ઞાનુસાર બધું કરવામાં આવ્યું છે. " तएणं से बले राया जेणेव अट्टणसाला, तेणेव उवागच्छइ " ત્યાર બાદ તે બલરાજા વ્યાયામ શાળામાં ગયા. " उवागच्छित्ता तं चेव जाव मज्जणघराओ पडिनिक्खमइ " ત્યાં જઈને તેમણે ગુણનિકા, વલાન કુસ્તી આદિ વ્યાયામના દાવ કર્યા ત્યાર બાદ તેઓ સ્નાનગૃહમાં ગયા. ત્યાં જઈને તેમણે સ્નાન કર્યું. તે સ્નાનવિધિનું વર્ણન અન્ય શાસ્ત્રો દ્વારા જાણી લેવું. હવે સ્નાનગૃહનું વર્ણન કરવામાં આવે છે–" जलाभिरमणीये, विचित्रमणिरत्नकुट्टिमतले, रमणीये स्नानमण्डपे नानामणिरत्नभक्तिचित्रे स्नानपीठे सुखपूर्वकं निषण्णः ततः स्नानादिकं विधाय चन्दनानुलिप्तगात्रः शरीरः सन् मज्जनगृहात् प्रतिनिष्क्राम्यति" સ્નાન કરવાનું સ્થાન જળથી ભરેલું હોવાને કારણે અતિશય રમણીય હતું. સ્નાનગૃહનું ભોંયતળીયું વિચિત્ર મણિ અને રત્નોથી જડિત હતું ત્યાં એક સ્નાનપીઠ (નાવાનો બાજોઠ) પણ હતું જે વિવિધ પ્રકારના મણિ અને રત્નોથી આલેખાયેલાં ચિત્રોથી યુક્ત હતું. તે સ્નાનપીઠ પર બેસીને બલરાજાએ ઘણાં જ આનંદપૂર્વક સ્નાન કર્યું. સ્નાન કરીને તેમણે પોતાના શરીર પર ચંદનનો લેપ કર્યો. આ રીતે સ્નાનવિધિ પતાવીને તેઓ સ્નાનગૃહમાંથી બહારનીકળ્યા. " पडिनिक्खमित्ता उस्सुक्कं, उक्करं, उक्किट्ठं, अदिज्जं, अमिज्जं, अभडप्पवेसं अदंडकोदंडिमं अधरिमं, गणियावरनाडइज्जकलियं, अणेग तालाचराणुचरियं अणुद्धूयमुइंगं, अमिलायमल्लदामं, पमुइपक्कीलियं सपुरजणजा-

णवयं दसदिवसं ठिइवडियं करेइ" त्यार બાદ તેણે નગરવાસીઓ અને ગ્રામ-વાસીઓ સાથે મળીને દશ દિવસ સુધી પુત્રજન્મનો ઉત્સવ ઉજવ્યો આ ઉત્સવ દરમિયાન તેણે કર લેવાનો બંધ કરી દીધો–ગાય આદિ પર જે કર લેવામાં આવતો હતો તે દસ દિવસને માટે માફ કરી નાખવામાં આવ્યો. આ ઉત્સવ કર્ષણથી (રાજ્ય દ્વારા કર આદિ રૂપે ખેંચાતી રકમથી) રહિત હતો, વિક્રયનો નિષેધ થઇ જવાથી દેવા યોગ્ય વસ્તુથી રહિત હતો, માપવા યોગ્ય વસ્તુથી રહિત હતો, સુભટના પ્રવેશથી રહિત હતો એટલે કે રાજદંડથી વિહીન હતો. આ ઉત્સવ દરમિયાન દંડ માફ કરવામાં આવ્યો હતો. દંડ દ્વારા પ્રાપ્ત થતી રકમને અહીં દંડ પદથી ગ્રહણ કરવામાં આવી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે અપરાધી પાસેથી દંડ રૂપે જે પૈસા લેવામાં આવે છે તે લેવાનું પણ દસ દિવસને માટે બંધ કરી નાખવામાં આવ્યું હતું. એજ પ્રમાણે કાર્યકારી અધિકારીઓની ભૂલને કારણે મોટા અપરાધમાં પણ ભૂલથી કરાયેલ નાના દંડને અહીં 'કુદંડ' પદથી ગ્રહણ કરવામાં આવેલ છે. તે પ્રકારનો કુદંડ પણ માફ કરી નાખવામાં આવ્યો હતો. રાજ્યનું પ્રજા પાસેનું લેણું પણ માફ કરી નાખવામાં આવ્યું હતું. એટલે તેની વસુલાત જ કરવામાં આવતી ન હતી. ઉત્તમ નટો અને ઉત્તમ ઉત્તમ ગણિકાઓ પાસે શ્રેષ્ઠ નાટકો ભજવવામાં આવતાં હતાં. અનેક પ્રેક્ષકો આ ઉત્સવ દેખવા આવતા હતા. નિરંતર મૃદંગોનો ધ્વનિ ચાલ્યા કરતો હતો, તાજાં તાજાં પુષ્પોની માલાઓથી ઘણી જ સુંદર મહેક વ્યાપી જતી હતી.. આ ઉત્સવને લીધે દરેક માણસ આનંદમગ્ન લાગતા હતા અને ક્રીડારસમાં તરબોળ જણાતા હતા. પુત્રજન્મના મહોત્સવ પ્રક્રિયાને અહીં 'સ્થિતિપતિતા' પદથી ગ્રહણ કરાયેલ છે, કારણ કે તે કુલ અથવા લોકની મર્યાદામાં પતિત થાય છે એટલે કે કુલ અને લોકની મર્યાદાનુસાર જ તે કરવામાં આવે છે.

"तएणं से बले राया दसाहियाए ठिइवडियाए, वट्टमाणीए" આ રીતે દસ દિવસ સુધી ચાલુ રહેલા આ પુત્રજન્મોત્સવમાં "सईए य, साहस्सिए य, सयसाहस्सिए य जाए य, दाए य, भाए य, दलमाणे य, दवावेमाणे य" સેંકડો રૂપીઆ દ્વારા કરવા યોગ્ય, હજારો રૂપીઆ દ્વારા કરવા યોગ્ય, અને લાખો રૂપીઆ દ્વારા કરવા યોગ્ય સત્કારવિશેષો પોતે કર્યાં અને અન્યની પાસે કરાવ્યાં, પોતે દાન દીધાં અને અન્યની પાસે દાન દેવરાવ્યાં, તથા વિવક્ષિત (અમુક) દ્રવ્યાંશો પોતે આપ્યાં અને અન્યની પાસે અપાવ્યાં. "सएय साहस्सिए य सयसाहस्सिए य लंभे, पडिच्छेमाणे, पडिच्छावेमाणे एवं विहरइ" તથા આ પુત્રજન્મોત્સવ દરમિયાન બલરાજાએ સેંકડો રૂપીઆના, હજારો રૂપીઆના લાખો રૂપીઆના લાભોનો સ્વયં સ્વીકાર કર્યો અને અન્યને પણ એ પ્રકારનો લાભ પ્રાપ્ત કરાવ્યો. આ રીતે દસ દિવસ માટે પૂરેપૂરા આનંદ અને ઠાઠમાઠથી પુત્રજન્મોત્સવ ઉજવવામાં આવ્યો. આ ઉત્સવના "तस्स

दारगस्स अम्मापियरो पढमे दिवसे ठिइवडियं करेंति" પ્રથમ દિવસે તે બાલકના માતાપિતાએ પુત્રજન્મમહોત્સવની પ્રક્રિયા કરી. "तइए दिवसे चंदसूरदंसणं करेंति" ત્રીજે દિવસે ચન્દ્રસૂર્યદર્શન નામના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. "छट्ठे दिवसे जागरियं करेंति" છઠ્ઠે દિવસે રાત્રિજાગરણરૂપ મહોત્સવ કરવામાં આવ્યો. "एक्कारसमे दिवसे वीइक्कंते निव्वत्ते असुइजायकम्मकरणे" અગિયારમો દિવસ જ્યારે વ્યતીત થઈ ગયો અને અશુચિ જાતકર્મો (સૂતક) પણ જ્યારે પતાવી નાખવામાં આવ્યાં, ત્યારે "बारसाहे दिवसे संपत्ते" બારમે દિવસે તે બાલકના માતાપિતાએ "विउलं असणं पाणं खाइमं उवक्खडावेंति" એક મોટો ભોજનસમારંભ યોજ્યો. તે ભોજનસમારંભમાં પીરસવાને માટે અશન પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચારે પ્રકારના આહાર ઘણા જ મોટા પ્રમાણમાં તૈયાર કરાવવામાં આવ્યા. "उवक्खडावेत्ता जहा सिवो जाव खत्तिए य आमंतेंति" અગિયારમાં શતકના નવમાં ઉદ્દેશામાં શિવરાજાએ દીક્ષા પહેલાં પોતાના સગાંસંબંધીને જમવાનું જે આમંત્રણ આપેલું તેના જેવું જ વર્ણન અહીં પણ સમજવું. એટલે કે બલ રાજા અને પ્રભાવતી રાણીએ પોતાના મિત્રો, જ્ઞાતિજનો, કુટુંબીઓ, રાજાઓ અને ક્ષત્રિયોને જમવા આવવાનું આમંત્રણ આપ્યું. "आमंतेत्ता तओ पच्छा ण्हाया कयबलिकम्मा तं चेव जाव सक्कारेंति, संमाणेंति" ત્યાર બાદ તેણે સ્નાનવિધિ આદિ પતાવીને વાયસાદિને માટે અન્નનો અલગભાગ કાઢવા રૂપ બલિકર્મ કર્યું, કૌતુક અને મંગલ કર્યાં અને દુઃસ્વપ્નના નિવારણ નિમિત્તે પ્રાયશ્ચિત્ત કર્મ કર્યાં. ત્યાર બાદ તેણે બહુ મૂલ્યવાન પણ અલ્પભારવાળાં અલંકારો ધારણ કર્યાં. બાકીનું સમસ્ત વર્ણન શિવ રાજાએ કરેલા ભોજનસમારંભના વર્ણન પ્રમાણે સમજવું. "તેણે ત્યાં પધારેલા રાજાઓ અને ક્ષત્રિઓ આદિનો સત્કાર કર્યો અને સન્માન કર્યું." આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. "सक्कारेत्ता, सम्माणेत्ता तस्सेव मित्तणाइ जाव राईण य खत्तियाण य पुरओ" તેમનો સત્કાર અને સન્માન કરીને તેમણે એજ મિત્રો, જ્ઞાતિજનો, સ્વજનો, સંબંધી, પરિજનો, રાજાઓ અને ક્ષત્રિયોની સમક્ષ જ "अज्जयपज्जयपिउपज्जयागयं बहुपुरिसपरंपरपरूढं कुलाणुरूवं कुलसरिसं कुलसंताणतंतुवद्धणकरं अयमेयारूवं गोन्नं गुणनिप्फन्नं नामधेज्जं करेंति" આર્ય (પિતા), પ્રાર્યક (પિતામહ), પિતૃપ્રાર્યક (પ્રપિતામહ) એટલે કે પિતા આદિ ત્રણ પુરુષાનુગત, અને તે કારણે બહુપુરુષ પરમ્પરાપ્રરૂઢ, કુલાનુરૂપ (કુલોચિત), બલિષ્ઠ પુરુષોનું કુલ હોવાથી તે કુલને માટે શોભારૂપદ અને કુલસન્તાનરૂપ તંતુની વૃદ્ધિ કરનારું એવું (વંશવેલાની વૃદ્ધિ કરનારું) આ ગુણનિષ્પન્ન નામ રાખ્યું–"जम्हाणं अम्हं इमे दारए बलस्स रण्णो पुत्ते, पभावईए देवीए अत्तए, तं होउणं अम्हं एयस्स दारगस्स नामधेज्जं महाबले" આ બાલક બલ રાજાનો પુત્ર છે અને પ્રભાવતી રાણીની કૂખે ઉત્પન્ન થયેલો

છે, તેથી તેનું નામ "મહાબલ" પાડવું જોઈએ. "तएणं तस्स दारगस्स अम्मापियरो नामधेज्जं करेंति महब्बले त्ति" આ રીતે બાલકનું "મહાબલ" એવું ગુણાનુરૂપ નામ પાડવામાં આવ્યું. "महब्बले दारए पंचधाइपरिग्गहिए" હવે તે મહાબલ કુમાર પાંચ ધાવમાતાઓની દેખરેખ નીચે ઉછરવા લાગ્યો. "तंजहा" તે પાંચ ધાવમાતાઓ આ પ્રમાણે સમજવી–

खीरधाईए एवं जहा दढपइन्ने जाव निवाय० निव्वाघायंसि सुहं सुहेणं परिवड्ढइ" (૧) ક્ષીરધાત્રી–દુગ્ધપાન કરાવનારી, (૨) મજ્જનધાત્રી–સ્નાન કરાવનારી, (૩) મંડનધાત્રી–અલંકાર આદિ પહેરાવનારી, (૪) ક્રીડનધાત્રી સાથે ખેલનારી–બાલકને રમાડનારી માતા, (૫) અંકધાત્રી–બાળકને ખોળામાં લેનારી ધાત્રી. આ રીતે આ પાંચ ધાત્રીઓ દ્વારા દૃઢપ્રતિજ્ઞની જેમ મહાબલ કુમારનું લાલનપાલન થવા માંડ્યું. ગિરિકન્દરા જેવા વાયુરહિત પ્રદેશમાં જેમ ચમ્પકલતા વૃદ્ધિ પામે છે. તેમ મહાબલ કુમાર અત્યંત સુખપૂર્વક મોટો થવા લાગ્યો. "तएणं तस्स महब्बलस्स दारगस्स अम्मापियरो आणुपुव्वेणं ठिइवडियं वा चंदसूरदंसावडियं वा, जागरियं वा, नामकरणं वा, परंगामणं वा, पयचंकमणं वा, जेमावणं वा, पिंडवड्ढणं वा, कण्णवेहणं वा, संवच्छरपडिलेहणं वा, चोलोयणगं वा, उवनयणं वा" આ રીતે મહાબલ કુમારના માતાપિતાએ અનુક્રમે નીચેના આનંદમહોત્સવો ઉજવ્યા–(૧) પુત્રજન્મ મહોત્સવ પ્રક્રિયા, (૨) ચન્દ્રસૂર્યદર્શન રૂપ મહોત્સવ, (૩) છઠ્ઠીના રાત્રિજાગરણ રૂપ મહોત્સવ, (૪) નામકરણ રૂપ મહોત્સવ, (૫) જમીન પર સરકતા શીખવાની ખુશાલીનો મહોત્સવ, (૬) પગે ચાલતા શીખવાની ખુશાલીનો મહોત્સવ, (૭) અન્નપ્રાશન રૂપ મહોત્સવ, (૮) ઉત્તરોત્તર કવલાદિક ગ્રહણ કરાવવારૂપ મહોત્સવ, (૯) ભાષા શીખવા રૂપ મહોત્સવ, (૧૦) કર્ણવેધન રૂપ મહોત્સવ, (૧૧) વર્ષગાંઠ ઉજવવાનો મહોત્સવ, (૧૨) ચૂડાકર્મ રૂપ મહોત્સવ. અને (૧૩) વિદ્યા, કલા આદિ શીખવા માટે ગુરુને ત્યાં જવાનો મહોત્સવ, તથા એજ પ્રકારના બીજા પણ અનેક ગર્ભાધાન સંબંધી તથા જન્માદિ સંબંધી કુતૂહલ, અને આનંદજનક ખાસ મહોત્સવો કર્યા.

"तएणं तं महब्बलं कुमारं अम्मापियरो सातिरेगट्ठवासगं जाणित्ता सोभणंसि तिहिकरणमुहुत्तंसि एवं जहा दढप्पइन्नो जाव अलं भोगसमत्थे जाएयावि होत्था" ત્યાર બાદ જ્યારે મહાબલ કુમારે આઠ વર્ષની ઉમર પસાર કરી, ત્યારે તેના માતાપિતાએ તેને દૃઢપ્રતિજ્ઞની જેમ કલાચાર્યની પાસે કલાધ્યયન કરવાને માટે મોકલ્યો. "તે પરિપૂર્ણ ભોગયોગ્ય ઉમરે પહોંચી ગયો," ત્યાં સુધીનું સમસ્ત કથન દૃઢપ્રતિજ્ઞના કથન અનુસર સમજવું. "तएणं तं महब्बलं कुमारं उम्मुक्कबालभावं जाव अलंभोगसमत्थं विजाणिता अम्मापियरो अट्ठपासायवडेंसए करेंति" જ્યારે મહાબલકુમાર

બાલ્યાવસ્થા પૂરી કરીને યુવાવસ્થાએ પહોંચ્યો અને કલાવિજ્ઞ થયો ત્યારે માતાપિતાને એવું લાગ્યું કે હવે "મહાબલ કુમાર પર્યાપ્ત રૂપે ભોગ ભોગવવાને સમર્થ થયો છે." તેથી તેમણે તેને માટે આઠ ઉત્તમ પ્રાસાદો (મહેલો) બંધાવ્યા. "करेत्ता अब्भुग्गयमूसियपहसिए इव वण्णओ जहा रायप्पसेणइज्जे जाव पडिरूवे" તે આઠે મહેલ ઘણા ઊંચા–ગગનચુંબી હતા. શુભ્રપ્રભાપટલથી પ્રકાશિત થયા કરતા હોવાને લીધે એવું લાગતું હતું કે તે પ્રાસાદો જાણે કે હસી રહ્યા હતાં. રાજપ્રશ્નીય સૂત્રમાં પ્રાસાદોનું જેવું વર્ણન અહીં પણ તે આઠે પ્રાસાદો વિષે સમજી લેવું. "પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ (અત્યન્ત મનોહર) એવા આઠ પ્રાસાદો બંધાવવામાં આવ્યા," આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ. "तेसिं णं पासायवडेंसगाणं बहुमज्झदेसभागे एत्थणं महेगं भवणं करेंति" તે આઠ પ્રાસાદોની બરાબર વચ્ચે તેમણે બીજું એક બહુ જ વિશાળ ભવન ચણાવ્યું જે "अणेगखंभसयसंनिविट्ठं, वण्णओ, जहा रायप्पसेणइज्जे, पेच्छाघरमंडवंसि जाव पडिरूवे" તે સેંકડો સ્તંભોવાળું હતું રાજપ્રશ્નીય સૂત્રમાં "પ્રેક્ષાગૃહમંડપે" ઇત્યાદિ વર્ણન પર્યન્તનું સમસ્ત વર્ણન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. તે ભવન પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ અને ઘણું જ મનોહર હતું, ઇત્યાદિ કથન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ ॥સૂ૦૭॥

–મહાબલના વિવાહની વક્તવ્યતા

"तएणं तं" ઇત્યાદિ

ટીકાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે મહાબલ કુમારના વિવાહ આદિનું વર્ણન કર્યું છે "तएणं तं महब्बलं कुमारं अम्मापियरो अन्नया कयावि सोभणंसि तिहिकरणदिवसनक्खत्तमुहुत्तंसि" ત્યાર બાદ યોગ્ય સમયે મહાબલ કુમારના માતાપિતાએ શુભ તિથિમાં, શુભ દિવસે, શુભ કરણમાં, શુભ નક્ષત્રમાં અને શુભ મુહૂર્તમાં મહાબલ કુમારના લગ્ન કર્યા. વિવાહ થયા પહેલાં મહાબલ કુમારને સ્નાન કરાવવામાં આવ્યું, સ્નાનવિધિ પતાવીને તેણે કાગડા વિગેરેને અન્ન પ્રદાન કરવા રૂપ બલિકર્મ કર્યું. રક્ષા, દુઃસ્વપ્નનિવારણ આદિ નિમિત્તે તેણે કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત વિધિ કરી. ત્યાર બાદ તેના શરીરને સમસ્ત અલંકારોથી વિભૂષિત કરવામાં આવ્યું. "पमक्खणगण्हाणगीयवाइयपसाहट्ठंगतिलगकंकणअविहववहुउवणीयं" ત્યાર બાદ સૌભાગ્યવતી સ્ત્રીઓએ મહાબલકુમારને ઉપટન કર્યું (ચણાનો લોટ અને સુગંધિત દ્રવ્ય શરીરે ચોળવાની ક્રિયાને ઉપટન કહે છે), ઉપટન કરીને જળથી તેનો અભિષેક કરવામાં આવ્યો. ત્યારબાદ તેમણે વિવાહનાં ગીત ગાયાં, ઢોલક આદિ વાજિંત્રો વગડાવ્યા. ત્યારબાદ વિવાહને સમયે પહેરાવવા યોગ્ય આભૂષણો તેને પહેરાવવામાં આવ્યાં. તેના આઠે અંગો પર ચાંલ્લા કરવામાં આવ્યા અને તેના કાંડે લાલ દોરાવાળું કંકણ બાંધવામાં આવ્યું. "मंगलसुजंपिएहिय

वरकोउयमंगलोवयारकयसंतिकम्मं" ત્યાર બાદ મંગળ ગીતો ગાવામાં આવ્યાં, આશીર્વાદ ના વચનો બોલવામાં આવ્યાં, આંખમાં કાજલ આંજવા રૂપ અને કાજલ ચાંલ્લા કરવા રૂપ કૌતુકવિધિ અને મસ્તક પરથી સરસવ ઉતારવા રૂપ મંગલવિધિ કરીને બલરાજ કુમારને નિમિત્તે શાન્તિકર્મ કરવામાં આવ્યું. "सरिसयाणं, सरित्तयाणं, सरिसव्वयाणं, सरिसलावण्णरूवजोव्वणगुणोववेयाणं" આ રીતે લગ્ન પહેલાં જે જે લોકાચારને અનુરૂપ વિધિ કરવી જોઇએ તે તે વિધિ યથાયોગ્ય રીતે કરવામાં આવી. ત્યારબાદ તેના લગ્ન એવી આઠ કન્યાઓની સાથે કરવામાં આવ્યા કે જેઓ મહાબલને માટે અનુરૂપ હતી, જે કન્યાઓ રૂપમાં સમાન હતી, એક પણ કન્યા અન્ય કન્યાઓ કરતાં રૂપમાં ચડિયાતી પણ ન હતી અને ન્યૂન પણ ન હતી. તે આઠે કન્યાઓ એક સરખા દેખાવવાળી, એક સરખી ત્વચાવાળી, એક સરખા લાવણ્યવાળી, એક સરખા રૂપ સંપન્ન અને એક સરખા યૌવન સંપન્ન હતી. તે આઠે કન્યાઓ પ્રિય અને મધુર ભાષા બોલનારી અને બીજા પણ ઘણા સમાન ગુણોવાળી હતી. "विणीयाणं कयकोउयमंगलपायच्छित्ताणं सरिसएहिं रायकुलेहिंतो, आणिल्लियाणं" તેઓ વિનયગુણથી યુક્ત હતી, તેઓ કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત વિધિ કર્યા કરતી હતી અથવા જેમના દ્વારા કૌતુક, મંગલ અને પ્રાયશ્ચિત્ત કરવામાં આવી ચુકયા હતા, એવી તે આઠે કન્યાઓ સમાન રાજકુળોમાંથી પસંદ કરવામાં આવી હતી. "अट्ठण्हं रायवरकन्नाणं एगदिवसेणं पाणिं गिण्हाविंसु" એવી આઠ કન્યાઓ સાથે એક જ દિવસે મહાબલ કુમારના લગ્ન કરવામાં આવ્યા.

"तएणं तस्स महब्बलस्स कुमारस्स अम्मापियरो अयमेयारूवं पीइदाणं दलयंति" મહાબલ કુમારનું પાણિગ્રહણ થઈ ગયા બાદ, આ વિવાહ નિમિત્તે તેના માતાપિતાએ નીચે પ્રમાણે પ્રીતિદાન દીધું અથવા અપાવ્યું "तंजहा अट्ठहिरण्णकोडीओ, अट्ठसुवण्णकोडीओ अट्ठ मउडे मउडप्पवरे" આઠ હિરણ્યકોટી ૧ (આઠ કરોડ ચાંદીના સિક્કા), આઠ સુવર્ણકોટી ૨ (આઠ કરોડ સોનાના સિક્કા) શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવાં આઠ મુગટો, ૩ "अट्ठ कुंडलजुए कुंडलजुयप्पवरे, अट्ठहारे हारप्पवरे" કુંડલની જોડીમાંથી શ્રેષ્ઠ એવી આઠ કુંડલની જોડી, હારોમાં ઉત્તમ એવાં આઠ હારો, अट्ठ अद्धहारे, अद्धहारप्पवरे" અર્ધહારમાંથી ઉત્તમમાં ઉત્તમ એવાં આઠ અર્ધહારો, "अट्ठएगावलीओ एगावलिप्पवराओ" એકસરા હારોમાંથી ઉત્તમમાં ઉત્તમ આઠ એકસરા હારો, "एवं मुत्तावलीओ, एवं कणगावलीओ एवं रयणावलीओ" એજ પ્રમાણે આઠ મુક્તાવલિઓ, આઠ કનકાવલિઓ, આઠ રત્નાવલિઓ, "अट्ठ कडगजुए कडगजुयप्पवरे, एवं तुडियजुए" કટક યુગો (કડાની જોડો)માંથી ઉત્તમમાં ઉત્તમ એવાં આઠ કટકયુગો, એજ પ્રમાણે બાહુઓના ભૂષણ રૂપ આઠ શ્રેષ્ઠ ત્રુટિકયુગ

(બાહુબંધની જોડા,) "अट्ठ सोमजुवलाइं सोम जुयलप्पवराइं" સૂતર અથવા અળસીના બનેલા વસ્ત્રયુગલોમાંથી આઠ ઉત્તમમાં ઉત્તમ વસ્ત્રયુગલો, "एवं वडगजुयलाइं, एवं पट्ट जुयलाइं, एवं दुगुल्लजुयलाइं" એજ પ્રમાણે ટસરના વસ્ત્રયુગલોમાંથી આઠ શ્રેષ્ઠ ટસરના વસ્ત્રયુગલો, રેશમી વસ્ત્રોમાંથી શ્રેષ્ઠ એવી આઠ રેશમી વસ્ત્રની – ડો, વૃક્ષની છાલમાંથી બનાવેલા દુકૂલયુગોમાંથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ એવાં આઠ દુકૂલયુગો "अट्ठ सिरीओ, अट्ठ हिरीओ, एवं धिईओ कित्तीओ, बुद्धीओ, लच्छीओ" શ્રી દેવીની આઠ પુત્તલીઓ, હ્રી દેવીની આઠ પુત્તલીઓ, આઠ કીર્તિદેવીની પુત્તલીયો, આઠ બુદ્ધિદેવીની પુત્તલીયો, આઠ લક્ષ્મીદેવીની પુત્તલીયો, ધૃતિદેવીની આઠ પુત્તલીઓ, "अट्ठ नंदाइं, अट्ठ भद्दाइं, अट्ठतले, तलप्पवरे" આઠ નન્દાસન, આઠ ભદ્ર (શુભ સૂચક આસનવિશેષ) અને શય્યાઓમાં શ્રેષ્ઠ એવાં આઠ તલ (શય્યા–પથારી વિશેષ) કે જે "सव्वरयणामए" જે સર્વથા રત્નોની જ બનેલી હતી તે દીધી.

"णियगवरभवणकेऊ अट्ठ झए झयप्पवरे" તથા ધ્વજાઓમાં શ્રેષ્ઠ એવી પોતાના ભવનની કેતુરૂપ આઠ ધ્વજાઓ પણ દીધી. "अट्ठ वये वयप्पवरे, दसगोसाहस्सिएणं वएणं" વ્રજોમાં શ્રેષ્ઠ એવાં આઠ વ્રજો દીધાં. વ્રજો પ્રત્યેક વ્રજમાં–ગોકુલ–દસ હજાર ગાયો હોય છે, એવાં આઠ વ્રજો દીધાં એમ અહીં સમજવું જોઇએ. "अट्ठ नाडगाइं नाडगप्पवराइं बत्तीसबद्धेणं नाडएणं" બત્રીસ પ્રકારના નાટકોમાં સર્વશ્રેષ્ઠ એવાં આઠ નાટકો દીધાં. "अट्ठ आसे, आसप्पवरे, सव्वरयणामए सिरिघरपडिरूवए" ઘોડાઓમાં શ્રેષ્ઠ એવાં શ્રીધર (લક્ષ્મીના ભંડાર સમાન આઠ અશ્વો દીધાં. તે ઘોડાઓ બધાં પ્રકારનાં રત્નોનાં આભૂષણોથી વિભૂષિત હતા. "अट्ठ हत्थी हत्थिप्पवरे, सव्वरयणामए सिरिघरपडिरूवए" હાથીઓમાં શ્રેષ્ઠ એવા આઠ હાથી દીધાં. તે આઠે હાથી લક્ષ્મીના ભંડાર જેવાં અને સર્વ પ્રકારનાં રત્નોનાં આભૂષણોથી સુસજ્જિત હતા. "अट्ठ जाणाइं, जाणप्पवराइं" સમસ્ત યાનોમાં શ્રેષ્ઠ એવાં આઠ શકટ આદિ યાન દીધાં. "अट्ठ जुगाइं, जुगप्पवराइं, एवं सिवियाओ, एवं संदमाणीओ, एवं गिल्लिओ, थिल्लिओ" ગોલ્લ દેશપ્રસિદ્ધ આઠ યુગ (રિક્ષાઓ) દીધી, જે સમસ્ત રીક્ષાઓમાં શ્રેષ્ઠ હતી, એજ પ્રમાણે સમસ્ત શિબિકાઓમાં શ્રેષ્ઠ એવી આઠ શિબિકાઓ દીધી. શિબિકા (પાલખી) શિખરના આકારથી આચ્છાદિત હોય છે. આઠ ઉત્તમમાં ઉત્તમ સ્યન્દમાનિકાઓ દીધી. સ્યન્દમાનિકા પુરુષપ્રમાણ યાના રૂપ હોય છે આઠ શ્રેષ્ઠ થિલ્લી અને આઠ શ્રેષ્ઠ ગિલ્લી દીધી. થિલ્લી અને ગિલ્લી યાનવિશેષોનાં નામ છે. "अट्ठ वियडजाणाइं

वियडजाणप्पवराइं" આચ્છાદન રહિત શકટોમાંથી ઉત્તમમાં ઉત્તમ આઠ આચ્છાદન રહિત શકટો દીધાં. "अट्ठ रहे पारिजाणिए, अट्ठे रहे संगामिए" ક્રીડા કરવામાં સાધનભૂત એવાં આઠ રથ દીધા, જે વિવિધ પ્રકારની ક્રીડા કરવામાં ઉપયોગી થઈ પડે એવાં હતા, તથા યુદ્ધમાં કામ આવે એવાં આઠ સંગ્રામિક રથ દીધા. "अट्ठ आसे, आसप्पवरे, अट्ठ हत्थी हत्थिप्पवरे, अट्ठ गामे गामप्पवरे" ઘોડાઓમાં શ્રેષ્ઠ એવાં આઠ ઘોડા, હાથીઓમાં શ્રેષ્ઠ એવાં આઠ હાથી અને ગામોમાં શ્રેષ્ઠ એવાં આઠ ગામ દીધા. "दस कुलसाहस्सिएणं गामेणं" તે પ્રત્યેક ગામમાં દસ હજાર માણસો રહેતાં હતાં. "अट्ठ दासे दासप्पवरे, एवं चेव दासीओ, एवं किंकरे, एवं कंचुइज्जे, एवं वरिसधरे, एवं महत्तरिए" દાસોમાં શ્રેષ્ઠ એવાં આઠ દાસ દીધા, દાસીઓમાં શ્રેષ્ઠ એવી આઠ દાસીઓ દીધી, કિંકરોમાં શ્રેષ્ઠ એવા આઠ કિંકરો દીધા. દરેક કામ પૂછીને કરનારા પગારદાર સેવકોને કિંકર કહે છે. અન્તઃપુરના પ્રતિહાર તરીકે કામ કરનારા આઠ શ્રેષ્ઠ વૃદ્ધ પુરુષો દીધા, આઠ વર્ષધર (અંતઃપુરના રક્ષક નપુંસક મનુષ્યો) દીધા અને આઠ મહત્તર (અંતપુરના કાર્યચિન્તક માણસો) દીધા.

"अट्ठ सोवन्निए ओलंबनदीवे, अट्ठरूप्पामए ओलंबणदीवे, अट्ठ सुवण्णरूप्पामए ओलंबणदीवे" આઠ સોનાના બનાવેલાં દીપાધારપાત્ર (કોડિયાં), આઠ ચાંદીના બનાવેલાં દીપાધારપાત્ર અને આઠ સોનાચાંદીના બનેલાં દીપાધારપાત્ર દીધા. આ દીપાધારપાત્રમાં એક જ લાઈનમાં ચારે કોર દીપક બળ્યા કરે છે. તે કોઇ કોઇ પ્રદેશોમાં ચોખૂણીયું હોય છે અને કોઇ કોઈ પ્રદેશમાં ગોળાકારનું હોય છે. "अट्ठ सोवन्निए उक्कंचणदीवे, एवं चेव तिन्न वि" એજ પ્રમાણે સોનાના, ચાંદીના અને સોનાચાંદીના બનાવેલાં આઠ આઠ ઉત્કંચણદીપક (દીવીઓ) દીધાં. ઉત્કંચણ દીપકમાં વચ્ચે દીપકો (વાટો) રાખવામાં આવે છે અને ઉપરની બાજુએ દંડા જેવો ભાગ નીકળેલો રહે છે. "अट्ठ सोवन्निए थाले, अट्ठ रूप्पमए थाले, अट्ठ सुवण्णरूप्पमए थाले" આઠ સોનાના થાળ દીધા, આઠ ચાંદીના થાળ દીધા અને આઠ સુવર્ણ અને ચાંદીના (બન્નેના મિશ્રણથી બનાવેલા) થાળ દીધા. "अट्ठ सोवन्नियाओ पत्तीओ, अट्ठ सुवण्णरुप्पमयाओ पत्तीओ" આઠ સોનાના, આઠ ચાંદીના અને આઠ સોનાચાંદીના નાનાં નાનાં પાત્રો (વાટકીઓ) દીધાં. "अट्ठ सोवन्नियाइं थासयाइं अट्ठ रूप्पामयाइं थासयाइं, अट्ठ सुवण्णरुप्पामयाइं थासयाइं" આઠ સોનાની બનાવેલી તાસકો. આઠ ચાંદીની તાસકો અને આઠ સોનાચાંદીની તાસકો દીધી. આ તાસકો દર્પણના આકારની હોય છે જેને 'ડીશ' કહેવામાં આવે છે.

"अट्ठ सोवन्नियाइं मल्लगाइं, अट्ठ रुप्पामयाइं मल्लगाइं अट्ठ सुवण्णरुप्पामयाइं मल्लगाइं, अट्ठ सोवन्नियाओ तालियाओ, अट्ठ सोवन्नियाओ कावइयाओ" આઠ સોનાના બનાવેલા મલ્લક (પાત્રવિશેષ), આઠ ચાંદીના મલ્લક અને આઠ સોનાચાંદીના બનાવેલા મલ્લક દીધાં. આઠ સોનાની બનાવેલી તાલિકાઓ (પગરખાંવિશેષ), આઠ સોનાની બનાવેલી કડછીઓ, દાળ આદિ પીરસવા માટે કડછી વપરાય છે. "अट्ठ सोवन्निए अवएडए, अट्ठ सोवन्नियाओ अवयक्काओ" આઠ સુવર્ણનિર્મિત નાની તવી અને આઠ સુવર્ણનિર્મિત મોટા તાવડા દીધા. "अट्ठ सोवण्णिए पायपीढए, अट्ठ रुप्पामए पायपीढए, अट्ठ सुवण्णरुप्पामए पायपीढए" આઠ સોનાના બનાવેલા, આઠ ચાંદીના બનાવેલ અને આઠ સોના-ચાંદીના બનાવેલા પાદપીઠ બાજોઠ દીધા (પલંગ પર ચડવા ઉતરવા માટે તેનો ઉપયોગ થાય છે તેથી તેને પાદપીઠ કહે છે.) "अट्ठ सोवन्नियाओ भिसियाओ, अट्ठ सोवन्नियाओ करोडियाओ" સુવર્ણનિર્મિત આઠ આસનવિશેષ દીધાં અને પાન રાખવા માટે આઠ સુવર્ણનિર્મિત પાનદાનીઓ દીધી. "अट्ठ सोवन्निए पल्लंके अट्ठ सोवन्नियाओ पडिसेज्जाओ" સોનાના બનાવેલા આઠ પલંગ દીધા અને સોનાની બનાવેલી આઠ પ્રતિશય્યાઓ–નાની નાની શય્યાઓ દીધી. अट्ठ हंसासणाइं, अट्ठ कोंचासणाइं, एवं गरुलासणाइं, उन्नयासणाइं दीहासणाइं, भद्दासणाइं, पक्खासणाइं, मगरासणाइं" હંસના આકારના સુવર્ણનિર્મિત આઠ આસનો, કોંચના આકારના સુવર્ણનિર્મિત આઠ આસનો, ગરુડના આકારના સુવર્ણનિર્મિત આઠ આસનો, સુવર્ણનિર્મિત આઠ આસનો (ખુરશીઓ) અને સુવર્ણનિર્મિત આઠ અવનતાસનો (જમીનથી સહેજ ઊંચે રહે એવાં આસનો), આઠ સુવર્ણનિર્મિત દીર્ઘાસનો અને આઠ સુવર્ણનિર્મિત ભદ્રાસનો (સુખાસનો) દીધાં. આઠ સુવર્ણનિર્મિત પક્ષાકાર (પાંખના આકારનાં) આસનો દીધાં, આઠ સુવર્ણનિર્મિત મકરાસનો (મગરનાં આકારનાં આસનો) દીધાં, "अट्ठ पउमासणाइं, अट्ठ दिसासोवत्थियासणाइं" આઠ સોનાનાં પદ્માસનો (પદ્મના આકારનાં આસનો) દીધાં અને આઠ દિક્ સ્વસ્તિકાસનો દીધાં. "अट्ठ तेल्लसमुग्गे, जहा रायप्पसेणइज्जे जाव अ सरिसवसमुग्गे" સોનાના બનાવેલા તેલ ભરવાના આઠ ડબ્બા દીધા, રાજપ્રશ્નીયસૂત્રમાં કહ્યા અનુસાર "સરસવ ભરવાના સોનાના આઠ ડબ્બા દીધા," આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. "अ सुज्जाओ, जहा उववाइए जाव अट्ठ

પારિસીઓ" આઠ કુબડી દાસીઓ દીધી. તથા "પારસ દેશમાં જન્મેલી આઠ દાસીઓ દીધી," આ કથન પર્યન્તનું ઔપપાતિક સૂત્રનું સમસ્ત કથન ગ્રહણ કરવું જોઈએ. "અટ્ઠ છત્તે, અટ્ઠ છત્તધારીઓ ચેડીઓ" આઠ છત્રો દીધાં અને છત્ર ધારણ કરનારી આઠ દાસીઓ દીધી. "અટ્ઠ ચામરાઓ, અટ્ઠ ચામરધારીઓ ચેડિઓ" આઠ ચામર દીધાં અને તે ચામરોને ધારણ કરનારી– તે ચામરો વડે વાયુ ઢોળનારી આઠ દાસીઓ દીધી "અટ્ઠ તાલિયંટે, અટ્ઠ તાલિયંટધારીઓ ચેડીઓ" પવન નાખવા માટે આઠ પંખા દીધા, અને તે પંખાઓ વડે પવન નાખનારી આઠ દાસીઓ દીધી. "અટ્ઠ કરોડિયાધારીઓ ચેડીઓ" તામ્બૂલ (પાન) ના ડબ્બાની દેખરેખ રાખનારી આઠ દાસીઓ દીધી. "અટ્ઠ ખીરધાઈઓ, જાવ અટ્ઠ અંકધાઈઓ" આઠ ક્ષીરધાત્રીઓ દીધી જે દૂધ પિવરાવવાનું કામ કર્યા કરતી હતી, આઠ મજ્જનધાત્રીઓ દીધી જે સ્નાન કરાવતી હતી, આઠ મંડનધાત્રીઓ દીધી જે આભૂષણો પહેરાવવાનું કાર્ય કરતી હતી. આઠ કીડાધાત્રીઓ દીધી જે સાથે રહીને વિવિધ પ્રકારની રમતો રમાડતી હતી, આઠ અંકધાત્રીઓ દીધી જે તેમને ખોળામાં લઈને ફરતી હતી. "અટ્ઠ અંગમદ્દિયાઓ, અટ્ઠ ઉમ્મદ્દિયાઓ" આઠ અંગમર્દક ધાત્રીઓ દીધી જે અંગો પર તેલ આદિનું મર્દન (માલિશ) કરતી હતી, આઠ ઉન્મર્દક ધાત્રીઓ દીધી જેમનું કામ અંગચંપી કરવાનું હતું. "અટ્ઠ ણ્હાવિયાઓ, અટ્ઠ પસાહિયાઓ" આઠ સ્નાન કરાવનારી દાસીઓ દીધી અને આઠ મંડન કરાવનારી શૃંગાર સજાવનારી દાસીઓ દીધી "અટ્ઠ વન્નગપેસીઓ, અટ્ઠ ચુન્નગપેસીઓ" ચન્દન ઘસનારી આઠ દાસીઓ દીધી અને સુગન્ધિત દ્રવ્યોનું ચૂર્ણ કરનારી–એ દ્રવ્યોને ખાંડીને ભૂકો કરનારી અથવા લસોટનારી આઠ દાસીઓ દીધી.

"અટ્ઠ કોટ્ટાગારીઓ, અટ્ઠ દવ્વકારીઓ" કોઠારની દેખરેખ રાખનારી આઠ દાસીઓ દીધી અને પરિહાસ દ્વારા આનંદ કરાવનારી પણ આઠ દાસીઓ દીધી. 'અટ્ઠ ઉવત્થાણિયાઓ, અટ્ઠ નાડઇજ્જાઓ" ઉપસ્થાન શાળામાં–સભા મંડપમાં ઉપસ્થિત લોકોની પરિચર્યા કરનારી આઠ દાસીઓ દીધી. અને નાટયારંભોની દેખરેખ રાખનારી આઠ દાસીઓ દીધી. "અટ્ઠ કોટુંબિણીઓ, અટ્ઠ મહાણસિણીઓ" કુટુંબની સાથે પગપાળા ચાલનારી આઠ દાસીઓ દીધી અને રસોઈઘરમાં ભોજન પકાવનારી આઠ દાસીઓ દીધી. "અટ્ઠ ભંડાગારિણીઓ, અટ્ઠ અજ્જાધારિણીઓ" આઠ ભંડાગારોની રક્ષા કરનારી દાસીઓ દીધી અને અંતઃપુરની સ્ત્રીઓની આજ્ઞાનુસાર કાર્ય કરનારી આઠ દાસીઓ દીધી. "અટ્ઠ પુપ્ફધારિણીઓ, અટ્ઠ પાણિધારિણીઓ" પુષ્પોને વ્યવસ્થિત ગોઠવનારી આઠ દાસીઓ દીધી અને પાણીની સ્વચ્છતા આદિનું

ધ્યાન રાખનાર તથા પાણી પિવરાવનારી આઠ દાસીઓ દીધી. "अट्ठ बलिकारीओ, अट्ठ सेज्जाकारीओ" વાયસ-કાગડા આદિને માટે અન્નનો અલગ વિભાગ કરવા રૂપ બલિકર્મ કરનારી આઠ દાસીઓ દીધી અને શય્યાને વ્યવસ્થિત રીતે બિછાવનારી અને તેને ઉપાડી લઈને વ્યવસ્થિત રીતે મૂકી રાખવાના કામમાં નિપુણ એવી આઠ દાસીઓ દીધી. "अट्ठ अब्भितरियाओ पडिहारीओ, अट्ठ बाहिरियाओ पडिहारीओ" અંતઃપુરની અંદર પ્રતિહારિણી તરીકે કામ કરવામાં નિપુણ એવી આઠ દાસીઓ દીધી અને અંતઃપુરની બહાર પ્રતિહારિણી તરીકે કામ કરવામાં નિપુણ એવી આઠ દાસીઓ દીધી. "अट्ठ मालाकारीओ, अट्ठ पेसणकारीओ" માળા ગૂંથવાના કામમાં નિપુણ એવી આઠ દાસીઓ દીધી અને ઘઉં આદિને દળીને લોટ બનાવવાના કામમાં નિપુણ એવી આઠ દાસીઓ દીધી. ઉપર્યુક્ત બધી વસ્તુઓ મહાબલ કુમારના વિવાહ પ્રસંગે બલરાજા તરફથી તેને ભેટ આપવામાં આવી. તથા "अन्नं वा सुबहुं हिरण्णं वा, सुवण्णं वा, कंसं वा, दूसं वा, विउलधणकणग जाव संतसारसावएज्जं" ઉપરાંત ચાંદી, સુવર્ણ, કાંસુ, દૂષ્ય (વસ્ત્રાદિક), વિપુલ ધન, કનક, મણિ રત્ન આદિ બીજી ઘણી ઘણી સારભૂત વસ્તુઓ તેને અર્પણ કરવામાં આવી. "अलाहि जाव आसत्तमाओ कुलवंसाओ पकामं दाउं, पकामं भोत्तुं, पकामं परिभाएउं" આ હિરણ્ય, સુવર્ણ આદિક ધન એટલા બધા વિપુલ પ્રમાણમાં તેને દેવામાં આવ્યું હતું કે સાત પેઢી સુધી ઇચ્છાનુસાર ખર્ચવાને માટે અને ઇચ્છાનુસાર દાન દેવાને માટે પુરતું હતું. ઇચ્છાનુસાર તેનું વિભાજન કરવા છતાં પણ તે ખૂટે એમ ન હતું.

"तएणं से महब्बले कुमारे एगमेगाए भज्जाए एगमेगं हिरण्णकोडिं दलयइ" માતાપિતા તરફથી મળેલ સુવર્ણ, ચાંદી આદિને મહાબલ કુમારે પોતાની આઠે ભાર્યાઓ વચ્ચે સરખે ભાગે વહેંચી આપ્યું. તેણે પોતાની પ્રત્યેક ભાર્યાને એક એક કરોડ ચાંદીના સિક્કા દીધાં, "एगमेगं सुवण्णकोडिं दलयइ" એક એક કરોડ સોનાના સિક્કા દીધાં, "एगमेगं मउडं मउडप्पवरं दलयइ" એક એક શ્રેષ્ઠ મુગટ દીધો, "एवं तचेव सव्वं जाव एगमेगं पिसणकारिं दलयइ" એજ પ્રમાણે શ્રેષ્ઠ કુંડળની એક એક જોડી દીધી, એજ પ્રમાણે "ઘઉં આદિને દળીને તેનો લોટ કરનારી એક એક દાસી" પર્યન્તની સમસ્ત ઉપર્યુક્ત વસ્તુઓ એક એક આપી.

"अन्नं वा सुबहु हिरण्णं वा जाव परिभाएउं" તે ઉપરાંત તેણે તેની પ્રત્યેક ભાર્યાને ચાંદી, સુવર્ણ, કાંસુ, દૂષ્ય, વિપુલ ધન, કનક, મણિ, રત્ન આદિ બીજી પણ ઘણી ઘણી સારભૂત વસ્તુઓ દીધી. તે દરેક ભાર્યાને આ રીતે મળેલું ધન સાત પેઢી સુધી ઇચ્છાનુસાર ખર્ચવા છતાં ખૂટે તેમ ન હતું, ઇચ્છાનુસાર દાન દેવા છતાં પણ ખૂટે તેમ ન હતું સંતાનોની વચ્ચે વહેંચી આપવા છતાં પણ ખૂટે તેમ ન હતું. કહેવાનું તાત્પર્ય એ છે કે તે

હિરણ્ય, સુવર્ણ આદિ ધન ઇચ્છાનુસાર ભોજનાદિ કાર્યમાં, દાન દેવામાં અને સંતાનો વચ્ચે વિભાજન કરવાને માટે પર્યાપ્ત (પુરતું) હતું. "तएणं से महब्बले कुमारे उप्पिं पासायवरगए जहा जमाली जाव विहरइ" ત્યાર બાદ તે મહાબલ કુમાર પોતાના આઠ મહેલોની વચ્ચે બનેલા શ્રેષ્ઠ પ્રાસાદમાં જમાલીની જેમ આનંદપૂર્વક રહેવા લાગ્યો, અને મનુષ્ય ભવ સંબંધી દિવ્યભોગોને ભોગવવા લાગ્યો. જમાલીનું કથન નવમાં શતકના ૩૩માં ઉદ્દેશામાં આપવામાં આવ્યું છે. ॥સૂ૦૯॥

મહાબલ કુમારની દીક્ષાનું વર્ણન–

"तेणं कालेणं तेणं समएणं" ઇત્યાદિ

ટીકાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે મહાબલ કુમારની દીક્ષા સંબંધી વક્તવ્યતાનું નિરૂપણ કર્યું છે–"तेणं कालेणं तेणं समएणं विमलस्स अरहओ धम्मघोसे नामं अणगारे जाइसंपन्ने वण्णओ" તે કાળે અને તે સમયે ધર્મઘોષ નામના અણગાર વિચરતા હતા તેઓ ઉત્સર્પિણી કાળમાં થઈ ગયેલા ૧૩માં તીર્થંકર વિમલનાથના પ્રપૌત્રક–શિષ્યપ્રશિષ્ય રૂપ હતા. તેઓ જાતિસંપન્ન આદિ ગુણોથી યુક્ત હતા. રાજપ્રશ્નીય સૂત્રમાં કેશી અણગારનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, તેવું ધર્મઘોષ અણગારનું વર્ણન સમજવું. "पंचहिं अणगारसएहिं सद्धिं संपरिवुडे" ૫૦૦ અણગારોની સાથે, "पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुगामं दूइज्जमाणे, जेणेव हत्थिणागपुरे नयरे जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवागच्छइ" તીર્થંકર પરંપરા અનુસાર વિહાર કરતાં કરતાં તેઓ હસ્તિનાપુર નગરના સહસ્રામ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યા. "उवागच्छित्ता अहापडिरूवं उग्गहं ओगिण्हइ" ત્યાં આવીને તેમણે સાધુને માટે સમુચિત એવી વનપાલની આજ્ઞા લીધી. "ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ" આજ્ઞા લઈને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા તેઓ ત્યાં વિચરવા લાગ્યા. "तएणं हत्थिणापुरे नयरे सिंघाडगतिय जाव परिसा पज्जुवासइ" હસ્તિનાપુર નગરના શૃંગાટક (શિંગોડાના આકારના માર્ગો) ત્રિક આદિ માર્ગો પર જમા થયેલા લોકોને ખબર પડી કે ધર્મઘોષ અણગાર સહસ્રામ્રવન ઉદ્યાનમાં પધાર્યા છે. ત્યારે નગરજનોની પ્રખદા તેમના દર્શન કરવાને તથા ધર્મોપદેશ સાંભળવાને માટે ત્યાં પહોંચી ગઈ. ધર્મોપદેશ શ્રવણ કરીને પરિષદ વિખરાઈ ગઈ અને સૌ પોતપોતાને સ્થાને પાછાં ફર્યાં.

"तएणं तस्स महब्बलस्स कुमारस्स तं महया जणसद्दं वा जणवूहं वा एवं जहा जमालि तहेव चिंता, कंचुइज्जपुरिसं सद्दावेइ" જ્યારે મહાબલ કુમારે જનતાનો કોલાહલ સાંભળ્યો અને જનસમૂહને જોયો ત્યારે તેને પણ જમાલીના જેવો જ વિચાર થયો. નવમાં શતકના ૩૩માં ઉદ્દેશામાં "જમાલીને કેવો વિચાર થયો હતો," તે બતાવ્યું છે. આ પ્રકારનો વિચાર ઉદ્ભ-

ભવતા જ તેણે પોતાના કંચુકીને બોલાવ્યો. कंचुइज्जपुरिसो वि तहेव अक्खाइ" જમાલીના પ્રકરણમાં જમાલીએ પોતાના કંચુકીને જેવાં પ્રશ્નો પૂછયા હતા, એવાં પ્રશ્નો મહાબલ કુમારે પોતાના કંચુકીને પૂછયા અને તેણે પણ જમાલીના કંચુકીના જવાબ જેવો જ જવાબ આપ્યો. "नवरं धम्मघोसस्स अणगारस्स आगमणगहियविणिच्छए करयल जाव निग्गच्छंति" પરન્તુ જમાલિની વક્તવ્યતા કરતાં આ વક્તવ્યતામાં આટલો જ તફાવત સમજવો. ત્યાં શ્રમણ ભગવાન મહાવીરના આગમનના સમાચાર આપવામાં આવ્યા હતા, અહીં ધર્મઘોષ અણગારના આગમનના સમાચાર આપવામાં આવ્યા છે. તે કંચુકીએ પહેલાં તો ધર્મઘોષ અણગારના આગમનના સમાચાર જાણી લીધા. ત્યાર બાદ તેણે મહાબલ કુમાર પાસે જઈને વિનયપૂર્વક બન્ને હાથ જોડીને, "મહાબલ કુમારનો જય હો, વિજય હો" એવાં શબ્દોથી તેને વધાવીને આ પ્રમાણે કહ્યું–"હે દેવાનુપ્રિય ! આજે નગરમાં કોઇ ઇન્દ્રમહોત્સવ પણ નથી, રુદ્રાદિ મહોત્સવ પણ નથી. એવા કોઈ મહોત્સવમાં ભાગ લેવા માટે આ જનસમૂહ જઈ રહ્યા નથી, પરન્તુ "एवं खलु देवाणुप्पिया ! विमलस्स अरहओ पउप्पए धम्मघोसे नामं अणगारे–सेसं तं चेव जाव, सोऽवि तहेव रहवरेणं निग्गच्छइ" હે દેવાનુપ્રિય ! વિમલનાથ અર્હંત ભગવન્તના પ્રપૌત્રક શિષ્ય ધર્મઘોષ નામના અણગાર આજ સહસ્રામ્રવન ઉદ્યાનમાં પધાર્યા છે. બાકીનું સમસ્ત કથન જમાલીના પ્રકરણમાં વર્ણવ્યા પ્રમાણે અહીં પણ ગ્રહણ કરવું, "મહાબલ કુમાર પણ જમાલીની જેમ શ્રેષ્ઠ રથમાં બેસીને ધર્મઘોષ અણગારને વંદણા નમસ્કાર કરવા ઉપડયો." આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ. "धम्मकहा जहा केसिसामिस्स" ત્યાં જઈને ધર્મઘોષ અણગારને તેણે વંદણા નમસ્કાર કર્યા. ધર્મઘોષ અણગારે તેની તથા પરિષદાની સમક્ષ ધર્મોપદેશ સંભળાવ્યો. રાજપ્રશ્નીય સૂત્રમાં કેશી સ્વામીની જેવી ધર્મકથા વર્ણવી છે, એવી જ અહીં ધર્મઘોષ અણગારની ધર્મકથા પણ સમજવી. "सो वि तहेव अम्मापियरो आपुच्छइ" જમાલીની જેમ મહાબલ કુમારે પણ સંયમ અંગીકાર કરવાનો નિશ્ચય કરીને તે માટે માતાપિતાની અનુમતિ માગી. "नवरं धम्मघोसस्स अणगारस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए" જમાલીના કથન કરતાં મહાબલ કુમારના કથનમાં અહીં એટલી જ વિશેષતા સમજવી કે "હું ધર્મઘોષ અણગારની પાસે મુંડિત થઈને ગૃહસ્થાવસ્થાનો પરિત્યાગ કરીને અણગારાવસ્થા (પ્રવ્રજ્યા) અંગીકાર કરવા માંગું છું" "तहेव वुत्त परिवुत्तया" જમાલીએ જ્યારે પ્રવ્રજ્યા અંગીકાર કરવા માટે તેના માતાપિતાની અનુમતિ માગી હતી ત્યારે તેને તેના માતાપિતા સાથે જેવો સંવાદ થયો હતો, એવો જ સંવાદ મહાબલ અને તેના માતાપિતા વચ્ચે પણ થયો, એવું કથન અહીં ગ્રહણ કરવાનું છે. નવમાં શતકના ૩૩માં ઉદ્દેશામાં તે સંવાદ આપવામાં આવ્યો છે. આ સંવાદનો ભાવાર્થ નીચે પ્રમાણે સમજવો- મહાબલ કુમારના માતાપિતા સાંસારિક સુખો તરફ તેને આકર્ષવાનો પ્રયત્ન કરે છે,

સંયમ માર્ગ કેટલો કઠણ છે તે પણ સમજાવે છે, ત્યારે મહાબલ કુમાર સંસારની અસારતાનું પ્રતિપાદન કરી પ્રવ્રજ્યા અંગીકાર કરવાનો પોતાનો દૃઢ નિશ્ચય જાહેર કરી માતાપિતાની અનુમતિ માગે છે. "नवरं इमाओ य ते जाया विउलरायकुलबालियाओ कलाकुसला, सेसं तंचेव जाव, ताहे अकामए महब्बलं कुमारं एवं वयासी" જમાલીના પ્રકરણની અપેક્ષાએ અહીં પ્રશ્નોત્તરોમાં માત્ર આટલી જ વિશેષતા છે-મહાબલ કુમારના માતાપિતા તેને કહે છે કે "હે પુત્ર! તારી સાથે જેમના વિવાહ થયા છે તે આઠે કન્યાઓ વિપુલ રાજકુલોત્પન્ન છે અને ૬૪ કલાઓમાં કુશળ છે," ઇત્યાદિ કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. બાકીનું સમસ્ત કથન જમાલીના પ્રકરણમાં કહ્યા અનુસાર સમજવું. "सर्वकाललालितसुखोचिताः सन्ति" સર્વકાલમાં સુખથી વધેલી આ સૂત્રપાઠ પર્યન્તનું તે પ્રકરણગત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. જમાલીના પ્રકરણમાં જે "विपुलकुलबालिकाः सन्ति" આ પ્રકારનો સૂત્રપાઠ આપ્યો છે, તેની જગ્યાએ અહીં "विपुलराजकुलबालिकाः सन्ति" આ પ્રકારનો સૂત્રપાઠ સમજવો માતાપિતા આ કથન દ્વારા તેને એવું સમજાવવાનો પ્રયત્ન કરે છે કે "હે પુત્ર! તું આ સંપત્તિ આદિનો તથા આ રાજકન્યાઓનો પરિત્યાગ કરીને પ્રવ્રજ્યા અંગીકાર કરવાનો જે વિચાર કરે છે તે ઉચિત નથી" પરન્તુ મહાબલ કુમારે માતાપિતાની તે વાતનો સ્વીકાર ન કર્યો અને દીક્ષા ગ્રહણ કરવાનો પોતાનો અડગ નિર્ધાર જાહેર કર્યો. મહાબલ કુમારનો દીક્ષા ગ્રહણ કરવાનો અડગ નિર્ધાર જોઈને માતાપિતાએ તેને આ પ્રમાણે કહ્યું-"तं इच्छामो ते जाया एगदिवसमपि रज्जसिरिं पासित्तए" બેટા! અમે કેવળ એટલું જ ઇચ્છીએ છીએ કે તું એક દિવસને માટે પણ રાજ્યશ્રીનો ઉપભોગ કર, કે જેથી અમારા મનોરથ સફળ થાય. "तएणं से महब्बलकुमारे अम्मापियराणवयणमणुवत्तमाणे तुसिणीए संचिट्ठइ" માતાપિતાએ જ્યારે મહાબલ કુમારને આ પ્રમાણે કહ્યું, ત્યારે તેમને કોઇ પણ પ્રત્યુત્તર નહીં આપતાં તે ચુપચાપ બેસી જ રહ્યો. તેના મૌનને સ્વીકૃતિનું લક્ષણ સમજીને બલરાજાએ તેના રાજ્યાભિષેકની તૈયારી તાબડતોબ શરૂ કરાવી. "तएणं से बले राया कोडुंबियपुरिसे सद्दावेइ" એજ વખતે બલરાજાએ પોતાના આજ્ઞાકારી સેવકોને બોલાવ્યા. "एवं जहा सिवभद्दस्स तहेव रायाभिसेओ भाणियव्वो जाव अभिसिंचइ" બોલાવીને તેણે તેમને મહાબલ કુમારના રાજ્યાભિષેકની વ્યવસ્થા કરવાનો આદેશ આપ્યો. ૧૧ માં શતકના નવમા ઉદ્દેશામાં શિવરાજ કુમાર શિવભદ્રના રાજ્યાભિષેકનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ મહાબલ કુમારના રાજ્યાભિષેકનું વર્ણન અહીં સમજી લેવું. આ રીતે ઘણા ભારે સમારોહ સાથે જ્યારે મહાબલ કુમારના રાજ્યાભિષેકની વિધિ પૂરી થઈ, ત્યારે, "करयलपरिग्गहियं महब्बलं कुमारं जएणं विजएणं बद्धावेइ" બલરાજાએ બન્ને હાથ જોડીને તેને જય અને વિજય નાદોથી વધાવ્યો (અભિનંદ્યો)

"बद्धावित्ता जाव एवं वयासी" આ પ્રકારે તેને અભિનંદન આપીને તેમણે આ પ્રમાણે કહ્યું–"भण! जाया! किं देमो, किं पयच्छामो, सेसं जहा जमालिस्स तहेव जाव" "હે પુત્ર! કહે, અમે તને કઇ ઇષ્ટ વસ્તુ આપીએ? અમારી પાસેથી કઈ વસ્તુ મેળવવાની તારી અભિલાષા છે?" ત્યાર પછીનું સમસ્ત કથન જમાલીના પ્રકરણમાં કહ્યા અનુસાર અહીં ક્ષત્રિય કુમાર મહાબલ વિષે પણ સમજવું જોઈએ. "केन वस्तुना तव अर्थः" આ કથન પર્યન્તનું તે પ્રકરણનું સમસ્ત કથન અહીં ગ્રહણ થવું જોઇએ. માતાપિતાના આ પ્રશ્નના જવાબ રૂપે મહાબલ કુમારે તેમને આ પ્રમાણે કહ્યું–"इच्छामि खलु अम्बतातौ कुत्रिकापणात्–स्वर्गमर्त्यपातालस्थितवस्तुप्राप्तिस्थानविशेषहट्टात् रजोहरणं च प्रतिग्रहं च आनापयितुं, काश्यपकं च शब्दयितुम्" હે માતાપિતા! જો આપ મને ઇષ્ટ વસ્તુ આપવા માગતા હો, તો કુત્રિકાપણમાંથી મને રજોહરણ અને પાત્ર મંગાવી દો, તથા એક વાણંદને બોલાવવાની વ્યવસ્થા કરો." સ્વર્ગલોક મર્ત્યલોક અને પાતાલલોકમાં રહેલી વસ્તુની પ્રાપ્તિ માટેના સ્થાનવિશેષ રૂપ હાટને કુત્રિકાપણ કહે છે. ત્યાર બાદનું દીક્ષા પર્યન્તનું સમસ્ત વર્ણન જમાલીના પ્રકરણમાં કહ્યા પ્રમાણે સમજવું. "तएणं से महब्बले अणगारे धम्मघोसस्स अणगारस्स अंतिए सामाइयमाइयाइं चोद्दसपुव्वाइं अहिज्जइ" ત્યાર બાદ મહાબલ અણગારે ધર્મઘોષ અણગાર પાસે સામાયિક આદિ ૧૪ પૂર્વોનું અધ્યયન કર્યું. "अहिज्जित्ता बहूहिं चउत्थ जाव विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहुपडिपुन्नाइं दुवालसवासाइं सामन्नपरियागं पाउणइ" અધ્યયન કરીને તેમણે અનેક છઠ્ઠ, અઠ્ઠમ આદિ તપશ્ચર્યાઓથી પોતાના આત્માને ભાવિત કર્યો. આ રીતે બાર વર્ષ પર્યન્ત શ્રમણપર્યાયનું પાલન કરીને "पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता" એક માસની સંલેખનાથી આત્માને જોષિત કરીને એટલે કે એક માસનો સંથારો કરીને–૬૦ ભક્તોનો (૬૦ ટંકના ભોજનનો) પરિત્યાગ કર્યો આ રીતે અનશન દ્વારા ૬૦ ભક્તોનો પરિત્યાગ કરીને "आलोइयपडिक्कंते समाहियपत्ते कालमासे कालं किच्चा उड्ढं चंदिमसूरिय जहा अंबडो जाव बंभलोए कप्पे देवत्ताए उववन्ने" તેમણે પોતાનાં પાપસ્થાનોની આલોચના કરી, પ્રતિક્રમણ (પ્રાયશ્ચિત્ત) કર્યું અને સમાધિભાવમાં લીન થઇ ગયા. આ રીતે એક માસના સંથારાને અન્તે કાળનો અવસર આવતા કાળ કરીને, ઉર્ધ્વલોકમાં ચન્દ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્રો અને તારાઓથી પણ ઉપર અનેક યોજનો, સેંકડો યોજનો, હજારો યોજનો, અને લાખો યોજનોની અસંખ્યાત કોટાકોટિ યોજનોને પાર કરીને ઘણે જ દૂર સૌધર્મ, ઇશાન, સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોથી પણ ઊંચે આવેલા એવા બ્રહ્મલોક કલ્પમાં દેવની પર્યાયે ઉત્પન્ન થઈ ગયા. "तत्थ णं

अत्थेगइयाणं देवाणं दस सागरोवमाइं ठिई पण्णत्ता" આ દેવલોકના કેટલાક દેવોની સ્થિતિ દસ સાગરોપમની કહી છે "तत्थणं महब्बलस्स वि दस सागरोवमाइं ठिई पण्णत्ता" મહાબલ પણ દસ સાગરોપમની સ્થિતિવાળા દેવરૂપે ત્યાં ઉત્પન્ન થયો. આ રીતે મહાવીર પ્રભુ સુદર્શન શેઠને તેમના પૂર્વજન્મનું વૃત્તાન્ત કહીને, ઉપસંહાર રૂપે તેમને આ પ્રમાણે કહે છે–"से णं तुमं सुदंसणा! बंभलोगे कप्पे दस सागरोवमाइं दिव्वाइं भोगभोगाइं भुंजमाणे विहरित्ता" હે સુદર્શન! આ રીતે મહાબલ રૂપે મનુષ્ય ભવનો ત્યાગ કરીને, તમે બ્રહ્મલોક કલ્પમાં દેવની પર્યાયે ઉત્પન્ન થયા હતા. દસ સાગરોપમ પ્રમાણ કાળ સુધી ત્યાંના દિવ્ય ભોગોપભોગોને ભોગવીને "ताओ चेव देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं अणंतरं चयं चइत्ता इहेव वाणियगामे नयरे सेट्ठिकुलंसि पुत्तत्ताए पच्चायाए" તે દેવલોક સંબંધી આયુનો ક્ષય થતાં ભવનો ક્ષય થતાં, અને સ્થિતિનો ક્ષય થતાં એ દેવલોક સંબંધી દેવપર્યાયને છોડીને તમે આ વાણિજ્યગ્રામ નગરમાં શ્રેષ્ઠિકુળમાં પુત્રરૂપે ઉત્પન્ન થયા છો. ॥સૂ૦ ૧૦॥

–सुदर्शनसिद्धि वक्तव्यता–

"तएणं तुमे सुदंसणा! उम्मुक्कबालभावेणं" ઇત્યાદિ–

ટીકાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે એ વાત પ્રકટ છે કે સુદર્શન શેઠે કેવી રીતે સિદ્ધગતિની પ્રાપ્તિ કરી–"तएणं तुमे सुदंसणा! उम्मुक्कबालभावेणं विण्णायपरिणयमेत्तेणं जोव्वणगमणुपत्तेणं" હે સુદર્શન! બાલ્યાવસ્થા પૂરી કરી ધીરે ધીરે વિજ્ઞાનની પરિપક્વતાથી જ્યારે તમે યુક્ત થઈ ગયા, ત્યારે યુવાવસ્થાએ તમારા પર પૂરે પૂરો અધિકાર જમાવી લીધો. આ રીતે યૌવનથી સુશોભિત શરીરવાળા બનેલા એવા તમે કોઈ એક સમયે "तहारूवाणं थेराणं अंतिए केवलिपन्नत्ते धम्मे निसंते" તથારૂપવાળા (રજોહરણ મુખવસ્ત્રિકા આદિથી યુક્ત) સ્થવિરોની પાસે કેવલિપ્રજ્ઞપ્ત ધર્મનું શ્રવણ કર્યું. "इच्छिए, पडिच्छिए, अभिरुइए" તેનું શ્રવણ કરતાં જ તે તમને ઇષ્ટ લાગ્યા, તમે તેની હૃદયથી સરાહના (પ્રશંસા) કરી અને તે તમને વિશેષ રુચિકર લાગ્યો. "तं सुट्ठुणं तुमं सुदंसणा! इदाणिं पकरेसि" હે સુદર્શન શેઠ! અત્યારે પણ તમે એજ ધર્મની જે આરાધના કરી રહ્યા છો, તે ઘણું જ ઉચિત છે. "से तेणं णं सुदंसणा! एवं वुच्चइ, अत्थिणं एएसिं पलिओवमसागरोवमाणं खएति वा अवचएति वा" હે સુદર્શન! તે કારણે મેં પૂર્વોક્ત રૂપે એવું કહ્યું છે કે પલ્યોપમ અને સાગરોપમનો ક્ષય પણ થાય છે અને હ્રાસ પણ થાય છે.

"तएणं तस्स सुदंसणस्स सेट्ठिस्स समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म" મહાવીર પ્રભુ પાસે આ વાતને સાંભળીને અને હૃદયમાં તે વિષે વિચાર કરીને, તે સુદર્શન શેઠના શુભ પરિણામથી, શુભ અધ્યવસાયથી, અને લેશ્યાઓની વિશુદ્ધિથી જાયમાન (ઉદ્ભવેલા) તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી "ईहापोहमग्गणगवेसणं करेमाणस्स सन्नीपुव्वे समुप्पन्ने, एयमट्ठं सम्मं अभिसमेइ" ઈહા, અપોહ, માર્ગણ અને ગવેષણ કરતાં કરતાં સંજ્ઞિપૂર્વ નામનું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. આ પૂર્વજન્મનું સ્મરણ કરાવનારા જ્ઞાનને લીધે મહાવીર પ્રભુ દ્વારા પ્રતિપાદિત પૂર્વોક્ત

અર્થને તેઓએ ઘણી જ સારી રીતે જાણી લીધો–મહાવીર પ્રભુ દ્વારા તેમના પૂર્વભવનું જે કથન કરવામાં આવ્યું હતું તે કથન સત્ય હોવાની પ્રતીતિ થઇ ગઈ. " तएणं से सुदंसणे सेट्ठी समणेणं भगवया महावीरेणं संभारियपुव्वभवे दुगणाणीयसद्धासंवेगे " આ રીતે શ્રમણ ભગવાન મહાવીર દ્વારા જેમને તેમના પૂર્વભવનું સ્મરણ કરાવવામાં આવ્યું હતું. એવાં તે સુદર્શન શેઠની ધર્મતત્ત્વ પ્રત્યેની શ્રદ્ધા અથવા સદનુષ્ઠાનચિકીર્ષા અને સંવેગ (સંસારનો ભય અથવા મોક્ષાભિલાષા) પહેલાં જેટલા હતા તેના કરતાં બમણા થઈ ગયાં. " आणंदंसुपुन्ननयणे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ " એજ સમયે તેમની આંખોમાં આનંદના આંસુ ઉભરાવા લાગ્યા હર્ષાશ્રુથી છલકાતાં નયને ઊભા થઈને તેમણે ત્રણવાર આદક્ષિણ પ્રદક્ષિણાપૂર્વક શ્રમણ ભગવાન મહાવીરને વંદણા નમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે કહ્યું–

" एवमेयं भंते ! जाव से जहेयं तुब्भे वदह त्ति कट्टु उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ " હે ભગવન્ ! આપના દ્વારા પ્રતિપાદિત અર્થ સર્વથા સત્ય છે. આપ જે કહો છો તે સત્ય જ છે આ પ્રમાણે કહીને તેઓ ઈશાન દીશા તરફ ચાલ્યા ગયા.

" सेसं जहा उसभदत्तस्स जाव सव्वदुक्खप्पहीणे " ત્યાર પછીનું સમસ્ત કથન નવમાં શતકના ૩૩માં ઉદ્દેશામાં પ્રતિપાદિત ઋષભદત્તના કથન અનુસાર સમજી લેવું કહેવાનું તાત્પર્ય એ છે કે સુદર્શન શેઠે પણ પ્રવ્રજ્યા ગ્રહણ કરી ત્યાર બાદ તેમણે એક, બે, ત્રણ, ચાર, પાંચ ઉપવાસ આદિ તપસ્યા કરી. અન્ત સમયે સંથારો કરીને તેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને તેઓ સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને સર્વદુઃખોથી રહિત થઇ ગયા. " नवरं चोद्दसपुव्वाइं अहिज्जइ, बहुपडिपुन्नाइं दुवालसवासाइं सामन्नपरियागं पाउणइ–सेस तंचेव " ઋષભદત્તના કથન કરતાં સુદર્શનના કથનમાં નીચે પ્રમાણે વિશેષતા સમજવી–ઋષભદત્તે માત્ર અગિયાર અંગોનું અધ્યયન કર્યું હતું, ત્યારે સુદર્શને ૧૪ પૂર્વોનું અધ્યયન કર્યું હતું. તથા સુદર્શન શેઠે પૂરેપૂરા બાર વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કર્યું હતું, ઇત્યાદિ સમસ્ત કથન ઋષભદત્તના પ્રકરણમાં કહ્યા અનુસાર સમજવું.

હવે ઉદ્દેશાને અંતે મહાવીર પ્રભુનાં વચનોમાં પોતાની અપાર શ્રદ્ધા વ્યક્ત કરતા ગૌતમ સ્વામી કહે છે–" सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સર્વથા સત્ય છે. હે ભગવન્ ! આપે જે કહ્યું તે યથાર્થ જ છે" આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને તેઓ પોતાને સ્થાને વિરાજમાન થઇ ગયા. ।।સૂ૦૧૧।।

અગિયારમો ઉદ્દેશો સમાપ્ત

બારમા ઉદ્દેશાનો પ્રારંભ—

અગિયારમાં શતકના આ બારમાં ઉદ્દેશામાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે–આલંભિકા નગરીનું વર્ણન, શંખવન ચૈત્યનું વર્ણન, ઋષભદત્ત આદિ શ્રમણોપાસકોનું વર્ણન, શ્રમણોપાસકો વચ્ચેના સંવાદનું કથન, દેવલોકોમાં દેવોની સ્થિતિનું નિરૂપણ, તેમની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું વર્ણન, પ્રશ્ન–"ઋષિભદ્રપુત્ર અણગારાવસ્થા અંગિકાર કરવાને સમર્થ છે કે નહીં ?" આ પ્રશ્નનો ઉત્તર પ્રશ્ન–" ઋષિભદ્રપુત્ર દેવલોકમાંથી ચ્યવીને કયાં જશે ?" ઉત્તર–" સિદ્ધિપદ પ્રાપ્ત કરશે." ત્યાર બાદના વૃત્તાન્તનું વર્ણન.

–કાળવક્તવ્યતા–

" तेणं कालेणं तेणं समएणं " ઇત્યાદિ–

ટીકાર્થ–અગિયારમાં ઉદ્દેશામાં કાળવિષયક કથન કરવામાં આવ્યું છે. આ ઉદ્દેશામાં પણ સૂત્રકાર એજ વિષયનું અન્ય પ્રકારે કથન કરે છે–" तेणं कालेणं तेणं समएणं आलभिया नाम नयरी होत्था, वण्णओ, संखवणे चेइए–वण्णओ " તે કાળે અને તે સમયે આલંભિકા નામે નગરી હતી. ઔપપાતિક સૂત્રમાં જેવું ચંપા નગરીનું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ આલંભિકા નગરીનું વર્ણન પણ સમજવું. તે નગરીમાં શંખવન નામનું ચૈત્ય–ઉદ્યાન હતું. ઔપપાતિક સૂત્રમાં જેવું પૂર્ણભદ્ર ચૈત્યનું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ શંખવન ઉદ્યાનનું વર્ણન પણ સમજવું. " तत्थणं आलभियाए नयरीए बहवे इसिभद्दपुत्तपामोक्खा समणोवासया परिवसंति " તે આલંભિકા નગરીમાં ઘણા શ્રમણોપાસકો રહેતા હતા. તે શ્રમણોપાસકોમાં મુખ્ય શ્રમણોપાસકનું (શ્રાવક) નામ ઋષિભદ્ર પુત્ર હતું. " अड्ढा जाव अपरिभूया अभिगय-जीवाजीवा जाव विहरंति " તે સઘળા શ્રમણોપાસકો ધનાઢય, દીપ્ત, મહાબલસંપન્ન, અને મહાયશ સંપન્ન હતા. તેઓ એટલા બધા પ્રભાવશાળી હતા કે અનેક માણસો ભેગા મળીને પણ તેમનો પરાભવ કરવાને અસમર્થ હતા. તેઓ જીવ અને અજીવના સ્વરૂપને આગમાનુસાર જાણતા હતા. પાપ અને પુણ્યના સ્વરૂપને પણ તેઓ સારી રીતે સમજતા હતા. " तएणं तेसिं समणोवासयाणं अन्नया कयाइं एगयओ सहियाणं समुवागयाणं संनिविट्ठाणं सन्निसण्णाणं अयमेयारूवे मिहो कहासमुल्लावे समुपज्जित्था " એક દિવસ તે શ્રમણો-

પાસકો પોતપોતાને ઘેરથી નીકળીને એક સ્થાને આસનવિશેષ ગ્રહણ કરીને પાસે પાસે બેસી ગયા અને અંદરો અંદર આ પ્રમાણે વાતચીત કરવા લાગ્યા–

"देवलोगेसु णं अज्जो! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता?" હે આર્યો! દેવલોકમાં દેવોની સ્થિતિ કેટલી કહી છે?

"तएणं से इसिभद्दपुत्ते समणोवासए देवट्ठिइगहियट्ठे ते समणोवासए एवं वयासी" દેવસ્થિતિ રૂપ અર્થનું જેને પહેલેથી જ જ્ઞાન હતું એવા શ્રમણોપાસક ઋષિભદ્રપુત્રે તેમના આ પ્રકારના પ્રશ્નનો નીચે પ્રમાણે જવાબ આપ્યો. "देवलोएसु णं अज्जो! देवाणं जहण्णेणं दसवाससहस्साइं ठिई पण्णत्ता" હે આર્યો! દેવલોકમાં દેવોની જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ (ત્યાંનો આયુકાળ) દસ હજાર વર્ષની કહી છે. "तेण परं समयाहिया, दुसमयाहिया जाव दससमयाहिया, संखेज्जसमयाहिया असंखेज्जसमयाहिया" તેનાથી આગળ એક સમય અધિક, બે સમય અધિક, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, અને દસ સમય અધિક, સંખ્યાત સમય અધિક, અને અસંખ્યાત સમય અધિક થતાં થતાં ૩૩ સાગરોપમ પર્યન્તની જે સ્થિતિ થાય છે, તે સ્થિતિને તે દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ કહે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે તેમની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની છે, અને એક બે આદિ અસંખ્યાત પર્યન્તના મધ્યમસ્થિતિના વિકલ્પોથી અધિક જે ૩૩ સાગરોપમ પર્યન્તની સ્થિતિ છે, તે તેમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. "तेण परं वोच्छिन्ना, देवा य देवलोगा य" ૩૩ સાગરોપમ કરતાં અધિક સ્થિતવાળા કોઈ દેવ પણ હોતા નથી અને દેવલોક પણ હોતા નથી. "तएणं से समणोवासया इसिभद्दपुत्तस्स समणोवासयस्स एवमाइक्खमाणस्स जाव एवं परूवेमाणस्स एयमट्ठं नो सद्दहंति, नो पत्तियंति, नो रोयंति" દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું આ પ્રકારે કથન કરનારા, આ પ્રમાણે વિશેષ કથન કરનારા, આ પ્રમાણે પ્રજ્ઞપના કરનારા અને આ પ્રમાણે પ્રરૂપણા કરનારા શ્રમણોપાસક (શ્રાવક) ઋષિભદ્રપુત્રના પૂર્વોક્ત કથન પ્રત્યે તે શ્રમણોપાસકોએ શ્રદ્ધાની દૃષ્ટિએ જોયું નહીં, તેમને એ વાતની પ્રતીતિ થઈ નહીં અને આ કથન તેમને રુચ્યું પણ નહીં. "एयमट्ठं असद्दहमाणा, अपत्तियमाणा, अरोयमाणा जामेव दिसिं पाउब्भूया–तामेव दिसिं पडिगया" અશ્રદ્ધાયુક્ત, અવિશ્વાસયુક્ત અને અરુચિયુક્ત થયેલા એવાં તે શ્રમણોપાસકો જ્યાંથી આવ્યા હતા ત્યાં–પોતપોતાને ઘેર પાછાં ફર્યાં. ।।સૂ૦૧।।

ऋषिभद्रपुत्रनी वक्तव्यता

टीकार्थ–આ સૂત્રમાં સૂત્રકારે એ વાતનું પ્રતિપાદન કર્યું છે કે ઋષિભદ્રપુત્રે દેવોની સ્થિતિ વિષે જે કથન કર્યું હતું તે સત્ય હતું. મહાવીર પ્રભુના વચનો દ્વારા તેના તે કથનને અહીં પ્રમાણભૂત સાબિત કરવામાં આવ્યું છે.

"तेणं कालेणं तेण समएण समणे भगवं महावीरे जाव समोसढे, जाव परिसा पज्जुवासइ" તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર આલભિકા નગરીમાં શંખવન નામના ઉદ્યાનમાં પધાર્યા. મહાવીર પ્રભુના આગમનના સમાચાર સાંભળીને તેમને વંદણાનમસ્કાર કરવાને તથા ધર્મોપદેશ સાંભળવાને પરિષદ નીકળી પરિષદે ઘણા વિનયપૂર્વક બન્ને હાથ જોડીને ભગવાનની પર્યુપાસના કરી. **"एणं ते समणोवासया इमीसे कहाए लद्धट्ठा समाणा हट्ठतुट्ठा एवं जहा तुंगि उ सए जाव पज्जुवासंति"** જ્યારે તે (પૂર્વોક્ત) શ્રમણોપાસકોને મહાવીર પ્રભુના આગમનના સમાચાર મળ્યા, ત્યારે તેમને ઘણો જ હર્ષ અને સંતોષ થયો. ત્યાર બાદનું કથન બીજા શતકના પાંચમાં ઉદ્દેશામાં કહ્યા અનુસાર અહીં પણ સમજવું. વિનયપૂર્વક બન્ને હાથ જોડીને તેમણે ભગવાન મહાવીરની પર્યુપાસના કરી, આ કથન પર્યન્તનું કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. **"तएणं समणे भगवं महावीरे तेसिं समणोवासगाणं तीसे य महतिमहालयाए परिसाए धम्मकहा जाव आणाए आराहए भवइ"** ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે તે શ્રમણોપાસકોને તે અતિ વિશાળ સભામાં ધર્મકથા કહી **"अत्थि लोए, अत्थि अलोए"** આ ધર્મકથામાં "લોક છે, અલોક છે," ઇત્યાદિ વિષય પર વિવેચન કરવામાં આવ્યું. **"एतस्य धर्मस्य शिक्षायामुपस्थितः श्रमणोपासको वा श्रमणोपासिका वा विहरन्"** ઔપપાતિક સૂત્રમાં કથિત આ કથનપર્યન્તના વિષયમાં તે ધર્મકથામાં પ્રતિપાદન કરવામાં આવ્યું. **"तएणं ते समणोवासया समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठ तुट्ठा उट्ठाए उट्ठेंति"** મહાવીર પ્રભુ દ્વારા કથિત ધર્મકથાનું શ્રવણ કરીને તે શ્રમણોપાસકોના હૃદયો આનંદથી નાચી ઉઠ્યાં અતિશય આનંદ અને સંતોષ પામેલા તે શ્રાવકો પોતાની ઉત્થાનશક્તિથી ઊભા થયા **"उट्ठाए उट्ठेत्ता समणं भगवं महावीरं वंदंति, नमंसंति, वंदित्ता नमंसित्ता एवं वयासी"** ઉઠીને તેઓ શ્રમણ ભગવાન મહાવીર જ્યાં

બેઠા હતા ત્યાં ગયા ત્યાં જઈને તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી, નમસ્કાર કર્યા વંદણાનમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો–" एवं खलु भंते ! इसिभद्दपुत्ते समणोवासए अम्हं एवं आइक्खइ, जाव परूवेइ " હે ભગવન્ ! શ્રમણોપાસક–શ્રાવકઋષિભદ્રપુત્ર અમને એવું કહે છે, એવું ભાંખે છે (પ્રતિપાદન કરે છે), એવી પ્રજ્ઞાપના કરે છે અને એવી પ્રરૂપણા કરે છે કે " હે આર્યો ! દેવલોકોમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે અને ત્યાર બાદ એક સમય, બે સમય, ત્રણ સમય, ચાર સમય, પાંચ સમય, છ સમય, સાત સમય, આઠ સમય, નવ સમય, દસ સમય, સંખ્યાત સમય અને અસંખ્યાત સમય પ્રમાણ અધિક થતી થતી ૩૩ સાગરોપમ પર્યન્તની ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે. કોઇ પણ એવું દેવલોક નથી જેમાં ૩૩ સાગરોપમ કરતાં અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ હોય અને કોઇ પણ એવો દેવ નથી જેની ૩૩ સાગરોપમ કરતાં અધિક ઉત્કૃષ્ટ સ્થિતિ હોય. " તો હે ભગવન્ ! શું તેમનું તે કથન સત્ય છે કે અસત્ય છે ? " तएणं समणे भगवं महावीरे, अज्जोत्ति ते समणोवासए एवं वयासी " તેમનો આ પ્રશ્ન સાંભળીને, " હે આર્યો !" એવું સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે તેમને આ પ્રમાણે કહ્યું–" जं णं अज्जो ! इसिभद्दपुत्ते समणोवासए तुब्भं एवं आइक्खइ जाव परूवेइ " હે આર્યો ! ઋષિભદ્રપુત્ર શ્રાવક તમારી પાસે એવું જે કહે છે, પ્રતિપાદિત કરે છે, પ્રરૂપિત કરે છે અને પ્રજ્ઞાપિત કરે કે " દેવલોકોમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની છે અને ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે– તેથી અધિક ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવલોક પણ નથી અને દેવો પણ નથી, " તો તેમનું આ કથન સત્ય છે–અસત્ય નથી. " तएणं ते समणोवासया समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म समणं भगवं महावीरं वंदंति, नमंसंति " શ્રમણ ભગવાન મહાવીરનું આ પ્રકારનું કથન સાંભળીને અને તેને હૃદયમાં ઉતારીને, તેમણે તેમને વંદણા કરી અને નમસ્કાર કર્યાં. वंदित्ता नमंसित्ता जेणेव इसिभद्दपुत्ते समणोवासए तेणेव उवागच्छंति " વંદણા નમસ્કાર કરીને તેઓ જ્યાં ઋષિભદ્રપુત્ર શ્રાવક બેઠા હતા ત્યાં આવ્યા. " उवागच्छित्ता इसिभद्दपुत्तं समणोवासगं वंदंति नमंसंति " ત્યાં આવીને તેમણે ઋષિભદ્રપુત્ર શ્રાવકને વંદણા કરી અને નમસ્કાર કર્યાં. " वंदित्ता, नमंसित्ता एयमट्ठं सम्मं विणएणं भुज्जो २ खामेंति " વંદણાનમસ્કાર કરીને તેમણે ઋષિભદ્રપુત્ર પાસે પોતાના દોષની (તેમની સાચી વાતને નહીં માનવા રૂપ દોષની) ઘણાં વિનયપૂર્વક વારંવાર ક્ષમા માગી. " तएणं

ते समणोवासया पसिणाइं पुच्छंति" त्यार બાદ તે શ્રાવકોએ તેમને બીજા પ્રશ્નો પણ પૂછયા, "पुच्छित्ता अट्ठाइं परियाइंति" અને તે પ્રશ્નોના સમાધાન રૂપે તેમણે કહેલી વાતનો સ્વીકાર કર્યો "परियाइत्ता समणं भगवं महावीरं वंदंति नमंसंति" ત્યાર બાદ તેમણે ફરીથી શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા. "वंदित्ता, नमंसित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया" વંદણા નમસ્કાર કરીને તેઓ જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં-પોત પોતાને સ્થાને પાછાં ફર્યાં ॥સૂ૦૨॥

ऋषिभद्रपुत्र की सिद्धि का निरूपण

ऋषिभद्रपुत्रની સિદ્ધિની વક્તવ્યતા-

"अंते त्ति भगवं गोयमे" ઇત્યાદિ—

ટીકાર્થ-સૂત્રકારે આ સૂત્રમાં ऋषिभद्रपुत्रની સિદ્ધિપ્રાપ્તિના વિષયનું નિરૂપણ કર્યું છે.-"अंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ, णमंसइ,वंदित्ता णमंसित्ता एवं वयासी" "હે ભગવન્" એવું સંબોધન કરીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા. વંદણા નમસ્કાર કરીને તેમણે આ પ્રમાણે પ્રશ્ન પૂછયો-"पभूणं अंते! इसिभद्दपुत्ते समणोवासए देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए?" હે ભગવન્! શ્રમણોપાસક ऋषिभद्रपुत्र શું આપ દેવાનુપ્રિયની પાસે મુંડિત થઈને ગૃહસ્થાશ્રમના પરિત્યાગપૂર્વક અણગારાવસ્થા ધારણ કરવાને સમર્થ છે ખરા?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा! णो इणट्ठे समट्ठे" હે ગૌતમ! એ વાત સંભવિત નથી, કારણ કે તે ऋषिभद्रपुत्र પ્રવ્રજ્યા ગ્રહણ કરવાને સમર્થ નથી. પરન્તુ "गोयमा!" હે ગૌતમ! "इसिभद्दपुत्ते समणोवासए बहूहिं सीलव्वयगुणवयवेरमणपच्चक्खाण-पोसहोववासेहिं अहापरिग्गहिएहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे" આ ऋषिभद्रपुत्र અનેક શીલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, પ્રત્યાખ્યાન તથા નિયમાનુસાર સ્વીકૃત તપઃકર્મોથી આત્માને ભાવિત કરતો થકો "बहूइं वासाइं समणोवासग-परियागं पाउणिहिंति" અનેક વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયનું પાલન કરશે. "पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसेहिइ" ત્યારબાદ તે એક માસનો સંથારો કરીને શરીર અને

કષાયોને કૃશ કરશે. "झूसित्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदेहिइ" કાય અને કષાયોને કૃશ કરીને અને અનશન દ્વારા ૬૦ ભક્તોનો (એક માસ પર્યન્તના આહારનો) પરિત્યાગ કરીને, "छेदित्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे अरुणाभे विमाणे देवत्ताए उववज्जिहिति" પાપકર્મોની આલોચના અને પ્રતિક્રમણ કરીને, સમાધિ ભાવને પ્રાપ્ત કરીને, કાળનો અવસર આવેથી કાળધર્મ પામીને સૌધર્મકલ્પના અરુણાભ નામના વિમાનમાં દેવની પર્યાયે ઉત્પન્ન થશે. "तत्थणं अत्थेगइयाणं देवाणं चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता" ત્યાં કેટલાક દેવોની ચાર પલ્યોપમની સ્થિતિ કહી છે. "तत्थ णं ईसिभद्दपुत्तस्स वि देवस्स चत्तारि पलिओवमाइं ठिई भविस्सइ" આ ઋષિભદ્ર-પુત્ર પણ ત્યાં ચાર પલ્યોપમની સ્થિતિવાળા દેવરૂપે ઉત્પન્ન થશે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન-"से णं भंते! ईसिभद्दपुत्ते देवे ताओ देवलोगाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खएणं जाव कहिं उववज्जिहिइ?" હે ભગવન્! ઋષિભદ્રપુત્રના તે દેવલોક સંબંધી આયુનો ક્ષય થતાં, ભવનો ક્ષય થતાં, સ્થિતિનો ક્ષયથતાં, દેવભવ સંબંધી શરીરનો પરિત્યાગ કરીને કયાં જશે, કયાં ઉત્પન્ન થશે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"गोयमा! महाविदेहे वासे सिज्झिहिइ जाव अंतं काहेइ" હે ગૌતમ! ઋષિભદ્રપુત્ર સૌધર્મ દેવલોકમાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થશે, ત્યાં કેવળજ્ઞાનથી તે સમસ્ત વસ્તુઓને જોઈ શકશે, સમસ્ત કર્મોથી સર્વથા રહિત થશે, અને સમસ્ત દુઃખોનો અન્ત કરી નાખશે. એટલે કે તેઓ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વાત થશે અને સમસ્ત શારીરિક અને માનસિક દુઃખોથી રહિત એવા નિર્વાણ પદને પામશે સૂત્રને અન્તે ગૌતમ સ્વામી મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત ગણીને તેમના પ્રત્યે પોતાની અપાર શ્રદ્ધા વ્યક્ત કરતાં કહે છે-"सेवं भंते! सेवं भंते! त्ति भगवं गोयमे जाव अप्पाणं भावेमाणे विहरइ" હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સત્ય જ છે. ભગવન્! આપે જે કહ્યું તે સર્વથા સત્ય જ છે" આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા પોતાને સ્થાને વિરાજમાન થઈ ગયા. ।।સૂ૦૩।।

પુદ્ગલપરિવ્રાજકની સિદ્ધિપ્રાપ્તિની વક્તવ્યતા–

"तएणं समणे भगवं महावीरे" ઇત્યાદિ—

ટીકાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં પુદ્ગલ પરિવ્રાજકની સિદ્ધિપ્રાપ્તિ વિષેની વક્તવ્યતાનું નિરૂપણ કર્યું છે "तएणं समणे भगवं महावीरे अन्नया कयाइं आलभियाओ नयरीओ संखवणाओ चेइयाओ पडिनिक्खमइ" ત્યાર બાદ કોઈ એક દિવસે શ્રમણ ભગવાન મહાવીરે આલભિકા નગરીના શંખવન ચૈત્યમાંથી એટલે કે ઉદ્યાનમાંથી વિહાર કર્યો. "पडिनिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ" અને આલભિકા નગરીમાંથી નીકળીને બહારના જનપદમાં વિહરવા લાગ્યા. 'तेणं कालेणं तेणं समएणं अलभिया नाम नयरी होत्था" તે કાળે અને તે સમયે આલભિકા નામની નગરી હતી. "वण्णओ" ઔપપાતિક સૂત્રમાં ચંપા નગરીનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ આલભિકા નગરીનું વર્ણન સમજવું, "तत्थ णं संखवणे णामं चेइए होत्था–वण्णओ" તે નગરીમાં શંખવન નામનું ચૈત્ય (ઉદ્યાન) હતું. ઔપપાતિક સૂત્રમાં પૂર્ણભદ્ર ચૈત્યનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ આ શંખવન ચૈત્યનું વર્ણન સમજવું. "तस्सणं संखवणस्स अदूरसामंते पोग्गले नामं परिव्वायए परिवसइ" તે શંખવન ચૈત્યથી બહુ દૂર પણ નહીં અને બહુ સમીપ પણ નહીં એવે સ્થાને એક પરિવ્રાજક રહેતો હતો, જેનું નામ પુદ્ગલ હતું. "रिउव्वेय, जजुव्वेय, जाव नएसु सुपरिनिट्ठिए छट्ठ छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ जाव आयावेमाणे विहरइ" તે ઋગ્વેદ, યજુર્વેદ સામવેદ, અને અથર્વવેદમાં તથા બ્રાહ્મણધર્મના બીજાં પણ અનેક શાસ્ત્રોમાં નિપુણ હતો. તે નિરંતર છઠને પારણે છઠની તપસ્યા કરતો હતો તથા હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લીધા કરતો હતો. તે ભદ્ર પ્રકૃતિવાળો હતો બીજા શતકના પહેલા ઉદ્દેશામાં સ્કન્દકનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ આ પુદ્ગલ પરિવ્રાજકનું પણ વર્ણન સમજવું. "तएणं तस्स पोग्गलस्स छट्ठंछट्ठेणं जाव आयावेमाणस्स पगइभद्दयाए जहा सिवस्स जाव विभंगे नामं अण्णाणे समुप्पन्ने" આ રીતે નિરંતર છઠને પારણે છઠ્ઠ કરતા અને હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લેતા અને ભદ્રિક પ્રકૃતિવાળા તે પુદ્ગલપરિવ્રાજકને અગિયારમાં શતકના નવમાં ઉદ્દેશામાં જેનું વર્ણન કરવામાં આવ્યું

છે એવા શિવરાજર્ષિની જેમ, વિભંગ નામનું અજ્ઞાન ઉત્પન્ન થઈ ગયું. "तेणं तेणं विब्भंगेणं अण्णाणेणं समुप्पन्नेणं बंभलोए कप्पे देवाणं ठिइं जाणइ पासइ" પોતાને ઉત્પન્ન થયેલા તે વિભંગ અજ્ઞાનના પ્રભાવથી તે પુદ્ગલ પરિવ્રાજક બ્રહ્મલોક કલ્પના દેવોની સ્થિતિને (આયુષ્ય કાળને) જાણનારો અને દેખનારો થઇ ગયો. "तएणं तस्स पोग्गलस्स परिव्वायगस्स अयमेयारूवे अज्झत्थिए जाव जहुप्पज्जित्था" ત્યારે તે પુદ્ગલ પરિવ્રાજકને આ પ્રકારનો આત્મગત, ચિન્તિત, કલ્પિત, પ્રાર્થિત અને મનોગત સંકલ્પ ઉત્પન્ન થયો–"अत्थिणं मम अइसेसे नाणदंसणे समुप्पण्णे" મને અતિશયવાળું જ્ઞાનદર્શન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી હું જાણી શકું છું કે "देवलोएसु णं देवाणं जहण्णेणं दसवाससहस्साइं ठिई पण्णत्ता" દેવલોકોમાં રહેનારા દેવોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની હોય છે. "तेण परं समयाहिया, दुसमयाहिया जाव असंखेज्जसमयाहिया उक्कोसेणं दससागरोवमाइं ठिई पण्णत्ता" ત્યાર બાદ બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ, સંખ્યાત અને અસંખ્યાત સમય અધિક થતાં થતાં ઉત્કૃષ્ટની અપેક્ષાએ ૧૦ સાગરોપમ સુધીની સ્થિતિ થઇ જાય છે. આ રીતે દેવલોકોમાં દેવોની જઘન્ય સ્થિતિ ૧૦ હજાર વર્ષની અને ઉત્કૃષ્ટ સ્થિતિ દસ સાગરોપમની હોય છે. "तेण परं वोच्छिन्ना देवा य देवलोगा य एवं संपेहेइ" ત્યાર બાદ દેવો અને દેવલોક વિચ્છિન્ન થઈ જાય છે–એટલે કે ૧૦ સાગરોપમથી અધિક સ્થિતિવાળા દેવો પણ હોતા નથી અને દેવલોક પણ હોતા નથી એવો તેણે વિચાર કર્યો

"संपेहेत्ता आयावणभूमीओ पच्चोरुहइ" આ પ્રમાણે વિચાર કરીને તે આતાપના ભૂમિ પરથી નીચે ઉતર્યો. "आयावणभूमीओ पच्चोरुहित्ता तिदंडकुंडिया जाव धाउरत्ताओ य गेण्हइ" આતાપના ભૂમિ પરથી નીચે ઉતરીને તેણે પોતાના ત્રિદંડ, કમંડળ, ભગવા વસ્ત્રો આદિ ઉપકરણોને ઉપાડી લીધાં. "गेण्हेत्ता जेणेव आलभिया नयरी जेणेव परिव्वायगावसहे तेणेव उवागच्छइ" પોતાના તે ઉપકરણોને ગ્રહણ કરીને તે આલંભિકા નગરીમાં આવેલા પરિવ્રાજકોના આશ્રમમાં આવ્યો. "उवागच्छित्ता भंडानिक्खेवं करेइ" ત્યાં આવીને તેણે પોતાના તે ત્રિદંડ, કમંડળ આદિ ઉપકરણોને આશ્રમમાં મૂકી દીધાં. "करेत्ता आलभियाए नयरीए सिंघाडग जाव पहेसु अन्नमन्नस्स एवमाइक्खइ, जाव परूवेइ" ત્યાર બાદ તે આલંભિકા નગરીના શૃંગાટકો, ત્રિક, ચતુષ્ક, ચત્વર, મહાપથ અને પથ આદિ માર્ગો પર એકઠા થયેલાં લોકોને આ પ્રમાણે કહેવા લાગ્યો, આ પ્રમાણે ભાષણ (પ્રતિપાદન) કરવા લાગ્યો, આ પ્રમાણે પ્રજ્ઞાપિત કરવા લાગ્યો અને આ પ્રમાણે પ્રરૂપણા કરવા લાગ્યો કે "अत्थिणं

देवाणुप्पिया ! मम अइसेसे नाणदंसणे समुप्पन्ने" હે દેવાનુપ્રિયો ! મને અતિશયવાળું જ્ઞાનદર્શન ઉત્પન્ન થયું છે. તેના પ્રભાવથી હું એવું જાણી દેખી શકું છું કે "देवलोएसु णं देवाणं जहण्णेणं दसवाससहस्साइं तहेव जाव वोच्छिन्ना देवा य देवलोगा य" દેવલોકોમાં દેવોની જઘન્યસ્થિતિ દસ હજાર વર્ષની છે. ત્યાર બાદ એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ નવ, દસ, સંખ્યાત અને અસંખ્યાત સમય અધિક થતી થતી ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ સાગરોપમ સુધીની હોય છે. તેથી વધારે ઉત્કૃષ્ટ સ્થિતિવાળો કોઈ દેવ પણ નથી અને દેવલોક પણ નથી.

"तएणं आलभियाए नयरीए एएणं अभिलावेणं जहा सिवस्स तंचेव से कहमेयं मन्ने एवं" પુદ્ગલ પરિવ્રાજકની આ પ્રકારની પ્રરૂપણાને લીધે આલભિકા નગરીના લોકોમાં આ વિષે ચર્ચા થવા લાગી અને લોકોમાં અર્હંત પ્રરૂપિત તત્ત્વના ખરા કે ખોટા પણા વિષે શંકા ઉત્પન્ન થઈ તે કારણે લોકોમાં કેવી કેવી ચર્ચા અને ભિન્ન ભિન્ન પ્રકારની વિચારધારા ઉઠવી તે ૧૧ માં શતકના નવમાં ઉદ્દેશામાં શિવરાજ ઋષિના પ્રકરણમાં પ્રગટ કર્યા અનુસાર અહીં પણ સમજવું. તથા લોકો અંદરો અંદર એવી ચર્ચા કરવા લાગ્યા કે પુદ્ગલ પરિવ્રાજક દેવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ વિષે જે પ્રતિપાદન કરે છે તે શું સત્ય માની શકાય એમ છે ? ત્યારબાદ "सामी समोसढे" તે આલભિકા નગરીમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા. "जाव परिसा पडिगया" તેમનાં દર્શન કરવાને માટે પરિષદ નીકળી દર્શન કરીને તથા ધર્મકથા શ્રવણ કરીને પરિષદ પાછી ફરી. "भगवं गोयमे तहेव भिक्खायरियाए तहेव बहुजणसद्दं निसामेइ, निसामेत्ता तहेव, सव्वं भाणियव्वं" અગિયારમાં શતકના નવમાં ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે ગોચરી કરવાને માટે આલભિકા નગરીમાં ફરતાં ફરતાં, શૃંગાટક આદિ માર્ગો પર, ગૌતમ સ્વામીએ અનેક લોકોને મુખે ઉચ્ચારાયેલા પુદ્ગલપરિવ્રાજકના પૂર્વોક્ત વચનો સાંભળ્યા ત્યારબાદ તેમણે મહાવીર ભગવાન પાસે જઈને આ બધી હકીકત કહી સંભળાવી અને મહાવીર પ્રભુને એવો પ્રશ્ન કર્યો કે "पुद्गल परिव्राजक देवोनी जघन्य अने उत्कृष्ट स्थिति विषे जे कहे छे, ते शुं सत्य छे ?" મહાવીર પ્રભુએ કહ્યું કે તે જે કહે છે તે મિથ્યા છે. પોતાની આ વિષેની માન્યતા પ્રકટ કરતા મહાવીર પ્રભુ કહે છે–"अहं पुण गोयमा ! एवं आइक्खामि, एवं भासामि जाव परूवेमि" હે ગૌતમ ! હું તો એવું કહું છું, એવું ભાંખું છું, એવી પ્રજ્ઞાપના કરું છું અને એવી પ્રરૂપણા કરું છું કે–"देवलोएणं देवाणं जहन्नेणं दसवाससहस्साइं ठिई पण्णत्ता, तेण परं समयाहिया दुसमयाहिया, जाव उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता–तेण परं वोच्छिन्ना देवा य देवलोगा य" દેવલોકોમાં દેવોની જઘન્ય સ્થિતિ દસ હજાર વર્ષની છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિ એક સમયાધિક, બે સમયાધિક, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દસ સંખ્યાત અને અસંખ્યાત સમયાધિક થતી થતી ૩૩ સાગરોપમ સુધીની હોય છે. એથી વધુ ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દેવો પણ નથી અને દેવલોક પણ નથી. તેથી જ ૩૩ સાગરોપમ કરતાં અધિક સ્થિતિવાળા દેવો અને દેવલોકોને વ્યુચ્છિન્ન (અસ્તિત્વ વિનાના) કહ્યા છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–" अत्थिणं भंते! सोहम्मे कप्पे दव्वाइं सवन्नाइं पि अवन्नाइं पि?" હે ભગવન્! સૌધર્મકલ્પમાં શું વર્ણસહિત અને વર્ણ-રહિત દ્રવ્યો હોય છે ખરાં? શું ત્યાં ગંધસહિત અને ગંધરહિત દ્રવ્યો હોય છે ખરાં? શું ત્યાં રસસહિત અને રસરહિત દ્રવ્યો હોય છે ખરાં? અને સ્પર્શસહિત અને સ્પર્શરહિત દ્રવ્યો હોય છે ખરાં?

મહાવીર પ્રભુનો ઉત્તર–" हंता, अत्थि, एवं ईसाणे वि एवं जाव अच्चुए, एवं गेवेज्जविमाणेसु, अणुत्तरविमाणेसु वि ईसिपब्भाराए वि जाव हंता, अत्थि" હા, ગૌતમ! સૌધર્મકલ્પમાં રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી સહિત અને તે ગુણોથી રહિત દ્રવ્ય હોય છે.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–એજ પ્રમાણે ઈશાનથી લઇને અચ્યુત પર્યન્તના કલ્પોમાં, તથા નવ ગ્રેવેયકોમાં, પાંચ અનુત્તર વિમાનોમાં, અને ઈષત્પ્રાગ્ભારાપૃથ્વીમાં પણ શું વર્ણાદિથી યુક્ત અને વર્ણાદિથી રહિત દ્રવ્ય છે ખરૂં! તેનો ઉત્તર આપતા મહાવીર પ્રભુ કહે છે કે તે બધાં સ્થળોમાં પણ રૂપ, રસ, ગંધ અને સ્પર્શથી યુક્ત દ્રવ્ય પણ હોય છે અને તે ગુણોથી રહિત દ્રવ્ય પણ હોય છે. " तएणं सा महतिमहालया जाव पडिगया" પ્રભુની આ પ્રકારની પ્રરૂપણા સાંભળીને તે વિશાળ પરિષદ વિખરાઇ ગઈ. " तएणं आलभियाए नयरीए सिंघाडगतिय० अवसेसं जहा सिवस्स जाव सव्वदुक्खप्पहीणे" ત્યાર બાદ આલંભિકા નગરીના શૃંગાટકથી લઇને મહાપથ અને પથ પર્યન્તના માર્ગો પર આ વાતની ચર્ચા થવા લાગી બાકીનું સમસ્ત કથન શિવરાજ ઋષિના કથન પ્રમાણે ગ્રહણ કરવું. એટલે કે પુદ્ગલપરિવ્રાજક પણ પ્રવ્રજ્યા અંગીકાર કરીને શિવરાજ ઋષિની જેમ સિદ્ધ, બુદ્ધ, મુક્ત અને સર્વદુઃખોથી રહિત થઈ ગયા. " नवरं तिदंडकुंडियं जाव धाउरत्तवत्थपरिहिए परिव्वडिय-विब्भंगे आलभियं नगरं मज्झं मज्झेणं निग्गच्छइ" શિવરાજ ઋષિના કથન કરતાં પુદ્ગલ પરિવ્રાજકના કથનમાં આટલી જ વિશેષતા છે–પુદ્ગલ પરિવ્રાજકે પોતાના ત્રિદંડ, કમંડળ આદિ ઉપકરણો ઉઠાવ્યા, ભગવાં વસ્ત્રો ધારણ કર્યા અને જેનું વિભંગજ્ઞાન નષ્ટ થઇ ગયું છે એવો તે આલભિકા નગરીની વચ્ચે થઇને નીકળ્યો. " जाव उत्तरपुरत्थिमं दिसीभागं अवक्कमइ" ત્યાર બાદ ઈશાન દિશા તરફ ગયો. अवक्कमित्ता तिदंडकुंडियं जहा " ઈશાન દિશા તરફ જઈને તેણે પોતાના ત્રિદંડ, કમંડળ આદિને એક તરફ મૂકી દીધાં અને जहा खंदओ जाव पव्वइओ સ્કન્દની જેમ પ્રવ્રજ્યા અંગીકાર કરી " આ કથન પર્યન્તનું સમસ્ત કથન ગ્રહણ કરવું ત્યાર બાદ સમસ્ત કર્મોનો ક્ષય કરીને સિદ્ધિ પામવા પર્યન્તનું સમસ્ત કથન શિવરાજ ઋષિના કથન પ્રમાણે સમજી લેવું આ રીતે સિદ્ધ, બુદ્ધ, મુકત અને સમસ્ત દુઃખોના અન્તકર બનીને

તેઓ " अव्वाबाहं सोक्खं अणुहवंति सासयं सिद्धा " અવ્યાબાધ સુખના સ્થાનરૂપ નિર્વાણ પામ્યા. " सेवं भंते ! सेवं भंते ! त्ति " હે ભગવન્ ! આપનું કથન સર્વથા સત્ય છે. હે ભગવન્ ! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સત્ય જ છે" આ પ્રમાણે કહીને ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુનાં વચનોને પ્રમાણભૂત માન્યાં.

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત " ભગવતીસૂત્ર "ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના અગિયારમા શતકનો બારમો ઉદ્દેશક સમાપ્ત ॥૧૧-૧૨॥

॥ અગિયાર મું શતક સંપૂર્ણ ॥

卐

બારહવેં શતક કે પહલે ઉદ્દેશે કા વિષય વિવરણ

બારમા શતકના પહેલા ઉદ્દેશાનો પ્રારંભ

આ બારમાં શતકમાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વિવરણ આ પ્રમાણે છે-શ્રાવસ્તી નગરીનું વર્ણન શંખાદિ મુખ્ય શ્રાવકોનું વર્ણન શંખની પત્ની ઉત્પલા નામની ભાર્યાનું વર્ણન પુષ્કલિ નામના શ્રાવકનું વર્ણન શંખના વિચારોનું વર્ણન-" અશન, પાન આદિ ચતુર્વિધ આહાર લેવા કરતાં પાક્ષિક પૌષધવ્રત વધારે શ્રેયસ્કર છે. " ભોજનને માટે શંખ શ્રમણોપાસકને બોલાવવા જવો તે ઉચિત છે કે નહીં ? એવી શ્રાવકોની ચર્ચા, પુષ્કલિ નામના શ્રાવકનું શંખને બોલાવવા જવાનું વર્ણન શંખનો પુષ્કલિને આ પ્રકારનો ઉત્તર-" અશન આદિના આસ્વાદન કરતાં મને પૌષધોપવાસનું પાલન વધારે શ્રેયસ્કર લાગે છે. " મહાવીર સ્વામીને વંદણા કરવા જવાનો શંખનો વિચાર, વંદના કરવા જવા માટે પ્રસ્થાન, અન્ય શ્રાવકોનું પણ પ્રભુને વંદણા કરવા નિમિત્તે પ્રસ્થાન પ્રભુની સમીપે અન્ય શ્રાવકો દ્વારા શંખની નિંદા ભગવાન મહાવીર દ્વારા તેમને શંખની નિંદા ન કરવાનો ઉપદેશ પ્રભુ દ્વારા જાગરિકાના પ્રકારોની પ્રરૂપણા ક્રોધથી વ્યાકુળ બનેલા જીવના કર્મબન્ધની પ્રરૂપણા, માનવાલા જીવના કર્મબન્ધની પ્રરૂપણા, શંખ દ્વારા પ્રવ્રજ્યાનો સ્વીકાર તેના સામર્થ્યનું વર્ણન.

બારહવેં શતક કે અર્થ કો સંગ્રહ કરનેવાલી ગાથા

આ બારમાં શતકના ૧૦ ઉદ્દેશાઓ છે. આ ઉદ્દેશાઓ વિષયની પ્રરૂપણા કરનારી ગાથા નીચે પ્રમાણે છે–

संखे १ जयंति २ पुढवि ३ पोग्गल ४ अइवाय ५ राहु ६ लोगे य ७।
नागे य ८ देव ९ आया १० बारसमसए दसुद्देसा ॥

આ બારમાં શતકમાં દસ ઉદ્દેશકો (પ્રકરણો) છે. તેમના નામ નીચે પ્રમાણે છે–(૧) શંખ, (૨) જયંતી, (૩)પૃથ્વી, (૪) પુદ્ગલ, (૫) અતિપાત, (૬) રાહુ, (૭) લોક, (૮) નાગ, (૯) દેવ અને (૧૦) આત્મા.

ટીકાર્થ–બારમાં શતકના દસ ઉદ્દેશકો છે. તે પ્રત્યેક ઉદ્દેશકમાં કયા કયા વિષયની પ્રરૂપણા કરવામાં આવી છે, તે ઉપર્યુક્ત ગાથામાં પ્રકટ કરવામાં આવેલ છે. પહેલા શંખ નામના ઉદ્દેશામાં શંખ નામના શ્રાવકનું કથન અને બીજા જયંતી નામના ઉદ્દેશામાં જયંતી નામની શ્રાવિકાનું કથન કરવામાં આવ્યું છે. પૃથ્વી નામના ત્રીજા ઉદ્દેશામાં રત્નપ્રભા પૃથ્વીનું કથન કરાયું છે. પુદ્ગલ નામના ચોથા ઉદ્દેશામાં પુદ્ગલની પ્રરૂપણા કરી છે. અતિપાત નામના પાંચમાં ઉદ્દેશામાં પ્રાણાતિપાત આદિની પ્રરૂપણા કરી છે રાહુ નામના છઠ્ઠા ઉદ્દેશામાં રાહુની પ્રરૂપણા કરી છે. લોક નામના સાતમા ઉદ્દેશામાં લોકની પ્રરૂપણા કરી છે. નાગનામના આઠમાં ઉદ્દેશામાં સર્પ પર્યાયની, દેવ નામના નવમા ઉદ્દેશકમાં દેવવિશેષોની અને આત્મા નામના દસમાં ઉદ્દેશામાં આત્માની પ્રરૂપણા કરવામાં આવી છે.

શઙ્ગાશ્રાવક ચરિત્ર કા વર્ણન

–શંખશ્રાવકની વક્તવ્યતા–

" तेणं कालेणं " ઇત્યાદિ–

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે શંખ નામના શ્રાવકની પ્રરૂપણા કરી છે–**" तेणं कालेणं तेणं समएणं सावत्थी नामं नयरी होत्था "** તે કાળે અને તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. **" वण्णओ "** ઔપપાતિક સૂત્રમાં ચંપા નગરીનું જેવું વર્ણન કરવામાં આવ્યું તે, એવું જ શ્રાવસ્તી નગરીનું

પણ વર્ણન સમજવું તેમાં "कोट्ठए चेइए" કોષ્ઠક નામનું ચૈત્ય હતું. "वण्णओ" ઔપપાતિક સૂત્રમાં પૂર્ણભદ્ર ચૈત્યનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે એવું જ કોષ્ઠક ચૈત્યનું વર્ણન પણ સમજવું. "तत्थ णं सावत्थीए नयरीए बहवे संखप्पामोक्खा समणोवासगा परिवसंति, अड्ढा जाव अपरिभूया अभिगयजीवाजीवा जाव विहरंति" તે શ્રાવસ્તી નગરીમાં અનેક શ્રાવકો રહેતા હતા. તે શ્રાવકોમાં શંખ નામનો શ્રાવક મુખ્ય હતો. તે શ્રાવકો ઘણા જ સમૃદ્ધિશાળી અને પ્રભાવશાળી હતા. તેમનો તિરસ્કાર કરવાની હિંમત કોઇ પણ વ્યક્તિ કરતી નહીં તેઓ જીવ અને અજીવના સ્વરૂપને સમજતા હતા. અને પુણ્ય અને પાપના ફલના પણ જાણકાર હતા. આ સિવાયના બીજા પૂર્વોક્ત વિશેષણોથી પણ તેઓ યુક્ત હતા.

"तस्सणं संखस्स समणोवासगस्स उप्पला नामं भारिया होत्था" તે શંખ શ્રમણોપાસકને ઉત્પલા નામની ભાર્યા હતી. "सुकुमाल जाव सुरूवा, समणोवासिया, अभिगयजीवाजीवा, जाव विहरइ" તેના કર-હાથ અને ચકણ ઘણા સુંદર હતાં તેનાં અંગોપાંગોનું પૂર્વોક્ત વર્ણન અહીં પણ ગ્રહણ કરવું તે ઘણી જ સુંદર હતી. તે પણ શ્રમણોની ઉપાસક હતી અને જીવ તથા અજીવ તત્ત્વ, પાપ, પુણ્ય આદિને જાણનારી હતી.

"तत्थ णं सावत्थीए नयरीए पोक्खली नामं समणोवासए परिवसइ, अड्ढे अभिगय जाव विहरइ" એજ શ્રાવસ્તી નગરીમાં પુષ્કલી નામનો બીજો એક શ્રમણોપાસક રહેતો હતો તે પણ સમૃદ્ધિ સંપન્ન આદિ વિશેષણોવાળો, ઘણો જ પ્રભાવશાળી, કોઇથી પણ ગાંજ્યો ન જાય એવો, જીવ અને અજીવ તત્ત્વને જાણનારો અને પાપ અને પુણ્યના ફળને સમજનારો હતો. "तेणं कालेणं तेणं समएणं सामी समोसढे, परिसा निग्गया, जाव पज्जुवासइ" તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી તે નગરીના કોષ્ઠક ઉદ્યાનમાં પધર્યા. તેમને વંદણા નમસ્કાર કરવાને માટે પરિષદ નીકળી 'પરિષદ દ્વારા પ્રભુની પર્યુપાસના કરવામાં આવી,' આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. "तएणं ते समणोवासगा इमीसे कहाए जहा आलभियाए जाव पज्जुवासंति" ધર્મોપદેશ સાંભળવાને તથા વંદણા નમસ્કાર કરવાને માટે ગયેલી તે પરિષદનું વર્ણન આલભિકા નગરીના શ્રમણોપાસકના વિષયમાં આગળ કર્યા અનુસાર જ નહીં પણ ગ્રહણ કરવું જોઇએ. પ્રભુનાં દર્શન કરીને તેમને ઘણો જ આનંદ અને સંતોષ થયો તેમણે બન્ને હાથ જોડીને પ્રભુની પર્યુપાસના કરી. "तएणं समणे भगवं महावीरे तेसिं समणोवासगाणं तीसे य महति महालयाए धम्मकहा जाव परिसा पडिगया" ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે શ્રમણોપાસકોની તે અતિ વિશાળ પ્રખદાને ધર્મકથા સંભળાવી ધર્મકથા સાંભળીને પ્રખદા વિસર્જિત થઈ ગઇ. "तएणं ते समणोवासगा समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठा समणं

भगवं महावीरं वंदंति नमंसंति" આ પ્રકારે શ્રમણ ભગવાન મહાવીરની સમક્ષ ધર્મતત્ત્વનું શ્રવણ કરીને અને તેને હૃદયમાં ધારણ કરીને ખૂબ જ આનંદ અને સંતોષ પામેલા તે શ્રમણોપાસકોએ ભગવાન મહાવીરને વંદણા નમસ્કાર કર્યા. "वंदित्ता नमंसित्ता पसिणाइं पुच्छंति" વંદણા નમસ્કાર કરીને તેમણે તેમને કેટલાક પ્રશ્નો પૂછ્યા. "पुच्छित्ता अट्ठाइं परियादियंति" પૂછેલાં પ્રશ્નોના તેમના દ્વારા અપાયેલા ઉત્તરો દ્વારા પ્રશ્નગત વિષયને તેમણે સમજી લીધો. "परियाइत्ता उट्ठाए उट्ठेंति" ત્યાર બાદ તેઓ તેમની ઉત્થાન શક્તિથી ઊઠ્યા. "उट्ठित्ता समणस्स भगवओ महावीरस्स अंतियाओ कोट्ठयाओ चेइयाओ पडिनिक्खमंति" ઊઠીને તેઓ શ્રમણ ભગવાન મહાવીર પાસેથી તથા તે કોષ્ઠક ચૈત્યમાંથી બહાર નીકળ્યા. "पडिनिक्खमिता जेणेव सावत्थी नयरी, तेणेव पहारेत्थ गमणाए" ત્યાંથી નીકળીને તેઓ શ્રાવસ્તી નગરી તરફ રવાના થયા. ॥સૂ૦૧॥

"तएणं से" ઇત્યાદિ—

ટીકાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે શંખ શ્રમણોપાસકનું જ વર્ણન કર્યું છે. "तएणं से संखे समणोवासए ते समणोवासए एवं वयासी" શ્રાવસ્તી નગરી તરફ જતાં જતાં તે શંખ નામના શ્રમણોપાસકે અન્ય શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું–"तुब्भेणं देवाणुप्पिया विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेहि" હે દેવાનુપ્રિયો! આપ ઘણા જ મોટા પ્રમાણમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવો. "(तएणं अम्हे तं विपुलं असणं पाणं खाइमं साइमं आसाएमाणा विसाएमाणा परिभाएमाणा परिभुंजेमाणा पक्खियं पोसहं पडिजागरमाणा विहरिस्सामो) પછી આપણે બધાં તે ચારે પ્રકારના આહાર વડે આપણી ક્ષુધાનું શમન કરીને, મધ્યસ્થ ભાવે વિશેષ રૂપે ક્ષુધાનું શમન કરીને, એક બીજાને આગ્રહપૂર્વક જમાડીને, આપણે પાક્ષિકપૌષધ કરશું.

"तएणं से समणोवासया संखस्स समणोवासगस्स एयमट्ठं विणएणं पडिसुणंति" તે શ્રમણોપાસકોએ શંખ નામના શ્રમણોપાસકની તે સલાહનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો. "तएणं तस्स संखस्स समणोवासगस्स अयमेयारूवे अज्झत्थिए जाव समुप्पज्जित्था" ત્યાર બાદ તે શંખ શ્રાવકના મનમાં આ પ્રકારનો આધ્યાત્મિક, ચિન્તિત, કલ્પિત અને પ્રાર્થિત સંકલ્પ ઉત્પન્ન થયો–"नो खलु मे सेयं तं विउलं असणं जाव साइमं आसाएमाणस्स विसाएमाणस्स परिभुंजेमाणस्स परिभाएमाणस्स पक्खियं पोसहं पडिजागरमाणस्स विहरित्तए" આ પ્રકારે પાક્ષિક પૌષધ કરવો તે મારે માટે યોગ્ય નથી. એટલે કે ચારે પ્રકારનો આહાર ઉપર કહ્યા પ્રમાણે આપીને પૌષધ કરવાથી મારું કોઈ શ્રેય થવાનું નથી. "सेयं खलु मे पोसहसालाए पोसहियस्स बंभयारिस्स उम्मुक्कमणिसुवन्नस्स" પરન્તુ મારે માટે એજ ઉચિત છે કે હું

પૌષધશાળામાં જઈને પૌષધ કરું, બ્રહ્મચર્ય પૂર્વક રહું અને મણિ, સુવર્ણ આદિનો સર્વથા ત્યાગ કરું. "ववगयमालावन्नगविलेवणस्स निक्खित्तसत्थमुसलस्स, एगस्स अबिइयस्स, दब्भसंथारोवगयस्स" માળાના અને મર્દનના ત્યાગપૂર્વક, મુશલ આદિ શસ્ત્રોના ત્યાગપૂર્વક દર્ભના આસન પર બેસીને "पक्खियं पोसहं पडिजागरमाणस्स विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ" પાલન કરાયેલ પાક્ષિક પૌષધોપવાસ જ મારે માટે અધિક શ્રેયસ્કર થઈ પડશે. કારણ કે આગળ બતાવ્યા પ્રમાણે પૌષધ કરવામાં આવે તે કરતાં આ પ્રકારે પૌષધ કરવામાં આવે તો કર્મોની વધારે નિર્જરા થશે. તેથી તેણે આ પ્રકારે પૌષધ કરવાનો નિશ્ચય કર્યો. "संपेहित्ता जेणेव सावत्थी नयरी, जेणेव उप्पला समणोवासिया तेणेव उवागच्छइ" આ પ્રમાણે સંકલ્પ કરીને તે શ્રાવસ્તી નગરીમાં આવેલા પોતાના ઘર તરફ આગળ વધ્યો પોતાના ઘરમાં પ્રવેશ કરીને તે તેની પત્ની ઉત્પલા શ્રાવિકાની પાસે ગયો. "उवागच्छित्ता उप्पलं समणोवासियं आपुच्छइ" ત્યાં જઈને તેણે તેને પોતાના સંકલ્પની વાત કરી आपुच्छित्ता जेणेव पोसहसाला, तेणेव उवागच्छइ" ત્યાર બાદ ઘરમાં જ્યાં પૌષધશાળા હતી ત્યાં તે ગયો. "उवागच्छित्ता पोसहसालं अणुपविसइ" ત્યાં જઈને તેણે પૌષધશાળામાં પ્રવેશ કર્યો. "अणुपविसित्ता पोसहसालं पमज्जइ" તેમાં પ્રવેશ કરીને તેણે પૌષધશાળાને પૂંજી "पमज्जित्ता उच्चारपासवणभूमिं पडिलेहेइ" પૌષધશાળાને પૂંજીને તેણે ઉચ્ચારપાસવણ ભૂમિની પ્રતિલેખના કરી. "पडिलेहित्ता" પ્રતિલેખના કર્યા બાદ તેણે "दब्भसंथारगं संथरेइ" દર્ભનો સંથારો (બિછાનું) બિછાવ્યો. "संथारित्ता दब्भसंथारगं दूरुहइ" સંથારો બિછાવીને તે સંથારા પર વિરાજિત થઈ ગયો. "दुरूहित्ता पोसहसालाए पोसहिए बंभयारी जाव पक्खियं पोसहं पडिजागरमाणे विहरइ" આ રીતે સંથારા પર બેસીને પૌષધશાળામાં પૌષધવ્રતને ધારણ કરીને, બ્રહ્મચર્યનું પાલન કરતો થકો, મણિ, સુવર્ણ આદિના ત્યાગપૂર્વક, માલા અને વિલેપનના પરિત્યાગપૂર્વક, મુશલ આદિ શસ્ત્રોના ત્યાગપૂર્વક, તે શંખ શ્રાવક દર્ભના આસન પર બેસીને એકાન્તમાં પૌષધોપવાસનું પાલન કરવા લાગ્યો. "तएणं ते समणोवासगा जेणेव सावत्थी नयरी, जेणेव साइं गिहाइं तेणेव उवागच्छंति" પેલા અન્ય શ્રાવકો પણ શ્રાવસ્તી નગરી તરફ આગળ વધ્યા અને પોત પોતાને ઘેર પહોંચી ગયા. "उवागच्छित्ता विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेंति" ત્યાં પહોંચ્યા બાદ તેમણે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચતુર્વિધ આહાર તૈયાર કરાવ્યો. "उवक्खडावेत्ता अन्नमन्नं सद्दावेंति" આ પ્રકારે આહાર તૈયાર

કરાવીને તેમણે એક બીજાને બોલાવ્યા. "सद्दावित्ता एवं वयासी" ત્યાર બાદ તેમણે આ પ્રમાણે કહ્યું "एवं खलु देवाणुप्पिया! હે દેવાનુપ્રિયો! "अम्हेहिं से विउले असणपाणखाइमसाइमे उवक्खडाविए" આપણે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમ રૂપ ચતુર્વિધ ભોજન તૈયાર કરાવ્યું છે. પરન્તુ "संखेय णं समणोवासए नो हव्वमागच्छइ" શંખ શ્રાવક હજી સુધી પધાર્યા નથી. "तं सेयं खलु देवाणुप्पिया! अम्हं संखं समणोवासगं सद्दावेत्तए" તો આપણે શંખ શ્રાવકને બોલાવી લાવવા જોઈએ. "तएणं से पोक्खली समणोवासए एवं वयासी" ત્યારે તે પુષ્કલી નામના શ્રાવકે તે શ્રાવકોને આ પ્રમાણે કહ્યું-"अच्छंतु णं तुब्भे देवाणुप्पिया! सुनिव्वुया-बीसत्था" હે દેવાનુપ્રિયો! આપ બિલકુલ ચિંતા ન કરો. "अहं णं संखं संखं समणोवासगं सद्दावेमि" હું જઉં છું અને શંખશ્રાવકને બોલાવી લાવું છું. "त्ति कट्टु तेसिं समणोवासगाणं अंतियाओ पडिनिक्खमइ" આ પ્રમાણે કહીને તે પુષ્કલી નામનો શ્રાવક તે શ્રમણોપાસકો પાંસેથી રવાના થયો. "पडिनिक्खमित्ता सावत्थीए नयरीए मज्झं मज्झेणं जेणेव संखस्स समणोवास-गस्स गिहं तेणेव उवागच्छइ" તે શ્રમણોપાસકો પાસેથી નીકળેલો તે પુષ્કલી નામનો શ્રાવક શ્રાવસ્તી નગરીની વચ્ચેના માર્ગ પરથી પસાર થઈને જ્યાં શંખશ્રાવકનું ઘર હતું ત્યાં આવી પહોંચ્યો. "उवागच्छित्ता संखस्स समणो-वासगस्स गिहं अणुपविट्ठे" ત્યાં જઈને તેણે શંખશ્રાવકના ઘરમાં પ્રવેશ કર્યો. "तएणं सा उप्पला समणोवासिया पोक्खलिं समणोवासयं पासइ" શંખની ભાર્યા ઉત્પલા શ્રાવિકાએ તે પુષ્કલી શ્રાવકને ઘરમાં આવતો દેખ્યો. "पासित्ता हट्ठतुट्ठ आसणाओ अब्भुट्ठेइ" તેને જોઈને અતિ હર્ષ અને સંતોષ પામેલી તે ઉત્પલા પોતાના આસન પરથી ઊભી થઈ. 'अब्भुट्ठेत्ता सत्तट्ठपयाइं अणुगच्छइ" આસનેથી ઊઠીને તે તેનો સત્કાર કરવા માટે સાત આઠ ડગલાં તેની સામે ગઈ. "अणुगच्छित्ता पोक्खलिं समणोवासगं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता आसणेणं उवनिमंतेइ" સામે જઈને તેણે તેને વંદણા નમસ્કાર કર્યાં. વંદણાનમસ્કાર કરીને તેણે તેને આસન પર બેસવાની વિનંતી કરી. "उवनि-मंतेत्ता एवं वयासी" ત્યાર બાદ તેણે તેને આ પ્રમાણે કહ્યું. "संदिसंतु णं देवाणुप्पिया! किमागमणप्पओयणं" હે દેવાનુપ્રિય! કહો, શા કારણે આપનું અહીં આગમન થયું છે? 'तएणं से पोक्खली समणोवासए उप्पलं समणो-वासियं एवं वयासी" ત્યારે તે પુષ્કલી શ્રાવકે ઉત્પલા શ્રાવિકાને આ પ્રમાણે

પૂછ્યું–" कहिणं देवाणुप्पिए ! संखे समणोवासए ?" હે દેવાનુપ્રિયે ! શ્રમણોપાસક શંખ કયાં છે ? " तएणं सा उप्पला समणोवासिया पोक्खलिं समणोवासगं एवं वयासी " ત્યારે તે ઉત્પલા શ્રાવિકાએ તે પુષ્કલી શ્રાવકને આ પ્રમાણે કહ્યું–" एवं खलु देवाणुप्पिया ! संखे समणोवासए पोसहसालाए पोसहिए बंभयारी जाव विहरइ " હે દેવાનુપ્રિય ! શંખશ્રાવક અત્યારે પાક્ષિક પૌષધ કરીને પૌષધશાળામાં બેઠા છે. તેઓ અત્યારે બ્રહ્મચર્ય વ્રતમાં સ્થિર છે, તેમણે મણિ અને સુવર્ણનો અત્યારે સર્વથા ત્યાગ કરેલો છે, માલા, વિલેપન આદિનો પણ તેમણે અત્યારે પરિત્યાગ કરેલો છે ખડગ, મુશલ આદિ શસ્ત્રોનો તેમણે પરિત્યાગ કર્યો છે. તેઓ અત્યારે એકલાં જ પૌષધશાળામાં દર્ભના આસન પર બેસીને પૌષધોપવાસની આરાધના કરી રહ્યા છે. " तएणं से पोक्खली समणोवासए जेणेव पोसहसाला, जेणेव संखे समणोवासए तेणेव उवागच्छइ " ત્યાર બાદ તે પુષ્કલી શ્રમણોપાસક, જ્યાં પૌષધશાળા હતી ત્યાં ગયો ત્યાં જઇને જ્યાં શંખશ્રમણોપાસક પાક્ષિક પૌષધ વ્રતની આરાધના કરી રહ્યા હતા, ત્યાં ગયો. " उवागच्छित्ता " ત્યાં જઇને " गमणागमणाए पडिक्कमिइ " તેણે ગમનાગમન વિષયક (ઐર્યાપથિકી) પ્રતિક્રમણ કર્યું. " पडिक्कमित्ता " પ્રતિક્રમણ કરીને " संखं समणोवासगं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी " તેણે શ્રમણોપાસક શંખને વંદણા કરી અને નમસ્કાર કર્યાં. વંદણાનમસ્કાર કરીને તેણે તેને આ પ્રમાણે કહ્યું–" एवं खलु देवाणुप्पिया ! अम्हेहिं से विउले असण जाव साइमे उवक्खडाविए " હે દેવાનુપ્રિય ! અમે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવ્યો છે. " तं गच्छामो णं देवाणुप्पिया ! तं विउलं असणं जाव साइमं आसाएमाणा जाव पडिजागरमाणा विहरामो " તો ચાલો, આપણે ત્યાં જઇએ અને વિપુલ માત્રામાં તૈયાર કરાયેલા તે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચારે પ્રકારના આહાર કરીને પાક્ષિક પૌષધની આરાધના કરીએ. " तएणं से संखे समणोवासए पोक्खलिं समणोवासगं एवं वयासी–" પુષ્કલી શ્રાવકની આ પ્રકારની વાત સાંભળીને શંખ શ્રાવકે તેને આ પ્રમાણે જવાબ આપ્યો–" णो खलु कप्पइ, देवाणुप्पिया ! तं विउलं असणं पाण खाइमं साइमं आसाएमाणस्स जाव पडिजागरमाणस्स विहरित्तए " હે દેવાનુપ્રિય ! ચારે પ્રકારના અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ આહારનું આસ્વાદન આદિ કરીને પાક્ષિક પૌષધ કરવાની વાત મને ઉચિત લાગતી નથી. " कप्पइ

मे पोसहसालाए पोसहियस्स जाव विहरित्तए" મને તો એજ વાત કલ્પે છે– ઉચિત લાગે છે કે હું એકલો જ પૌષધશાળામાં પાક્ષિક પૌષધની આરાધના કરું. અત્યારે હું પૂર્ણ રૂપે બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરી રહ્યો છું, મેં મણિ-સુવર્ણનો ત્યાગ કર્યો છે, માલાવિલેપનનો પણ ત્યાગ કર્યો છે, શસ્ત્ર અને મુશલનો ત્યાગ કર્યો છે અને દર્ભાસન પર હું બેઠેલો છું. તેથી "तं छंदेणं देवाणुप्पिया ! तुब्भेणं विउलं असणं पाणं खाइमं साइमं आसाएमाणा जाव विहरह" આપ સૌ આપની ઈચ્છાનુસાર તે અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ રૂપ ચારે પ્રકારના આહારનું આસ્વાદન આદિ કરીને પાક્ષિક પૌષ-ધની આરાધના કરો.

"तएणं से पोक्खली समणोवासए" શંખશ્રમણોપાસકે તે પ્રમાણે કહ્યા પછી તે પુષ્કલી શ્રમણોપાસક "संखस्स समणोवासगस्स अंतियाओ पडिनिक्खमइ" ઇચ્છા પ્રમાણે "विउलं असणपाणखाइमसाइमे जाव विहरह" તે અશન પાન ખાદિમ સ્વાદિમનું આસ્વાદન કરીને, પરિભોગ કરીને પાક્ષિક પૌષધનું પાલન કરો. "संखेणं समणोवासए नो हव्वमागच्छइ" શંખ શ્રમણોપાસક અહિંયા આવતા નથી. "तएणं ते समणोवासगा ते विउलं असणपाणखाइमसाइमे आसा-एमाणा जाव विहरंति" તે પછી પુષ્કલી શ્રમણોપાસકે આ પ્રમાણે કહ્યું ત્યાર પછી તે વિપુલ અશન પાન ખાદિમસ્વાદિમનું તેઓએ આસ્વાદન કર્યું યાવત્ વિભાગ કરતા થકા પાક્ષિકપૌષધનું આરાધન કરીને કહેવા લાગ્યા.

"तएणं तस्स संखस्स समणोवासगस्स पुव्वरत्तावरत्तकालसमयंसि धम्म-सागरियं जागरमाणस्स अयमेयारूवे जाव समुप्पज्जित्था" ત્યારબાદ, રાત્રિના નવમુ સુપરિનિવૃિત્ત છ છટ્ઠેણં अणिक्खित्तेणं तवोकम्मेणं उड्ढं बाहाओ जाव आया-वेमाणे विहरइ" તે ઋગ્વેદ. યજુર્વેદ સામવેદ, અને અથર્વવેદમાં તથા બ્રાહ્મ-ણધર્મના બીજા પણ અનેક શાસ્ત્રોમાં નિપુણ હતો. તે નિરંતર છઠને પારણે છઠ્ઠની તપસ્યા કરતો હતો તથા હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લીધા કરતો હતો. તે ભદ્ર પ્રકૃતિવાળો હતો બીજા શતકના પહેલા ઉદ્દેશામાં સ્કન્દકનું જેવું વર્ણન કરવામાં આવ્યું છે, એવું જ આ પુદ્ગલ પરિવ્રાજકનું પણ વર્ણન સમજવું. "तएणं तस्स पोग्गलस्स छट्ठंछट्ठेणं जाव आयावेमाणस्स पगइभद्दयाए जहा सिवस्स जाव विभंगे नामं अण्णाणे समुप्पन्ने" આ રીતે નિરંતર છઠને પારણે છઠ્ઠ કરતા અને હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લેતા અને ભદ્રિક પ્રકૃતિવાળા તે પુદ્ગલપરિ-વ્રાજકને અગિયારમાં શતકના નવમાં ઉદ્દેશામાં જેનું વર્ણન કરવામાં આવ્યું

પાછલે પહોરે ધર્મજાગરણ કરતાં તે શંખશ્રાવકને આ પ્રકારનો આધ્યાત્મિક, ચિન્તિત, કલ્પિત, પ્રાર્થિત, મનોગત સંકલ્પ ઉદ્ભવ્યો–"सेयं खलु मे कल्लं पाउप्पभाए जलंते समणं भगवं महावीरं वंदित्ता, नमंसित्ता जाव पज्जुवासित्ता" હવે મને એજ ઉચિત લાગે છે કે કાલે પ્રાતઃકાળ થતાં જ, સૂર્યનો પ્રકાશ ચારે તરફ ફેલાવા લાગે ત્યારે શ્રમણ ભગવાન મહાવીરની પાસે જઈને, તેમને વંદણાનમસ્કાર કરીને અને તેમની પર્યુપાસના કરીને ' तओ पडिनियत्तस्स पक्खियं पोसहं पारित्तए त्ति कट्टु एवं संपेहेइ" પાછા ફર્યા બાદ જ પાક્ષિક પૌષધનું મારે પારણું કરવું, આ પ્રમાણે તેણે સંકલ્પ કર્યો. "संपेहित्ता कल्लं जाव जलंते, पोसहसालाओ पडिनिक्खमइ" આ પ્રમાણે વિચાર કરીને, પ્રભાત થતાં અને સૂર્યનો પ્રકાશ ચારે દિશામાં ફેલાતા જ તે પૌષધશાળામાંથી બહાર નીકળ્યા, "पडिनिक्खमित्ता पादविहारचारेणं सावत्थिं नयरिं मज्झं मज्झेणं जाव पज्जुवासइ, अभिगमो नत्थि" બહાર નીકળીને, પગપાળા જ તે શ્રાવસ્તી નગરીના મુખ્ય માર્ગે થઈને આગળ વધ્યો, અને જ્યાં મહાવીર પ્રભુ વિરાજતા હતા ત્યાં ગયો ત્યાં જઈને તેણે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા વંદણાનમસ્કાર કરીને તેણે વિનયપૂર્વક બન્ને હાથ જોડીને ભગવાનની પર્યુપાસના કરી અહીં પાંચ અભિગમ કહ્યા નથી, કારણ કે શંખ અણગાર પૌષધમાં બેઠેલા હતા, તેથી સચિત્ત આદિ પાંચ વર્જનીય વસ્તુઓનો તેમની પાસે અભાવ જ હતો એવો સામાન્ય નિયમ છે કે સચિત્ત આદિ પાંચ પ્રકારની વસ્તુઓના ત્યાગપૂર્વક જ પ્રભુની સમીપે જવાય છે. તેનું નામ જ અભિગમોથી યુક્ત થઈને જવું ગણાય છે. "तएणं ते समणोवासगा कल्लं पाउप्पभाए जाव जलंते ण्हाया, कयबलिकम्मा, जाव सरीरा सएहिं सएहिं गेहेहिंतो पडिनिक्खमंति" હવે તે ગામના અન્ય શ્રાવકો પણ પ્રભાતકાળે સૂર્યોદય થતાં જ સ્નાન કરીને, બલિકર્મ કરીને (કાગડા આદિને અન્ન આપવું તેનું નામ બલિકર્મ છે), કૌતુક મંગળ અને પ્રાયશ્ચિત્ત કરીને અને સમસ્ત અલંકારોથી શરીરને વિભૂષિત કરીને, પોતપોતાનાં ઘેરથી મહાવીર પ્રભુને વંદણાનમસ્કાર કરવા માટે નીકળી પડયા. "पडिनिक्खमित्ता एगयओ मिलायंति" ઘેરથી નીકળીને તેઓ એક જગ્યાએ એકઠાં થયાં. "मिलायित्ता सेसं जहा पढमं जाव पज्जुवासंति" તેઓ મહાવીર સ્વામી પાસે કેવી રીતે ગયા તેનું વર્ણન બીજા શતકના દસમાં ઉદ્દેશકમાં તુંગિકાનગરીના શ્રાવકોના નિર્ગમનના વર્ણન પ્રમાણે સમજવું. " તેમણે ભગવાનને વંદણા નમસ્કાર કર્યા અને વિનયપૂર્વક બન્ને હાથ જોડીને તેમણે શ્રમણ ભગવાનની પર્યુપાસના કરી. " આ કથન

પર્યંતનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ. "तएणं समणे भगवं महावीरे तेसिं समणोवासगाणं तिसे य महति महालयाए सभाए धम्मकहा जाव आणाए आराहए भवइ" ત્યાર બાદ શ્રમણ ભગવાન મહાવીરે તે વિશાળ સભામાં તે શ્રાવકોને ધર્મકથા કહી. ઔપપાતિક સૂત્રના ૫૬માં સૂત્રમાં આ ધર્મકથાનું વર્ણન આપવામાં આવ્યું છે. "अत्थि लोए, अत्थि अलोए" આ સૂત્રપાઠથી શરૂ કરીને "एतस्य धर्मस्य शिक्षायाम् उपस्थितः श्रमणोपासिको वा श्रमणोपासिका वा विहरन् विहरन्ती वा आज्ञाया आराधको भवति" આ સૂત્રપાઠ પર્યન્તનો પાઠ અહીં 'ધર્મકથા' વડે ગ્રહણ કરવો જોઇએ. "तएणं ते समणोवासगा समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठा उट्ठाए उट्ठेंति" મહાવીર પ્રભુની સમીપે ધર્મકથા સાંભળીને તથા તેને હૃદયમાં અવધારણ કરીને તેમને ઘણો જ હર્ષ અને સંતોષ થયો તેઓ તેમની ઉત્થાનશક્તિથી ઊઠયા. "उट्ठेत्ता समणं भगवं महावीरं वंदंति, नमंसंति" ઊઠીને તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા "वंदित्ता, नमंसित्ता जेणेव संखे समणोवासए तेणेव उवागच्छंति" ત્યાર બાદ જ્યાં શંખ શ્રાવક બેઠો હતો, ત્યાં તેઓ ગયા. "उवागच्छित्ता संखं समणोवासगं एवं वयासी" એટલે કે મહાવીર પ્રભુની સમીપે બેઠેલા શંખ શ્રાવકની પાસે જઇને તેમણે તેને આ પ્રમાણે કહ્યું. "तुमं देवाणुप्पिया ! हिज्जा अम्हेहिं अप्पणा चेव एवं वयासी" હે દેવાનુપ્રિય ! કાલે આપે અમને એવું કહ્યું હતું કે "तुम्हेणं देवाणुप्पिया ! विउलं असणं जाव विहरिस्सामो" "હે દેવાનુપ્રિયો ! તમે વિપુલ અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય રૂપ ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવો આપણે બધાં ભેગા મળીને તે વિપુલ અશનાદિનું આસ્વાદન, વિસ્વાદન, ભોજન અને પરિભાજન કરીને પાક્ષિક પૌષધની આરાધના કરશું." "तएणं तुमं पोसहसालाए जाव विहरिए" ત્યાર બાદ અમારી સાથે બેસીને તે ભોજનનું આસ્વાદન કરવાને બદલે તમે તો પૌષધશાળામાં જઇને બ્રહ્મચર્ય ધારણ કરીને, મણિસુવર્ણનો ત્યાગ કરીને માલા અને વિલેપનનો ત્યાગ કરીને શસ્ત્ર અને મુશલનો ત્યાગ કરીને એકલા જ દર્ભના સંસ્તારક પર વિરાજમાન થઇને પૌષધવ્રત ધારણ કરી લીધું છે." "तं सुट्ठुणं तुमं देवाणुप्पिया ! अम्हं हीलसि" હે દેવાનુપ્રિય ! આ પ્રકારે તમે અમારી જે અવહેલના કરી. તે ઘણું જ ખરાબ કર્યું છે ? "अज्जो ! त्ति समणे भगवं महावीरे ते समणोवासए एवं वयासी" ત્યારે "હે આર્યો!" આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે તે શ્રમણોપાસકોને આ પ્રમાણે કહ્યું-"मा णं अज्जो ! तुब्भे संखं समणावासयं हीलह, निंदह, खिंसह,

गरहह, अवमन्नह" હે આર્યો! તમારે શંખ શ્રાવકની અવહેલના કરવી જોઇએ નહીં, નિંદા કરવી જોઈએ નહીં, તમે તેના પ્રત્યે નારાજ થશો મા, તેની ગર્હા કરશો નહીં અને તેનું અપમાન કરશો નહીં. (જાતી, કુલ આદિના મર્મ પ્રકટ કરીને જે ભર્ત્સના કરવામાં આવે છે તેનું નામ હીલના–અવહેલના છે મનમાં જ કુત્સિત શબ્દોનું ઉચ્ચારણ કરીને અનાદરનો ભાવ પ્રકટ કરવો તેનું નામ નિંદા છે. હાથ, મો આદિના હાવભાવ પૂર્વક કરવો ક્ષુદ્ર વચનોનું ઉચ્ચારણ કરીને સામેની વ્યક્તિને અધિક કુપિત કરવી તેનું નામ નારાજગી છે. અન્ય લોકો સમક્ષ દોષો પ્રકટ કરીને જે નિંદા કરવામાં આવે છે તેનું નામ ગર્હા છે. યોગ્ય આદર નહીં કરીને જે અપમાન કરાય છે તેનું નામ અનાદર છે.) "संखेण समणोवासए पियधम्मे चेव, दृढधम्मेव सुदक्खु जागरियं जागरिए" જેને ધર્મ પ્રિય છે અને જે ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળો હોવાને કારણે ધર્મના પાલનમાં દૃઢ છે એવા શંખ શ્રમણોપાસકે તો પ્રમાદ રૂપ નિદ્રાના પરિત્યાગ પૂર્વક શ્રમણોપાસક જાગરિકા (જાગરણ) કરેલ છે. તેથી તેની નિંદા ગર્હા આદિ કરવી ઉચિત નથી. ॥સૂ૦૨॥

–જાગરિકાના ભેદોનું નિરૂપણ–

"अंते! त्ति भगवं गोयमे" ઇત્યાદિ

ટીકાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે ધર્મજાગરણના ભેદોનું નિરૂપણ કર્યું છે– "अंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी" "હે ભગવન્!" આ પ્રકારે સંબોધન કરીને ભગવાન ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી, નમસ્કાર કર્યા વંદણા-નમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો—

"कइविहाणं अंते! जागरिया पण्णत्ता?" હે ભગવન્! જાગરિકા (જાગરણ) કેટલા પ્રકારની કહી છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! હે ગૌતમ! "तिविहा जागरिया पण्णत्ता" જાગરિકા ત્રણ પ્રકારની કહી છે. "तंजहा" તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે–"बुद्धजागरिया, अबुद्धजागरिया, सुदक्खुजागरिया" (૧) બુદ્ધ જાગરિકા, (૨) અબુદ્ધ જાગરિકા અને (૩) સુદક્ષ જાગરિકા આ ભેદોનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસાથી ગૌતમસ્વામી મહાવીરપ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે–"से केणट्ठेणं अंते! एवं वुच्चइ तिविहा जागरिया पण्णत्ता–तंजहा बुद्धजागरिया, अबुद्धजागरिया, सुदक्खुजागरिया" હે ભગવન્! બુદ્ધજાગરિકા, અબુદ્ધ જાગરિકા અને સુદક્ષ જાગરિકાના ભેદથી આપે જાગરિકાના જે આ ત્રણ ભેદો કહ્યા છે, તેનું કારણ શું છે? એટલે કે આ ત્રણે પ્રકારની જાગરણાનું સ્વરૂપ કેવું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"गोयमा! जे इमे अरिहंता भगवंता, उप्पन्नना-

णदंसणधरा जहा खंदए जाव सव्वन्नु सव्वदरिसी, एएणं बुद्धा बुद्धजागरियं जागरंति" અર્હંત જિન ભગવાનો કે જેઓ ઉત્પન્ન જ્ઞાનદર્શનને ધારણ કરનારા છે (જેઓ) કેવળજ્ઞાન અને કેવળદર્શનથી યુક્ત છે) જેઓ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, (–અહીં બીજા શતકના પહેલા ઉદ્દેશકના સ્કન્દકપ્રકરણમાં કેવળી ભગવાનોને જે વિશેષણો–સર્વજ્ઞ અને સર્વદર્શી પર્યન્તના વિશેષણો–લગાડયાં છે તે ગ્રહણ કરવા જોઇએ) તેઓ બુદ્ધ ગણાય છે કેવળજ્ઞાન રૂપ બોધથી તેઓ યુક્ત હોવાથી તેમને બુદ્ધ કહે છે. તે અર્હંત જિન કેવલી ભગવાનો બુદ્ધ જાગરિકા કરે છે. એટલે કે જેમના અજ્ઞાન રૂપી નિદ્રા દૂર થઈ ચુકી છે એવા વિશુદ્ધ આત્માઓની જાગરણાને બુદ્ધજાગરણા કહે છે. એટલે કે સર્વજ્ઞ, અને સર્વદર્શી પર્યન્તનાં વિશેષણોવાળાં જેટલાં બુદ્ધ જિનેન્દ્ર દેવો છે તેઓ બધાં કેવળજ્ઞાન રૂપ જાગરણ કરે છે, કારણ કે તેમનામાંથી અજ્ઞાન રૂપ નિદ્રાનો સંપૂર્ણપણે અભાવ થઈ ગયો હોય છે. "जे इमे अणगारा भगवंतो ईरियासमिया, भासासमिया, जाव गुत्तबंभयारी, एएणं अबुद्धा अबुद्धजागरियं जागरंति" ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, આદાનભાંડામત્ર નિક્ષેપણાસમિતિ અને ઉચ્ચાર પ્રસ્રવણ ખેલજલ્લ સિંઘાણ પરિષ્ઠાપનાસમિતિ, આ પાંચે સમિતિઓથી યુક્ત, મનોગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિ, આ ત્રણે પ્રકારની ગુપ્તિઓથી યુક્ત, ગુપ્ત, ગુપ્તેન્દ્રિય અને ગુપ્તબ્રહ્મચારી આદિ વિશેષણોથી યુક્ત એવાં આ જે અણગાર ભગવન્તો છે, તેમને અબુદ્ધ ગણવામાં આવે છે, કારણ કે તેમણે કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી હોતી નથી. જ્યાં સુધી તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તેમને બુદ્ધ કહી શકાય નહીં. ભલે તેઓમાં કેવળજ્ઞાનનો અભાવ હોય પણ મતિજ્ઞાન આદિના તેઓ ધારક હોય છે, તેથી તેમને બુદ્ધતુલ્ય ગણી શકાય છે 'અબુદ્ધ' આ પદમાં "अ" નઞ–સાદૃશ્યદર્શક છે. તેથી તેમને અબુદ્ધ જાગરિક કહે છે. આ પ્રકારે પાંચ સમિતિ અને પાંચ ગુપ્તિથી યુક્ત મહાવ્રતધારી છદ્મસ્થ જ્ઞાનધારીને અબુદ્ધ જાગરિક કહે છે તથા–"जे इमे समणोवासगा अभिगयजीवाजीवा जाव विहरंति, एएणं सुदक्खुजागरियं जागरंति" જે શ્રમણોપાસકો જીવ, અજીવ આદિ નવ તત્ત્વોને જાણનારા હોય છે અને પુણ્ય અને પાપના ફળને સમજનારા હોય છે, તેઓ સમ્યગ્દર્શનથી યુક્ત હોવાને કારણે સુદૃષ્ટ જાગરિકા કરે છે. જે વ્યકિત જિનપ્રવચન પ્રત્યે શ્રદ્ધાભાવથી યુકત હોય છે તેને સુદૃષ્ટ કહે છે. તેનું પ્રમાદનિદ્રાના ત્યાગ રૂપ જે જાગરણ હોય છે તેનું નામ સુદૃષ્ટ જાગરિકા છે. જે શ્રમણોપાસકો સમ્યગ્દર્શનથી યુકત હોય છે તેઓ પ્રમાદનિદ્રાનો ત્યાગ કરીને ધાર્મિક પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થાય છે. તેનું નામ જ સુદૃષ્ટ જાગરિકા છે. "से तेणट्ठेणं गोयमा! एवं वुच्चइ, तिविहा जागरिया जाव सुदक्खुजागरिया" હે ગૌતમ! તે કારણે જ મેં એવું કહ્યું છે કે જાગરણાના બુદ્ધ જાગરિકા, અબુદ્ધ જાગરિકા અને સુદૃષ્ટ જાગરિકા રૂપ ત્રણ ભેદો છે. ॥સૂ૦૩॥

ક્રોધાદિના વિપાકની વક્તવ્યતા–

"तएणं से संखे समणोवासए" ઇત્યાદિ—

ટીકાર્થ–પોતાના ઉપર કોપાયમાન થયેલા શ્રાવકોના કોપનું શમન કરવાના હેતુપૂર્વક શંખ શ્રાવકે શ્રમણ ભગવાન મહાવીરને, ક્રોધ આદિના વિપાકના વિષયમાં, પ્રશ્નો પૂછ્યા છે.

"तएणं से संखे समणोवासए समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी" ત્યાર બાદ તે શંખ શ્રાવકે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી નમસ્કાર કર્યાં. વંદણાનમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો–"कोहवसट्टेणं भंते! जीवे किं बंधइ, किं पकरेइ, किं चिणाइ, किं उवचिणाइ?" હે ભગવન્! ક્રોધને વશવર્તી થયેલો જીવ કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે? તે કયું કર્મ કરે છે? તે કયા કર્મનો ચય કરે છે? તે કયા કર્મનો સંચય કરે છે? અને તે કયા કર્મનો ઉપચય કરે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"संखा! कोहवसट्टेणं जीवे आउयवज्जाओ सत्त कम्मपगडीओ सिढिलबंधणबद्धाओ एवं जहा पढमसए असंवुडस्स अणगारस्स जाव अणुपरियट्टइ" હે શંખ! ક્રોધને અધીન બનેલો જીવ શિથિલ બન્ધ વડે બંધાયેલી આયુ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓને ગાઢ બન્ધ વડે બાંધેલા કરે છે. પહેલા શતકના અસંવૃત અણગારના પ્રકરણમાં આ વિષયને અનુલક્ષીને જે કથન કરવામાં આવ્યું છે, તે સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. એવો ક્રોધી જીવ આ સંસાર રૂપી અટવીમાં પરિભ્રમણ કર્યા કરે છે.

શંખનો પ્રશ્ન–"माणवसट्टे णं भंते! जीवे" ઇત્યાદિ હે ભગવન્! માન રૂપ કષાયને અધીન થયેલો જીવ કેટલી કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે? કયું કર્મ તે કરે છે? તે કયા કર્મનો ચય કરે છે? કયા કર્મનો સંચય કરે છે? કયા કર્મનો ઉપચય કરે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"एवं चेव" ક્રોધકષાયથી યુક્ત બનેલા જીવના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન માનકષાયથી યુક્ત બનેલા જીવ વિષે પણ સમજવું. માયાકષાયને આધીન બનેલા જીવ વિષે પણ એવું જ કથન સમજવું લોભકષાયને આધીન બનેલા જીવ વિષે પણ એવું જ કથન ગ્રહણ કરવું. આ કથનનું તાત્પર્ય એ છે કે ક્રોધાદિ ચારે કષાયોમાંના કોઇ પણ એક કષાયને વશવર્તી બનેલો જીવ આયુકર્મ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓનો બંધ કરે છે એટલું જ નહીં પણ તે તેમને દૃઢ બંધનવાળી કરે છે, એજ પ્રમાણે સ્થિતિબંધ, અનુભાગબંધ આદિ બન્ધ વિષે પણ સમજવું એટલે કે તે કર્મપ્રકૃતિઓને તે જીવ દીર્ઘ સ્થિતિવાળી અને તીવ્ર અનુભાગવાળી કરીને તેમનો બન્ધ કરે છે.

"तएणं ते समणोवासगा समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोच्चा निसम्म भीया तत्था तसिया संसारभउव्विग्गा समणं भगवं महावीरं वंदंति नमंसंति" કષાયયુક્ત જીવોની કેવી સ્થિતિ થાય છે? એ શ્રમણ ભગવાન મહાવીરને મુખે શ્રવણ કરીને, અને ક્રોધાદિ કષાયના ભયંકર વિપાકને હૃદયમાં અવધારણ કરીને, તેઓ જન્મમરણના ભયથી વિહ્વલ થઈ ગયા, નરકાદિના દુઃખના વિચારથી ત્રાસી ગયા, અને ઘોર સંસારાટવીમાં પરિભ્રમણ કરવું પડશે એવું જાણીને વ્યાકુળ બની ગયા આ પ્રકારે સંસારભયથી વિહ્વલ થયેલા તે શ્રમણોપાસકોને, શંખશ્રાવક પર ક્રોધ કરવા માટે પસ્તાવો થવા લાગ્યો તેમણે શ્રમણ ભગવાન મહાવીરને વંદણાનમસ્કાર કર્યાં. "वंदित्ता, नमंसित्ता, जेणेव संखे समणोवासए तेणेव उवागच्छंति" મહાવીર પ્રભુને વંદણાનમસ્કાર કરીને, જ્યાં શંખ શ્રમણોપાસક બેઠો હતો ત્યાં તેઓ ગયા. "उवागच्छित्ता संखं समणोवासगं वंदंति, नमंसंति" ત્યાં જઈને તેમણે શ્રમણોપાસક શંખને વંદણા કરી નમસ્કાર કર્યાં. "वंदित्ता नमंसित्ता सम्मं विणएणं भुज्जो २ खामेंति" વંદણાનમસ્કાર કરીને તેમણે પોતાના દ્વારા કરાયેલા અવિનયરૂપ દોષને માટે ઘણાજ વિનમ્ર ભાવે, વારંવાર ક્ષમા યાચી.

"तएणं ते समणोवासगा संखं जहा आलभियाए जाव पडिगया" ત્યાર બાદ તેઓ શંખ શ્રાવક પાસેથી વિદાય થઈને પોતપોતાને ઘેર ગયા આ વિષયને અનુલક્ષીને આલભિકા નગરીના શ્રાવકોના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ ગ્રહણ કરવું ત્યાર બાદ શું બન્યું તે હવે પ્રકટ કરવામાં આવે છે–

"भंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी" "હે ભગવન્" આ પ્રકારે સંબોધન કરીને ભગવાન્ ગૌતમે શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા. વંદણાનમસ્કાર કરીને તેમણે તેમને આ પ્રમાણે પૂછ્યું–

"पभूणं भंते! संखे समणोवासए देवाणुप्पियाणं अंतिए, सेसं जहा इसिभद्दपुत्तस्स जाव अंतं काहिइ" હે ભગવન્! શું શ્રમણોપાસક શંખ આપ દેવાનુપ્રિયની પાસે દીક્ષિત થઈને (યાવત્) સમસ્ત દુઃખોનો અંત કરશે?

ઉત્તર–હા, ગૌતમ! ઋષિભદ્રપુત્રના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન શંખ શ્રાવક વિષે પણ સમજવું. અગિયારમાં શતકના બારમાં ઉદ્દેશકમાં ઋષિભદ્રપુત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. તે જેવી રીતે નિર્વાણ પામ્યા, એવી જ રીતે શંખ શ્રાવક પણ દીક્ષા લઈને અનેક તપોની આરાધના કરીને નિર્વાણ પામશે આ કથનનું તાત્પર્ય એ છે કે જે પ્રકારે શ્રમણોપાસક ઋષિભદ્ર પુત્ર ધારણ કરેલા અનેક શીલવ્રત, ગુણવ્રત, વિરમણ, પ્રત્યાખ્યાન અને પૌષધોપવાસો વડે આત્માને ભાવિત કરતા થકા અનેક વર્ષની શ્રમણોપાસક પર્યાયનું પાલન કરી રહ્યા છે, અને પાલન કરીને એક માસનો સંથારો કરીને અનશન દ્વારા ૬૦ ભક્તોનું છેદન કરીને

આલોચના પ્રતિક્રમણ દ્વારા આત્મશુદ્ધિ કરશે અને કાળનો અવસર આવે કાળધર્મ પામીને સૌધર્મકલ્પમાં અરુણાભ નામના વિમાનમાં ચાર પલ્યોપમની સ્થિતિવાળા દેવની પર્યાયે ઉત્પન્ન થશે ત્યાંની આયુ સ્થિતિનો ક્ષય થતાં ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થશે તેઓ કેવળજ્ઞાન દ્વારા સમસ્ત ચરાચર પદાર્થોને જોઈ શકશે અને સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વાત અને સમસ્ત દુઃખોના અંતકર્તા બનશે. આ પ્રકારનું વર્ણન ઋષિભદ્રપુત્ર વિષે ત્યાં કરવામાં આવ્યું છે. એવું જ વર્ણન અહીં શ્રમણોપાસક શંખ વિશે ગ્રહણ કરવું જોઇએ હવે સૂત્રનો ઉપસંહાર કરવામાં આવે છે.

મહાવીર પ્રભુનાં વચનો પ્રત્યે શ્રદ્ધા પ્રકટ કરતાં ગૌતમ સ્વામી કહે છે કે–"सेवं भंते ! सेवं भंते ! त्ति जाव विहरइ" "હે ભગવન્! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સત્ય જ છે. આપની વાત યથાર્થ જ છે," આ પ્રમાણે કહીને ભગવાનને વંદણાનમસ્કાર કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં, એવા ગૌતમ સ્વામી પોતાના સ્થાન પર વિરાજમાન થઈ ગયા ॥સૂત્ર૪॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમા શતકનો પહેલો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨–૧॥

卐

દૂસરે ઉદ્દેશે કે વિષયોં કા સંક્ષિપ્ત વિષય વિવરણ

બારમા શતકના બીજા ઉદ્દેશાનો પ્રારંભ

બારમાં શતકના બીજા ઉદ્દેશકનો સંક્ષિપ્ત સારાંશ–કૌશામ્બી નગરીનું વર્ણન–ઉદાયન રાજાનું વર્ણન–જયન્તી નામની શ્રાવિકાનું વર્ણન–મૃગાવતી અને જયન્તીનું મહાવીર પ્રભુને વંદણા કરવા માટે ગમન–જયન્તીના પ્રશ્નોની પ્રરૂપણા–કયા કારણે જીવ ગુરુ કર્મનો બન્ધ કરે છે? જીવમાં ભવ્યત્વ સ્વાભાવિક છે, કે પરિણામ જન્ય છે? જેટલા ભવ્ય જીવો છે તેઓ સઘળા શું મોક્ષ પ્રાપ્ત કરશે? જો આ પ્રશ્નનો જવાબ હકારમાં હોય, તો ભવ્ય જીવો મોક્ષે ગયા બાદ શું લોક ભવ્ય જીવોથી રહિત થઈ જશે? શું સૂવું તે શ્રેયસ્કર છે કે જાગવું શ્રેયસ્કર છે? શું સબલતા શ્રેયસ્કર છે કે દુર્બલતા શ્રેયસ્કર છે? શું આળસ રહેતતા શ્રેયસ્કર છે કે આળસયુકતતા શ્રેયસ્કર છે?

આ પ્રશ્નોના મહાવીર પ્રભુ દ્વારા ઉત્તર-શ્રોત્રેન્દ્રિયને વશવર્તી થયેલા આર્ત-જીવના કાર્યની પ્રરૂપણા-જયન્તી દ્વારા પ્રવ્રજ્યા ગ્રહણ કરાવી.

ઉદાયન રાજા કે ચરિત્ર કા વર્ણન

—ઉદાયન રાજાની વક્તવ્યતા—

"तेणं कालेणं तेणं समएणं" ઇત્યાદિ-

ટીકાર્થ-પહેલા ઉદ્દેશકમાં અમુક શ્રમણોપાસકો દ્વારા મહાવીર પ્રભુને પૂછાયેલા પ્રશ્નોની પ્રરૂપણા કરવામાં આવી છે હવે આ બીજા ઉદ્દેશકમાં જયન્તી નામની શ્રાવિકા દ્વારા મહાવીર પ્રભુને પૂછવામાં આવેલા પ્રશ્નોનો મહાવીર પ્રભુ દ્વારા જે ઉત્તર અપાયેા હતેા તેની પ્રરૂપણા કરવામાં આવે છે. "तेणं कालेणं तेणं समएणं कोसंबी नामं नयरी होत्था" તે કાળે અને તે સમયે કૌશામ્બી નામની નગરી હતી. "वण्णओ चंदोवतरणे चेइए वण्णओ" ઔપપાતિક સૂત્રમાં ચંપા નગરીનું વર્ણન કરવામાં આવ્યું છે એવું કૌશામ્બી નગરીનું વર્ણન સમજવું આ નગરીમાં ચન્દ્રાવતરણ નામનું ઉદ્યાન હતું તેનું વર્ણન પૂર્ણભદ્ર ચૈત્યના વર્ણન જેવું જ સમજવું. "तत्थणं कोसंबीए नयरीए सहस्साणीयस्स रण्णो पोत्ते सयाणीयस्स रण्णो पुत्ते, चेडगस्स रण्णो नत्तुए, मिगावतीए देवीए अत्तए, जयंतीए समणोवासियाए भत्तिज्जइ, उदायणे नामं राया होत्था, वण्णओ" તે કૌશામ્બી નગરીમાં ઉદાયન નામનેા રાજા હતેા તે સહસ્રાનીક રાજાનેા પૌત્ર અને શતાનીક રાજાનેા પુત્ર હતેા તે ચેટક રાજાની દીકરીનેા દીકરેા અને મૃગાવતીનેા પુત્ર હતેા જયન્તી શ્રાવિકાને તે ભત્રીજો (ભાઇનેા પુત્ર) થતેા હતેા કૂણિક રાજા જેવું તેનું વર્ણન સમજવું. "तत्थणं कोसंबीए नयरीए सहस्साणीयस्स रण्णो सुण्हा, सयाणीयस्स रण्णो भज्जा, चेडगस्स रण्णो धूया, उदायणस्स रण्णो माया, जयंतीए समणोवासियाए भाउज्जा मिगावई नामं देवी होत्था, वण्णओ, सुकुमाल जाव सुरूवा समणोवासिया जाव विहरइ" તે કૌશામ્બી નગરીમાં જે મૃગાવતી નામની શ્રાવિકા રહેતી હતી તેનેા પરિચય હવે કરવામાં આવે છે. તે સહસ્રાનીક રાજાની પુત્રવધુ, શતાનીક રાજાની ભાર્યા, વૈશાલીના રાજા ચેટકની કુંવરી, ઉદાયન રાજાની માતા અને જયન્તી શ્રાવિકાની ભોજાઈ થતી હતી દેવાનંદા આદિ જેવું વર્ણન સમજવું તે મૃગાવતી સુકુમાર ચરણ અને કરથી યુક્ત હતી, અતિશય સૌંદર્યસંપન્ન હતી, શ્રમણોની ઉપાસક હતી. અને તેનું શરીર ઉત્તમ લક્ષણોથી યુક્ત હતું. "तत्थ णं कोसंबीए नयरीए सहस्साणीयस्स रण्णो धूया, सयाणीयस्स भगिणी, उदायणस्स रण्णो पिउच्छा, मिगावईए देवीए नणंदा, वेसालीसावयाणं अरहंताणं पुव्वसिज्जायरी जयंती नामं समणोवासिया होत्था, सुकुमाल जाव सुरूवा अभिगय जाव विहरइ" તે કૌશામ્બી નગરીમાં સહસ્રાનીક રાજાના પુત્રી જયન્તી

રહેતી હતી તે શતાનીક રાજાની બેન થતી હતી, ઉદાયન રાજાની ફોઈ થતી હતી અને મૃગાવતીની નણંદ થતી હતી. તે શ્રમણોની ઉપાસક હતી ભગવાન મહાવીરના વચનોને શ્રવણ કરવાની રુચિવાળી હોવાને કારણે તે તેમના સાધુઓની પ્રધાન સ્થાનદાત્રી હતી મહાવીર પ્રભુના કોઈ પણ સાધુને તેને ત્યાં આશ્રયસ્થાન અવશ્ય મળી રહેતું, તે કારણે તેને માટે અહીં "પ્રથમ शय्यातर" પ્રથમ સ્થાન દાત્રી" વિશેષણનો પ્રયોગ કરાયો છે તે સુકુમાર આદિ વિશેષણથી યુક્ત હતી, ઘણી જ સુંદર હતી અને જીવ અજીવ વિગેરે જીવા જીવ તત્ત્વનીજ્ઞાતા હતી, ઇત્યાદિ વર્ણન અહીં ગ્રહણ કરવું ॥સૂ૦૧॥

"तेणं कालेणं तेणं समएणं" ઇત્યાદિ—

ટીકાર્થ–"तेणं कालेणं तेणं समएणं सामी समोसढे जाव परिसा पज्जुवासइ" તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર કૌશામ્બી નગરીના ચન્દ્રાવતરણ ચૈત્યમાં પધાર્યા પ્રભુને વંદણાનમસ્કાર કરવાને તથા ધર્મોપદેશ સાંભળવાને માટે લોકોનો સમૂહ પોતપોતાને ઘેરથી નીકળ્યો. પ્રભુની પાસે બન્ને હાથ જોડીને ઘણાજ વિનયપૂર્વક તેમણે તેમની પર્યુપાસના કરી.

"तएणं से उदायणे राया इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी" જ્યારે ઉદાયન રાજાએ મહાવીર પ્રભુના આગમનના સમાચાર જાણ્યા, ત્યારે તેને અત્યંત હર્ષ અને સંતોષ થયો એજ વખતે તેણે પોતાના કૌટુંબિક પુરુષોને (આજ્ઞાકારી પુરુષોને) બોલાવીને આ પ્રમાણે આજ્ઞા આપી–"खिप्पामेव भो देवाणुप्पिया! कोसंबिं नयरिं सब्भितरबाहिरियं एवं जहा कूणिओ तहेव सव्वं जाव पज्जुवासइ" હે દેવાનુપ્રિયો! તમે બનતી ત્વરાથી કૌશામ્બી નગરીના બાહ્યભાગોને તથા અંદરના ભાગોને સાફ કરાવો, આખી નગરીને માલાઓ અને તોરણોથી શણગારો અને મારી આજ્ઞાનુસાર કરીને મને ખબર આપો રાજાની આ પ્રકારની આજ્ઞા થતાં જ તેમણે કૌશામ્બી નગરીના બાહ્ય અને અંદરના ભાગોને સાફ કરાવ્યા, પાણી છંટાવ્યું અને પુષ્પમાલાઓ અને તોરણો વડે નગરીને સુસજ્જિત કરી ત્યાર બાદ તેમણે રાજાની પાસે જઇને કહ્યું કે "राजन्! આપની આજ્ઞાનુસાર નગરીને સુસજ્જિત કરવામાં આવી ચુકી છે." ઔપપાતિક સૂત્રમાં કૂણિક રાજાના વિષયમાં આ પ્રસંગને અનુલક્ષીને વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યું છે. તે વર્ણન અહીં ગ્રહણ કરવું જોઇએ. આજ્ઞાકારી પુરુષો દ્વારા ઉપર્યુક્ત સમાચાર જાણીને ઉદાયન રાજા મહાવીર પ્રભુને વંદણાનમસ્કાર કરવાને માટે તથા ધર્મોપદેશ સાંભળવાને માટે રવાના થયો પાંચ અભિગમ પૂર્વક મહાવીર પ્રભુ પાંસે પહોંચીને, તેમને વંદણાનમસ્કાર કરીને, ધર્મોપદેશ સાંભળવાની અભિલાષા સાથે વિનયપૂર્વક બન્ને હાથ જોડીને તે તેમની પર્યુપાંસના કરવા લાગ્યો.

"तएणं सा जयंती समणोवासिया इमीसे कहाए लद्धट्ठा समाणी हट्ठतुट्ठ" તે નગરમાં વસતી જયંતી શ્રમણોપાસિકાને પણ શ્રમણ ભગવાન મહાવીરના સમાચાર જાણી ઘણો જ હર્ષ અને સંતોષ થયો, અને "जेणेव मियावई देवी, तेणेव उवागच्छइ" તે જ્યાં મૃગાવતી દેવી હતી ત્યાં ગઈ "उवागच्छित्ता मियावइं देविं एवं वयासी" ત્યાં જઈને તેણે મૃગાવતી દેવીને આ પ્રમાણે કહ્યું– "एवं जहा नवमसए उसभदत्तो जाव भविस्सइ" નવમાં શતકના ૩૩માં ઉદ્દેશકમાં ઋષભદત્તના પ્રકરણમાં આ વિષયને અનુલક્ષીને જેવું કથન કરવામાં આવ્યું છે, એવું કથન અહીં પણ ગ્રહણ કરવાનું છે "શ્રમણ ભગવાન મહાવીરના દર્શન આપણા કલ્યાણનું નિમિત્ત બનશે." આ કથન પર્યન્તનું સમસ્ત પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. "तएणं सा मियावई देवी जयंतीए समणोवासियाए जहा देवाणंदा जाव पडिसुणेइ" જેવી રીતે ઋષભદત્તના આ પ્રકારનાં વચનોનો દેવાનંદાએ સ્વીકાર કર્યો હતો, એજ પ્રમાણે જયન્તીનાં વચનોનો મૃગાવતી દેવીએ પણ સ્વીકાર કર્યો (નવમાં શતકના ૩૩માં ઉદ્દેશકમાં દેવાનંદાએ કેવા વચનો દ્વારા ઋષભદત્ત બ્રાહ્મણનાં વચનોનો સ્વીકાર કર્યો હતો, તે બતાવ્યું છે) "तएणं सा मियावई देवी कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी" ત્યાર બાદ મૃગાવતી દેવીએ આજ્ઞાકારી પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું–"खिप्पामेव भो देवाणुप्पिया बहुकरण जुत्त जोइय जाव धम्मियं जाणप्पवरं जुत्तामेव उवट्ठवेह" હે દેવાનુપ્રિયો! તમે બની શકે તેટલી ત્વરાથી, ઘણાં જ ઝડપી ગતિવાળા એવા શ્રેષ્ઠ બળદો જોડીને ધાર્મિક શ્રેષ્ઠ યાન (રથ) હાજર કરો. મૃગાવતી દેવીની આજ્ઞા પ્રમાણે તેમણે ઘણાં જ ઝડપી બે શ્રેષ્ઠ બળદો જોડેલું ધાર્મિક શ્રેષ્ઠ યાન મહેલને દ્વારે ઉપસ્થિત કર્યું અને આ વાતની મૃગાવતી દેવીને ખબર આપી. "तएणं सा मियावई देवी जयंतीए समणोवासियाए सद्धिं ण्हाया, कयबलिकम्मा जाव सरीरा बहूहिं खुज्जाहिं जाव अंतेउराओ णिग्गच्छइ" ત્યાર બાદ મૃગાવતી દેવીએ જયંતી શ્રમણોપાસિકા સાથે સ્નાન કર્યું, વાયસોને અન્ન દાન દેવારૂપ બલિકર્મ આદિ પૂર્વોકત ક્રિયાઓ કરી ત્યાર બાદ વજનમાં હલકાં પણ અતિ મૂલ્યવાન આભૂષણોથી પોતાના શરીરને વિભૂષિત કરીને, અનેક કુબ્જ દાસીઓથી વીંટળાયેલી એવી તે મૃગાવતી દેવી જયન્તી શ્રાવિકા સાથે અંતઃપુરમાંથી બહાર નીકળી. "णिग्गच्छित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला, जेणेव धम्मिए जाणप्पवरे तेणेव उवागच्छइ" ત્યાંથી નીકળીને બહાર જ્યાં ઉપસ્થાનશાળા (સભામંડપ) હતી અને જ્યાં ધાર્મિક શ્રેષ્ઠ યાન હતું, ત્યાં તે પહોંચી "उवागच्छित्ता जाव दुरूढा" ત્યાં જઈને તે જયંતી શ્રાવિકા સાથે તેમાં બેઠી. "तएणं

सा मियावई देवी जयंतीए समणोवासियाए सद्धिं धम्मियं जाणप्पवरं दुरूढा समाणी नियगपरिवालगो जहा उसभदत्तो जाव धम्मियाओ, जाणप्पवराओ पच्चोरुहइ" श्रमणोपासिका जयन्तीनी साथे ते धार्मिक श्रेष्ठ यानमां बेसीने महावीर प्रभुना दर्शन करवा जती ते मृगावती देवीनुं वर्णन ऋषभदत्तना प्रकरणमां पोताना परिवारथी युक्त एवी देवानंदा ब्राह्मणीना ते प्रसंगना वर्णन प्रमाणे समजवुं. चन्द्रावतरण चैत्य (उद्यान)नी समीपे तेमणे रथने ऊभो राख्यो अने तेओ रथमांथी नीचे उतर्या "तएणं सा मियावई देवी जयंतीए समणोवासियाए सद्धिं बहूहिं खुज्जाहिं जहा देवाणंदा जाव वंदित्ता नमंसित्ता उदायणं रायं पुरओ कट्टु ठिइया चेव जाव पज्जुवासइ" त्यार बाद, अनेक कुब्जाओथी वींटळायेली ते मृगावती देवीओ श्रमणोपासिका जयन्तीनी साथे महावीर प्रभुने वंदणा नमस्कार कर्या अहीं समस्त कथन नवमा शतकना ३३मां उद्देशकमां देवानंदाना कथन प्रमाणे समजवुं प्रभुने वंदणा नमस्कार करीने ते पोताना पुत्र उदायन राजानी पाछळ, बन्ने हाथ जोडीने विनय-पूर्वक प्रभुनी पर्युपासना करती थकी समवसरणमां ऊभी रही. "तएणं समणे भगवं महावीरे उदायणस्स रण्णो मियावईए देवीए जयंतीए समणोवासियाए तीए य महति महालियाए जाव परिसा पडिगया" त्यार बाद श्रमण भगवान महावीरे उदायन राजाने, मृगावती देवीने तथा श्रमणोपासिका जयन्तीने तथा ते घणी विशाळ परिषदमां धर्मोपदेश दीधो. धर्मोपदेश श्रवण करीने परिषद विसर्जित थई उदायन राजा अने मृगावती देवी पण पोत-पोताने घेर चाल्या गया. ॥सू०२॥

जयंति श्रमणोपासिका और महावीर स्वामी के प्रश्नोत्तर

"तएणं सा जयंती समणोवासिया" इत्यादि—

टीकार्थ–सूत्रकारे आ सूत्रमां जयन्ती श्राविकाओ सिद्धि पदनी प्राप्ति केवी रीते करी तेनुं वर्णन कर्युं छे–"तएणं सा जयंती समणोवासिया, समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा निसम्म हट्ठतुट्ठा" श्रमण भगवान महावीरनी समीपे धर्मोपदेश श्रवण करीने अने तेना उपर मनन

કરીને તે શ્રાવિકા જયંતીએ હર્ષ અને સંતોષપૂર્વક "समणं भगवं महावीरं वंदइ, नमंसइ, वंदित्ता, नमंसित्ता एवं वयासी" શ્રમણ ભગવાન મહાવીરને વંદણા કરી અને નમસ્કાર કર્યા વંદણા નમસ્કાર કરીને તેમને આ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો–"कहं णं भंते ! जीवा गरुयत्तं हव्वमागच्छइ" હે ભગવન્! જીવો કયા કારણે કર્મભારથી યુકત થાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जयंती ! पाणाइवाएणं जाव मिच्छादंसणसल्लेणं" હે જયંતિ! જીવ પ્રાણાતિપાતથી હિંસાથી લઈને મિથ્યાદર્શનશલ્ય પર્યન્તના ૧૮ પાપોનું સેવન કરીને કર્મભારથી યુકતતા રૂપ ગુરુપણાને પ્રાપ્ત કરે છે. હવે ઉપસંહાર કરતા સૂત્રકાર કહે છે કે—

"एवं खलु जीवा गरुयत्तं हव्वमागच्छंति एवं जहा पढमसए जाव वीयीवयंति" ઉપર્યુકત પ્રાણીહિંસાથી લઈને મિથ્યાદર્શનશલ્ય પર્યન્તના અઢાર પાપોના સેવનથી જીવો કર્મોનું ઉપાર્જન કરે છે અને એ પ્રકારે કર્મભાર રૂપ ગુરુપણાથી યુકત થઈને ચાતુરંત સંસાર રૂપ કાંતારમાં (વનમાં) પરિભ્રમણ કર્યા કરે છે, ઇત્યાદિ કથન, પહેલા શતકના નવમાં ઉદ્દેશામાં કહ્યા પ્રમાણે અહીં ગ્રહણ કરવું જોઈએ એથી ઊલટી એ વાત પણ સૂચિત થાય છે કે પ્રાણાતિપાતથી લઈને મિથ્યાદર્શનશલ્ય પર્યન્તના ૧૮ પ્રકારના પાપોનો પરિત્યાગ કરવાથી જીવો આ ચાર ગતિવાળા સંસાર કાન્તારને પાર પણ કરી શકે છે.

ત્યાર બાદ જયંતી શ્રાવિકા બીજો પ્રશ્ન આ પ્રમાણે પૂછે છે–

"भवसिद्धियत्तणं भंते ! जीवाणं किं सभावओ ? परिणामओ ?" હે ભગવન્! જેમને આ ભવમાં કે પછીના ભવોમાં સિદ્ધપદની પ્રાપ્તિ થવાની છે એવા જીવોમાં ભવસિદ્ધિકતા, પુદ્ગલોમાં મૂર્તતાની જેમ, સ્વાભાવિક રૂપે સિદ્ધ થાય છે કે પુરુષોમાં યૌવનની પ્રાપ્તિની જેમ પરિણામ રૂપ પરિવર્તન વડે પ્રાપ્ત થાય છે? મહાવીર પ્રભુનો ઉત્તર–"जयंती ! सभावओ, नो परिणामओ" હે જયંતિ! જીવોને ભવસિદ્ધિકતાની પ્રાપ્તિ સ્વભાવથી જ થાય છે–પરિણામ રૂપ પરિવર્તનથી ભવસિદ્ધિકતાની પ્રાપ્તિ થતી નથી.

જયંતી શ્રમણોપાસિકાનો પ્રભુને ત્રીજો પ્રશ્ન–"सव्वे वि णं भंते ! भवसिद्धिया जीवा सिज्झिस्संति ?" હે ભગવન્! જેટલા ભવસિદ્ધિક જીવો છે તેઓ બધાં શું સિદ્ધિ પ્રાપ્ત કરશે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"हंता, जयंती" હા જયન્તી! "सव्वे वि णं भवसिद्धिया जीवा सिज्झिस्संति" સઘળા ભવસિદ્ધિક જીવો સિદ્ધિ પ્રાપ્ત કરશે. જો એવું બનતું ન હોય તો તેમનામાં ભવસિદ્ધિકતા જ કેવી રીતે સંભવી શકે?

જયન્તી શ્રાવિકાનો પ્રશ્ન–"जइणं भंते ! सव्वे भवसिद्धिया जीवा सिज्झिस्संति तम्हाणं भवसिद्धियविरहिए लोए भविस्सइ" હે ભગવન્! જ્યારે સમસ્ત ભવસિદ્ધિક જીવો સિદ્ધિ પ્રાપ્ત કરશે ત્યારે શું આ લોક ભવસિદ્ધિકોથી સર્વથા રહિત થઈ જશે.

મહાવીર પ્રભુનો ઉત્તર–" णो इणट्ठे समट्ठे " હે જયન્તી ! એવું સંભવી શકતું નથી એટલે કે સમસ્ત ભવસિદ્ધિકો પ્રાપ્ત કરશે, એ વાત ખરી છે, છતાં પણ આ લોક ભવસિદ્ધિકોથી વિહીન નહીં રહે.

જયન્તી શ્રાવિકાનો પ્રશ્ન–" से केण खाइएणं अट्ठेणं भंते ! एवं वुच्चइ-सव्वे वि णं भवसिद्धिया जीवा सिज्झिस्संति, णो चेव णं भवसिद्धियविरहिए लोए भविस्सइ " હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે સઘળા ભવસિદ્ધિક જીવો સિદ્ધિ પામશે, છતાં પણ આ લોક ભવસિદ્ધિકોથી રહિત નહીં રહે?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जयंती ! से जहा नामए सव्वागास सेढी सिया अणादीया, अणवदग्गा, परित्ता, परिवुडा " હે જયન્તી ! ધારો કે આ આખા આકાશની એક શ્રેણી થઈ જાય, તે આદિ અને અન્ત રહિત હોય, પરિમિત હોય અને ફરતી અનેક શ્રેણીઓ વડે પરિવેષ્ટિ (વીંટળાયેલ) હોય. " सा णं परमाणुपोग्गलमेत्तेहिं खंडेहिं समए समए अवहीरमाणी अवहीरमाणी, अणंताहिं ओसप्पिणीहिं, अवसप्पिणीहिं अवहीरंती, नो अवहिया सिया " હવે તે શ્રેણીના પરમાણુ જેવાં ટુકડા કરી લેવામાં આવે અને એક એક સમયે એક એક પરમાણુ જેવડા ટુકડાને તેમાથી કાઢી લેવામાં આવે તો અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાળ વ્યતીત થઈ જવા છતાં પણ શું સર્વાકાશ શ્રેણીને સમાપ્ત કરી શકાય છે ખરી ? (નથી જ કરી શકાતી.) " से तेणट्ठेणं जयंती ! एवं वुच्चइ सव्वे वि णं भवसिद्धिया जीवा सिज्झिस्संति णो चेव णं भवसिद्धियविरहिए लोए भविस्सइ " હે જયંતિ ! તે કારણે મેં એવું કહ્યું છે કે સઘળા ભવસિદ્ધિક જીવો મોક્ષમાં ચાલ્યા જશે, છતાં પણ આ લોક ભવસિદ્ધિક જીવોથી રહિત નહીં હોય.

હવે જયન્તી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે " सुत्तत्तं भंते ! साहू जागरियत्तं साहू ? " હે ભગવન્ ! સુપ્તતા (ઊંઘવાની અવસ્થા) સારી છે કે જાગરણ સારું છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जयंती ! अत्थेगइयाणं जीवाणं सुत्तत्तं साहू, अत्थेगइयाणं जीवाणं जागरियत्तं साहू " હે જયંતિ ! કેટલાક જીવો સુપ્ત રહે એ સારું છે અને કેટલાક જીવો જાગૃત રહે તે સારું છે. આ પ્રકારના જવાબનું કારણ જાણવા માટે જયન્તી પ્રભુને આ પ્રકારનો પ્રશ્ન પૂછે કે–" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, अत्थेगइयाणं जाव साहू " હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે કેટલાક જીવોની સુપ્તાવસ્થા જ સારી છે અને કેટલાક જીવોની જાગૃતાવસ્થા જ સારી છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जे इमे जीवा अहम्मिया अहम्माणुया, अहम्मिट्ठा, अहमक्साई अहम्मपलोई " હે જયંતિ ! જે જીવો અધાર્મિક છે–શ્રુત-

ચારિત્ર રૂપ ધર્મના આચરણ કરતાં ભિન્ન આચરણ કરનારા છે એટલે કે શ્રુતચારિત્રાચરણથી રહિત છે, તચારિત્ર રૂપ ધર્મના અનુયાયીઓ કરતાં ભિન્ન આચરણ કરનારા છે, અધર્માનુગ (અધર્માચરણમાં લીન છે-અધર્મને અનુસરનારા છે) છે, અધર્મિષ્ટ છે, અધર્માખ્યાયી છે, અધર્મપ્રલોકી એટલે કે ધર્મનેજ જોવાવાળા છે, (જેને ધર્મી ઈષ્ટ હોય છે તેને ધર્મિષ્ટ કહે છે અથવા જે માણસ ખૂબ જ ધાર્મિક છે તેને ધર્મિષ્ટ કહે છે. તેના કરતા વિપરીત સ્વભાવના માણસને અધર્મિષ્ટ, અથવા અધર્મિષ્ઠ કહે છે. જેઓ શ્રુતચારિત્ર રૂપ ધર્મના ઉપદેશકો નથી તેમને અધર્માખ્યાયી કહે છે, ધર્મને ઉપાદેય રૂપે નહીં માનનારને અધર્મપ્રલોકી કહે છે).

"अहम्मपलज्जमाणा, अहम्मसमुदायारा अहम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति" જેઓ અધર્માનુરાગી છે-પાપાનુરાગી છે, જેઓ અધર્મ સમુદાચારવાળા છે-એટલે કે ચારિત્ર રૂપ ધર્મના આચારવિચાર આદિથી જેઓ વિરહીત છે અથવા પ્રમાદયુક્ત આચારવાળા છે, અને જેઓ પ્રાણાતિપાત આદિ રૂપ અધર્મ વડે જ પોતાનો નિર્વાહ ચલાવે છે, "एएसिं णं जीवाणं सुत्तत्तं साहू" એવાં જીવોની સુપ્તાવસ્થા જ સારી ગણાય છે, કારણ કે "एए णं जाव सुत्तासमाणा नो बहूणं पाणभूयजीवसत्ताणं दुक्खावणयाए जाव परियावणयाए" એવાં જીવો જ્યારે સૂતા હોય છે ત્યારે અનેક પ્રાણોને ભૂતોને, જીવોને, અને સત્ત્વોને મરણ રૂપ દુઃખ દેવામાં, ઈષ્ટવિયોગ રૂપ દુઃખકારણોને ઉત્પન્ન કરવામાં, "सोयावणयाए" તેમને શોકયુક્ત કરવાને દૈન્યની પ્રાપ્તિ કરાવવાને, "जूरावणयाए" શોકાતિરેકને લીધે શરીરની જીર્ણતા પ્રાપ્ત કરાવવાને, "तिप्पावणयाए" શોકાતિરેકને લીધે આંખોમાંથી આંસુ વહેવરાવવાને તથા મુખમાંથી લાળ આદિ વહેવરાવવાને, "पिट्टावणयाए" થપ્પડ, ધૂસા આદિ મારવામાં "परियावणयाए" પ્રવૃત્ત થઈને તેમને પીડા ઉત્પન્ન કરી શકતા નથી. 'एए णं जीवा सुत्ता समाणा अप्पाणं वा परं वा तदुभयं वा बहूहिं अहम्मियाहिं संजोयणाहिं संजोएत्तारो भवंति" એવા જીવો જ્યારે સુપ્તાવસ્થામાં હોય છે ત્યારે પોતાને, અન્યને અને ઉભયને અનેક અધાર્મિક સંયોજનાઓ (પ્રવૃત્તિઓ) વડે યુક્ત કરી શકતા નથી-ઉપર્યુક્ત અધાર્મિક પ્રવૃત્તિ કરી શકતા નથી, તેથી 'एएसिं जीवाणं सुत्तत्तं साहू" એવાં જીવોની સુપ્તાવસ્થાને જ સારી કહેવામાં આવી છે. "जयंती ! जे इमे जीवा धम्मिया, धम्माणुया जाव धम्मेणं चेव वित्तिं कप्पेमाणा विहरंति" પરન્તુ હે જયંતિ ! જે જીવો ધાર્મિક છે, ધર્માનુગ છે, ધર્મિષ્ઠ ધર્માખ્યાયી છે, ધર્મપ્રલોકી છે, ધર્માનુરાગી છે, ધાર્મિક આચારવિચારવાળા છે. અને ધર્મપૂર્વક પોતાની આજીવિકા ચલાવનાર છે, "एएसिं णं जीवाणं जागरियत्तं साहू" એવાં જીવોની જાગૃતાવસ્થા જ સારી છે, કારણ કે 'एएणं जीवा जागरा समाणा बहूणं पाणाणं जाव अदुक्खावणयाए जाव अपरियावणियाए वट्टंति" એવાં જીવો જાગૃતાવસ્થામાં હોય ત્યારે પણ અનેક પ્રાણોને, ભૂતોને, જીવોને અને સત્ત્વોને દુઃખપ્રાપ્તિમાં, શોકપ્રાપ્તિમાં પીડા, ઉત્પન્ન કરવામાં અને પરિતાપના કરવામાં કારણભૂત બનતા નથી

તથા "तेणं जीवा जागरमाणा अप्पाणं वा परं वा तदुभयं वा बहूहिं धम्मियाहिं संजोयणाहिं संजोएत्तारो भवंति" તેઓ જાગરણ કરીને પોતાને, અન્યને અને ઉભયને અનેક ધાર્મિક યોજનામાં (પ્રવૃત્તિઓમાં) પ્રવૃત્ત કરતા રહે છે. "एएणं जीवा जागरमाणा धम्मजागरियाए अप्पाणं जागरइत्तारो भवंति" તથા તે જીવો ધર્મ જાગરણ વડે પોતાના આત્માને જાગ્રત કરતા રહે છે. તેથી "एएसिं जीवाणं जागरियत्तं साहू" આ પ્રકારના જીવોની જાગૃતાવસ્થા જ હિતકર ગણાય છે "से तेणट्ठेणं जयंती! एवं वुच्चइ, अत्थेगइयाणं जीवाणं सुत्तत्तं साहू" હે જયંતિ! તે કારણે મેં એવું કહ્યું છે કે કેટલાક જીવોનું સુપ્તત્વ જ હિતાવહ છે અને કેટલાક જીવોનું જાગવું હિતાવહ છે.

હવે શ્રાવિકા જયન્તી મહાવીર પ્રભુને આ પ્રકારનો પ્રશ્ન પૂછે છે—

"बलियत्तं भंते! साहू, दुब्बलियत्तं साहू?" હે ભગવન્! જીવોમાં સબળતા હિતાવહ છે કે નિર્બળતા હિતાવહ છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जयंती अत्थेगइयाणं जीवाणं बलियत्तं साहू, अत्थेगइयाणं जीवाणं दुब्बलियत्तं साहू" હે જયંતિ! કેટલાક જીવોની સબલતા સારી ગણાય છે અને કેટલાક જીવોની નિર્બળતા સારી ગણાય છે. આ પ્રકારના જવાબનું કારણ જાણવા માટે જયન્તી શ્રાવિકા નીચે પ્રમાણે પ્રશ્ન પૂછે છે–"से केणट्ठेणं भंते! एवं वुच्चइ, जाव साहू" હે ભગવાન્! આપ શા કારણે એવું કહો છો કે કેટલાક જીવોની સબળતા સારી ગણાય છે અને કેટલાકની નિર્બળતા સારી ગણાય છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"जयंती! जे इमे जीवा अहम्मिया जाव विहरंति" હે જયંતિ! જે જીવો અધાર્મિકથી લઈને અધાર્મિક આજીવિકા ચલાવવા પર્યન્તના ઉપર્યુક્ત વિશેષણોથી યુક્ત હોય છે, "एएसिं णं जीवाणं दुब्बलियत्तं साहू" એવાં જીવોની દુર્બળતા જ હિતાવહ છે. "एएणं जीवा एवं जहा सुत्तस्स तहा दुब्बलियस्स वत्तव्वया भाणियव्वा" તેનું કારણ પ્રકટ કરવાને માટે ઉપર સુપ્ત જીવોના વિષે જેવું કથન કરવામાં આવ્યું છે એવું જ કથન અહીં નિર્બળ જીવો વિષે કરવું જોઈએ. "बलियस्स जहा जागरस्स तहा भाणियव्वं जाव संजोएत्तारो भवंति" જેવું કથન જાગૃત જીવોના વિષયમાં કરવામાં આવ્યું છે એવું જ કથન અહીં સબળ જીવો વિષે ગ્રહણ કરવું જોઈએ "તેઓ પોતાની શક્તિનો ઉપયોગ, પોતાને, અન્યને અને ઉભયને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરવામાં કરે છે," આ કથન પર્યન્તનું કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. આ સમસ્ત કથનનો ભાવાર્થ એ છે કે ધાર્મિક જીવોમાં સબળતા હિતાવહ ગણાય છે અને અધાર્મિક જીવોમાં નિર્બળતા હિતાવહ ગણાય છે. "से तेणट्ठेणं जयंती! एवं वुच्चइ, तं चेव जाव साहू" હે જયંતિ! તે કારણે મેં એવું કહ્યું છે કે અધાર્મિક આદિ વિશેષણોવાળા જીવોની દુર્બળતા હિતાવહ છે અને ધાર્મિક જીવોની સબળતા હિતાવહ છે. હવે શ્રમણોપાસિકા જયન્તી મહાવીર પ્રભુને એવો પ્રશ્ન પૂછે છે કે-"दक्खत्तं भंते! साहू, आलसियत्तं साहू?" હે ભગવન્! જીવોમાં કાર્યનિપુણતાનો સદ્ભાવ (અથવા ઉદ્યોગ રતતાનો સદ્ભાવ) સારો ગણાય કે આળસનો સદ્ભાવ સારો ગણાય?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जयंती अत्थेगइयाणं जीवाणं दक्खत्तं साहू, अत्थेगइयाणं जीवाणं आलसियत्तं साहू " હે જયંતિ ! કેટલાક જીવોમાં કાર્ય કરવાની નિપુણતા હિતકારક ગણાય છે અને કેટલાક જીવોમાં કાર્ય કરવાની સ્ફૂર્તિનો અભાવ અથવા આળસ હિતકારક ગણાય છે.

જયન્તીનો પ્રશ્ન–" से केणट्ठेणं भंते ! एवं वुच्चइ, तं चेव जाव साहू ? " હે ભગવન્ ! આપ શા કારણે એવું કહો છો કે કેટલાક જીવોમાં કાર્યનિપુણતા હિતાવહ છે અને કેટલાકમાં આળસ હિતાવહ છે ?

મહાવીર પ્રભુનો ઉત્તર–" जयंता ! जे इमे जीवा अहम्मिया जाव विहरंति " હે જયંતિ ! જે જીવો અધાર્મિક આદિ પૂર્વોક્ત વિશેષણોવાળાં છે, " एएसिं णं जीवाणं आलसियत्तं साहू " એવાં જીવોમાં આળસ (પ્રમાદી પણું) હોય એજ હિતાવહ છે, કારણ કે જીવો પ્રમાદી હોય છે તેઓ અધર્માચરણ આદિ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરવાના સ્વભાવવાળા જ હોતા નથી તેથી જ " एएणं जीवा अलसा समाणा नो बहूणं जहा सुत्ता तहा अलसा भाणियव्वा " આ આળસુ અધાર્મિક જીવોના વિષયમાં સુપ્ત જીવોના જેવું જ પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ કહેવાનું તાત્પર્ય એ છે કે અધાર્મિક આદિ વિશેષણોવાળા જીવો જો આળસુ હોય તો પોતાને, અન્યને અને ઉભયને અધાર્મિક સંયોજનાઓથી (પ્રવૃત્તિઓથી) યુકત કરતા નથી તે કારણે અધાર્મિક આદિ વિશેષણોવાળા જીવોમાં આળસ (પ્રમાદ) નો સદ્ભાવ હોય એજ હિતાવહ ગણાય છે. " जहा जागरा तहा दक्खा भाणियव्वा, जाव संजोएत्तारो भवंति " આગળ જાગૃતાવસ્થાવાળા જીવોના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં દક્ષ (કાર્યનિપુણ) જીવોના વિષયમાં સમજવું જે જીવો ધાર્મિક આદિ વિશેષણોવાળા હોય છે તેઓમાં જો દક્ષતા હોય તો તેઓ પોતાને. અન્યને અને ઉભયને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત કરતા રહે છે. " एएणं जीवा दक्खा समाणा बहूहिं आयरियवेयावच्चेहिं उवज्झायवेयावच्चेहिं, थेरवेयावच्चेहिं, तवस्सिवेयावच्चेहिं, गिलाणवेयावच्चेहिं, सेयवेयावच्चेहिं, कुलवेयावच्चेहिं, गणवेयावच्चेहिं, संघवेयावच्चेहिं, साहम्मियवेयावच्चेहिं, अत्ताणं संजोएत्तारो भवंति, एएसिं जीवाणं दक्खत्तं साहू " તે ધાર્મિક આદિ વિશેષણોવાળા જીવો જો ઉદ્યોગરત હોય તો અનેક પ્રકારે આચાર્યોનું, ઉપાધ્યાયોનું, સ્થવિરોનું, તપસ્વીઓનું, ગ્લાનજનોનું (બીમારોનું) શૈક્ષોનું (નવદીક્ષિતોનું), કુલનું, ગણનું, સંઘનું અને સાધર્મિક જનોનું વૈયાવૃત્ય કરવાને તત્પર રહે છે. તેથી તે જીવોની કાર્યનિપુણતા

અથવા ઉદ્યોગરતતા હિતાવહ ગણાય છે. "से तेणट्ठेणं तं चेव जाव साहू" હે જયંતિ! તે કારણે મેં એવું કહ્યું છે કે પૂર્વોક્ત ધાર્મિક આદિ વિશેષણોવાળા જીવોની દક્ષતા (આળસ રહિતતા) હિતાવહ છે અને અધાર્મિક જીવોની આળસ (પ્રમાદ) હિતાવહ છે હવે શ્રમણોપાસિકા જયન્તી મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછે છે-"सोइंदियवत्तेणं भंते! जीवे किं बंधइ?" હે ભગવન્! શ્રોત્રેન્દ્રિયને વશવર્તી બનેલો (શ્રોત્રેન્દ્રિય અસંયમવાળો) જીવ કયા કર્મનો બન્ધ કરે છે?

મહાવીર પ્રભુનો ઉત્તર-"एवं जहा कोहवसट्टे तहेव जाव अणुपरियट्टइ" આ શતકના પહેલા ઉદ્દેશકમાં શંખશ્રમણોપાસકના પ્રકરણમાં ક્રોધને વશવર્તી બનેલા જીવના વિષયમાં જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ સમજવું જોઈએ કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રોત્રેન્દ્રિયને વશવર્તી બનેલો જીવ પણ આયુકર્મ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓને શિથિલને બદલે દૃઢ બન્ધવાળી કરે છે, ઇત્યાદિ કથન અહીં પણ ગ્રહણ કરવાનું છે. "એવો જીવ ચાર ગતિવાળા સંસારકાન્તરમાં પરિભ્રમણ કર્યા કરે છે," આ કથન પર્યન્તનું પૂર્વોક્ત કથન અહીં ગ્રહણ કરવું જોઇએ એજ પ્રમાણે ચક્ષુઇન્દ્રિયને, ઘ્રાણેન્દ્રિયને, જિહ્વાઇન્દ્રિયને અને સ્પર્શેન્દ્રિયને વશવર્તી બનેલો જીવ પણ ક્રોધને વશવર્તી બનેલા જીવની જેમ આયુકર્મ સિવાયની સાતે કર્મપ્રકૃતિઓને શિથિલને બદલે દૃઢ બન્ધવાળી બનાવે છે અને ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે.

"तएणं सा जयंती समणोवासिया समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा निसम्म हट्ठतुट्ठा सेसं जहा देवाणंदाए तहेव पव्वइया जाव सव्वदुक्खप्पहीणा" શ્રમણ ભગવાન મહાવીરની સમક્ષ પૂર્વોક્ત વિષયનું પ્રતિપાદન શ્રવણ કરીને અને તે બાબતમાં મનન કરીને શ્રમણોપાસિકા જયન્તીના હર્ષ અને સંતોષનો પાર ન રહ્યો ત્યાર પછીનું સમસ્ત કથન, નવમાં શતકના ૩૩માં ઉદ્દેશકમાં દેવાનંદા બ્રાહ્મણીના કથન અનુસાર સમજવું એટલે કે દેવાનંદાની જેમ જયંતી શ્રાવિકાએ પણ પ્રવ્રજ્યા અંગીકાર કરી અને અનેક કઠિન તપોની આરાધના કરીને જયન્તી પણ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વાત અને સર્વદુઃખોથી રહિત થઈ ગઇ આ કથન પર્યન્તનું સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ.

હવે સૂત્રકાર ગૌતમ સ્વામીના "सेवं भंते! सेवं भंते! त्ति" આ વચનો દ્વારા સૂત્રનો ઉપસંહાર કરે છે. "હે ભગવન્! આ વિષયનું આપે જે પ્રતિપાદન કર્યું તે સત્ય જ છે હે ભગવન્! આપનું આ કથન યથાર્થ જ છે." આ પ્રમાણે કહીને પ્રભુને વંદણાનમસ્કાર કરી ગૌતમ સ્વામીને પોતાને સ્થાને વિરાજમાન થઇ ગયા. ॥સૂ૦૩॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમા શતકનો બીજો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨-૨॥

બારમા શતકના ત્રીજા ઉદ્દેશાનો પ્રારંભ

આ બારમાં શતકના ત્રીજા ઉદ્દેશકમાં પ્રતિપાદિત વિષયનું સંક્ષિપ્ત વિવેચન–પૃથ્વીઓના પ્રકારોનું કથન–પહેલી પૃથ્વીના નામ ગોત્રની પ્રરૂપણા.

રત્નપ્રભા આદિ નરકપૃથ્વીઓનું વર્ણન–

"રાયગિહે જાવ એવં વયાસી" ઇત્યાદિ—

ટીકાર્થ–બીજા ઉદ્દેશકના છેલ્લા સૂત્રમાં એવું પ્રતિપાદન કરવામાં આવ્યું કે શ્રોત્રેન્દ્રિય આદિ ઇન્દ્રિયોને વશવર્તી બનેલા જીવ આયુકર્મ સિવાયના આઠ કર્મોનો બન્ધ કરે છે. કર્મોનો બન્ધ કરવાને કારણે જીવોને નારકપૃથ્વીઓમાં પણ ઉત્પન્ન થવું પડે છે. તેથી હવે સૂત્રકાર આ ઉદ્દેશકમાં નારકપૃથ્વીઓના સ્વરૂપની પ્રરૂપણા કરે છે–"રાયગિહે જાવ એવં વયાસી" રાજગૃહ નગરમાં શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા તેમને વંદણાનમસ્કાર કરવાને માટે પરિષદ પોતપોતાને ઘેરથી નીકળી મહાવીર પ્રભુને વંદણાનમસ્કાર કરીને તથા ધર્મકથા શ્રવણ કરીને પરિષદ વિખરાઇ ગઇ ત્યાર બાદ ધર્મતત્ત્વને જાણવાની અભિલાષાવાળા ગૌતમ સ્વામીએ વિનયપૂર્વક બે હાથ જોડીને મહાવીર પ્રભુને આ પ્રમાણે પ્રશ્ન પૂછયો–"કઇણં ભંતે ! પુઢવીઓ પણ્ણત્તાઓ" હે ભગવન્! પૃથ્વીઓ કેટલી કહી છે? ત્યારે મહાવીર પ્રભુએ તેનો આ પ્રમાણે ઉત્તર આપ્યો–"ગોયમા !" હે ગૌતમ ! "સત્ત પુઢવીઓ પણ્ણત્તાઓ" પૃથ્વીઓ સાત કહી છે, "તંજહા" જે આ પ્રમાણે છે–"પઢમા, દોચ્ચા, જાવ સત્તમા" પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, અને સાતમી.

ગૌતમ સ્વામીનો પ્રશ્ન–"પઢમાણં ભંતે ! પુઢવી કિં નામા, કિં ગોત્તા પણ્ણત્તા ?" હે ભગવન્! પહેલી પૃથ્વીનું નામ શું છે અને ગોત્ર શું છે?

મહાવીર પ્રભુનો ઉત્તર–"ગોયમા !" હે ગૌતમ ! "ઘમ્મા નામેણં, રયણપ્પભા ગોત્તેણં" પહેલી પૃથ્વીનું નામ 'ઘર્મા' છે અને ગોત્ર 'રત્નપ્રભા' છે. ઇચ્છા અનુસાર કોઇ પણ પદાર્થને માટે જે નામ નક્કી કરવામાં આવે છે તેને નામ કહે છે, અને જે અન્વર્થક (અર્થપ્રમાણેનું) અભિધાન (નામ) હોય છે તેને ગોત્ર કહે છે. "એવં જહા જીવાભિગમે પઢમો નેરઇય-

उद्देसओ, सो चेव निरवसेसो भाणियव्वो जाव अप्पाबहुगंति" જીવાભિગમ સૂત્રના પ્રથમ નૈરયિક ઉદ્દેશકમાં આ વિષયને અનુલક્ષીને જેવું કથન કરવામાં આવ્યું છે, તે સંપૂર્ણ કથન અહીં પણ ગ્રહણ કરવું જોઈએ અલ્પબહુત્વ વિષેના પાઠ પર્યન્તનું કથન અહીં ગ્રહણ કરવાનું છે.

ગૌતમ સ્વામી મહાવીર પ્રભુના વચનોમાં પોતાની અત્યંત શ્રદ્ધા પ્રકટ કરતાં કહે છે–"सेवं भंते! सेवं भंते! त्ति" "હે ભગવન્! આપે આ વિષયનું જે પ્રતિપાદન કર્યું તે સત્ય જ છે. હે ભગવન્! આપની વાત સર્વથા સત્ય જ છે." આ પ્રમાણે કહીને મહાવીર પ્રભુને વંદણાનમસ્કાર કરીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં થકા ગૌતમ સ્વામી પોતાની જગ્યાએ વિરાજમાન થઈ ગયા. ॥સૂ૦૧॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજી મહારાજ કૃત "ભગવતીસૂત્ર"ની પ્રમેયચન્દ્રિકા વ્યાખ્યાના બારમા શતકનો ત્રીજો ઉદ્દેશક સમાપ્ત ॥૧૨–૩॥

॥ સમાપ્ત ॥